
GANGTOKMA GARBAD (Gujarati Edition)

Ray, Satyajit

ગંગટોકમાં ગરબડ

અનુવાદ : સુકન્યા ઝવેરી




BOOKS
HOUSE1
HTTPS://T.ME/BOOKSHOUSE1

Table of Contents

ગંગટોકમાં ગરબડ

અનુવાદ : સુકન્યા ઝવેરી





Gangtokma garbad

Translated into Gujarati from Bengali by Sukanya ZaveriPublished by Gurjar Prakashan , Ahmedabad-380 006 (India)

ISBN :

Price :

પ્રકાશક : ગૂર્જર પ્રકાશન

ઉલ્લાસ મનુભાઈ શાહ : ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬. ફોન : ૦૭૯-૨૨૧૪૪૬૬૩.

e-mail : goorjar@yahoo.com

ફોન : 079-22144663, 09227044777

e-mail : goorjar@yahoo.com Website : www.gurjar.biz

ટાઇપસેટિંગ : શારદા મુદ્રણાલય 201, તિલકરાજ, પંચવટી પહેલી લેન, એલિસબ્રિજ, અમદાવાદ-380006.

ફોન ઃ 26564279 email : bhagwatioffset@yahoo.com

અર્પણ

‘દીપનિર્વાણ’ના લેખક

શ્રી દર્શક

ઊર્ફે

મુરબ્બી શ્રી મનુભાઈ પંચોળીને

નવી ગોઠવણી, **નવી સજાવટ!**

કોયલનો ટહુકો સંગીતની વ્યાખ્યાનો ઓશિયળો નથી હોતો. એનો તો ટહુકો એ જ સાક્ષાત્ સંગીત!

મોરનો થનગનાટ નૃત્યના નિયમોને અનુસરનારો નથી હોતો. એનો તો થનગનાટ એ જ સાક્ષાત્ નૃત્ય!

સત્યજિત રાયની રહસ્યકથાઓ વિશે પણ આવું કહી શકાય, કોઈ બીબાંઢાળ બંધનમાં રહીને આલેખન કરવાને બદલે, એમણે કથાને મુક્તપણે વહેવા દીધી. કથાને જ્યાં જવું હોય ત્યાં જાય. જ્યાં ફંટાવું હોય ત્યાં ફંટાય! લેખક અેને ક્યાંય રોકે નહિ, રોકી શકે પણ નહિ... એ રીતે રહસ્યકથા રસના હિલોળે ચઢે!

ભારતરત્ન સત્યજિત રાય બંગાળી ફિલ્મનિર્માતા, સંગીતકાર, સર્જક અને ચિત્રકાર જેવી બહુમુખી પ્રતિભા ધરાવતા હતા. દરેક ક્ષેત્રે શ્રેષ્ઠતાના પુરસ્કારો એમણે પ્રાપ્ત કર્યા હતા. એમણે લખેલી રહસ્યકથાઓની વિશાળ શ્રેણી છે. દરેક કથા આગવી સુગંધ ધરાવે છે. સુકન્યા ઝવેરીએ અનુવાદક તરીકે પણ એ કથાઓને ગુજરાતીમાં કલાત્મક ઘાટ આપ્યો છે. આ કથાઓ આપણને ન મળી હોત, તો ગુજરાતી સાહિત્ય રહસ્યકથાઓ બાબતે કેવું ગરીબડું રહી જાત! આ લેખકે કેટલીક વિશિષ્ટ વિજ્ઞાનકથાઓ પણ લખી છે, તે પણ ગુણવત્તાસભર છે.

ઘણા સમયથી સત્યજિત રાયની રહસ્યકથાઓની માંગ હતી, પણ એની નકલો અપ્રાપ્ય હતી. ગૂર્જર દ્વારા એ કથાશ્રેણીને નવી ગોઠવણી અને નવી સજાવટ સાથે પ્રસ્તુત કરતાં પ્રસન્નતા અનુભવીએ છીએ.

પ્રકાશક

સત્યજિત રાય : જીવન અને કર્તવ્ય

ભારતની તસવીર ઝીલતાં ચલચિત્રોના નિર્માણ બદલ અનેક આંતરરાષ્ટ્રીય ઉચ્ચ પારિતોષિકો પ્રાપ્ત કરનાર સત્યજિત રાય ભારતીય સિનેમાના કવિ તરીકે સમગ્ર ચલચિત્ર જગતમાં સુખ્યાત છે. `કુમાર'માં એમની કેટલીક વિજ્ઞાનવાર્તાઓ અને રહસ્યકથાઓના અનુવાદો પ્રગટ થયા હતા. કિશોરો માટેની એ વાર્તાઓ લેખક તરીકેની તેમની ક્ષમતા અને કલ્પનશક્તિની ધોતક છે. વળી, તેઓ ચિત્રકાર પણ હતા અને સંગીતના અચ્છા જ્ઞાતા પણ. એમની ઊંચી શ્યામવર્ણી કાયા, સોહામણો દેખાવ, મધુર ભાષા, શાંત ઠરેલ સ્વભાવ અને સર્વાંગસુંદર આભિજાત્ય એમના વ્યક્તિત્વને અનેરો ઓપ આપતાં હતાં. એમની આવી બહુમુખી પ્રતિભા તો છેલ્લી ચાર સદીથી એમના વંશમાં સળંગ ઊતરી આવી છે!

ઈ. સ. 1921ની 2જી મેએ, સુકુમાર રાયને ત્યાં સત્યજિતનો જન્મ થયો. માણિક – એ સત્યજિતનું હુલામણું નામ હતું – તેની છ વર્ષની વયે ઈ. સ. 1923ની 10મી સપ્ટેમ્બરે પિતાનું અવસાન થયું.

નાનકડા માણિકને લઈને માતા સુપ્રભા પોતાના ભાઈને ત્યાં જઈ રહ્યાં. પુરોગામી વડવાઓના ઉચ્ચ બુદ્ધિજીવી અભિજાત કૌટુંબિક વાતાવરણથી મોસાળના તદ્દન ભિન્ન વાતાવરણમાં, ભાઈભાંડુ ને સમવયસ્ક મિત્રરહિત માણિકના ઉછેરમાં સુપ્રભાદેવીની પુત્રના સંસ્કારઘડતર પ્રતિની જાગરૂકતા સિવાય અન્ય કોઈ ટેકો હતો નહિ. મામા પણ વારંવાર ઘર બદલતા ત્યારે કેટલીક વખત માણિકને કોઈ બીજાને ત્યાં પણ થોડો વખત રહેવું પડતું. કોઈ પણ વાતાવરણમાં ભળી જવાનું સત્યજિતનું મિલનસારપણું કદાચ આ રીતે જ ઘડાયું હશે.

માણિકની શાળા અને કૉલેજની કારકિર્દી પણ સામાન્ય રહી હતી. ચિત્રકળામાં પણ ત્યારે ખાસ તેજસ્વિતા પ્રકટી નહોતી. ઈ. સ. 1931માં સુપ્રભાના ઓરમાન ભાઈ ચારુચંદ્ર દાસનું અવસાન થતાં એમની ચાર પુત્રીઓ – ગૌરી, સતી, જયા અને વિજયા પણ તેમની સાથે પોતાના કાકાને ત્યાં રહેવા આવી. એ બધી યે માણિકથી તો મોટી જ હતી. એમના પિતા લંડનમાં બૅરિસ્ટર હતા અને નાટકના શોખીન હતા. પુત્રીઓમાં પણ એ રસ ઊતરેલો. આગળ જતાં સતી સિનેમામાં અભિનેત્રી બનેલી અને વિજયાએ પણ થોડો સમય એ અનુભવ લીધો હતો. એ બહેનોમાં સૌથી નાની વિજયા પણ માણિક કરતાં તો બે-ત્રણ વર્ષ મોટી હતી, છતાં એ સમયે પણ નાના સત્યજિત પોતાના મિતભાષી ગંભીર સ્વભાવને કારણે માનસિક રીતે મોટા લાગતા. વિજયા સાથે એમની મૈત્રી આગળ જતાં વધુ ગાઢ બનેલી.

દસ વર્ષની વયે સત્યજિત શાળામાં દાખલ થયા. ભણવામાં એ ઠીકઠીક હતા, પણ વિજયા અને એમને બંનેને પશ્ચિમી સંગીતનો અજબ શોખ હતો. પોતાની ખિસ્સાખર્ચી તેઓ રેકોર્ડ ખરીદવામાં ખર્ચી નાખતાં. કદાચ સંગીતના એ રસે એમની એકલતામાં રાહત પણ પૂરી હશે. એમનો બીજો શોખ હતો અંગ્રેજી ફિલ્મો જોવાનો. 1936થી '40 દરમિયાન પ્રેસિડેન્ટ કૉલેજમાં પિતા સુકુમારના મિત્ર અને પ્રખ્યાત અર્થશાસ્ત્રી સ્વ. પ્રો. મહાલનોબિસનું એમને સારું માર્ગદર્શન મળ્યું.

કૉલેજનો એમનો અભ્યાસ પૂરો થવામાં હતો, ત્યારે પિતા અને દાદાના મિત્ર રવીન્દ્રનાથ ટાગોરની ઇચ્છા એમને કલાભ્યાસ માટે પોતાના શાંતિનિકેતન લઈ જવાની હતી. શાંતિનિકેતન એ કાળે ભારતીય સંસ્કૃતિના સંવર્ધન અને જાગૃતિનું પ્રતિષ્ઠિત કેન્દ્ર હતું. સંગીત, નૃત્ય, નાટક, ચિત્રકળા ને શિલ્પકળા સહિત વિવિધ કલાકસબની ત્યાં તાલીમ અપાતી. ઉદયશંકર જેવા વિખ્યાત નૃત્યકારોએ અહીંથી પ્રેરણા ઝીલેલી. માતા સુપ્રભા અને કવિવર ટાગોરની પ્રેરણાથી 1940માં સત્યજિત ત્યાં ગયા. પણ એ સમયે એમની ઈચ્છા કલાકાર બનવાની નહોતી. એમનું વલણ સાહિત્યિક હતું અને ગ્રંથચિત્રકાર બનવાનો એમનો ખ્યાલ હતો. પરંતુ ત્યાં ગયા પછી કલાચાર્ય નંદલાલ વસુ પાસેથી કલાનું જે રહસ્ય તેઓ પામ્યા તેને ક્યારેય તેઓ ભૂલ્યા નહિ.

નવરાશમાં તેઓ પથારીમાં લંબાવીને પોતાના પ્રિય બિથોવન મૉઝાર્ટ ને બાખના સંગીતની રેકોર્ડ સાંભળવા સાથે કંઈ ને કંઈ વાંચ્યા કરતા. પશ્ચિમી સંગીતનું એમને બહોળું જ્ઞાન હતું, પણ ભારતીય સંગીતમાં ખાસ રસ નહોતો. ચલચિત્રનિર્માણ વિશેનું વાચન એ એમના રસનો ખાસ વિષય હતો. પૃથ્વીશ નિયોગી એમના ગાઢ મિત્ર હતા. એમની સાથેની કલાચર્ચાઓથી દૃશ્યકળાને સમજવાની એક નવી દૃષ્ટિ સત્યજિતમાં ખીલી હતી.

શાંતિનિકેતનના સમયનો એમના ભાવિ જીવન પર ઊંડો પ્રભાવ રહ્યો છે. કવિગુરુ ટાગોર સાથે તો છેક દાદાના સમયથી ઘરોબો હતો. પણ સંયમી અને મિતભાષી સ્વભાવના સત્યજિતે સામે ચાલીને એમની સાથે સંબંધ વધારવાનો કદી પ્રયાસ કર્યો નહોતો. ગુરુદેવના અવસાન પછી 1942માંા શાંતિનિકેતન તરફથી દેશભરનો પ્રવાસ યોજાયો હતો. તેમાં જોડાઈને સત્યજિત કોણાર્ક, જગન્નાથપુરી, સાંચી, એલિફન્ટા વગેરે જોઈ અજંતા – ઈલોરા પહોંચ્યા. તેઓ ખજુરાહો જવા ઝાંસી પહોંચ્યા, એ વખતે જાપાને અમેરિકાના પર્લ હાર્બર પર પ્રચંડ બૉમ્બવર્ષા કર્યાના સમાચાર આવ્યા. શિક્ષણપ્રદ પ્રવાસ છોડી તેઓ મા પાસે દોડી આવ્યા. એમના શાંતિનિકેતનના છાત્રજીવનની ત્યાં પૂર્ણાહુતિ થઈ.

કલકત્તા પાછા ફર્યા પછી સત્યજિતનું મુખ્ય લક્ષ હતું કામની તલાશનું. એમનો ખ્યાલ વ્યાવસાયિક ચિત્રકાર બનવાનો હતો. એકવીસ વર્ષની વયે એમને જવાબદારી સમજાઈ ગઈ હતી. દિવાસ્વપ્નોમાં રાચવાને બદલે પોતાની જે કંઈ ક્ષમતા હતી તેનો ઉપયોગ કરવાનું એમને ભાન હતું. 1943ના જૂનમાં માસિક 85 રૂપિયાના પગારે એમને જે. કીમર નામની જાહેરખબરોનું કામ કરતી બ્રિટિશ સંસ્થામાં નોકરી મળી. પુસ્તકોની કવરડિઝાઇનનું કામ તે સંભાળતા. સત્યજિતે જ્યારે આ નોકરી શરૂ કરી ત્યારે કીમરની કલકત્તાની એ શાખામાં મુખ્ય અધિકારીઓ અંગ્રેજો હતા. સત્યજિતની કલાશક્તિ પારખીને જઈ એમણે લગભગ એક દાયકા સુધી એમને પગારવધારો આપતા જઈ પોતાને ત્યાં રોકી રાખ્યા. પોતાનું સ્વત્વ જાળવી રાખીને પણ પોતાની શક્તિ મુજબ સારામાં સારું કામ આપવાની એમની લાક્ષણિકતા કીમરના ઉચ્ચ અંગ્રેજ અધિકારી પણ સમજી શકતા હતા. ઉત્તરોત્તર એમને બઢતી મળતી ગઈ.

એમણે ચિત્રવાર્તાની અંગ્રેજી ચોપડીઓના જેવાં તદ્દન વાસ્તવિક ચિત્રોથી માંડી ભારતીય લઘુચિત્રોની શૈલી સહિત આધુનિક અમૂર્ત શૈલી સુધીની અનેકવિધ રીતથી ચિત્રો કરેલાં છે અને એમની કવર ડિઝાઇનો તો બંગાળમાં સર્વોચ્ચ પ્રકારની ગણાઈ છે. અલબત્ત, એમની ખરી નિપુણતા તો હતી કલામય અક્ષરાલેખનની.

બીજી બાજુ ચલચિત્રનિર્માણ માટેનું એમનું આકર્ષણ પણ વધતું ગયું. બંગાળમાં ત્યારે ચીલાચાલુ ચલચિત્રોથી ભિન્ન કેટલીક સારી ફિલ્મ બની હતી. `દેવદાસ' વગેરે જેવી કેટલીક ફિલ્મના ફોટોગ્રાફર બિમલ રોયે ત્યારે પોતાના દિગ્દર્શનમાં `ઉદેયર પાથે' ઉતારેલું. પછીથી `હમરાહી' નામે તેની હિંદી આવૃત્તિ પણ તેમણે બનાવેલી. `મંત્રમુગ્ધ' નામે એમણે એક હાસ્યચિત્ર ઉતારેલું. આ ફિલ્મો જોઈ સત્યજિતને પણ ફિલ્મના સિનારીઓ લખવાની પ્રેરણા મળી. મહાવરા માટે એમણે જેના પરથી વધુ ફિલ્મો બની હતી એ `ધ પ્રિઝનર ઑવ ઝેન્ડા'ની બંગાળી આવૃત્તિ માટે સિનારીઓ લખીને બિમલ રોયને બતાવવા ધાર્યું. બિમલ રોય કદાચ એમના એ પ્રયાસને ગંભીરતાપૂર્વક સમજી ન શક્યા, પણ એથી નાસીપાસ ન થતાં સત્યજિતે પોતાનું લેખન જાળવી રાખી પોતાની પસંદગીની `વિલિયમના' નામની એક ટૂંકી વાર્તા ને રવીન્દ્રનાથ ટાગોરની કૃતિ `ઘરે-બાહિરે' માટે સિનારીઓ લખ્યા. ચલચિત્ર-નિર્માતાઓને એમણે પસંદ કરેલું કથાવસ્તુ ગમ્યું પણ ખરું. `ઘરે-બાહિરે' ઉતારવા માટેનાં ચક્રો પણ ગતિમાન થયાં; પરંતુ ફિલ્મનાં બાહ્ય દૃશ્યો માટે કથાને અનુરૂપ સ્થળ પર જ ફિલ્મનાં દૃશ્યો લેવાના તથા નામી અદાકારોને બદલે કથાનાં પાત્રો જેવી જ બિનધંધાદારી વ્યક્તિઓને ફિલ્મમાં લેવાના સત્યજિતના આગ્રહ તથા નિર્માતાઓના ચીલાચાલુ ખ્યાલો પ્રમાણે ફિલ્મમાં ફેરફાર કરવા અંગેની એમની નારાજીને કારણે ચલચિત્ર બનાવવાની એ વાત સમેટાઈ ગઈ.

આ તરફ 1945માં સિગ્નેટ પ્રેસે એમને `પથેર પાંચાલી'ની નવી સંક્ષિપ્ત આવૃત્તિને ચિત્રિત કરવાનું કામ સોંપેલું. સત્યજિતને એ કથાનું ચલચિત્ર બનાવવાનો વિચાર આવ્યો. 1949માં શાહી બનાવનારી એક કંપની માટે જાહેર ખબરોની એક માળા તૈયાર કરવાનું કામ આવ્યું. એમાં એ શાહી વાપરનારા લેખકોનાં ચિત્રો આલેખવાનાં હતાં. આ માટે તેમને `પથેર પાંચાલી'ના લેખક વિભૂતિભૂષણ બંધોપાધ્યાયને પણ મળવાનું થયું અને `પથેર પાંચાલી'ના ચલચિત્રનો ખ્યાલ ફરી મનમાં સળવળ્યો.

બીજી બાજુ 1948માં ચિદાનંદ દાસગુપ્ત ને હરિદાસ ગુપ્ત જેવા મિત્રના સાથમાં એમણે સારાં ચલચિત્રો જોવાં મળે એ આશયથી `કલકત્તા ફિલ્મ સોસાયટી'ની સ્થાપના કરીને ભારતમાં આ પ્રકારની પ્રવૃત્તિનો આરંભ કર્યો. ફિલ્મનિર્માણ અંગેનું વાચન પણ ચાલુ જ હતું. `સ્ટેટ્સમેન'માં ફિલ્મ-વિવેચક તરીકે પણ એમણે સમાલોચના લખવા માંડી. આ જ અરસામાં પોતાના `ધ રિવર' ચિત્રના શૂટિંગ માટે તેના દિગ્દર્શક જ્યાં રેનૉર ભારત આવેલા. સત્યજિતે

એમનો પરિચય સાધ્યો જે આગળ જતાં ગાઢ મિત્રતામાં પરિણમ્યો. `જ્યાં રેનૉર કલકત્તામાં' એ વિશે લંડનના `સિક્વન્સ' સામયિકમાં સત્યજિતે એક સુંદર લેખ પણ લખી મોકલેલો. `સિક્વન્સ' અને પછી `સાઇટ એન્ડ સાઉન્ડ'ના તંત્રી ગૅવિન લૅમ્બર્ટ સાથે તેમણે પત્રો દ્વારા સંપર્ક પણ સ્થાપેલો.

આ દરમિયાન ચિત્રકાર્યમાંથી પોતાની આવક પૂરતા પ્રમાણમાં વધી હતી, એટલે મામાને ત્યાંથી અલગ થઈ એમણે મા સુપ્રભાને સાથે લઈને પોતાનું અલગ ઘર વસાવ્યું. વિજયા સાથેની ગાઢ મિત્રતા પ્રણયમાં પરિણમી હોઇ, સામાન્યતઃ મામા-ફોઈનાં સંતાનો પરણવાનો રિવાજ એમનામાં ન હોવા છતાં, કુટુંબના એક હિતેચ્છુ અને ફૅમિલી ડૉક્ટરની સમજાવટથી માતાને મનાવી લઈ એમણે વિજયા સાથે ઈ. 1949માં લગ્ન કર્યું. ત્યારે એમની વય સત્યાવીસ વર્ષની હતી.

1950માં તેઓને કીમરમાં આર્ટ-ડિરેક્ટરના પદે બઢતી અપાઈ હતી. આ કંપનીએ એમને પોતાને ખર્ચે છ માસ માટે લંડન અને યુરોપ બોલાવ્યા. ત્યાં તેમને લંડનની ઑફિસમાં કામ કરવાનું હતું. લંડન પહોંચતાં જ એમણે ગૅવિન લેમ્બર્ટ અને લિન્ડસે ઍન્ડરસનની મુલાકાત લીધી અને વિજયા તથા પોતે લંડનની ફિલ્મ ક્લબનાં સભ્ય બની ગયાં. લંડનમાં સાડા ચાર માસમાં તો એમણે નવ્વાણું ફિલ્મો જોઈ નાખી. પાછા ફરતાં પારી(સ)માં અને ઇટાલીમાં પણ કેટલીક ફિલ્મો જોઈ, જેમાંથી `બાઇસિકલ થીવ્ઝ'થી તેઓ અત્યંત પ્રભાવિત થયેલા. સંગીતના અનેક જલસા પણ સાંભળ્યા. આમ છતાં પૈસાની ખેંચ પડતાં તેઓ બંને એક જ વાર જમતાં અને શક્ય એટલે દૂર ચાલીને આવતાં-જતાં!

આમ તો એમનો સ્વભાવ અત્યંત શાંત અને સૌમ્ય, એટલે ગુસ્સો તો જવલ્લે જ પ્રકટે. છતાં લંડનમાં એક વાર એમને `ઑબ્ઝર્વર' માટે પોસ્ટર બનાવવાનું આવ્યું. વિશિષ્ટ અક્ષરાલેખનના તો તેઓ નિષ્ણાત હતા જ. એમણે બનાવેલું પોસ્ટર પસંદ થયું. અચાનક પોતાના એક અંગ્રેજ સાથી ચિત્રકારને એમણે ફોન પર એમ કહેતાં સાંભળ્યો કે એ પોસ્ટર પોતે બનાવેલું. સ્વમાની સત્યજિત અત્યંત ગુસ્સે થઈ પેલાની કૅબિનમાં દોડી ગયા અને એને ખખડાવી નાખ્યો. એ પછી સત્યજિતે કીમરમાં કામ ન કરતાં `બેન્સન'માં જ કામ કર્યું. અલબત્ત, આ બંનેનું સંચાલન તો એક જ હતું. આમ, પહેલી ને છેલ્લી વાર તેઓ પોતાનો ગુસ્સા પરનો કાબૂ ગુમાવી બેઠેલા.

પણ યુરોપની એ યાત્રાનો એમણે પૂરો લાભ લીધો. ફિલ્મો, સંગીત, ચિત્રપ્રદર્શનો ને સંગ્રહસ્થાનો વગેરે દ્વારા તેઓએ ભવિષ્ય માટેનું બહુ મોટું ભાથું એકઠું કરી લીધું. ઇટાલિયન ફિલ્મોમાંથી એમને ઘણી પ્રેરણા મળી ને વળતી સફર દરમિયાન જ `પથેર પાંચાલી' માટે સ્ક્રિપ્ટ તૈયાર કરવામાં લાગી ગયા. હવે પ્રશ્ન એના માટે જરૂરી પૈસા ઊભા કરવાનો જ હતો. જેમની પાસેથી પૈસા મળવાની આશા હોય તેમને બતાવવા એમણે `પથેર પાંચાલી'નાં કેટલાંક દૃશ્યો પોતે કઈ રીતે ફિલ્મમાં રજૂ કરશે તેનો ખ્યાલ આપતા સ્કેચ તૈયાર કર્યા. આ બધી સામગ્રી એમણે અનેક ફિલ્મ નિર્માતાઓને બતાવી. પોતે કઈ રીતે ને કેવું ચિત્ર તૈયાર કરવા ઇચ્છે છે તે વિગતે સમજાવ્યું. ઘણાએ એનાં વખાણ પણ કર્યાં, પણ પૈસા રોકવા કોઈ તૈયાર થયું નહિ. લગભગ ત્રણ દાયકાથી બંગાળમાં બનતી ચીલાચાલુ ફિલ્મોના ઢાંચાથી ટેવલાયેલા એ લોકોની ફિલ્મ લાઇનના તદ્દન બિનઅનુભવી આ નવા દિગ્દર્શક પાછળ પૈસાનું રોકાણ કરવાની હિંમત નહોતી. કેટલાકે વળી કોઈ ખ્યાતનામ દિગ્દર્શકોને `પથેર પાંચાલી'નું દિગ્દર્શન સોંપવાની તો કેટલાકે નામી ઍક્ટરોને લઈને ફિલ્મ બનાવવાની શરતે ધીરાણ કરવા તૈયારી બતાવી, પણ સત્યજિતને પોતાની જ રીતે અને પોતાની જ પસંદગીનાં પાત્રો લઈને ચલચિત્ર બનાવવું હતું.

આમ, કોઈ નિર્માતાનો એમને સાથ ન મળ્યો, પણ ચલચિત્ર માટે એમને બીજા સાથીઓ તો મળી ગયા જ. એક હતા બંસી ચંદ્રગુપ્ત જેમણે જ્યાં રેનૉરના સહાયક તરીકે કામ કરેલું. એ બન્યા સત્યજિતના આર્ટ ડિરેક્ટર. બીજા હતા સુવ્રત મિત્ર. રેનૉરના `ધ રીવર' ચિત્રને ઊતરતું જોવાનો એમને પ્રત્યક્ષ અનુભવ હતો. `પથેર પાંચાલી'ની ફોટોગ્રાફી સંભાળવાના હતા. ત્રીજા દુલાલ દત્ત, ફિલ્મ એડિટર, ચોથા શાંતિ ચેટરજી, સહાયક, અને પાંચમા અનિલ ચૌધરી, પ્રૉડક્શન મૅનેજર, ને સત્યજિતના આ સાહસના સૌપ્રથમ સાથીદાર.

આ બધી પ્રાથમિક તૈયારીઓ હોવા છતાં પૈસાના અભાવે `પથેર પાંચાલી'ના ચિત્રીકરણની દિશામાં હજી કંઈ જ થઈ શકતું નહોતું. નિર્માતાઓને છોડીને હવે એમણે ફિલ્મવિતરકો તરફ દૃષ્ટિ દોડાવી. ઉપર કહ્યા તે સૌ સાથીદારો એ માટે શોધમાં લાગી ગયા. અનિલ ચૌધરી,

`કલ્પના ડિસ્ટ્રિબ્યુટર્સ'ના દફતરમાં પહોંચી ગયા. `પથેર પાંચાલી' ફિલ્મમાં `કલ્પના'ના માલિકને રસ પડ્યો. અનિલ ચૌધરીએ સત્યજિતનાં કંઈ કંઈ વખાણ કરેલાં એટલે તેઓ એમને મળવા આવ્યા. સત્યજિત પાસેથી એમણે જાણી લીધું કે એમણે `પથેર પાંચાલી'ની ફિલ્મ બનાવવા માટે હક્ક હજી લેખિત સ્વરૂપમાં મેળવ્યા નહોતા. એટલે તેઓ ઊપડ્યા લેખક વિભૂતિભૂષણનાં વિધવા પત્ની પાસે ને `પથેર પાંચાલી'ના હક્ક પોતાને મળે એ માટે સાડા સાત હજાર રૂપિયા આપવાના પ્રસ્તાવ સાથે એ પણ સલાહ આપી કે, `પથેર પાંચાલી' જેવી ઉત્તમ કથા સત્યજિત જેવા તદ્દન બિનઅનુભવીને હાથે ઊતરશે તો મારી જશે. પોતાનો પ્રસ્તાવ એમણે પંદર હજાર રૂપિયા સુધી પહોંચાડ્યો, પણ શ્રીમતી બંધોપાધ્યાયને આ માણસની વાતમાં ચાલાકીની ગંધ આવતાં એમણે અ ેને નકાર્યો. બીજા એક નિર્માતાએ પૈસા રોકવા તૈયારી બતાવી પણ એનું એક આગલું ચલચિત્ર નિષ્ફળ જતાં મૂડીનું રોકાણ કરવાની એની હિંમત પણ ઓસરી ગઈ.

અંતે સત્યજિતે પોતાની વીમાની પૉલિસી પર સાડા સાત હજાર રૂપિયા વ્યાજે લીધા. બીજા બે-એક હજાર રૂપિયા એક સંબંધી પાસેથી ઉછીના મેળવ્યા અને સાડા નવ હજારની મૂડી પર એમણે પોતાના સાહસનો આરંભ કર્યો. સોળ મિલિમીટરની નાની ફિલ્મનો એક મૂવી કૅમેરા ભાડે લાવ્યા. `પથેર પાંચાલી'માં લેખક વિભૂતિભૂષણે જે ગ્રામપ્રદેશને લક્ષમાં રાખીને કથા લખી છે તે જોવા સત્યજિતનું જૂથ ઊપડ્યું., પણ એ ગામ ચલચિત્રમાં રળિયામણું દેખાય તેવું ફોટોજેનિક ન લાગ્યું. પછી કલકત્તાથી સાઠેક માઇલ દૂર એક ગામ જોયું. ત્યાં વિશાળ પટમાં ઊગેલાં શ્વેત કાશ ફૂલોથી સત્યજિત આકર્ષાયા. બીજું એક લોકેશન પસંદ કર્યું ટોલીગંજમાં. એ બેહાલ ગામમાં બંસીના એક મિત્રનું પડતર ઘર હતું. `પથેર પાંચાલી'માં વર્ણવેલા હરિહરના ઘરને બરાબર અનુરૂપ આવે એવું, પણ ચિત્રીકરણ માટે એમાં કેટલીક મરામત જરૂરી હતી. પોતાની આછીપાતળી મૂડીમાંથી સારી પેઠે ખર્ચ કરીને બંસીએ તેમાં જોઈતી મરામત કરી લીધી. રેનૉર સાથે કામ કર્યાનો અનુભવ હોઈ બંસીએ આ કાર્ય બરાબર પાર પાડ્યું.

હવે જે કંઈ પૈસા બચ્યા તેમાંથી ધંધાદારી કુનેહવાળો માણસ ચિત્રની કથાનો સૌથી વધુ નાટકીય ભાગ હોય એ જ પહેલાં ઉતારે, જેથી વિતરકને એ બતાવીને બાકીનું ચિત્ર પૂરું કરવા એ એની પાસેથી

આગોતરા પૈસા લઈને અધૂરું ચલચિત્ર પૂરું કરે; પણ સત્યજિતે તો હરિહરનાં બે બાળકો – અપુ અને દુર્ગાને કાશ ફૂલોની વચ્ચે ખેલતાંકૂદતાં દર્શાવતાં દૃશ્યો ઉતાર્યાં. આનું એક બીજું કારણ પણ હતું. જો અત્યારે એ દૃશ્યો ઝડપી ન લેવાય તો પછી એ ફૂલોની મોસમ આવે ત્યાં સુધી એમને બેસી રહેવું પડે. જોકે આ વ્યાવસાયિક કુનેહ ન કહેવાય, પણ સત્યજિતની દૃષ્ટિ તો કલાકારની હતી. જે દૃશ્યસૌંદર્ય એમને રજૂ કરવું હતું એને માટેની મળેલી તક તેઓ જતી કરવા તૈયાર ન હતા.

પૈસાની પેઠે `પથેર પાંચાલી'નાં પાત્રો માટે યોગ્ય વ્યક્તિની શોધ પણ એટલી જ મુશ્કેલ હતી. ખાસ કરીને નાના અપુની શોધની ઘટના રસપ્રદ હતી. સત્યજિતના મનમાં પાત્રની જે છબી અંકાઈ હોય એવી જ વ્યક્તિને ખોળી કાઢવાનો એમનો આગ્રહ હતો. વ્યવસાયી અદાકારો પર તેઓ બહુ મદાર રાખતા નહિ, એટલે જ એમનાં ચલચિત્રોનાં પાત્રો વધુ વાસ્તવિક લાગે છે. અપુની શોધ માટે તેઓ કલકત્તાની નિશાળોમાં ઘૂમી વળ્યા. છાપાંમાં જાહેરખબરો પણ અજમાવી. એ રીતે એમની પાસે જે ફોટોગ્રાફ આવ્યા તેમાંથી અપુને યોગ્ય દેખાવવાળાને ચૂંટીને એમણે એ સૌની રૂબરૂ મુલાકાત લીધી. એ વેળા વાત કરતાં-કરતાં તેઓ પેલાના મોં પરના હાવભાવ અને બદલાતા ચહેરાના પ્રત્યેક હલન-ચલનનું બરાબર નિરીક્ષણ કરે. ભાવાભિવ્યક્તિની એની રીત પર ખૂબ ધ્યાન રાખે અને એ પણ જુએ કે જે પાત્ર ભજવવાનું છે તેની લાક્ષણિકતાઓ સમજવા જેટલી બુદ્ધિશક્તિ એનામાં છે કે નહિ. સત્યજિતની આ ખાસિયત જ હતી. તેઓ પોતાના અભિનેતાઓએ શું કરવું કે શું ન કરવું એ કદી કહેતા નહિ, પણ અભિનેતા પોતે જ પોતાને ભજવવાના પાત્રને સમજી એના જેવી જ અનુભૂતિ પામે એવી તૈયારી કરાવે. મેકઅપનો પણ તેઓ બહુ ઓછો ઉપયોગ કરતા. પાત્રના પોષાકો પણ તેઓ સાદા જ પસંદ કરતા.

કથામાં વિભૂતિભૂષણે એનું સુંદર શબ્દચિત્ર આપેલું છે. એ કથાને ચિત્રિત કરવામાં સત્યજિતે પણ એનું એવું જ આલેખન કર્યું હતું અને ચલચિત્ર માટે સત્યજિતનો અપુના પાત્રની યોગ્યતા વિશેનો જે ખ્યાલ હતો તેની પણ વિજયાને ખબર હતી એટલે એની નજર પણ અપુને

ખોળતી રહેતી. એક દિવસ અચાનક ઘરની બારીમાંથી બહાર રમતા છોકરાઓ પર એની દૃષ્ટિ પડી ને એને અદ્દલ અપુ જેવો જ એક છોકરો નજરે ચડ્યો. દોડીને એણે સત્યજિતને ખબર આપી. જેની શોધ માટે દિવસોથી તલાશ ચાલતી હતી એ અપુ અંતે પડોશમાંથી જ મળી ગયો!

આવી જ શોધ હરિહરની બહેન – અપુની ફોઈના પાત્ર `ઇંદિર' માટે પણ કરવી પડેલી. ઇંદિર વયોવૃદ્ધ અને બહેરી હતી. હવે આવી વૃદ્ધા અને અભિનય કરી શકે તેવી સ્ત્રી ક્યાં શોધવી? કરચલીઓથી ભરપૂર છતાં ભાવાભિવ્યક્તિ દાખવી શકે તેવો વૃદ્ધ ચહેરો મેળવવો સરળ નહોતો જ. અંતે કોઈએ ચુનીબાલાદેવીનું નામ સૂચવ્યું. ત્રીસેક વર્ષ પહેલાં ચુનીબાલાદેવીએ નાટકોમાં કામ કરેલું. કોઈ ખાનદાન ઘરાણાની સ્ત્રી તખ્તા પર અભિનય આપે એવો એ જમાનો નહોતો. ચુનીબાલાદેવીનો વસવાટ પણ કલકત્તાના `રેડ લાઇટ' વિસ્તારમાં હતો. એ હવે એંસીની વયે પહોંચી હતી. ઇંદિર જેટલી વૃદ્ધ હતી અને અભિનયનો અનુભવ પણ હતો. સત્યજિત અને એમના પ્રોડક્શન મૅનેજર અનિલ ચૌધરી શોધતાં-શોધતાં એને ઘેર પહોંચી ગયા. બારણે જઈ બેલ વગાડ્યો. કમરમાંથી ઝૂકી ગયેલી એક વૃદ્ધાએ બારણું ખોલી પૂછ્યું ઃ `કોનું કામ છે?' થોભો, હું મારી `દીકરી'ને બોલાવું. આ ધંધામાં વૃદ્ધાઓ `મા' યા `માશી' અને યુવતીઓ બધી દીકરી તરીકે જ ઓળખાય છે. સત્યજિતને ઘરમાં બોલાવી બેસાડ્યા. ચાપાણીનો પણ આગ્રહ કર્યો. સત્યજિતે સીધી જ વાત ઉપાડી ઃ `મા, અમારે તો તમારું જ કામ છે!' આ સાંભળીને નવાઈ પામેલાં ચુનીબાલાદેવીને સત્યજિતે પોતાના આગમનનું કારણ જણાવ્યું. ડોશીમા તો ખુશ થઈ ગયાં. જમાના પહેલાં એમણે નાટકોમાં કરેલા કામના ઉલ્લેખોવાળાં છાપાંઓનાં કટિંગ્સ લાવીને બતાવ્યાં. સત્યજિતના પ્રસ્તાવથી તે રાજી થઈ ગયાં. પછી રોજના વીસ રૂપિયાનું વેતન નક્કી થતાં તો એમની ખુશી ઓર વધી ગઈ. ઇંદિરનું પાત્ર ભજવવા એ તૈયાર થઈ ગયાં અને રોજ વહેલી સવારથી સાંજ સુધી શૂટિંગનો ક્રમ ચાલ્યો. પણ થોડા દિવસમાં તો પૈસા ખલાસ. કામ ત્યાં જ થંભી ગયું.

`પથેર પાંચાલી' પૂરું કરવા માટે સત્યજિતને પૈસાની જરૂર છે એ જાણી કેટલાક લેભાગુ દલાલો પણ એમને મળવા માંડ્યા. અમુક મોટી પાર્ટી પાસેથી પોતે પૈસા અપાવી શકશે એવું કહી અગાઉથી જ પોતાના કમિશનના પૈસા પડાવી લે અને પછી જે પાર્ટી પાસે લઈ જાય એને પૈસા રોકવામાં રસ ન હોય. અનેક વાર સત્યજિત આ રીતે છેતરાયા ને દલાલો એમના પૈસા ખાઈ ગયા. વારંવાર છેતરાયા પછી યે સત્યજિત દલાલોમાં લપટાયા અને પગારમાંથી પૈસા આપે તો વિજયા જાણી જાય, એટલે `પથેર પાંચાલી' પૂરું કરવાની લાલચમાં એમણે પોતાનાં કીમતી પુસ્તકો ને સંઘરેલી ઉત્તમ રેકોર્ડ વેચીને યે દલાલોને પૈસા આપી જોયા, પણ બધું એળે ગયું. એટલું જ નહિ, પોતાનો સંગ્રહ પણ ખોયો.

આમ ક્યાં સુધી ચાલે? માતા સુપ્રભા બધો તાલ જોયા કરે. પુત્રની ફિલ્મ બનાવવાની ધૂન એમને ગમે તો નહિ જ, પણ નિભાવી લે. છેવટે આ લોકોની મૂંઝવણ એમનાથી વેઠાઈ નહિ. એ સમયના બંગાળના મુખ્યમંત્રી ડૉ. બી.સી. રોયની પરિચિત અને પોતાની એક સખીને એમણે વાત કરી. એણે એ વાત ડૉ. રોયને પહોંચાડી. ડૉ. રોય સત્યજિતના પિતાને પણ ઓળખતા. કલાસાહિત્યના તો એ આદમી નહિ, પણ બંગાળના એક શ્રેષ્ઠ લેખકની કથા `પંથેર પાંચાલી' (એટલે કે, `પથનું ગીત') એ ગામડાંના રસ્તાઓની સુધારણાની કે એવી કંઈ ગ્રામોન્નતિની કથા હશે ને દસ્તાવેજી ચિત્ર તરીકે એ ફિલ્મ લોકોમાં સારો પ્રચાર કરી શકશે એમ એમને લાગ્યું. જેટલું ઊતરી શકેલું એટલું ચિત્ર જોયા પછી એ એમ સમજેલા કે ગરીબ હરિહર આગળ જતાં સમાજસુધારાની કોઈ યોજના હાથ ધરશે. એમણે ભલામણ કરી અને રાજ્ય સરકારે એ ફિલ્મ ખરીદી લઈ સત્યજિત સાથે કૉન્ટ્રેક્ટ કરી એમને પૈસા આપ્યા. કૉન્ટ્રેક્ટમાં એક શરત એવી હતી કે જો આ ફિલ્મ પરદેશમાં ચાલે તો તેની આવકમાંથી અમુક ટકા સત્યજિતને પણ આપવા. 1961માં અમેરિકન વિતરકે `પથેર પાંચાલી' માટે બંગાળ સરકારને પણ પચાસ હજાર ડૉલર આપેલા, પણ એ સરકારે સત્યજિતને એમાંથી કંઈ આપ્યું નહિ. સત્યજિતને એનું દુઃખ પણ ન લાગ્યું. `પથેર પાંચાલી' ઉતાર્યાનો આનંદ અને એના દ્વારા એમને મળેલી આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા એમના માટે પૂરતી હતી.

બંગાળ સરકારે એમને બે લાખ રૂપિયા આપેલા, એટલે હવે એમનું કામ જોશમાં ચાલ્યું. બીજી બાજુ કીમરની એમની નોકરી પણ ચાલુ હતી અને એમની શક્તિ પર મુગ્ધ એ કંપનીને સત્યજિતના આ સાહસ પ્રતિ પૂરી સહાનુભૂતિ હોઈ ફિલ્મના કામ અંગે ચડતા પગારે એમને

રજાઓ આપેલી.

`પથેર પાંચાલી' અને તેના અનુસંધાન `અપરાજિત' તથા `અપુર સંસાર' એમ અપુની આ ફિલ્મત્રયીનું સંગીત પં. રવિશંકરે આપ્યું હતું. સત્યજિતે એમને `પથેર પાંચાલી' પૂરું બતાવ્યા પછી પોતાને કેવું સંગીત જોઈએ છે તે વિગતવાર સમજાવેલું.

`પથેર પાંચાલી' પૂરું થયા પછી એને આંતરરાષ્ટ્રીય કૅન્સ ફિલ્મ ફૅસ્ટિવલમાં મોકલવા માટે પણ સત્યજિત અને એમના સાથીઓને એટલી જ દોડધામ થયેલી. `સર્વાધિક માનવતાના આવેદનપૂર્ણ ચિત્ર' તરીકે પુરસ્કૃત પણ થયું. 57' ફ્રાંસિસ્કોમાં `શ્રેષ્ઠ ચિત્ર' અને `શ્રેષ્ઠ દિગ્દર્શન'નું માન એને મળ્યું '59-'60માં ગૉલ્ડન લૉરેલ ઍવૉર્ડ મળ્યો. કવિતા પેઠે એ ચિત્રનું સર્જન કરતા. જેમ એ માનવીય લાગણીઓને વાચા આપતા તેમ પ્રકૃતિના વિવિધ મિજાજને પણ એ તાદૃશ કરતા. એમની આ અદ્ભુત પ્રતિભાએ જ એમને પ્રથમ પંક્તિના દિગ્દર્શક બનાવ્યા હતા.

ભારતમાં રજૂ થયા પછી અહીં પણ `પથેર પાંચાલી' વખણાયું; પણ જે અપેક્ષાથી પ. બંગાળ સરકારે એને આર્થિક સહાય કરેલી એ રસ્તાની, ગ્રામસમાજની કે કુટુંબની સુધારણાની વાત જ હતી નહિ. ચિત્રને પ્રેસિડેન્ટ્સ ઍવૉર્ડ મળ્યો, પણ એ સ્વીકારવા સત્યજિતને ન મોકલતાં. પ. બંગાળના ત્યારના પબ્લિસિટી મિનિસ્ટર દિલ્હી ગયેલા! ડૉ. રોયને એ વાત અપમાનરૂપ લાગી. બહુ સાલ્યું. એમણે રાજ્ય સરકાર તરફથી સત્યજિતને ઍવૉર્ડ આપીને એમનું સમ્માન કર્યું.

ઈ. 1961માં અમેરિકામાં `અપુત્રયી'ની રજૂઆત થઈ. એ પ્રસંગે એમને અમેરિકા બોલાવાયા. એમનો દેખાવ, વર્તન, પોશાક વાતચીતમાં સૌજન્ય અને ગંભીર સ્વભાવ ઉપર ત્યાંના લોકો મુગ્ધ થઈ ગયા.

આ પછી બ્રસેલ્સના ફિલ્મ મહોત્સવમાં એમને એક નિર્ણાયક – જ્યૂરર તરીકે જવાનું આમંત્રણ મળ્યું. ત્યાં પણ એમણે કશું અજાણ્યું અડવું લાગે એવું જરા પણ જોવા મળ્યું નહિ. વર્ષોથી જાણે એવા કામના પણ એ અનુભવી હોય એટલી સ્વસ્થતા ને ફાવટ એમણે ત્યાં બતાવી. યુરોપની શક્તિ ને ભારતની શાંતિનો જાણે એમનામાં સુમેળ હતો.

`અપુત્રયી' પછી એમણે વિલાઈ ગયેલી જમીનદારી પર આધારિત `જલસાઘર' અને `દેવી' બનાવ્યાં. `જલસાઘર'માં પોતાના ભૂતકાલીન ગૌરવના ખયાલોમાંથી બહાર આવી પલટાતા યુગ સાથે સમાધાન નહિ સાધી શકતા જમીનદારની કથા નિરૂપી છે; તો `દેવી'માં એવા જ એક જમીનદારની રૂઢિચુસ્ત ધર્મભાવનાના અતિરેકથી સરજાતી કરુણતાનું નિરૂપણ છે. બંને ચિત્રોમાં નાનામાં નાની ચીજને પણ એમણે જમીન-જાહોજલાલીનું બિલકુલ તાદૃશતાથી નિરૂપણ કર્યું છે. `જલસાઘર'માં અ ેમણે ઉસ્તાદ અલી અકબરખાંનું સંગીત લીધું છે. `જલસાઘર'માં ગીતસંગીત અને કથકના મુજરાનો પણ સમાવેશ છે, પણ એ ય તદ્દન વાસ્તવિક અને સંયમિત રીતે જ.

અત્યાર સુધી એમણે પોતાનાં ચિત્રો માટે ત્રણ ઉસ્તાદ સંગીતકારોનાં સંગીતનો ઉપયોગ કર્યો, પણ એમાં – ખાસ કરીને પં. રવિશંકરને – પોતાના જોઈતા સંગીત અંગે સમજાવવામાં સામસામી પ્રતિભાઓ ટકરાતી લાગતી. એટલે પછીનાં ચિત્રોમાં એમણે પોતે જ સંગીતનિયોજન કરવાનું નક્કી કર્યું.

પોતાને સંગીતનું વિપુલ જ્ઞાન હોવા છતાં એ સંગીતકાર નહોતા. સ્ક્રિપ્ટ લખે ત્યારે કે ફિલ્મ એડિટ કરે ત્યારે તે એનાં સંગીતનો પણ વિચાર ચલાવતા જાય. સૌ પ્રથમ તર્જ કે ટ્યૂન એ મોંએથી સીટી બજાવીને બનાવે. આ સીટી પર પણ એમને અજબ કાબૂ હતો. કોઈ પણ પ્રકારની તર્જ તેઓ તેમાં વગાડી શકતા. દિવસો સુધી એને મનમાં ઘૂંટ્યા પછી એ બરાબર હોવાનો સંતોષ થાય ત્યારે એને પિયાનો પર બજાવી જુએ. આ માટે જ્યારે જરૂર પડે ત્યારે તેઓ પિયાનો ભાડે લઈ આવે. આ તબક્કાઓમાંથી પસાર થયા પછી જ એના રેકોર્ડિંગનો વારો આવે. પોતે બનાવેલાં બધાં ટ્યૂન સૌપ્રથમ તેઓ વિજયાને સંભળાવે અને લીલી ઝંડી મળે ત્યારે જ આગળ વધે.

મૂલતઃ સત્યજિત ગૃહજીવનપ્રિય ગૃહસ્થ હતા. વિજયા વિના એમને બધું અડવું-અડવું લાગે. પુત્ર સંદીપ પણ મોટા ભાગે પિતાની સાથે જ હોય. કામ ચાલતું હોય ત્યારે એનાં તોફાનમસ્તી પણ ચાલતાં રહે, પણ આ બધા વચ્ચે એ કામ પ્રત્યે સત્યજિતની એકાગ્રતા સ્ખલિત ન થાય. કામમાં મગ્ન હોય ને ટેલિફોનની ઘંટડી વાગે તો સહેજ પણ કચવાટ વિના જાતે જ એ ઉપાડે ને બિલકુલ સ્વસ્થતાથી વાત પતાવી ફરીથી કામે લાગી જાય. નોકરચાકર

પરનું અવલંબન એમને જરા પણ પસંદ નહિ. એમની રહેણીકરણી બિલકુલ સાદી, પ્રભાવ પાડવાનો કોઈ ઠઠારો એમના ફ્લૅટમાં જોવા મળે નહિ. હા, કલાત્મકતા ખરી.

`કાંચનજંઘા'માં એમણે પહેલી વાર જાતે સંગીત આપ્યું. એ એમનું પહેલું રંગીન ચિત્ર પણ હતું. પ્રાકૃતિક સૌંદર્યને એમણે એમાં અજબ મિજાજમાં પ્રકટ કર્યું હતું. `કાંચનજંઘા'ની વાર્તા પણ એમણે જ તૈયાર કરેલી. દાર્જીલિંગમાં એક સાંજના દોઢ-બે કલાકના અરસામાં બનાવને રજૂ કરતું એ કૌટુંબિક ચિત્ર છે. અભિજાત ધનિક વર્ગની હૂબહૂ રજૂઆત સાથે એમાં કટાક્ષ પણ છે. બિલકુલ નિરીક્ષણમૂલક આ ચિત્રમાં એમણે રંગ ને તેજછાયાનો અભિનવ પ્રયોગ કર્યો છે. આ ચિત્રનાં બધાં જ અંગ — પોસ્ટરો સુધ્ધાં — એમણે જાતે સંભાળ્યાં હતાં.

એક દિવસ સંદીપે કહ્યું કે એમની ફિલ્મોમાં ગંભીરતા ને કરુણતા જોવા મળે છે. આ સાંભળીને એમને હળવા મિજાજની ફિલ્મ બનાવવાની પ્રેરણા થઈ અને એમણે પોતાના દાદાએ લખેલી એક કાલ્પનિક બાળકથા `ગોપી ગાએન બાધા બાયેન' અને `જય બાબા ફેલુનાથ'ની ફિલ્મ બનાવી. `જય બાબા ફેલુનાથ'ને પ્રેસિડેન્ટસ ઍવૉર્ડ પણ મળ્યો.

પૈસાની વધુ છૂટ થતાં એમણે દાદા ઉપેન્દ્રકિશોરે શરૂ કરેલું બાળકો માટેનું સામયિક `સંદેશ' જે પૈસાના અભાવે બંધ થયું હતું તે ચાલુ કર્યું.. દર મહિને તે માટે હજારો રૂપિયા એમણે અલગ જ રાખવા માંડ્યા. સંદીપ જ્યારે સાત-આઠ વર્ષનો હશે ત્યાર એમણે બાળવાર્તાઓ, કિશોરકથાઓ, વિજ્ઞાનવાર્તાઓ ને રહસ્યકથાઓ લખવા માંડેલી. પ્રો.. શંકુ, પ્રા. શંકુનું કાંડ-કારખાનું, શાબાશ પ્રો. શંકુ, એક ડઝન ગપ્પાં, બીજાં એક ડઝન, સોનાર કેલ્લા, બૉક્સ રહસ્ય, બાદશાહી અંગૂઠી, કૈલાસમાં કેલકારી, ગંગટોકમાં ગંડગોલ, રૉયલ બંગાલ રહસ્ય, જય બાબા ફેલુનાથ વગેરે એમની વિખ્યાત વાર્તાઓ છે. એમની વિજ્ઞાનવાર્તાને તો શ્રેષ્ઠ કથા માટેનો રાષ્ટ્રીય પુરસ્કાર પણ મળેલો છે.

પોતાનાં ચલચિત્રમાં એ પ્રત્યેક પાત્રને માનવી તરીકે જ રજૂ કરે છે, પણ એમનાં ચિત્રોમાં વિલન એટલે કે ખલનાયક ખાસ જોવા નહિ મળે. ખરાબ માણસમાં પણ સારા ગુણ હોઈ શકે અને તક મળે તો ખરાબ માણસ સુધરી શકે એમ તેઓ માનતા. પૈસા કમાવા ખાતર જ તેઓ ચલચિત્ર ન બનાવતા અને એટલે જ પોતાનાં બધાં ચિત્રો એ પોતાની રીતે જ વિષય, રજૂઆત, ફોટોગ્રાફી અને માવજતમાં વિધવિધ પ્રયોગો કરીને સર્જતા. પછી ચિત્ર કમાણી કરે કે ખોટ ખાય એનો એમને હર્ષશોક રહેતો નહિ.

ટાગોરની વાર્તાઓ પરથી ચલચિત્ર બનાવવાનું આકર્ષણ સત્યજિતને પણ સ્પર્શી ગયું હતું. રવીન્દ્રશતાબ્દીના અરસામાં જ એમણે એમની કથાઓ પરથી `તીન કન્યા'નું સર્જન કર્યું. ત્રણ ચિત્રોમાં વહેંચાયેલી આ ફિલ્મત્રયીમાં પહેલું `પોસ્ટ માસ્તર.' સત્યજિત માનતા કે સિનેમાની આગવી શૈલી હોય છે. એને વફાદાર રહેવા માટે મૂળ સાહિત્યકૃતિમાં જરૂર પડે તો થોડો ફેરફાર કરતા. `પોસ્ટ માસ્તર'માં મૂળ કથાનો અંત એમણે પોતાની રીતે રજૂ કરેલો. એ અંગે થોડો ઊહાપોહ પણ થયો, પરંતુ સત્યજિત પર એની કોઈ અસર પડી નહિ. `મણિહારા' એ આ ત્રયીનું બીજું ચિત્ર, હૉરર પ્રકારની એ કથામાં એમણે સંગીત અને ફોટોગ્રાફીની સહાયથી અજબ ભયંજનક વાતાવરણ સર્જ્યું હતું. ત્રીજા ચિત્ર `સમાપ્તિ'ની રજૂઆત હળવા પ્રકારની હતી.

ટાગોરની વાર્તા પરથી એમણે `ચારુલતા' બનાવ્યું. ઓગણીસમી સદીની એ વાર્તા હોઈ એનો તાદૃશ ચિતાર આપવા એમણે એ સમયનાં રાચરચીલાં અને ત્યારની બંગાળી સ્ત્રીઓના પોશાક વગેરેની ચિત્રનોંધો તો કરી જ, ઉપરાંત તે સમયમાં રસ્તા પર ફેરિયાઓ શું-શું વેચતા અને એ માટે કેવા-કેવા લલકાર કરતા એનો પણ એમણે અભ્યાસ કર્યો. પાર્શ્વસંગીતમાં એમણે મોઝાર્ટના સંગીતને પણ વણી લીધું.

જ્યારે તેઓ `કાંચનજંઘા' ઉતારતા હતા ત્યારે એક મિત્રે એમને તારાશંકર બંધોપાધ્યાયની નવલકથા `અભિયાન' માટે સ્ક્રિપ્ટ લખી આપવા કહ્યું, ત્યારે તો એમને અવકાશ નહોતો, પણ `કાંચનજંઘા' પૂરું થયા પછી મિત્રે ફરી આગ્રહ કરીને એમને ચિત્રનું લોકેશન જોવા માટે મનાવી લીધા. આમેય કામ ન હોય તો એમનું બ્લડપ્રેશર વધી જાય, એટલે સત્યજિત એમની સાથે ગયા અને એ સ્થળ એમને એટલું તો ગમી ગયું કે તે રાતે જ એમણે જાગીને `અભિયાન'ના સિનારીઓ લખી નાખ્યા. મિત્ર તો ખુશ થઈ ગયો અને હવે આ ચિત્રનું દિગ્દર્શન પણ એમને જ સોંપ્યું. પોતાની જિંદગી નવેસરથી શરૂ કરવા માગતા એક ટૅક્સી ડ્રાઇવરની એ કથામાં એક મારવાડી શેઠે વેચાતી લીધેલી એક હિંદીભાષી વિધવા યુવતીના પાત્ર માટે પેલા મિત્ર જાણીતી

અભિનેત્રી વહીદા રહેમાનને લેવા ઇચ્છતા હતા. બે લાખથી ઓછે ન આવે એ વહીદા સત્યજિતના દિગ્દર્શનમાં કામ કરવાનું મળે તો કોઈ પણ નજીવી રકમે તૈયાર થઈ હતી!

`મહાનગર' પણ એમનું એક જાણીતું ચિત્ર છે. `પથેર પાંચાલી'ના શહેરીકરણ જેવી એ કથા કલકત્તા જેવા શહેરમાં અટવાતા મધ્યમ વર્ગના એક કુટુંબની વાત છે. એના સંવાદો પણ એમણે જ લખેલા. તાદશતા માટે મધ્યમ વર્ગના લત્તાઓમાં રખડીને તેમની રહેણી-કરણીનો અભ્યાસ કરેલો. એમાં આવતી ઍંગ્લો ઇંડિયન છોકરીના પાત્ર માટે તેઓ નાઈટક્લબમાં ગાતી એક ઍંગ્લો ઇંડિયન છોકરીને જ લઈ આવેલા. ને એના ઘરના સેટ માટે એના લત્તામાં જઈ એ લોકોનાં ઘરો પણ જોઈ વળેલા.

`નાયક'ની પટકથા એમણે બંગાળના જાણીતા ઍક્ટર ઉત્તમકુમારને નજરમાં રાખીને લખેલી. ચિત્રમાં નાયક પણ એને જ બનાવેલો. પોતાને શ્રેષ્ઠ અભિનેતા તરીકે મળેલો ઍવૉર્ડ લેવા કલકત્તાથી દિલ્હી જતા એક ઍક્ટરની આસપાસ અન્ય ચરિત્રો ગોઠવીને રેલવેની એ સફર દરમિયાનનું એમાં નિરૂપણ કર્યું છે. એમાં રોમાંચકતા નથી, પણ જાતજાતના લોકોના મેળાને એમણે બહુ સુંદર રીતે રજૂ કર્યો છે.

`ચીડિયાખાના'એ એમનું એક ડિટેક્ટિવ ચિત્ર છે. એને માટે એમને શ્રેષ્ઠ દિગ્દર્શકનો ઍવૉર્ડ મળેલો. `પ્રતિદ્વંદ્વી'માં એમણે કલકત્તાના વર્તમાન જીવનની રજૂઆત કરેલી. અને છેલ્લે-છેલ્લે પોતાના પ્રથમ હિંદી ચલચિત્રનું દિગ્દર્શન સંભાળ્યું. પ્રેમચંદજીની એક વાર્તા પરથી બનાવેલા `શતરંજ કે ખિલાડી'માં અવધના નવાબ વાજિદઅલી શાહાન જમાનામાં પલટાતા જતા યુગ અને અંગ્રેજોની વધતી જતી રાજસત્તા સામે પ્રજાની બેદરકારીભરી અલિપ્તતાને એમણે સુંદર રીતે પ્રકટ કરવા ઓથે એ યુગના લખનૌનો તાદૃશ ચિતાર આપ્યો છે.

આમ, જેના થકી ભારતનું ચલચિત્રજગત દુનિયામાં ગૌરવથી પોતાનું મસ્તક ટટ્ટાર રાખી શકે એવી તેઓ બહુમુખી પ્રતિભા હતા.

ફિલ્મનિર્માણના ક્ષેત્રે અત્યંત ખ્યાતિ પામેલા સત્યજિત રાય ચિત્રકાર હોવા સાથે પશ્ચિમી સંગીતના અચ્છા જાણકાર તથા હિન્દુસ્તાની સંગીતમાં પણ સારી સમજ ધરાવતા, તેમ તેઓ એક અચ્છા વાર્તાકાર પણ હતા. કિશોરો-કુમારો માટે એમણે લખેલી વિજ્ઞાનવિષયક કલ્પનાકથાઓ અને તેના નાયક પ્રો. શંકુની જેમ એમની રહસ્યકથાઓ ને તેના નાયક ડિટેક્ટિવ ફેલુદાનું એમણે સર્જેલું પાત્ર પણ ભારતીય શેરલોક હોમ્સ બનવા જેટલી ક્ષમતા ધરાવતું હોઈ એવી જ ખ્યાતિ ને લોકપ્રિયતા પામ્યું છે. ફેલુદાની બે રહસ્યકથાઓ — `સોનાર કેલ્લા' અને `ગણેશમૂર્તિની ચોરી' પરથી `જય હબાબા ફેલુનાથ' નામે સત્યજિત રાય બે ફિલ્મો પણ બનાવી છે. `જય બાબા ફેલુનાથ'ને તો એ પ્રકારની ફિલ્મોમાં ઉત્તમતાનું રાષ્ટ્રીય પારિતોષિક પણ મળ્યું છે.

વર્ષમાં સત્યજિત સતત ઊંચી ને ઊંચી સિદ્ધિઓ તથા સન્માન મેળવતા રહ્યા હતા. અમેરિકાની અકાદમી ઑફ મોસન પિક્ચર્સનો જીવનભરની ઉમદા સિદ્ધિ માટેનો સ્પેશિયલ ઑસ્કાર એમને 1992માં મળ્યો. ભારતના રાષ્ટ્રપતિએ સર્વોચ્ચ રાષ્ટ્રીય સન્માન `ભારતરત્ન' વડે એમને વિભૂષિત કર્યા. 23મી એપ્રિલ, 1992ને દિવસે એમનું 70 વર્ષની વયે અવસાન થયું.

અનુક્રમ

ગૅંગટોકમાં ગરબડ

(1)

હજુ થોડી વાર પહેલાં જ બારીમાંથી નીચે જોતાં સૂકી પીળી માટી, પાતળા રેશમના તાર જેવી વાંકીચૂકી નદી અને વચ્ચે-વચ્ચે નાનકડાં- નાનકડાં ગામડાંઓનાં નાનાં-નાનાં ઘરબાર તથા ઝાડ-પાન દેખાતાં હતાં. અચાનક કોણ જાણે ક્યાંથી વાદળ આવી પડતાં હવે કશુંય દેખાતું નથી તેથી હવે મેં અંદર પ્લેનના પ્રવાસીઓ ભણી જોવા માંડ્યું.

મારી પાસે ફેલુદા બેઠો છે. એના હાથમાં મહાકાશભ્રમણ વિશેનું પુસ્તક છે. ફેલુદા ઘણાંબધાં પુસ્તકો વાંચે છે પણ આજ પર્યંત મેં એને ક્યારેય ઉપરા-ઉપરી બે પુસ્તકો એક વિષય પર વાંચતાં નથી જોયો. કાલે રાતે કલકત્તામાં જોયું કે એ તકલમકનની મરુભૂમિ વિશે એક પુસ્તક વાંચતો હતો. તે પહેલાં એ એકીસાથે બે પુસ્તકો વાંચતો હતો–સવારે એક, રાતે એક. એક વાર્તાનું પુસ્તક, બીજું પૃથ્વીના વિભિન્ન દેશની રસોઈ વિશે હતું, એનું કહેવું છે કે એક ડિટેક્ટિવ માટે જનરલ નૉલેજ ખૂબ જ જરૂરી વસ્તુ છે, ક્યારે કયું જ્ઞાન કામમાં આવશે એ કહી ન શકાય.

અમારી લાઇનમાં પેસેજની સામી તરફ, બાજુબાજુની બે સીટમાં બે જણ બેઠા છે. જેઓ પેલે છેડે બેઠા છે તેમનો ફક્ત જમણો હાથ અને બ્લૂ પૅન્ટનો થોડો ભાગ દેખાય છે. હાથની આંગળીઓ વડે તેઓ પોતાના ઘૂંટણ પર તાલ દઈ રહ્યા છે, લાગે છે મનમાં ગીત ગણગણતા હશે. જેઓ આ તરફ બેઠા છે, તેઓ ખૂબ જ અપટુડેટ અને સુસજ્જ છે. હાથનું કાંડું જોઈ લાગે કે યુવાન હશે. પણ ટીસી પાસેના વાળ ધોળા છે તેથી લાગે છે કે ઉંમર પિસ્તાળીસ તો હશે જ.

``આમ મોં ફાડીને શું જોઈ રહ્યો છો!"

ફેલુદાએ અચાનક ધીમેથી સવાલ પૂછ્યો. હું ચમકી ગયો. એમ બોલીને આડી નજરે એ સજ્જન ભણી એક વાર જોઈને બોલ્યો, ``જે રેટથી એ માણસ ખાય છે, એની સરખામણીમાં એના શરીર પર ચરબી નથી વધી."

આ સાંભળતાં જ મને યાદ આવ્યું કે સાચે જ એ સજ્જને આ એક જ કલાકમાં બે વાર ચા પીધી હતી અને સાથે ત્રણેક બિસ્કિટ પણ ખાધાં હતાં. મેં પૂછ્યું, ``બીજું શું સમજ્યા?"

``સજ્જનને પ્લેનની મુસાફરીની આદત છે."

``શી રીતે જાણ્યું?"

``થોડી વાર પહેલાં જ વિમાન એક અૅર-પૉકેટમાં પડી ધડામ લઈને બમ્પ થયું હતું—યાદ છે?"

``હા, હા. અરે બાપ રે, મારા પેટમાં તો કંઈ-કંઈ થઈ ગયું હતું."

``તને એકલાને જ થોડું? આસપાસનાં બધાં જ હલબલી ઊઠ્યાં હતાં, એક માત્ર તેમણે જ છાપામાંથી નજરે ઊંચી નહોતી કરી."

``બીજું શું?"

``એમના વાળ આગળથી બરાબર ઓળેલા રહ્યા છે, પણ પાછળના વિખેરાઈ જઈ કૂકડાની કલગી જેવા થઈ ગયા છે."

``એ તો દેખાય જ છે."

``અને પ્લેનમાં બેઠા પછી તેઓ સીટે માથું ટેકવીને એકે વાર સૂતા નથી, ટટ્ટાર બેઠા છાપું વાચ્યાં કર્યું છે. અને બસ, ચા-બિસ્કિટ ખાધા કર્યાં છે. એનો અર્થ કે દમદમ વેઇટિંગ

રૂમમાં—"

``સમજ્યો, સમજ્યો—એનો અર્થ એ કે તેઓ પ્લેન ઊપડવાને ઘણી વાર હશે ત્યારે જ દમદમ પહોંચ્યા હશે. અને તેથી—"

``વેરી ગુડ, હાથમાં સમય હોવાથી, સોફા પર બેસી, પગ લંબાવી, માથું ટેકવી આરામ કરી લીધો છે. તેથી પાછળના વાળની આ હાલત!"

ફેલુદાની આ ક્ષમતા ખરેખર આભા બનાવી દે એવી છે. અને નવાઈની વાત એ છે કે અાટલું બધું જાણી લેવા માટે એને મારી જેમ ડોળા ફાડી અજાણ્યા લોકો ભણી તાકી નથી રહેવું પડતું — એકાદ-બે વાર આડી નજરે જોઈ લીધું કે પતી ગયું.

``એ ક્યાંના છે, કહે જોઈએ?"

``એનો જવાબ દેવો તો ખૂબ અઘરો છે." મેં કહ્યું, ``સૂટ પહેર્યો છે, હાથમાં અંગ્રેજી છાપું—શી રીતે ખબર પડે બંગાળી-મરાઠી-ગુજરાતી પંજાબી—ગમે તે હોઈ શકે"

ફેલુદાએ જીભેથી `ટીચ' અવાજ કરી માથું હલાવી કહ્યું, ``ક્યારે ઑબ્ઝરવેશન કરતાં શીખીશ, શી ખબર? એમના જમણા હાથમાં શું છે?"

``છાપું —ના, ના, વીંટી!"

``વીંટીમાં શું છે?"

આંખો ઝીણી કરી જોયું તો સોનાની વીંટીમાં બંગાળી લિપિમાં લખ્યું હતું, `મા.'

બીજા મુસાફરો વિશે પણ પૂછવાની મરજી હતી, પણ એ જ વખતે લાઉડસ્પીકરમાં સંભળાયું, ``બાગડોગરા પહોંચવાને વાર નથી—પ્લીઝ ફાસન યૉર સીટ બેલ્ટ્સ અૅન્ડ ઑબ્ઝર્વ ધ નો સ્મોકિંગ સાઈન."

બાગડોગરા કહું છું તેથી ઘણા એમ માનતા હશે કે અમે દાર્જિલિંગ કે કાલિમપોંગ જઈએ છીએ. પણ એમ નથી. અમે સિક્કિમની રાજધાની ગંગટોક જઈએ છીએ. આના પહેલાંની ઉનાળાની રજામાં બે વાર દાર્જિલિંગ જઈ આવ્યા છીએ; આ વખતે પણ પહેલાં તો દાર્જિલિંગ જવાનું હતું, પણ અંતે ફેલુદાએ કહ્યું 'ગૅંગટોક'. બાપુજીને અચાનક બેંગલૉરમાં કંઈ કામ આવી પડવાથી તેઓ ન આવ્યા. કહે, "તારી પરીક્ષા થઈ ગઈ છે અને તું નવરો જ બેઠો છે. ફેલુને પણ રજા લેવાની જરૂર છે – પંદરેક દિવસ ફરી આવો. કલકત્તા બેઠા આ ગરમીમાં સડવાનો શો અર્થ!"

ફેલુદાએ ગૅંગટોક કહ્યું એનું કારણ લાગે છે કે એ આજકાલ તિબેટ વિશે વાંચતો હતો. મેં પણ આટલા દિવસમાં સ્વેન હેદિનની ભ્રમણકથા વાંચી લીધી છે. સિક્કિમમાં તિબેટનું ઘણુંબધું ભેગું થયું છે. સિક્કિમનો રાજા તિબેટી, સિક્કિમની ગુફાઓમાં તિબેટી લામાઓ જોવા મળે છે, સિક્કિમનાં ઘણાં ગામોમાં તિબેટનાં રેફ્યુજીઓ આવીને વસ્યા છે. તિબેટનાં ગીત, તિબેટનું ખાવાનું, તિબેટી પોશાક, તિબેટનાં મહોરાં પહેરીને નાચ – આ બધું જ સિક્કિમમાં છે. તેથી મેં પણ ગૅંગટોક માટે વાંધો ન ઉઠાવ્યો. સાચું કહું તો મારા આ પિતરાઈ મોટાભાઈ સાથે દુનિયાના કોઈ પણ ભાગમાં રજા ગાળવા જવાનું હોય તો હું રાજી છું. હા, પણ એ સાથે ત્યાં કંઈ ડિટેક્ટિવગીરી કરવાની હોય તો-તો ન પૂછો વાત. ડિટેક્ટિવગીરીમાં ફેલુદા જેવો કોઈ પાવરધો હોય એમ હું નથી માનતો.

બાગડોરા ઍરપૉર્ટ પર પ્લેન બરાબર સાડા સાતે ઊતર્યું. કલકત્તાથી બાપુજીએ અમને તેડવાને એક જીપની વ્યવસ્થા કરી હતી. અમે જીપમાં બેસતાં પહેલાં સીધા ઍરપૉર્ટના રેસ્ટોરન્ટમાં જઈને સારી રીતે બ્રેકફાસ્ટ કરી લીધો, કારણ અહીંથી ગૅંગટોક જતાં લગભગ છ-સાત કલાક લાગશે. રસ્તો ખરાબ હશે તો એથીયે વધુ લાગી શકે. પણ એટલી નિરાંત હતી કે આજે હજુ ચૌદમી અેપ્રિલ હતી; તેથી લાગે છે હજુ એવો જોરમાં વરસાદ નથી પડ્યો.

ઑમલેટ પૂરી કરી હજુ તળેલી માછલી ખાવા માંડી જ હતી, એવામાં જોયું કે પ્લેનના પેલા સજ્જન એક ખૂણામાં ટેબલ પરથી ઊઠી રૂમાલથી મોં લૂછતા-લૂછતા અમારી તરફ હસતા-હસતા આવતા હતા.

"તમે શું ડેંગ્ કેંગ્ કે ગેંગ્?"

હું તો સવાલ સાંભળી ડઘાઈ જ ગયો! આ વળી કઈ ભાષા બોલતા હતા સજ્જન? પણ ફેલુદાએ તે જ પળે હસીને જવાબ આપ્યો, "ગેંગ્." "ગેંગ્" સાંભળી તેઓ બોલ્યા, "જીપની વ્યવસ્થા કરી છે? એટલે કે તમારી સાથે શેર કરી શકું?" ફેલુદા કહે, "બેશક." અને હું પછી સમજી ગયો કે ડેંગ અેટલે દાર્જિલિંગ, કેંગ એટલે કાલિમપોંગ અને ગેંગ અેટલે ગૅંગટોક.

સજ્જન બોલ્યા, "થેંક યૂ. મારું નામ શશધર બોસ."

ફેલુદાએ પોતાનો અને મારો પરિચય આપ્યો.

"તમે શું હૉલીડે?" એમણે પૂછ્યું.

"બીજું શું વળી!"

"આઈ લવ ગૅંગટોક. પહેલાં ક્યારેય આવ્યા છો?"

"જી ના."

"ક્યાં ઊતરવાના છો?"

ફેલુદાએ બેરાને બોલાવી બિલ લાવવાનું કહી સજ્જનને એક ચાર- મિનાર ઑફર કરી પોતે એક સળગાવી કહ્યું, "એક હોટેલમાં રૂમ બુક કરાવ્યો છે. મને લાગે છે નામ સ્નો વ્યૂ છે." શશધરબાબુ કહે, "ગૅંગટોકની હું ગલીકૂંચી જાણું છું. કેવળ ગૅંગટોક જ નહિ – આખું સિક્કિમ હું ફરી વળ્યો છું. લાચેન લાચુંગ નામચે નાથુલા કશું જ નથી છોડ્યું. ગ્લોરિયસ ! જેવું રળિયામણું એટલી જ શાંતિ. પહાડ ગમે તો પહાડ, ઑર્કિડ કહો તો ઑર્કિડ, તડકો કહો, વાદળ કહો, વરસાદ, મિસ્ટ (ધુમ્મસ) જોઈએ, એ બધું જ મળશે. તિસ્તા, રંગિત-નદીઓ, લાજવાબ! પણ મુસીબત છે આ રસ્તાઓને લીધે – રોડ્સ – સમજ્યા ને! અસલમાં આ તરફના પહાડો, જેને કહીએ ને કે ગ્રોઇંગ માઉન્ટેઇન્સ, હજુ વધી રહ્યા છે. તેથી જરાક અસ્થિરતા છે, સમજ્યા ને – અને કાચા. યંગ એજમાં જેવા હોય તેવા, બીજું શું? હે-હે-હે!"

"એટલે જ લૅન્ડસ્લાઇડ થાય છે, નહિ?"

"યસ અને એ ખૂબ કંટાળાજનક વ્યાપાર. તમે જતાં હો અને અચાનક તમારી નજરે પડે કે સામેનો રસ્તો બંધ – પહાડ ધસી પડ્યો છે. એટલે પછી બ્લાસ્ટિંગ, પથ્થર તોડવા, દીવાલ બનાવવી – એ ભારે માથાફોડિયું કામ. તેય આર્મી છે એટલે નિરાંત, ઝટપટ પતાવી દે અને હજુ વરસાદ પડ્યો નથી એટલે લાગતું નથી કે એવું બને. ચાલો, તમને મળીને આનંદ થયો, સગવડે થઈ ગઈ. એકલા-એકલા આટલી લાંબી મુસાફરી કરવી ખૂબ કંટાળાજનક, કંપની હોય તો વાતોમાં સમય વીતી જાય."

ફેલુદાએ પૂછ્યું, "તમે શું હવાફેર કરવા જાઓ છો?"

"અરે ના રે ભાઈ" સજ્જન હસી પડ્યા. "હું જાઉં છું કામે, પણ એ એક પિક્યુલિયર કામ છે. એરોમેટિક પ્લાન્ટ્સ, ખબર છે?"

"તમારે શું પરફ્યુમરીનો ધંધો છે?"

"બરાબર પકડ્યો. કેમિકલ ફર્મ; પણ ઘણાં બધાં કામમાં એક કામ એસેન્સ તૈયાર કરવાનું છે. સિક્કિમમાં અમારે કામનાં ઝાડ હોય છે, એ મને ખબર છે. એ ભેગાં કરવા જ જાઉં છું. મારા પાર્ટનર સાતેક દિવસ પહેલાં જ ગયા છે. ઝાડપાન વિશે એમને અગાધ જ્ઞાન છે - બોટેનીની ડિગ્રી પણ છે. હું પણ એમની સાથે જ જવાનો હતો, પણ પછી મારા ભાણેજનાં

લગ્ન માટે ઘાટશિલા જવું પડ્યું. કાલે રાતના જ કલકત્તા પાછો ફર્યો."

બિલ ચૂકવાઈ ગયું હતું, એટલે અમે ઊઠ્યા. સામાન લઈ જીપ ભણી જતાં-જતાં ફેલુદા બોલ્યો, ``તમારી કંપની ક્યાં છે?"

શશધરબાબુ બોલ્યા, ``બૉમ્બે. કંપનીને લગભગ વીસ વર્ષ થવા આવ્યાં. મેં સાતેક વર્ષ પહેલાં જોઇન કર્યું છે. એસ. એસ. કેમિકલ્સ. શિવકુમાર શેલભાંકાર—એમના નામ પરથી જ નામ છે એનું."

બાગડોગરાથી શિલિગુડી થઈ સેવક રોડ. સેવક રોડથી તિસ્તા નદીને જમણી બાજુ રાખી રસ્તો ઢાળ ચડવા માંડે, વચ્ચે-વચ્ચે નીચે પણ ઊતરે. દાર્જિલિંગની જેમ એકસરખી ચડાઈ નથી. રંગપો પહોંચ્યા કે પશ્ચિમ બંગાળ પૂરું અને સિક્કિમની શરૂઆત.

તિસ્તાને કાંઠે તિસ્તા બજાર નામે એક જગ્યા છે, જ્યાંથી એક જબરદસ્ત બ્રિજ પર થઈને નદી પાર કરી સામી દિશાના પહાડને રસ્તે જવાનું છે. તિસ્તા બજારમાં અમે જીપ ઊભી રાખી. તડકાને લીધે ખૂબ તાપ લાગતો હતો. તેથી શશધરબાબુએ પૂછ્યું, ``કોકા-કોલા પીશો?" એ જગ્યા બે વર્ષ પહેલાં જ તિસ્તામાં પૂર આવતાં બિલકુલ ધોવાઈ ગઈ હતી. દુકાનો-ઘરબાર જે બધાં જોયાં, તે બધાં નવેસરથી બન્યાં હોય એમ જોતાં જ લાગ્યું. બ્રિજ પણ નવો હતો; પહેલાંનો પાણીના પૂરમાં ભાંગીને ભુક્કો થઈ ગયો હતો. શશધરબાબુએ એકી સાથે બે બૉટલ પૂરી કરી નાખી. અને સાથે-સાથે જોકે અમનેય પિવડાવી હતી. મને મનમાં થયું — ગૅંગટોકમાં કોલ્ડડ્રિંક પીને શરીરને ઠંડું કરવું ન પડે તો સારું. પાંચ હજાર ફૂટ ઊંચાઈએ નક્કી અહીં કરતા વધુ જ ઠંડક હશે.

`કોક' પીને જ્યારે દુકાનમાં બાટલીઓ પાછી દેવા જતા હતા ત્યારે જોયું કે થોડે દૂર એક જીપ પાસે ઊભેલા કેટલાક માણસો (જેમાં બે મિલિટરીના માણસો હતો) હાથ હલાવીને ખૂબ ઉત્તેજિત ભાવે કંઈક આલોચના કરતા હતા. જીપ સામી બાજુથી આવી હતી—લાગે છે શિલિગુડી જવાની હશે. `અૅક્સિડેન્ટ' શબ્દ સાંભળતાં જ અમે ત્રણે જણા જીપ ભણી આગળ વધ્યા. અને ત્યાં જઈને એક વિચિત્ર વાત સાંભળી. આ તરફ જોકે વરસાદ નહોતો પડ્યો, પણ ગૅંગટોકમાં સાતેક દિવસ પહેલાં ખૂબ વરસાદ પડ્યો હતો. અને એને લીધે પહાડ પરથી એક પથ્થર ગબડ્યો અને જીપ પર પડ્યો, તેથી એક માણસ માર્યો ગયો. જીપ પણ રસ્તા પરથી પાંચસો ફૂટ નીચે ગબડી પડતાં ભાંગીને ભુક્કો થઈ ગઈ હતી. માણસ મરી ગયો અને એનું નામ-ઠેકાણું કોઈ કહી શક્યું નહિ, કેમ કે એ લોકો કોઈ પણ ગૅંગટોકથી આવતા નહોતા.

ફેલુદાએ ખબર સાંભળી કહ્યું ``આને કહેવાય નિયતિ. એ માણસનું મોત, નહિ તો એક ચાલતી ગાડી પર માત્ર એક પથ્થર આવીને પડે—આવી ઘટના સાધારણ રીતે બનતી નથી."

શશધરબાબુ બોલ્યા, ``વન ચાન્સ ઇન મિલિયન." એ પછી જીપમાં બેસતાં-બેસતાં બોલ્યા, ``જતી વખતે નજર પહાડ ભણી અને કાન ખુલ્લા રાખજો. ચેતતા નર સદા સુખી."

તિસ્તા છોડ્યા પછી થોડી જ વારમાં ચારે કોરનું દૃશ્ય એવું અદ્ભુત-સુંદર હતું કે અૅક્સિડેન્ટની વાત મનમાંથી ભૂંસાઈ ગઈ. રંગપો પાર કર્યા પછી થોડે દૂર ગયા કે વરસાદના એક ઝાપટાને લીધે હવામાન ઠંડું થઈ ગયું. અને ત્રણ હજાર ફૂટની ઊંચાઈએ જ્યારે ધુમ્મસ થવું શરૂ થઈ ગયું ત્યારે તો રીતસર ઠંડી લાગવા માંડી. ગૅંગટોક હવે દસ કિલોમીટર જ દૂર હતું, ત્યાં એક જગ્યાએ જીપ થંભાવી સૂટકેસ ખોલી કોટ અને મફલર કાઢી પહેરી લીધાં. શશધરબાબુએ પણ એક અૅર-ઇન્ડિયાની બૅગ ખોલી એક બ્લૂ પુલોવર કાઢી એમના ઠંડા કોટની નીચે પહેરી લીધું.

આસ્તે-આસ્તે ધુમ્મસમાંથી ઝાંખા-ઝાંખા પહાડ પર બ્લૂ રંગના ચાઇનીઝ પૅટર્નના છાપરાંવાળાં બધાં મકાનો દેખાવા માંડ્યાં. શશધરબાબુ કહે, ``પાંચ કલાકે ન લાગ્યા. વી આર વેરી લકી."

એ પછી મિલિટરી કૅમ્પની પાસેથી, ફૂલના કૂંડાઓથી સજાવેલા લાકડાના વરંડાવાળી એકમાળી દુકાન અને ઘરની હાર વટાવી લાલ બ્લૂ લીલો પીળો લીટીવાળો પોશાક પહેરેલી, ખભે બાળકોને ઊંચકીને સ્ત્રીઓ, અને રંગીન ટોપી અને રંગબેરંગી પહેરણ પહેરેલા સિક્કિમી નેપાળી ભુટિયા તિબેટી પુરુષોની ભીડમાં થઈ અમારી જીપ સ્નો વ્યૂ હોટેલ આગળ જઈને ઊભી રહી. શશધરબાબુ ડાકબંગલામાં જવું છે, કહીને અમારાથી છૂટા પડ્યા. જતી વખતે કહેતા ગયા, ``આ બધી જગ્યાઓમાં, ખબર છે, તમને ગમે કે ન ગમે, નહિ-નહિ તોય દિવસમાં ચાર વેળા તો ભેટો થઈ જ જાય."

ફેલુદા બોલ્યો, ``અત્યારે તો તમારા સિવાય કોઈનેય અમે ઓળખતા નથી અહીં, તેથી સાંજના એક વાર ડાકબંગલા ભણી આંટો આવી જઈશું."

``બહોત અચ્છા" કહીને હાથ હલાવી, જીપ સાથે તેઓ પણ ધુમ્મસમાં અદૃશ્ય થઈ ગયા.

(2)

અમારી હોટેલનું નામ છે સ્નો વ્યૂ, અને ત્યાંથી ખરેખર પાછળની રૂમની બારીઓમાંથી કાંચનજંઘા દેખાય છે. પણ આવ્યા ત્યારથી અત્યાર સુધીમાં ધુમ્મસને લીધે અમને સ્નો વ્યૂ નજરે નહોતો પડ્યો. હોટેલના માલિક પંજાબી હતા—નામ મિસ્ટર બિબરા. અને જે બધા લોકો હોટેલમાં હતા તેમાંથી લાગે છે એક જ જણ હતા બંગાળી. હજુ ઓળખાણ નહોતી થઈ. બંગાળી એટલે ખબર પડી, કેમ કે જમતી વખતે બપોરે કાંટાં-ચમચીથી ખાતી વખતે એમના હાથમાંથી કાંટો છટકીને ભોંય પર પડી ગયો ત્યારે સ્પષ્ટ કાને પડ્યું—તેઓનું `ધત્ તારીની!'

જમવાનું પતાવી હોટેલની સામેની જે હારબંધ દુકાનવાળો મોટો રસ્તો છે, ત્યાં જઈ બે મિનિટમાં જ ફેલુદાએ પાનની દુકાન શોધી કાઢી અને ત્યાંથી મીઠાં પાન ખરીધાં. કહે, ``આ વસ્તુ અહીં વધારે મળશે એવો તો મને ખ્યાલ નહોતો." એ દરરોજ બપોરે અને રાત્રે જમ્યા પછી એક-એક મીઠું પાન ખાય છે, પણ એય કાથા વિનાનું, કેમ કે લાલ હોઠ થાય એ એને મુદ્દલે ગમતું નથી.

ગૅંગટોકનો આ રસ્તો રીતસર પહોળો છે. રસ્તાની વચ્ચે જીપ, લૉરી, સ્ટેશનવૅગન વગેરે જાતજાતની ગાડીઓ લાઇનબંધ પાર્ક કરેલી છે, અને રસ્તાની બે તરફ દુકાનો. દુકાનનાં નામ પરથી લાગ્યું, ભારતવર્ષના ઘણી જગ્યાના લોકો અહીં સિક્કિમમાં આવી ધંધો કરતા હતા. પંજાબી, મારવાડી, ગુજરાતી, સિંધી—બધી જાતના લોકોએ સિક્કિમમાં આવી દુકાન નાખી હતી. બંગાળી લગભગ નજરે પડતા નહોતા એમ કહીએ તો ચાલે. ધુમ્મસને લીધે વધુ દૂર ન જઈ શક્યા તોપણ એક વસ્તુ નજરે પડી કે દાર્જિલિંગ અને આ જગ્યામાં ખૂબ ફેર હતો. સૌથી મોટો ફરક એ છે કે અહીં લોકોની ભીડ ઓછી, તેથી ધમાલ ઓછી અને તેથી ગંદકી ઓછી છે.

જમી લીધું, મીઠું પાન પણ ખાઈ લીધું, હજુ વિચારતા જ હતા કે જરાક ફરીને જગ્યા તો જોઈએ એવામાં અચાનક ધુમ્મસમાં નજરે પડ્યા શશધરબાબુ. તેઓ હાંફળાફાંફળા હોટેલ તરફ જ આવતા હતા. ફેલુદાને જોઈ તેઓ વધુ ઝડપથી પાસે આવ્યા અને બોલ્યા, ``સર્વનાશ થઈ ગયો."

``શું થયું?"

``સવારે જે તિસ્તામાં અૅક્સિડેન્ટની વાત સાંભળી હતી તે કોની હતી ખબર છે?"

સવાલ સાંભળીને જ અમારા મનમાં એક સંદેહ જાગવા માંડ્યો હતો એ એમની વાતથી સાચો ઠર્યો.

``એસ. એસ. મારા પાર્ટનર."

``શું કહો છો? તેઓ ક્યાં જતા હતા?"

``ભગવાન જાણે! ટેરિબલ બનાવ."

``તે જ પળે ખલાસ થઈ ગયા?"

``ચારેક કલાક જીવ્યા હતા. હૉસ્પિટલમાં આવ્યા પછી અર્ધા કલાકમાં જ મરી ગયા. માથા પર જખમ; હાડકાંયે ભાંગ્યાં હતાં. મરતાં પહેલાં એક વાર ભાનમાં આવ્યા હતા. મારું નામ લીધું. `બોસ–બોસ'. બે વાર બોલ્યા. એ પછી ખતમ.

``ખબર કેવી રીતે પડી?" ફેલુદાએ પૂછ્યું.

અમે હોટેલમાં દાખલ થયા. ભોંયતળિયાનો ડાઇનિંગ રૂમ હવે ખાલી હતો. ત્રણે ખુરશી પર બેઠા. શશધરબાબુએ એક લીલો રૂમાલ કોટના ઉપરના ખીસામાંથી બહાર કાઢ્યો અને કપાળનો પરસેવો લૂછ્યો.

``એય એક અદ્ભુત બનાવ! ડ્રાઇવર નહોતો મર્યો. પથ્થર આવીને ગાડીને લાગ્યો, અને ડ્રાઇવર સ્ટિયરિંગનો કંટ્રોલ ગુમાવી બેઠો. આમ પણ પથ્થર ખાસ મોટો નહોતો, પણ સ્ટિયરિંગ ફરી ગયું તેથી ગાડી રસ્તા પરથી સરીને એકદમ વાંકી થઈ ગઈ અને ખીણમાં પડી. ડ્રાઇવર હતો ખીણની બીજી તરફ. જેવી ગાડી વાંકી થઈ કે એ બેટો કૂદી પડ્યો રસ્તા પર. માઇનર ઇંજ્યુરી–ડાબી આંખની પાસે લમણામાં જરાક ચામડી છોલાઈ ગઈ એટલું જ. જીપ આ તરફ શેલભાંકાર જોડે પાંચસો ફૂટ નીચે. નોર્થ સિક્કિમ હાઈ–વે પર અૅક્સિડેન્ટ. ડ્રાઇવરે ત્યાંથી ગૅંગટોક ભણી ચાલવા માંડ્યું. ખબર દેવા માટે. રસ્તામાં થોડાક નેપાળી મજૂરોને જોઈ તેમને સાથે લઈ જઈ એસ. એસ.ની `બૉડી'ને ત્યાંથી બહાર કઢાવી અને ઉપડાવીને લવાતો હતો એવામાં એક આર્મી જીપ અાવી પહોંચી. તે હૉસ્પિટલ. એ પછી... વેલ...!"

જે માણસ બે કલાક પહેલાં કેવો સ્ફૂર્તિલો અને આનંદી લાગ્યો હતો. અેને આમ ભાંગી પડતાં જોવું ખરે જ અદ્ભુત લાગતું હતું.

``ડેડ બૉડીનું શું કર્યું?" ફેલુદાએ પૂછ્યું.

``બૉમ્બે મોકલી દીધું છે. બૉમ્બેમાં એના ભાઈનો કૉન્ટેક્ટ કર્યો હતો—ભાઈ બૅરિસ્ટર છે. એસ. એસ. વિધુર છે, બે વાર લગ્ન કર્યાં હતાં. બંને પત્ની મરણ પામી. પહેલી વારની પત્નીથી એક દીકરો હતો–તે ચૌદેક વર્ષ પહેલાં બાપ સાથે ઝઘડો કરી ઘર છોડી ચાલ્યો ગયો છે. એ લાંબી વાત છે. એસ. એસ. દીકરાને અતિશય વહાલ કરતા. એ પછી ખૂબ તપાસે કરી હતી, પણ એનો પત્તો નહોતો લાગ્યો. તેથી ભાઈને ઇન્ફોર્મ કર્યા. ભાઈએ પોસ્ટમૉર્ટમ કરવા દીધું. તેથી `બૉડી' બીજે જ દિવસે મોકલી દેવામાં આવ્યું."

અહીં કહી રાખું—પોસ્ટમૉર્ટમ શબ્દનો અર્થ મેં ફેલુદા પાસેથી જ જાણ્યો છે. કોઈ જો અસ્વાભાવિક કે સંદેહજનક રીતે મૃત્યુ પામે, તો પોલીસતપાસ થાય, અને ત્યારે પોલીસનો ડૉક્ટર મૃતદેહની પરીક્ષા કરી રિપોર્ટ આપે—ક્યારે મરી ગયો, ક્યાં માર વાગી મર્યો, ઝેર ખવડાવ્યું હતું કે નહિ–આ બધું, બીજું શું! આને કહેવાય પોસ્ટમૉર્ટમ.

ફેલુદાએ પૂછ્યું, ``આ બનાવ ક્યારે બન્યો?"

શશધરબાબુ બોલ્યા, ``ઈલેવન્થની સવારે. સાતમીએ તેઓ અહીં આવી પહોંચ્યા હતા." એ પછી અફસોસ કરતા હોય એમ માથું ધુણાવી બોલ્યા, ``હું તો હજુય માની શકતો નથી.... કોના નસીબમાં ક્યારે શું બની જાય! તોપણ હું અહીં હોત તો લાગે છે આ અકસ્માત ન બનત."

``તમારો પ્લાન શું છે?" ફેલુદાએ પૂછ્યું.

``શું હવે? હવે તો અહીં રહેવાનો કંઈ અર્થ જ નથી. હું હમણાં જ તપાસ કરવા જાઉં છું, જો કાલની ફ્લાઈટમાં જગ્યા મળે તો. ઓળખાણ છે એટલે લાગે છે મળી જશે."

શશધરબાબુ ઊભા થયા.

``જાઉં ત્યારે! જતાં પહેલાં એક વાર મળશું ચોક્કસ. તમે હવે આનો ઝાઝો વિચાર નહિ કરતા. હૅવ એ ગુડ ટાઇમ."

શશધરબાબુ હોટેલમાંથી બહાર ચાલ્યા ગયા. ફેલુદા થોડી વાર ભવાં સંકોચી બેઠા-બેઠા સવારના અૅક્સિડેન્ટની વાત સાંભળી જે વાત શશધરબાબુ બોલ્યા હતા એ ધીમે-ધીમે બે વાર બોલી ગયો—``વન ચાન્સ ઇન મિલિયન." એ પછી બોલ્યો, ``જોકે માથા પર વીજળી પડે તોય લોકો મરી જાય, એ પણ ઓછી નવાઈની વાત નથી."

મેં આટલી વાર ધ્યાન આપ્યું નહોતું. હમણાં જોયું તો પાસે જ બીજી એક ખુરશી પર પેલા બંગાળી સજ્જન હાથમાં `આનંદબજાર' છાપું ખોલી બેઠા હતા. શશધરબાબુ ચાલ્યા ગયા કે એમણે છાપાની ઘડી કરી, ખુરશી છોડી ઊઠી આવી ફેલુદાને નમસ્કાર કરી એની પાસેની ખુરશી પર બેસી બોલ્યા, ``સિક્કિમના રસ્તા પર ક્યારે શું થશે એ કશું જ ન કહી શકાય. અહીં પથ્થર પડી માણસ મરે એમાં નવાઈ નથી. તમે તો આજે જ આવ્યા લાગો છો!"

ફેલુદાએ ગંભીર ભાવે કેવળ `હં' જેવો અવાજ કર્યો. એ સજ્જને સ્ટીલની ફ્રેમ અને આછા લીલા રંગના કાચવાળાં ચશ્માં પહેર્યાં હતાં. ઉંમર ત્રીસ-પાંત્રીસથી વધુ નહિ હોય. હોઠ અને નાકની વચ્ચે એક નાનકડી ચાર ખૂણિયા મૂછ હતી. જેને લાગે છે બટરફ્લાઈ કહેવાય છે. આજકાલ આ જાતની મૂછ ખાસ નજરે પડતી નથી.

``મિસ્ટર શેલભાંકાર ખૂબ જ સરળ માણસ હતા."

``તમે એમને ઓળખતા હતા?" ફેલુદાએ પૂછ્યું.

``જે થોડીઘણી ઓળખાણ થઈ હતી એ પરથી કહું છું. સમજદાર આદમી—જેને રસિક કહી શકાય એવા; આર્ટનો ખૂબ શોખ. મારી પાસે એક તિબેટની મૂર્તિ હતી, મરી ગયા એના બે દિવસ પહેલાં જ એમણે મારી પાસેથી મૂર્તિ ખરીદી હતી."

``તેઓ એ બધું કલેક્ટ કરતાં?"

``કલેક્ટ–ફલેક્ટ તો શી ખબર—મારી સાથે આર્ટ એમ્પોરિયમમાં ઓળખાણ થઈ હતી. મેં જોયું કે બહુ ધ્યાનથી બધું જોતા હતા, તેથી મેં કહ્યું, મારી પાસે એક જૂની-પુરાણી મૂર્તિ છે, તમારે જોવી છે? એ કહે ડાકબંગલે લઈને આવજો. ગયો, દેખાડી. એમણે ઑન ધ સ્પૉટ ખરીદી લીધી. જોકે એ વસ્તુ પણ ઘણી ડિસેન્ટ હતી. મારા દાદાજી તિબેટમાંથી ખરીદી લાવ્યા હતા. નવ માથાં, ચોત્રીસ હાથ."

``આઈ સી."

ફેલુદા જોકે ખૂબ ગંભીરતાથી બોલતો હતો. મને એ સજ્જન ખૂબ ઇન્ટરેસ્ટિંગ લાગ્યા, ખાસ કરીને એમનું હસવું, એ જાણે એમના હોઠને ખૂણે લાગેલું જ ન હોય! શેલભાંકારનું મોત જાણે એમને માટે એક હસવાની વાત.

``મારું નામ નિશિકાન્ત સરકાર."

ફેલુદાએ પોતાની ઓળખાણ ન આપતાં ફક્ત નમસ્કાર કર્યા.

એ સજ્જન બોલ્યા, ``હું દાર્જિલિંગમાં રહું છું. ત્રણ પેઢીથી અમે ત્યાં જ છીએ. પણ શરીરનો રંગ જોઈને એ માનવું અઘરું છે, નહિ?"

ફેલુદાએ જરાક હસીને અસજ્જનતા એવોઈડ કરી.

``પેલી તરફ કાલિમપોંગ, થોરતિ વગેરે જોયાં છે. સિક્કિમ નહોતો આવ્યો. એ જોકે

મારી નેગ–નેગ–એટલે કે નેગ્લિજેન્સ. આવીને જોયું કે મેં શું મિસ કર્યું હતું! આજુબાજુમાં ઘણી બધી અદ્ભુત રળિયામણી જગ્યાઓ છે, ખબર છે ને! તમે બધું પહેલાં જોયું હશે!"

ફેલુદાએ કહ્યું પોતેય નવો જ છે. આજ પહેલી વાર સિક્કિમની ધરતી પર પગ મૂક્યો છે.

``વાહ." સજ્જન આ વખતે બત્રીસે દાંત દેખાડી હસ્યા. ``કેટલા દિવસ રહેવાના છો? બધું બરાબર ફરીને જોઈ લેજો."

``ઇચ્છા તો છે."

``પેમિયાંગચિ સાંભળ્યું છે `ટેરેફિક' જગ્યા છે."

``જ્યાં સિક્કિમની જૂની રાજધાનીના ભગ્નાવશેષ છે?"

``કેવળ રાજધાની શાની? ગાઇડ બુક જુઓ ને! ફોરેસ્ટ (જંગલ) છે, બ્રિટિશ અમલનો ડાકબંગલો છે, પ્રાચીન ગુફા છે, કાંચનજંઘાનો ફર્સ્ટક્લાસ વ્યૂ છે—બીજું વધારે શું જોઈએ?"

``સગવડ મળતાં ચોક્કસ જઈશું" કહીને ફેલુદા ઊભો થયો.

“કેમ ઊઠ્યા?”

``જરાક ફરી આવીએ. અહીં શું બહાર જઈએ ત્યારે રૂમનાં બારી-બારણાં બંધ કરીને જવાનું?"

``તે હોટેલની રૂમના બારણે તાળું મારવું સારું, જોકે ચોરી-ચપાટી જેવું અહીં નથી એમ કહીએ તો ચાલે. આખા સિક્કિમમાં માત્ર એક જેલ છે, અને એ પણ ગૅંગટોકમાં. તપાસ કરી જોજો—ચારથી વધારે કેદી નથી એમાં."

હોટેલમાંથી બહાર નીકળ્યા ત્યારે હજુ ધુમ્મસ એવું જ હતું. ફેલુદા આમતેમ જોઈ બોલ્યો, ``એક ભૂલ થઈ ગઈ—બંને જણા માટે એક-એક જોડી હંટર બૂટ ખરીદી લાવવા જોઈતા હતા, કેમ કે અહીં વાદળ-વરસાદ તો થશે જ, એટલે રસ્તા લપસણા, અને જોડાની ગ્રીપ વિના પહાડ પર ચડવું મુશ્કેલ."

મંે કહ્યું ``અહીં નહિ મળે?"

``મળશે. બાટાની દુકાન તો બધે જ હોય છે. સાંજના ફરીને પાછા આવતાં ખરીદી લેશું. અત્યારે જરાક `અૅક્સપ્લોર' કરી લઈએ."

બજારમાંથી શહેર ભણી જવું હોય તો ઢાળ ચડવો પડે. પણ થોડે દૂર જઈને જોયું તો અા તરફ લોકોની ભીડ અોછી અને મકાનો છૂટાં- છૂટાં હતાં. થોડાં લોકો જે ચાલતાં નજરે પડ્યાં, તેમાં કેટલાંક સ્કૂલનો યુનિફૉર્મ પહેરેલાં છોકરાંઓ પણ હતાં. દાર્જિલિંગની જેમ અહીં ઘોડાઓ ન દેખાયા, પણ અહીં ત્યાંના કરતાં જીપો ઘણીબધી વધારે હતી. એ લાગે છે મિલિટરીને લીધે જ. ગૅંગટોકથી સોળ માઇલ દૂર 14 હજાર ફૂટની ઊંચાઈએ નાથુલા છે. નાથુલામાં ચીન અને ભારતની વચ્ચેની સીમારેખા છે. અા તરફ ભારતીય લશ્કર અને પેલી તરફ પચાસ ગજમાં ચીનનું સૈન્ય.

થોડા વધુ આગળ ચાલ્યા તો એક નાકા પર અચાનક ધુમ્મસમાં ઝળહળતો રંગ નજરે પડ્યો, વધુ આગળ વધ્યા ત્યારે લાગ્યું એ કંઈ નહોતું—કેવળ એક માણસ ખૂબ જ ભડક રંગનાં કપડાં પહેરી રસ્તાની એક કોરે ઊભો હતો.

એના પગથી માથા સુધી જુઓ તો જાણે રંગની બહાર! એના પગમાં પીળા જોડા, પેન્ટ હતું બ્લૂ રંગનું જીન્સ, સ્વેટર લાલ ભડક. અને ગળામાં લીલા રંગના શર્ટનો કૉલર દેખાતો હતો. શર્ટની ઉપર અને ચિબુકની નીચે એક સફેદ પર કાળા રંગની ભાતવાળો સ્કાર્ફ. એ માણસના ચહેરાનો રંગ આછા પીળામાં આછો ગુલાબી મેળવીએ એવો. અને વાળ—કેવળ માથાના વાળ જ નહિ. દાઢી અને મૂછના વાળ પણ—બદામી રંગના હતા. જોઈને થયું કે એ

પરદેશી હિપ્પી હતો. દાઢી વધારેલી હતી તેથી ઉંમર કળવી મુશ્કેલ. પણ મોંની ચામડી પર મુદ્દલે કરચલી પડી નહોતી, તેથી લાગ્યું ફેલુદા જેવડો જ હશે, એટલે કે વય ત્રીસથી ઓછી જ.

એણે અમને જોઈ સ્મિત વેરી ઠંડા મુલાયમ સ્વરે કહ્યું, ``હલો!"

ફેલુદાએ જવાબમાં `હલો' કહ્યું. આ વખતે ધ્યાન ગયું કે હિપ્પીના ખભા પર બે કૅમેરા લટકતા હતા, અને સાથે એક ચામડાની બૅગ. તેમાંયે વખતે કૅમેરાનો જ સામાન હશે. એક કૅમેરાનું નામ `કેનન' જોયું એટલે થયું જાપાનીસ. ફેલુદાની સાથે પણ એનો જાપાની કૅમેરો હતો. અને અ ે જોઈને જ લાગે છે હિપ્પી બોલ્યો હશે, ``નાઇસ ડે ફૉર કલર."

ફેલુદાએ હસીને કહ્યું, ``તમને દૂરથી ધુમ્મસમાં જોઈને મને પણ એ જ ખ્યાલ આવ્યો હતો. પણ દુઃખની વાત એ છે કે સારી કલર ફિલ્મ અમારા દેશમાં ભલે મળે ખરી પણ ખૂબ જ મોંઘી મળે."

હિપ્પી કહે, ``મને ખબર છે. મારી પાસે કલર ફિલ્મનો સ્ટૉક છે. જરૂર પડે તો મને કહેજો."

હિપ્પી જોકે અંગ્રેજી બોલતો હતો છતાં એનાં ઉચ્ચારણ સાંભળી એની જાત ન કળાઈ. ફ્રેન્ચ કે અમેરિકન હોય તો એ અનુસ્વારનો વધુ ઉપયોગ કરતો હોત. અંગ્રેજ હોત તો-તો ઓળખાઈ જાત. પણ એ ત્રણમાંથી એકે જાતનો નહોતો.

ફેલુદાએ પૂછ્યું, ``તમે શું ફરવા આવ્યા છો?"

હિપ્પી કહે, ``હું ફોટા પાડવા આવ્યો છું. સિક્કિમ વિશે એક પુસ્તક તૈયાર કરવાનું છે. હું પ્રોફેશનલ ફોટોગ્રાફર છું."

``અહીં કેટલા દિવસથી છો?"

``નવમીએ આવ્યો છું, પાંચ દિવસ થયા. ત્રણ દિવસનો વિસા હતો. કહીકારવીને વધારી લીધો. હજુ સાતેક દિવસ રહેવાની ઇચ્છા છે."

``ક્યાં ઊતર્યા છો?"

``ડાકબંગલામાં, અ ા જે રસ્તો જમણી તરફ ઉપર જાય છે ને—એના પર જરાક આગળ વધો કે ડાકબંગલો."

ડાકબંગલાનું નામ સાંભળી જ મારા કાન ચમકી ગયા. શેલભાંકાર પણ ડાકબંગલામાં જ રહેતા હતા ને!

``તો પછી જે સજ્જન અૅક્સિડેન્ટમાં મરી ગયા એમની સાથે તમારે પરિચય ચોક્કસ થયો જ હશે." ફેલુદાએ પૂછ્યું.

હિપ્પી અફસોસ કરતો હોય એમ માથું હલાવી કહ્યું, ``વેરી સેડ. મારી સાથે સારી રીતે ઓળખાણ થઈ હતી. હી વૉઝ એ ફાઇન મૅન અૅન્ડ–" એટલું બોલી હિપ્પી અટકી ગયો હતો. થોડી વાર ચૂપચાપ ઊભો રહ્યો પછી સ્વગત જ બોલ્યો — ``વેરી સ્ટ્રેન્જ."

``શું થયું?" ફેલુદાએ પૂછ્યું.

``એમણે અહીં આવી એક અદ્ભુત મૂર્તિ એક બંગાળી સજ્જન પાસેથી ખરીદી હતી. હી પેઈડ વન થાઉઝન્ડ રૂપીઝ ફોર ઇટ?!"

``એક હજાર!" ફેલુદાય અવાક બની ગયો.

``હા, એ ખરીધા પછી તેઓ અહીંથી ટિબેટિયન ઇન્સ્ટિટ્યૂટમાં બતાવવા ગયા હતા. તેમણે કહ્યું મૂર્તિ એક અદ્ભુત ઉચ્ચ કક્ષાની દુષ્પ્રાપ્ય વસ્તુ હતી. પણ —" ફરી એ હિપ્પી ગંભીર બની થોડી વાર ચૂપ થઈ ગયો. પછી બોલ્યો, ``મને ખટકો એ છે કે એ મૂર્તિ ક્યાં ગઈ?"

``એટલે?" ફેલુદાએ પૂછ્યું, ``એમનું ડેડ બૉડી તો સાંભળ્યું છે કે મુંબઈ મોકલી દીધું છે. તેથી એમની ચીજવસ્તુઓ પણ સાથે જ ગઈ હશે — નહિ?"

હિપ્પીએ માથું ધુણાવ્યું. ``બીજી બધી વસ્તુ પાછી ગઈ છે એ વાત સાચી પણ મિસ્ટર શેલભાંકાર મૂર્તિને હંમેશાં પોતાના કોટના ઉપરના ખીસામાં રાખતા. કહેતા કે આ મારું મેસ્કૉટ–મારું નસીબ પલટી નાખશે. તે દિવસે જ્યારે બહાર નીકળ્યા ત્યારે પણ એ મૂર્તિ એમના ખીસામાં હતી એ મને ખબર છે. અૅક્સિડેન્ટ પછી એમને હૉસ્પિટલમાં લાવ્યા ત્યારે હું ત્યાં હતો. એમનાં કપડાં કાઢ્યાં ત્યારે બધી ચીજવસ્તુ એમના ખીસામાંથી બહાર કાઢી. એક ડાયરી નીકળી, એક પૈસાનું પાકીટ, ચશ્માંના ઘરમાંથી એમનાં ભાંગેલાં ચશ્માં નીકળ્યાં, પણ મૂર્તિ નહોતી નીકળી. એમ પણ બની શકે કે મૂર્તિ ખીસ્સામાંથી નીકળી જમીન પર પડી ગઈ હોય, વખતે હજુ ત્યાં જ પડી હશે અને નહીં તો જેઓ એમને ઊંચકી લાવ્યા એમાંના કોઈએ ઉઠાવી લીધી હોય."

"પણ અહીંના લોકો તો સાંભળ્યું છે કે ખૂબ જ ઓનેસ્ટ હોય છે."

"એટલે જ તો ગોટાળો લાગે છે." હિપ્પી ચિબુક પર હાથ મૂકી માથું નમાવી થોડી વાર વિચારમાં પડી ગયો.

ફેલુદા બોલ્યો : " મિસ્ટર શેલભાંકાર તે દિવસે ક્યાં જતા હતા તમને ખબર છે?"

"સિંગીકના રસ્તા પર એક ગુફા છે, ત્યાં હું પણ જવાનો હતો, પણ તે દિવસે સવારે ઊઠી દિવસ સારો હતો તેથી એમની પહેલાં હું કૅમેરા લઈ ફોટા પાડવા ચાલ્યો ગયો. એમણે કહ્યું હતું કે રસ્તામાં જો હું એમને મળીશ તો તેઓ મને સાથે લઈ લેશે."

"અચાનક ગુફા જોવાનો શોખ શા માટે થયો?"

"એ તો ખબર નહિ પણ લાગે છે ડૉક્ટર વૈધ એના માટે થોડા અંશે જવાબદાર છે."

"ડૉક્ટર વૈધ?" ફેલુદાએ પૂછ્યું. આ નામ પહેલી વાર જ સાંભળ્યું હતું.

હિપ્પી હસીને બોલ્યો, "આમ રસ્તાની વચ્ચોવચ ઊભા રહી વાત કરવા કરતાં, એમ કરો ને, ડાકબંગલે ચાલો – કૉફી પીશું."

ફેલુદાએ આનાકાની ન કરી. મને થયું, એ શેલભાંકાર માટે જે કંઈ જાણવું જરૂરી છે, એ બધું જ જાણવા માગે છે.

જમણી તરફના રસ્તા પર ઢાળ ચડતાં હિપ્પી બોલ્યો, "એ સિવાય મારા પગને 'રેસ્ટ' (આરામ) દેવોય જરૂરી છે. તે દિવસે પહાડ પર ચડતાં સ્લિપ થવાથી મરડાઈ ગયો છે. એકસરખો થોડી વધુ વાર ઊભો રહું છું તો પગમાં દુઃખવા આવે છે."

ધુમ્મસ ઓછું થવા માંડ્યું હતું. ચારેકોર આટલી બધી ઝાડી હશે તે આટલી વાર ખબર નહોતી પડી. આછા થયેલા ધુમ્મસમાંથી હવે પાઇન વૃક્ષોની ટોચ દેખાતી હતી.

થોડુંક ચાલ્યા પછી અમે ડાકબંગલે પહોંચી ગયા. ખૂબ સુંદર બેઠા ઘાટનો બંગલો; બહુ જૂનો હોય એવું ન લાગ્યું.

હિપ્પીએ એના રૂમમાં લઈ જઈ, બે ખુરશીઓ પર જે કાગળિયાં પડ્યાં હતાં તે હટાવ્યાં અને અમને બેસવાની જગ્યા કરી આપી, બોલ્યો : "હજુ મેં મારી ઓળખાણે નથી આપી. મારું નામ હેલમુટ ઉંગાર."

"જર્મન નામ છે!"

"આબાદ પકડ્યો."

હેલમુટ પોતાના ખાટલા પર બેઠો. રૂમમાં ચારેકોર બધી વસ્તુ પડી હતી. સ્ટૅન્ડ પર બીજાં રંગીન કપડાં, પેટીઓ અધખુલ્લી, તેમાં કપડાં કરતાં કાગળિયાં અને (સામયિકો) મૅગેઝિન વગેરે જ વધારે હતાં. થોડા ફોટાઓ ટેબલ પર પડ્યા હતા, દીવાલને ઊભા રાખ્યા હતા. મોટા ભાગના પરદેશી ફોટાઓ; પણ થોડા આ દેશના પણ હતા. જોકે હું બહુ સમજતો નથી પણ તોય જોઈને લાગ્યું કે ફોટાઓ બહુ સરસ હતા.

ફેલુદાએ પોતાનો પરિચય આપ્યો, પણ એ પોતે બિનધંધાદારી શોખ ખાતર બનેલો ડિટેક્ટિવ છે એ વાત ન કહી. એ પછી હેલમુટ 'એક્સક્યુઝ મી' કહીને રૂમમાંથી બહાર ગયો, લાગે છે કૉફીનો ઑર્ડર દેવા ગયો હશે. પાછો આવી પલંગ પર બેઠો, બોલ્યો : "ડૉક્ટર વૈદ્ય ખૂબ ઇન્ટરેસ્ટિંગ માણસ છે, પણ બહુ બોલકણા છે. થોડા દિવસ ડાકબંગલામાં જ આવીને રહ્યા હતા. જ્યોતિષ જાણતા, ભવિષ્ય કહી શકતા, જે માણસ મરી ગયો હોય એના આત્મા સાથે સંપર્ક સાધી શકતાં."

"પ્લેન્ચેટ જેવું?"

"લગભગ એવું જ. મિસ્ટર શેલભાંકારને ઘણું બધું કહીને નવાઈ પમાડી દીધા હતા અને પરલોક તત્ત્વ વિશે પણ ઘણું વાંચ્યું હોય એવું લાગ્યું."

"તેઓ હમણાં ક્યાં છે?"

"કાલિમપોંગ જવાના હતા. ત્યાં કોઈ એક તિબેટી સાધુ જોડે એમની એપોઇન્ટમેન્ટ હતી. કહેતા તો હતા કે પાછા આવશે."

"મિસ્ટર શેલભાંકારને એમણે શું-શું કહ્યું હતું? તમે એ બધું સાંભળ્યું હતું?"

"મારી સામે જ તો બધી વાત થઈ હતી. તેમના ધંધાની વાત. પત્નીના મૃત્યુની વાત, દીકરાની વાત એ તો ઠીક, તેઓ થોડા સમયથી માનસિક ઉદ્વેગમાં હતા એ વાત પણ કરી હતી."

"ઉદ્વેગનું શું કારણ હતું?"

"એ મને ખબર નથી."

"તમને કંઈ કહ્યું હતું?"

"ના, પણ લાગતું કે તેઓ વચ્ચે-વચ્ચે અન્યમનસ્ક થઈ જતા, નિસાસા મૂકતા. એક દિવસ વરંડામાં બેસી ચા પીતા હતા, એવામાં એક ટેલિગ્રામ આવ્યો. એ વાંચીને તેઓ રીતસર અપસેટ થઈ ગયા હતા."

ફેલુદાએ પૂછ્યું, "મિસ્ટર શેલભાંકાર આમ આકસ્મિક રીતે મૃત્યુ પામશે એ વિશે કંઈ ડૉક્ટર વૈદ્યે ભવિષ્યવાણી કરી હતી?"

"ઠીક ભવિષ્યવાણી નહીં પણ એમ કહ્યું હતું કે ચેતીને ચાલજો. તમારો સમય સારો નથી."

કૉફી આવી. અમે ત્રણે જણાએ ચૂપચાપ બેઠાં પી લીધી. શેલભાંકારના મૃત્યુ પાછળ કોઈ રહસ્ય હતું કે નહિ, એ તો ખબર નથી પણ મારું મન કહેતું હતું કે ક્યાંક કંઈ ચોક્કસ ગોટાળો – ગોલમાલ છે. હું માનું છું કે ફેલુદાના મનની હાલત પણ મારા જેવી જ હતી. કારણ, મેં આ પહેલાં પણ જોયું છે, કે જ્યારે એના મનમાં સંદેહ જાગે છે ત્યારે એ ચૂપચાપ બેસી રહે છે અને વચ્ચે-વચ્ચે આંગળાના ટાચકા ફોડે છે. અત્યારે પણ એ આંગળાના ટાચકા ફોડતો હતો.

કૉફી પૂરી કરી ફેલુદા આભાર માની ઊભો થયો અને બોલ્યો, "તમે હજુ સાત દિવસ રોકવાના છો, તો પછી જરૂર મળશું. ડૉક્ટર વૈદ્ય આવે તો ખબર આપજો. અમે સ્નો વ્યૂ હોટેલમાં છીએ!"

હેલમુટ અમારી સાથે બંગલાના ગેટ સુધી વળાવવા આવ્યો. ગુડ બાય કરતી વખતે એ એક જ વાક્ય બોલ્યો. "મૂર્તિ ક્યાં ગઈ એ ખબર પડત તો જરાક નિરાંત થાત."

(3)

ધુમ્મસ તો હટી ગયું પણ હજુ વાદળ નહોતાં વિખેરાયાં. ઝરમર વરસાદ પડતો હતો,

પણ આવો વરસાદ ગમે. છત્રીની જરૂર ન પડે, શરીર ભીંજાયું કે નહિ એય ખબર ન પડે, પણ શરીર મજાનું ઠંડું થઈ જાય.

બાટાની દુકાન અમારી હોટેલથી દૂર નહોતી. બંને જણા માટે હંટર શૂઝ ખરીધા, પછી ફેલુદા કહે, "રસ્તો ખબર નથી, એટલે આજનો દિવસ ટૅક્સી કર્યા વિના નહીં ચાલે."

"ક્યાં જવું છે?" ટૅક્સીની લાઇન તરફ ચાલતાં-ચાલતાં મેં પૂછ્યું.

"અત્યારે તો ટિબિટયન ઇન્સ્ટિટ્યૂટ. જ્યાં ટેરિફિક બધી થાંકા, પોથી અને તાંત્રિક વસ્તુઓનો સંગ્રહ છે એમ સાંભળ્યું છે."

"તમારા મનમાં કંઈક શંકા જાગી છે?" જવાબ મળશે કે નહિ, ખાતરી નહોતી, છતાંયે પૂછ્યા વિના ન રહી શક્યો.

"શાનો સંદેહ?"

"કે મિસ્ટર શેલભાંકારનું મૃત્યુ સ્વાભાવિક રીતે નહોતું થયું."

"એમ બનવા માટે હજુ સુધી લેશમાત્ર કારણ બન્યું નથી."

"તો પછી મૂર્તિ નથી મળી તે?"

"તેથી શું? માણસ પથ્થર પડવાથી ઘાયલ થઈ, મરી ગયો. ખીસામાંથી મૂર્તિ ગબડી પડી, જેઓ ઊંચકીને લાવ્યા એમાંના કોઈએ ખીસામાં મૂકી દીધી—પતી ગયું. ખૂન કરવું સહેલું નથી, તેમાં પાછું ફક્ત એક હજારની એક મૂર્તિ ખાતર—એ તો કલ્પીય ન શકાય."

હું વધુ ન બોલ્યો. કેવળ મનોમન બોલ્યો, એક રહસ્ય જો ફૂટી નીકળે—તો રજાની મજા થઈ જશે.

લાઇનબંધ જીપ ઊભી હતી, એમાંની એક જીપના ડ્રાઇવરને ફેલુદાએ પૂછ્યું "ચલેગા?"

એણે પૂછ્યું, "કહાં?"

"ટિબેટિયન ઇન્સ્ટિટ્યૂટ માલૂમ હૈ?"

"જી હાં, બૈઠ જાઈએ."

અમે બંને આગળ ડ્રાઇવરની બાજુની સીટમાં બેઠા. ડ્રાઇવરે ગળે મફલર વીંટી, માથે એક કૅપ (ટોપી) પહેરી જીપ ફેરવી જે રસ્તે અમે શહેરમાં દાખલ થયા હતા એ રસ્તા પર ઊંધી દિશામાં મારી મૂકી.

ફેલુદાએ એક સિગરેટ સળગાવી, અને ડ્રાઇવર સાથે વાત કરવા માંડી. હિંદીમાં જ વાત કરતો હતો.

"અહીં તે દિવસે જે અૅક્સિડેન્ટ થયો હતો એ ખબર છે?"

"બધાને ખબર છે."

"એ ડ્રાઇવર તો આબાદ બચી ગયો છે નહીં?"

"ઓહ, એનું નસીબ સારું, ગયા વર્ષે એક અૅક્સિડેન્ટ થયો હતો. એ પણ પથ્થર પડીને—તેમાં ડ્રાઇવર મરી ગયો અને મુસાફર બચી ગયો."

"તું એ ડ્રાઇવરને ઓળખે છે?"

"ઓળખું જ ને! અહીં બધા જ એકબીજાને ઓળખતા હોય છે."

"એ અત્યારે શું કરે છે?"

"ફરી બીજી ટૅક્સી ચલાવે છે. SKM. 463, નવી ટૅક્સી છે."

"અૅક્સિડેન્ટની જગ્યા તેં જોઈ છે?"

"હા, એ તો નૉર્થ સિક્કિમ હાઈ-વે પર છે. અહીંથી દસ કિલોમીટર..."

"કાલે એક વાર અમને લઈ જશે?"

"શા માટે નહિ?"

"તો પછી એમ કર, કાલે સવારે આઠેક વાગે નીકળશું. અમે સ્નો વ્યૂમાં ઊતર્યા છીએ. તું આવી જજે."

"બહોત અચ્છા."

એક જંગલમાં થઈને સીધો ઢાળ ચડી જાવ તો આવે ટિબેટિયન ઇન્સ્ટિટ્યૂટ. ડ્રાઇવર કહે કે જંગલમાં ખૂબ સરસ ઑર્કિડો થાય છે – પણ એ અત્યારે નહિ જોવા મળે. ગાડી સીધી ઇન્સ્ટિટ્યૂટના બારણા સામે લઈ જઈ ઊભી રાખી. જબરદસ્ત મોટું મકાન. તેના પર તિબેટી સ્ટાઈલની નકશી હતી. ચારેકોર એટલું નિર્જન અને નિઃસ્તબ્ધ હતું કે એક વાર તો એમ થયું કે ઇન્સ્ટિટ્યૂટ બંધ જ થઈ ગઈ હશે. પણ પાસે જઈને જોયું તો દરવાજા ખુલ્લા હતા.

બારણામાં પેસતાં જ સીધા એક મોટા હૉલમાં દાખલ થયા. તેની દીવાલ પર લાંબાં-લાંબાં ચિત્રો લટકતાં હતાં (એને જ 'થાંકા' કહે છે) અને જમીન પર હતી જાતજાતની ઝીણીમોટી વસ્તુઓથી ભરેલા કાચના કબાટો અને શૉ-કેસની હારની હાર.

કઈ તરફ જવું એમ વિચારતા હતા એવામાં ઢીલો સિક્કિમી પોશાક, અને આંખે ચશ્માં પહેરેલા એક જણ અમારી પાસે આવ્યા.

ફેલુદાએ એને અત્યંત ભદ્રતાથી પૂછ્યું, "ડૉક્ટર ગુપ્ત છે?"

સજ્જને અંગ્રેજીમાં જવાબ આપ્યો, "સૉરી, ક્યુરેટર સાહેબની આજે તબિયત સારી નથી. એમનો આસિસ્ટંટ છું. બોલો તમને શી મદદ કરું?"

ફેલુદા બોલ્યો, "ના, મારે એક ખાસ જાતની તિબેટી મૂર્તિ વિશે થોડી ઇન્ફર્મેશન (માહિતી) જોઈતી હતી. નામ નથી ખબર, એક દેવતાની મૂર્તિ છે. જેને નવ માથાં અને ચોત્રીસ હાથ છે."

સજ્જને હસીને માથું હલાવ્યું, "યસ, યસ, યમન્તક, યમન્તક, ટિબેટ ઇઝ ફુલ ઑફ સ્ટ્રેન્જ ગૉડ્સ. અમારી પાસે એક યમન્તકની મૂર્તિ છે. આવો તમને દેખાડું. પણ એનું બેસ્ટ સ્પેસિમેન તો થોડા દિવસ પહેલાં એક સજ્જન અમને દેખાડવા લાવ્યા હતા. અનફોર્ચ્યુનેટલી હી ઇઝ ડેડ નાઉ."

"આઈ સી." જરૂર પડ્યે ફેલુદા એક્ટિંગ કરે એ જોવાલાયક.

અમે એ સજ્જનની પાછળ-પાછળ એક કબાટ ભણી આગળ વધ્યા. એક મૂર્તિ એમણે કાઢી અને અમારી સામે ધરી. એનો દેખાવ ભયંકર હતો. પ્રત્યેક નવ ચહેરામાં હિંસ્રભાવ– લગભગ રાક્ષસ જેવો જ."

એ પછી એમણે મૂર્તિને ચત્તી પાડી બતાવ્યું કે એના તળિયે કાણું હતું. એ કાણામાં એક કાગળ પર મંત્ર લખીને તેની ગડી કરી અંદર મૂકવાનો; અને એને કહેવાય સેક્રડ ઇન્ટેસ્ટાઈન."

મૂર્તિને કબાટમાં મૂકી એમણે કહ્યું, "જેઓ મરી ગયા એમની મૂર્તિ ફક્ત ત્રણ ઇંચની જ હતી પણ શું અદ્ભુત સુંદર કોતરણી હતી! સોનાની મૂર્તિ, અને તેમાં જાતજાતનાં રત્ન જડેલાં. આંખોની જગ્યાએ માણેક. અમે આટલી સુંદર મૂર્તિ પહેલાં ક્યારેય જોઈ નથી. અમારા ક્યુરેટર પોતે તિબેટ ગયા હતા, દલાઈ લામા સાથે બેસીને માણસની ખોપરીમાં ચા પણ પીધી છે, પણ તેમણેય આવી સરસ મૂર્તિ ક્યારેય જોઈ નથી."

સજ્જને એ પછી અમને ઘણીબધી વસ્તુઓ દેખાડી અને ઘણુંબધું સમજાવ્યું. ફેલુદાએ બધું ધ્યાનપૂર્વક સાંભળ્યું, પણ મારા કાનમાં તો એક અક્ષરે ન ગયો. હું કેવળ વિચારતો હતો —શેલભાંકારની મૂર્તિની કિંમત હતી દસ હજાર રૂપિયા. એક હજાર નહિ — દસ હજાર! દસ હજાર રૂપિયાની મૂર્તિની લાલચે શું એક જણ બીજા એક જણનું ખૂન ન કરી શકે! ચોક્કસ કરી

શકે, પણ પછી જોકે યાદ આવ્યું કે પહાડ પરથી પથ્થર તૂટી પડીને જીપને લાગવાથી શેલભાંકાર મરી ગયા હતા. અને એમ જ હોય તો, ખૂનની વાત જ ક્યાં આવી?

તિબેટિયન ઇન્સ્ટિટ્યૂટમાંથી બહાર નીકળ્યા ત્યારે અમારા ગાઇડ, એ સજ્જન હસીને બોલ્યા, "ચમંતક વિશે લોકોને અચાનક આટલી બધી કુતૂહલતા શાને જાગે છે એ જ નથી સમજાતું. તમારા સિવાય બીજા પણ એક જણ પૂછવા આવ્યા હતા."

"જેઓ મરી ગયા તેઓ?"

"ના, ના, એમની વાત નથી. બીજાની વાત કરું છું."

"કોણ, યાદ નથી આવતું?"

થોડી વાર વિચાર કરી માથું ધુણાવી બોલ્યા, "ના, કેવળ સવાલ સિવાય કશું જ યાદ નથી આવતું. અસલમાં અ◌ે દિવસે એક અમેરિકન ગ્રૂપ આવ્યું હતું, અમારા રાજા ચોગિયાલના મહેમાનો. એમની સરભરામાં હું રોકાયેલો હતો."

ઇન્સ્ટિટ્યૂટમાંથી બહાર નીકળી જીપમાં બેઠા ત્યારે ચારેકોર અંધારું ઘોર. ઘડિયાળમાં સમય હતો પાંચમાં પાંચ. આટલું જલદી તો અંધારું ન થવું જોઇએ! જીપ જંગલમાંથી ખુલ્લામાં આવી ત્યારે સમજાયું કે પશ્ચિમનાં ઘનઘોર કાળાં વાદળાંને લીધે જ અ◌ા અંધકાર. ડ્રાઇવર કહે, "દિવસે તો તોય અહીં સારું, પણ જે બધાં વાવાઝોડાં તોફાન થાય છે એ બધાં મોટા ભાગે રાતે." આજે હવે વધુ ફરવાનો કોઇ અર્થ નહોતો તેથી અમે નક્કી કર્યું કે હોટેલ પર પાછા જ જઈએ.

ગાડીમાં ફેલુદા એકે અક્ષર ન બોલ્યો. એ શું વિચાર કરતો હતો શી ખબર! પણ એની આંખો જે કામ કરી રહી હતી એમાં શક નહોતો. ચાલતી ગાડીએ બહારની બધી જ વસ્તુ પર એની સજાગ નજર. અ◌ે ક્યારે પણ કોઈ નવી જગ્યાએ જઈએ ત્યારે ફેલુદા આમ જ દરેક જગ્યાને આત્મસાત્–પૂરેપૂરી હજમ કરી લે. એ મેં પહેલાંયે જોયું છે. બીજી વાર જો એ રસ્તેથી અમે નીકળીએ તો મને ખાતરી છે, ફેલુદાને એક પછી એક બધી જ દુકાનનાં નામ યાદ રહી જાય. મારાં આંખ ને યાદશક્તિ ક્યારે ફેલુદા જેવા થશે ખબર નહિ! પણ હું હજી પંદર જ વર્ષનો છું, અને એ અઠ્ઠાવીસ.

હોટેલ પહોંચી જીપભાડું ચૂકવતા હતા ત્યાં ફરી શશધરબાબુ મળ્યા. હજુ પણ એ જ વ્યસ્ત અન્યમનસ્ક ભાવે બજારમાંથી પાછા ફરતા હતા. પહેલાં તો એમણે અમને જોયા જ નહિ. એ પછી ફેલુદાની બૂમ સાંભળી જરાક ચમક્યા અને હસીને અમારી તરફ આગળ વધ્યા.

"બધી વ્યવસ્થા થઈ ગઈ. કાલની ફ્લાઈટમાં જાઉં છું."

ફેલુદા બોલ્યો, "બૉમ્બે જઈને એક વાતની જરા ચોકસી કરશો? મિસ્ટર શેલભાંકારે અહીં એક તિબેટી મૂર્તિ ખરીદી હતી. એ એક કીમતી દુષ્પ્રાપ્ય સ્પેસિમેન હતો. એ મૂર્તિ એમના સામાન જોડે પાછી ગઈ છે કે નહિ?"

શશધરબાબુ, "ચોક્કસ તપાસ કરીશ. પણ તમને એ વાતની શી રીતે ખબર પડી?"

ફેલુદાએ ટૂંકમાં નિશિકાંતબાબુ અને હિપ્પીની પાસે જે સાંભળ્યું હતું તે કહ્યું. બધુ સાંભળી શશધરબાબુ બોલ્યા, "બ્રેસ્ટ પૉકેટમાં મૂર્તિ રાખવી એમના માટે સ્વાભાવિક હતું એમ મારું માનવું છે. હી હેડ એ ગ્રેટ પેશન ફૉર આર્ટ ઑબ્જેક્ટ્સ."

એ પછી અચાનક ચહેરાના ભાવ બદલી ફેલુદા ભણી જોઈ જરાક આશ્ચર્યભર્યું હસી બોલ્યા, "વાહ રે, તમે ડિટેક્ટિવ છો અ◌ે વાત તો તમે મને કરી જ નહિ!"

મારા તો ડોળા જ ફાટી ગયા. ફેલુદા પણ મોં ફાડી જોઈ રહ્યો.

"તમને શી રીતે ખબર પડી?"

સજ્જને હસતાં-હસતાં તેમની પર્સમાંથી એક કાર્ડ કાઢી ફેલુદાને દેખાડ્યું. એ તો

ફેલુદાનું કાર્ડ! તેમાં લખ્યું છે ઃ Proclosh V. Mitteo, Private Investigator.

"તમે જ્યારે જીપના પૈસા ચૂકવતા હતા, ત્યારે લાગે છે તમારું કાર્ડ મનીબૅગમાંથી આગળની સીટમાં પગ પાસે પડી ગયું હશે. હું બંગલે ઊતર્યો ત્યારે ડ્રાઇવરે મને કાર્ડ આપ્યું. ત્યારે મેં બરાબર વાંચ્યું નહોતું, કેમ કે પાસે ચશ્માં નહોતાં. એ પછી જે આ ધમાલ – એની વાત જ ભૂલી ગયો હતો. એની વે, હું આ રાખું છું અને આ લ્યો મારું કાર્ડ. જો કંઈ ગોટાળો લાગે, અને તમને મારી હાજરીની જરૂર લાગે, તો એક ટેલિગ્રામ કરી દેજો. અર્લિએસ્ટ અવેઈલેબલ ફ્લાઈટમાં આવી પહોંચીશ."

"તમે ક્યારે જાઓ છો?"

"કાલ સવારે. વખતે હવે આપણે ન પણ મળી શકીએ. આવજો. હૅવ એ ગુડ ટાઇમ."

મોટાં-મોટાં ફોરાં પડવા માંડ્યાં. એમણે હાથ ઊંચો કરી ગુડ બાય કરી, ઉતાવળે બંગલા ભણી ચાલવા માંડ્યું.

રૂમમાં આવી ફેલુદાએ બૂટ-મોજાં કાઢ્યાં અને હાથ-પગ પસારી ખાટલા પર લાંબો થઈ ગયો અને બોલ્યો, "ઉફ્ફ." સાચે જ આજે પહેલે જ દિવસે આ એવો બનાવ બન્યો હતો કે "ઉફ્" સિવાય બીજું કશું જ બોલી ન શકાય.

"વિચાર તો કર," ફેલુદા સીલિંગ ભણી જોઈ બોલ્યો, "એક ક્રિમિનલને જો નવ માથાં હોય તો ભયંકર મુસીબત થઈ જાત. પાછળથી આવી ફટ લઈને પકડવાનો કોઈ ચાન્સ જ ન રહેત."

"અને ચોત્રીસ હાથ!"

બહાર વરસાદ શરૂ થઈ ગયો હતો. મેં બત્તી સળગાવી.

ફેલુદાએ પોતાની હૅન્ડ-બૅગ ખોલી તેમાંથી એની પ્રખ્યાત બ્લૂ નોંધપોથી કાઢી. એ પછી સૂતાં-સૂતાં એને ખોલી છાતી પર રાખી ખીસામાંથી પેન કાઢી લખવાની તૈયારી કરી. શેલભાંકાર ગમે તે રીતે મર્યો, પણ ફેલુદાને એમાં રહસ્યની ગંધ ઑલરેડી આવવા માંડી છે અને એણે તપાસ શરૂ કરી દીધી છે, એમાં હવે મને લેશમાત્ર શંકા નહોતી રહી.

"બોલ જોઈએ, અહીં આવ્યા પછી કોની-કોની સાથે ઓળખાણ થઈ?"

સવાલ માટે હું મુદ્દલે તૈયાર નહોતો, તેથી પહેલાં તો ગભરાઈ ગયો. પછી થૂંક ગળી બોલ્યો, "છેક બાગડોગરાથી શરૂ કરું?"

"હટ ગધેડા, હમણાં જેઓ ગૅંગટોકમાં છે તેમની વાત કર."

"એક—શશધરબાબુ."

"અટક?"

"દત્ત."

"માથું તારું."

"સૉરી–બોસ."

"અહીં શા માટે આવ્યા છે?"

"એ જ કહ્યું ને સુગંધી ઝાડને માટે."

"આમ વેઠિયા જેવો જવાબ નહિ ચાલે."

"ઊભા રહો. એમના પાર્ટનર મિસ્ટર શેલભાંકારને મળવા. એમની એક કેમિકલ કંપની છે. જેનાં ઘણાં કામોમાંથી એક કામ છે..."

"ઓ. કે. ઓ. કે. નેક્સ્ટ?"

"હિપ્પી."

"નામ?"

"હેલમેટ–"

"મુટ, મેટ નહિ. હેલમુટ."

"હા, હા."

"અટક?"

"ઉંગાર."

"આવવાનો હેતુ?"

"પ્રૉફેશનલ ફોટોગ્રાફર. સિક્કિમના ફોટા પાડી એક પુસ્તક બનાવવા માગે છે. ત્રણ દિવસનો વિસા હતો. કહી-કરીને વધારી લીધો."

"નેક્સ્ટ?"

"નિશિકાન્ત સરકાર. ત્રણ પેઢીથી દાર્જિલિંગમાં રહે છે. શું કરે છે એ ખબર નથી. એક તિબેટી મૂર્તિ હતી. શેલભાંકારને–"

બારણા પર ટકોરા પડ્યા.

"કમ ઇન." ફેલુદા એકદમ સાહેબી અદાથી બોલ્યો.

"ડિસ્ટર્બ તો નથી કરતો ને?" નિશિકાન્ત સરકાર અંદર પ્રવેશ્યા. "એક ખબર દેવા આવ્યો છું."

ફેલુદા બેઠો થઇ ગયો અને સજ્જનને ખાટલા પાસેની ખુરશી દેખાડી. નિશિકાન્તબાબુ એમનું પેલું અદ્ભુત હાસ્ય હસતા ખુરશી પર બેઠા અને બોલ્યા, "કાલ લામા ડાન્સ છે."

"ક્યાં?" ફેલુદાએ પૂછ્યું.

"રૂમટેક. અહીંથી માત્ર દસ માઈલ દૂર. ટેરિફિક ઘટના. ભુટાન, કાલિમપોંગથી બધા લોકો આવશે. રૂમટેકના જે લામા છે તેમની પોઝિશન ખૂબ હાઈ – ખબર છે? દાલાઈ, પાંચેન અને પછી તેઓ. તેઓ પહેલાં તિબેટમાં જ રહેતા હતા. હમણાં અહીં આવ્યા છે. મઠ પણ નવો જ છે. એક વાર જોઈ આવશું?"

"સવારે તો નહિ બને." ફેલુદાએ એક ચારમિનાર ઑફર કરી. "બપોરે જમ્યા પછી જઈ શકાય."

"અને પરમ દિવસે જઈશું, તો હિઝ હોલીનેસનાં દર્શન પણ થઈ શકશે. કહો તો ચારેક સફેદ સ્કાર્ફની વ્યવસ્થા કરી રાખું."

મેં પૂછ્યું, "સ્કાર્ફનું શું કામ?"

નિશિકાન્ત હસીને બોલ્યા, "એવો જ અહીં રિવાજ છે. હાઈ ક્લાસ કોઈ પણ તિબેટીને મળવા જઈએ તો સ્કાર્ફ લઈને જવું પડે. તમે જઈને અેમને સ્કાર્ફ દેશો. એ તમને પાછો સામો દેશે—બસ ફોર્માલિટી કંપલિટ."

ફેલુદા બોલ્યો, "લામા – દર્શનની જરૂર નથી. એના કરતાં નાચ જ જોઈએ."

"મારો પણ એ જ અભિપ્રાય છે. અને જઈએ તો કાલ જ જવું સારું. જવા જેવા દિવસો છે! આ પછી રસ્તાઓની શી હાલત થશે કંઈ કહેવાય નહિ."

"ઠીક—તમે તમારી મૂર્તિની વાત શેલભાંકાર સિવાય કોઈને કરી હતી?"

નિશિકાન્તબાબુએ જવાબ તરત જ આપ્યો, "ના, કોઈને નહિ, નોટ એટ ઑલ. કેમ, એમ પૂછો છો?"

"ના, અમસ્તો જ પૂછું છું."

"અહીંની દુકાનમાં જઈને એની એક વાર તપાસ કરવાનો વિચાર કરતો હતો પણ એની જરૂર ન પડી. દુકાનમાં જ શેલભાંકાર મળી ગયા. પછી સીધો ડાકબંગલે જઈ એમને એ મૂર્તિ આપી આવ્યો. જોકે એમણે એને એક દિવસ રાખી પૈસા ચૂકવ્યા હતા."

"નગદ રૂપિયા?"

"ના, ના, તો-તો મને સગવડ થાત. પણ એમની પાસે રોકડા નહોતા. ચેક આપ્યો હતો. ઊભા રહો—"

નિશિકાન્તબાબુએ પોતાના વૉલેટમાંથી એક ગડી કરેલો ચેક બહાર કાઢી ફેલુદાને દેખાડ્યો. મેં પણ વાંકા વળી જોઈ લીધો. નૅશનલ એન્ડ ગ્રિન્ડલેઝ બૅંકનો ચેક–નીચે ભારપૂર્વક કરેલી સહી—એસ. શેલભાંકાર. ફેલુદાએ ચેક પાછો આપ્યો.

"કેમ કંઈ સસ—સસ એટલે કે સસ્પિશ્યસ લાગ્યું તમને?" ચહેરા પર એ જ હાસ્ય સાથે એમણે સવાલ પૂછ્યો.

"ના." ફેલુદાએ બગાસું ખાધું. સજ્જન ઊભા થયા. બહાર એક આંખો આંજી નાખે એવો બ્લૂ વીજળીનો ચમકારો અને પછી એક પ્રચંડ વીજળી પડવાનો અવાજ થતાં જ રૂમની કાચની બારી ધણધણી ઊઠી. નિશિકાન્તબાબુનો ચહેરો ફિક્કો પડી ગયો.

"મને વીજળીની ખૂબ બીક લાગે. હે–હે–આવજો..."

જ્યારે ડિનર લેતા હતા ત્યારેય વરસાદ ચાલુ હતો, જ્યારે સૂવા ગયા ત્યારે પણ, જ્યારે ઊંઘતા હતા ત્યારે પણ. એક વાર વીજળી પડવાનો અવાજ થતાં ઊંઘ ઊડી ગઈ–મને વરસાદનો અવાજ સંભળાતો હતો. એક વાર જ્યારે ઊંઘ ઊડી ગઈ ત્યારે બારી તરફ નજર પડતાં લાગ્યું કે કોઈ બારીની બહાર લાકડાના વરંડામાં ચાલતું પસાર થઈ ગયું. પણ આ તોફાની રાતે બહાર કોણ નીકળે? નક્કી મારી નજરની ભૂલ. અથવા વખતે ઊંઘ જ ઊડી નહિ હોય! પહાડ તરફની બારીના કાચમાંથી વીજળીના પ્રકાશમાં લાલ પોશાક પહેરેલો માણસ વખતે મેં સ્વપ્નમાં જ જોયો હશે!

(4)

પરોઢિયે ક્યારે વરસાદ બંધ થયો હશે ખબર નહિ. સાડા છ વાગે ઊઠી બારી પાસે જઈ જોયું તો આકાશ એકદમ સ્વચ્છ, ચારેકોર તડકો ઝગમગતો હતો, અને મારી બરાબર સામે પહાડની હારની પાછળથી માથું ઊંચકી ખડું હતું કાંચનજંઘાનું શિખર, દાર્જિલિંગ કરતાં અહીં જુદી જ જાતનું લાગતું હતું, વખતે એટલું સુંદર નહોતું લાગતું, પણ એ છતાંય ઓળખાઈ જાય, કે એ કાંચનજંઘા જ છે.

ફેલુદા મારી પહેલાં ઊઠી યોગાસનો પતાવી નાહવા ગયો હતો. તે બહાર નીકળી બોલ્યો, "જલદી તૈયાર થઈ જા – ઘણાંબધાં કામ છે."

પંદર મિનિટમાં મારું બધું પતી ગયું. બ્રેકફાસ્ટ લેવા નીચે ઊતર્યા ત્યારે હજુ સાત જ વાગ્યા હતા. નિશિકાન્તબાબુને અમારી પહેલાં ડાઇનિંગ રૂમમાં આવેલા જોઈ જરાક નવાઈ લાગી. ફેલુદા કહે, "તમે તો ખૂબ અર્લી રાઇઝર લાગો છો, મોશાય!"

પાસે જઈ જોયું તો એમના ચહેરા પર પેલું હાસ્ય હોવાં છતાં ખબર નહિ તેઓ જરાક નર્વસ લાગ્યા.

"તમારે – એટલે કે તમારી ઊંઘ થઈ'તી બરાબર?" સમજી ગયો, અસલમાં તેઓ કંઈક કહેવા માગતા હતા, તેથી જરાક પેંતરો રચતા હતા. સજ્જનનો અવાજ સુક્કો હતો.

"કેમ બરાબર ન થાય! કહો જોઈએ!"

એમણે આમતેમ નજર નાખી તેમના કોટના ઉપરના ખિસ્સામાંથી એક પીળો કાગળ બહાર કાઢી ફેલુદા ભણી લંબાવ્યો.

"આ શું છે?"

જોયું તો કાગળ પર કાળી શાહીથી કેટલાક અદ્ભુત અક્ષરે કંઈક લખ્યું હતું.

ફેલુદા કહે, "આ તો તિબેટી અક્ષરો લાગે છે. તમને ક્યાંથી મળ્યો?"

"કાલે રાતે – એટલે કે કાલે મધરાતે – એટ – એટ એટલે...... ઍટ ડેડ ઑફ નાઇટ – કોઈ મારા ઓરડામાં નાખી ગયું હતું."

"શું કહો છો?"

સાંભળીને મારી છાતી ધડકી ઊઠી. નિશિકાન્તબાબુનો રૂમ અમારી બાજુમાં જ છે. એ પણ હોટેલની પાછલી તરફ. અમારા અને એના રૂમની બહાર એક જ વરંડો છે, અને એ જ વરંડામાં જવા માટે લાકડાનો દાદર હોટેલની પાછલી બાજુ છે.

"આ હું રાખું?" ફેલુદાએ પૂછ્યું.

"ચો....એટલે ચોક્કસ. પણ એમાં શું લખ્યું છે. એ એક વાર નક્કી ન થાય.... ત્યાં સુધી....."

"એમાં અઘરું શું છે? તિબેટી ભાષા જાણતા માણસની અહીં ક્યાં ખોટ છે! અને કંઈ નહિ તોય તિબેટિયન ઇન્સ્ટિટ્યૂટ તો છે જ."

"હા, એ તો બરાબર."

"તો પછી શું? તમે ચિંતા શા માટે કરો છો? આ ધમકી છે કે ચેતવણી આપતી ચિઠ્ઠી એમ માનવાને તો કોઈ કારણ નથી. કે પછી છે?"

નિશિકાન્તબાબુ જરાક ચમકી ગયા, પછી પોતાને સાચવી લઈ બોલ્યા, "સર્ટનલી નૉટ."

"એમ પણ લખ્યું હોય કે – તમારું કલ્યાણ થજો. કે તમે દીર્ઘાયુ થજો."

"એય બરાબર. પણ, અચાનક; વાત નહિ, ચીત નહિ અને કોઈ આશીર્વાદ આપે શું કામ?....હે-હે....."

"ધમકીનુંય કંઈ કારણ જોઈએ ને?"

"ના, ના, હું તો મોશાય, સાવ સીધો માણસ છું."

ફેલુદાએ બેરાને ચા અને ઈંડા-પાંઉનો ઑર્ડર આપ્યો, પછી બોલ્યો, "છોડો, આ વિશે બહુ વિચાર ન કરતા. અમે તો બાજુની રૂમમાં જ છીએ. તમે ચિંતા છોડી દો."

"સાચું કહો છો?" આજ સવારે આ પહેલી વાર એમના બધા દાંત એકીસાથે નજરે પડ્યા.

"અલબત્ત, ચા પીધી?"

"હવે પીઈશ. બીજું શું?"

"પેટ ભરીને બ્રેકફાસ્ટ કરી લો. તડકો નીકળ્યો છે. બપોરે લામા - નાચ જોવા જવાનો પ્રોગ્રામ છે. કોઈ ફિકર નહિ કરતા."

"તમને શું કહીને - થેં....થેં...."

"થેંક્સ કહેવાની જરૂર નથી. તમારો ચેક ખોવાઈ ન જાય એનો ખ્યાલ રાખજો."

જીપ ટાઇમસર આવીને હાજર થઈ. અમે બેસવા જતા હતા, એવામાં જોયું કે બીજી એક જીપ બંગલા ભણીતી આવતી હતી. નંબર કોણ જાણે કેમ જાણીતો લાગ્યો - SKM 463. – ઓહો – આ નંબરની ગાડી તો પેલો નેપાળી ડ્રાઇવર ચલાવતો હતો, જે ઍક્સિડન્ટમાં બચી ગયો હતો. એવામાં લીલો કોટ પહેરેલો ડ્રાઇવર જોયો. અને તેની પાસે બેઠા હતા – ઓહ, આ તો શશધરબાબુ!

એમણે અમને જોઈ ગાડી થંભાવી કહ્યું, "આર્મીની પાસેથી ખબર મેળવવા માટે વેઈટ કરતો હતો. વરસાદની હાલત જોઈને ડર લાગતો હતો કે વખતે રસ્તો બંધ થઈ ગયો હોય તો?"

"થયો નથી ને?" ફેલુદાએ પૂછ્યું.

"ના, જોકે નહિ તો પછી કાલિમપોંગ ચાલ્યો જઈશ – એમ નક્કી કર્યું હતું."

"આ ડ્રાઇવર જ તો શેલભાંકારની ગાડી ચલાવતો હતો – નહિ?"

શશધરબાબુ હસી પડ્યા, "તમે તો લાગે છે તપાસ શરૂ કરી દીધી છે ને? યસ. યૂ આર રાઇટ. મેં એને ડેલિબરેટલી શોધી લીધો છે. એક તો નવી ગાડી; બીજું વીજળી ક્યારેય એક જગ્યાએ બે વાર પડતી નથી, ખબર છે ને?"

શશધરબાબુ બીજી વાર ગુડ બાય કરી બજારના રસ્તા પર થઈને નીચે જવા ચાલી નીકળ્યા. અમે અમારી જીપમાં બેઠા. ડ્રાઇવરને તો કહ્યું જ હતું કે ક્યાં જવાનું હતું, તેથી નકામી વાત કર્યા વિના રવાના થયા.

ડાકબંગલા પાસે જઈ એક વાર ઉપર નજર ફેરવી, હેલમુટ દેખાતો હતો કે નહિ. કોઈ ન દેખાયું, કાલે ધુમ્મસને લીધે કશું જ નહોતું દેખાયું. અને આજે અ◌ાકાશમાં એકે વાદળ નહોતું. ડાબી તરફ શહેર ક્યાંય નીચે સુધી પથરાયેલું છે. એક મકાન સ્કૂલ જેવું લાગતું હતું. કારણ, એની આગળ એક ચારખૂણિયા ખુલ્લી જગ્યા, અને તેની બે તરફ બે નાના નાના સફેદ પોસ્ટ. હજુ સ્કૂલનો સમય નહોતો થયો, નહિતર યુનિફૉર્મ પહેરેલાં નાનાં-નાનાં છોકરાંઓ પણ નજરે પડત.

થોડે દૂર ગયા કે એક ચોક આવ્યો. જમણી તરફ એક પાન- સિગારેટની દુકાન, વચ્ચે પોલીસ, ડાબી તરફ એક રસ્તો પાછળ વળી નીચેની તરફ જતો હતો. સામેના રસ્તાના બે ભાગ પડી ગયા હતા. એકની સામે એક ગેટ – તેના પર લખ્યું હતું "ઇન્ડિયા હાઉસ." એ રસ્તો ઢાળ ચડી ઉપરની દિશામાં જતો હતો. અમે બીજો રસ્તો લીધો, જે સીધો સામેની દિશામાં આગળ વધતો હતો.

એકાદ મિનિટ આગળ ગયા તો રસ્તાની જમણી તરફ પહાડ પર પથ્થરની તકતી પર મોટા-મોટા અક્ષરોએ લખ્યું હતું "નૉર્થ સિક્કીમ હાઇવે."

ફેલુદા એક અજાણ્યું ગીત ગણગણતો હતો. ગાવું બંધ કરી એણે ડ્રાઇવરને પૂછ્યું "યે રાસ્તા કહાં તક જાતા હૈ?"

ડ્રાઇવર કહે, "આ રસ્તો ચુંગથામ જાય છે. ત્યાંથી બે રસ્તા ફંટાય છે. એક જાય છે લાચુંગ, બીજો લાચેન.'' બંને નામ મેં સાંભળ્યાં છે. બંનેની ઊંચાઈ છે લગભગ નવ હજાર ફૂટ. બંને જગ્યા અદ્ભુત સુંદર છે.

"રસ્તો સારો છે?"

"સારો તો છે, પણ પાની બરસને સે કભી કભી બિગડ જાતા હૈ."

"લૅન્ડસ્લાઇડ થાય?"

"હાં બાબુ, રાસ્તા ટૂટ જાતા હૈ, બ્રિજ ટૂટ જાતા હૈ, ટ્રાફિક બંદ હો જાતા હૈ."

શહેર વટાવતાં વાર ન લાગી. એક આર્મી-કૅમ્પ વટાવતાં જ એકદમ નિર્જન જગ્યાએ આવી પહોંચ્યા. હવે નીચે જોઈએ તો પાકાં મકાનને બદલે ખેતરાં દેખાતાં હતાં. અત્યારે મકાઈ થઈ હતી. ડાંગરનો વખત હોય ત્યારે ડાંગર થાય. પહાડ પર જાણે પગથિયાં કર્યાં ન હોય! અને પગથિયે-પગથિયે ખેતરો – ખૂબ સુંદર દેખાતું હતું.

વચ્ચે-વચ્ચે રસ્તાની પાસે માઇલ-પોસ્ટ હતા. પણ એમાં લખ્યા હતા કિલોમીટર. પહેલાં-પહેલાં તો અગવડ પડતી, જે પછી મનોમન હિસાબ (5 માઈલ = 8 કિલોમીટર) કરી લેવાની ટેવ પડી ગઈ.

દસ કિલોમીટર વટાવી થોડે દૂર જઈ એક જગ્યાએ ગાડી રોકી ડ્રાઇવર બોલ્યો, "આ છે એક્સિડેન્ટની જગ્યા." અમે જીપમાંથી નીચે ઊતર્યા.

આટલી વાર ગાડીના અવાજથી જે ખબર નહોતી પડી એ હવે પડી.

જગ્યા અસ્વાભાવિક રીતની નિર્જન - નિઃસ્તબ્ધ, રસ્તાથી ઘણે નીચે ખીણમાં એક નદી વહેતી હતી, તેનો ખળખળ અવાજ સંભળાતો હતો. વચ્ચે-વચ્ચે કોણ જાણે કેટલે દૂરથી વહેતી આવતી હતી એક અજાણ્યા પંખીની સિસોટી. એ સિવાય બીજો એકે અવાજ નહોતો.

અમે જે તરફ જતા હતા, એ તરફ મોં કરી ઊભા રહીએ તો ડાબી તરફથી ઢાળ ઊતરતો હતો, અને જમણી તરફ પહાડની ઊભી ઊંચાઈ ઉપર ચાલી ગઈ હતી. આ પહાડ પરથી જ પથ્થર ગબડી પડીને ઍક્સિડેન્ટ થયો હતો. એ પથ્થર ભાંગીને ભુક્કો થઈ અત્યારે રસ્તાની એક બાજુ પર પડ્યો હતો. એને જોઈને અકસ્માતની વાત યાદ આવતાં પેટમાં કંઈ-કંઈ થવાં માંડ્યું.

ફેલુદાએ પહેલાં તો ફટાફટ કેટલાક ફોટા પાડી લીધા. પછી રસ્તાની ડાબી તરફ જઈ નીચે નજર નાખી કેટલી વાર ફક્ત 'હું' 'હું' બોલ્યો. એ પછી કૅમેરાને ખભા પરથી ઉતારી મારા હાથમાં દઈ બોલ્યો, ''આ રસ્તા પરથી જરાક થોડે સુધી ઊતરી જવું ખૂબ અઘરું નહિ પડે. તું અહીં રહે. મારે માટે પંદરેક મિનિટનું કામ છે.''

હું એને જવાબ આપું કે એને રોકું એની એણે મને તક જ ન આપી. એ આંખના પલકારામાં ઊંચા-નીચા પથ્થર પર ઝાડીની વચ્ચેથી અને વેલાઓને ઝાલીને ઝપાટાબંધ નીચે ઊતરી ગયો. મારી દૃષ્ટિએ આ કામ ત્યારે ખતરાનું હતું, પણ ફેલુદા તો સીટી વગાડતો ચાલ્યો જતો હતો.

થોડી વારમાં ફેલુદાની સીટી સંભળાતી બંધ થઈ ગઈ. મારી તો નીચે જોવાની હિંમતે નહોતી થતી, પણ એક વાર જોયા વિના નહિ ચાલે માનીને રસ્તાને કિનારે જઈ ડોક લંબાવી. જે જોયું એથી છાતી તો કંપી ઊઠી. ફેલુદા રમકડું બની ગયો હતો; જો ખબર ન હોત તો એને ઓળખીયે ન શકત.

ડ્રાઇવર બોલ્યો, ''બાબુ બરાબર જગ્યાએ પહોંચી ગયા છે. જીપ ત્યાં જ પડી હતી.''

ફેલુદાનો અંદાજ અચૂક હતો. બરાબર પંદર મિનિટ પછી ખચમચ- ખડમડ અવાજ સાંભળી ફરી જઈને જોયું તો જે રીતે એ ઊતર્યો હતો એ જ રીતે ઝાડ-વેલ પકડીને ઉપર ચડી આવતો હતો. હાથ લંબાવી એક આંચકે મેં એને ખેંચીને રસ્તા પર ઊંચકી લઈ, પૂછ્યું, ''શું મળ્યું?''

''ગાડીના થોડાક ભાંગેલા પાર્ટ્સ, નટ, બોલ્ટ, થોડા ભાંગેલા કાચ, એક તેલવાળું ચીકણું ચીંથરું-નો યમન્તક.''

મૂર્તિ નહિ મળે એ તો હું ધારતો જ હતો.

''બીજું કંઈ?''

ફેલુદાએ તેના પૅન્ટ અને કોટને ખંખેરી લઈ ખીસામાંથી એક નાનકડી વસ્તુ બહાર કાઢી મને બતાવી એ બીજું કશું જ નહોતું—પણ એક છીપનું કે પ્લાસ્ટિકનું સફેદ બટન લાગ્યું. શર્ટનું હશે. મને દેખાડીને બટન ફરીને ખીસામાં મૂકી ફેલુદા ઊલટી બાજુના સીધા પહાડ તરફ આગળ વધ્યો. 'પથ્થર.....પથ્થર.....પથ્થર.....' પોતાના મનથી બબડતો હતો અને ચાલતો હતો. એ પછી જોરથી બોલ્યો, ''જરાક તેનસિંગી કર્યા વિના નહિ ચાલે.''

આ વખતે મેં ફેલુદાને એકલો ન જવા દીધો, કેમ કે ચઢાણ ઝાઝું નહોતું, અને વચ્ચે-વચ્ચે એવી જગ્યા હતી કે જ્યાં જરાક બેસીને થાક ખાઈ શકાય. ફેલુદાએ પહેલાં જ કહ્યું કે— તું પહેલાં ચડ, હું તારી પાછળ આવું છું. એનો અર્થ એ કે જો મારો પગ લપસે તો એ મને ઝાલી શકે.

થોડેક દૂર ચડ્યા પછી અચાનક જ ફેલુદા પાછળથી બોલ્યો, ''થોભી જા.''

એક ખુલ્લી સમતલ જગ્યા પર અમે આવી પહોંચ્યા હતા.

સીધા થઈ ઊભા રહી, હાથ-પગ ખંખેરી ચારેકોર એક વાર નજર ફેરવી લીધી. ફેલુદાએ ફરી ગીત ગણગણવાનું શરૂ કર્યું, અને નજર જમીન પર રાખી આંટા મારતો હતો.

"હં."

આ શબ્દ લગભગ એકાદ મિનિટ આંટા માર્યા પછી એ બોલ્યો. ફ્લેટ જગ્યા જ્યાંથી ઢાળ બની નીચે ઊતરતી હતી, એના જ એક અંશ તરફ ફેલુદા એકીટશે જોતો હતો. આસપાસ ઘાસ હતું પણ એ ઘાસ વિનાની હતી ત્યાં માટી અને ગોળ પથરા સિવાય કંઈ જ નહોતું.

"અહીંથી જ પથરાભાઈ ગબડ્યા છે. જો ધ્યાનથી જો–અહીંથી ગબડવાનું શરૂ કરી ઝાડપાન ભાંગી નીચે સુધી ગબડ્યો હશે. પેલો છોડ જો — આ ફર્નનું ઝુંડ જો— કેવાં છૂંદાઈ ગયાં છે. આ બધાં સાફ ઇન્ડિકેશન છે."

"કેવડો મોટો પથ્થર હશે, તમને શું લાગે છે?" મેં પૂછ્યું.

ફેલુદા બોલ્યો, "નીચે ટુકડાઓ તો જોયા? કેટલો મોટો હોઈ શકે ? અને આટલી ઊંચાઈથી ગબડી પડીને ઘાતક અકસ્માત સર્જવા માટે ધોબીના એક નાનકડા પોટલા જેવડો પથ્થર હોય તોય ઘણો."

"એમ કે?"

"તે સિવાય બીજું શું? આ છે મોમેન્ટમનો વિષય. માસ ઈન્ટુ વેલોસિટી. માની લે કે તું મોન્યુમેન્ટની નીચે ઊભો છે, અને મોન્યુમેન્ટ પરથી કબૂતરના ઈંડા જેવડો ગોળ પથ્થર તારા માથા પર જો કોઈ ફેંકે તો એના મારથી તારી ખોપરી ફાટી જાય. એક ક્રિકેટ બૉલ જેટલી વધુ હાઈટથી ફેંકવામાં આવે તો એનો માર કૅચ પકડતી વખતે એટલા જોરથી હાથમાં લાગે. કેચ પકડનાર યોગ્ય સમયે હાથ ખેંચી ન લે તો ઘણી વાર હથેળી ફાટી જાય. તો પછી બૉલ તો એનો એ જ છે, પણ બદલાય છે કેવળ હાઈટ, અને તેને લીધે મોમેન્ટમ."

ફેલુદા આ વખતે ઘાસ વગરની એ ખુલ્લી જગ્યા પાસે બાજુમાં જ્યાં ઘાસ હતું ત્યાં બેસી પડ્યો, અને બોલ્યો, "પથ્થર શી રીતે પડ્યો ખબર છે?"

"શી રીતે?" હું ફેલુદા તરફ આગળ વધ્યો.

"આ જો!"

ફેલુદાએ એ ઘાસ વિનાની ખાલી જગ્યા આંગળીથી દેખાડી. મેં વાંકા વળી જોયું તો ત્યાં એક દર જેવું હતું, "સાપનું દર છે!"

"જ્યાં સુધી હું માનું છું," ફેલુદા બોલ્યો, "અને લગભગ પંચોતેર ટકા હું ચોક્કસ કહી શકું છું કે એક લાંબા લોખંડના ડંડા કે એવી કોઈ વસ્તુ જમીનમાં ભરાવી પથ્થરને ઉથલાવી દઈ ફેંકવામાં આવ્યો હશે. એમ ન હોય તો અહીં આવી જાતનું એક દર હોઈ જ શી રીતે શકે ? એટલે કે —"

એટલે એ શું કહેવા માગતો હતો એ હું પણ સમજી ગયો હતો. તોય મોંએથી હું કશું ન બોલ્યો અને ફેલુદાને વાક્ય પૂરું કરવા દીધું.

"એટલે કે મિસ્ટર શિવકુમાર શેલભાંકારનો અકસ્માત કુદરતી નહોતો, એ હતું કોઈ આદમીનું કરતૂત. એટલે કે અત્યંત ક્રૂર અને શયતાની પદ્ધતિથી કોઈ એક કે વધારે જણે મળીને એમની હત્યા કરી હતી. અર્થાત્ — એક શબ્દમાં ગરબડ ગોટાળો — જબરદસ્ત ગરબડ ગોટાળો....."

(5)

ખૂનની જગ્યાએથી (હવે પછી અકસ્માત નહિ કહું) પાછા ફર્યા ત્યારે મને હોટેલ પર

ઉતારી દઈ ફેલુદા બોલ્યો એને જરાક કામ છે – થોડી વાર પછી એ પાછો ફરશે. હું જાણતો હતો કે પૂછીશ કે શું કામ છે તોય જવાબ નહિ મળે.

અમે પાછા ફરતા હતા ત્યારે ચોક પાસે હેલમુટ મળ્યો હતો. તેને નાચની વાત કરી તો એણે પણ સાથે આવવાની તૈયારી બતાવી. અને બીજા નિશિકાન્તબાબુ આવવાના હતા. ક્યાં ગયા એ? અને એમના પેલા તિબેટી આડાઅવળા લખાણનો અર્થ કરવાનો હતો એનું શું થયું?

એક વાર વિચાર આવ્યો ફેલુદા ન આવે ત્યાં સુધી બજારમાં આંટો મારું! પછી થયું — ના, હોટેલમાં જ જાઉં. સાથે એક વાર્તાનું પુસ્તક તો છે, રૂમમાં બેસીને વાંચીશ ત્યાં ફેલુદા આવી પહોંચશે.

હોટેલમાં દાખલ થતાં જ જોયું કે નિશિકાન્તબાબુ મોં ફુલાવી ડાઇનિંગ રૂમમાં બેઠા હતા. જોકે મને જોઈને એમનું પેલું જૂનું હાસ્ય પાછું આવ્યું. કહે, ‘‘મોટા ભાઈ ક્યાં?’’ મેં કહ્યું ‘‘જરાક કામે ગયા છે. હમણાં જ આવશે.’’

‘‘તારા મોટા ભાઈમાં ખૂબ જોર છે, નહિ?’’

આ વળી કેવી જાતનો સવાલ પૂછતા હતા તેઓ! હું કંઈ બોલું એ પહેલાં જ એમણે કહ્યું, ‘‘એમના ભરોસે તો હું રહી ગયો નહિ તો આજે જ ગાંસડાપોટલાં બાંધી દાર્જિલિંગ ભેગો થઈ જાત.’’

‘‘કેમ?’’ સજ્જન હાથ મસળવા માંડ્યા. સમજી ગયો ફરી નર્વસ થવા માંડ્યા હતા.

આમતેમ જોઈ ફરી ખીસામાંથી પેલો કાગળ બહાર કાઢ્યો. ‘‘ખબર છે, ભાઈ — સાત જનમમાંય કોઈનું બૂરું કર્યું નથી, અને છતાં આવી ધમકી અંતે મને જ મળી?’’

‘‘આનો અર્થ તમે કરાવી આવ્યા?’’

તેઓ બોલ્યા, ‘‘જરાક-એં.....એટલે એંગ્ઝાયટી હતી, તેથી સીધો તિબેટ ઇન્સ્ટિટ્યૂટ ચાલ્યો ગયો. કાગળ દેખાડ્યો. શું કહ્યું ખબર છે? કહે આ લખાણનો અર્થ છે ‘મૃત્યુ.’ ગિયાંગ્ કુંગ’ — કે એવો જ એક તિબેટી શબ્દ છે. અર્થ એનો ડેથ. થર્ટીસેવને મારે એક ઘાત છે એ મને ખબર છે.’’

મને જરાક કંટાળો આવ્યો. મેં કહ્યું ‘‘કેવળ લખ્યું છે—‘મૃત્યુ.’ એમ તો કંઈ લખ્યું નથી તમારે જ મરવાનું છે.’’

અચાનક સજ્જનને જાણે આશાનું કિરણ દીઠું. ‘‘એય ખરું. મૃત્યુ એટલે તો ગમે એનું મૃત્યુ–એનીબડીઝ ડેથ થઈ શકે — નહિ?’’

‘‘અને કાગળમાં લખ્યું છે એટલે કોઈને મરવું જ પડે એવું થોડું છે?’’

પણ તોય એમને શાંતિ ન થઈ. ફરી એમના ચહેરા પરથી હાસ્ય અદૃશ્ય થઈ ગયું. એ પછી ભવાં સંકોચી થોડી વાર વિચાર કરી મનોમન બબડવા માંડ્યા ઃ દક્ષિણની બારી ખુલ્લી હતી..... વાવંટોળ અને વરસાદ હતો.....એટલે કે હવા હતી..... બહારની વસ્તુઓ હવા જોડે ઊડીને ઘરમાં આવી શકે. આ જો એવો નકામો કાગળનો ટુકડો હોય..... કે પછી ફાટેલી પોથીનું પાનું — આસપાસમાં તો નાની-મોટી ગુફાઓ કેટલીયે છે..... એકાદ તો શહેરમાં દાખલ થઈએ ત્યાં જ છે હું..... હું.....

મેં એ પછી કાલે રાતના બારીમાંથી શું જોયું હતું એ કહ્યું નહીં. કેમ કે જેટલી હિંમત તેઓ એકઠી કરતા હતા એય ગુમાવી દેશે. અંતે કંઈ જ વિચાર ન કરી શકતાં, તેઓએ જબરદસ્તીથી એમના મનમાંથી ફિકર ખંખેરી નાખી બોલ્યા, ‘‘જવા દે, તારા મોટા ભાઈ તો છે. એમને જોવાથી ઘણોબધો કોન્ફિડેન્સ આવી જાય છે. કસરતબાજ ખેલાડી કે એવું કંઈ હતા? કે એક્સરસાઇઝ કરે છે?’’

‘‘એક જમાનામાં ક્રિકેટ રમતા. હમણાં યોગાસનો કરે છે.’’

"બરાબર પકડી પાડ્યા. આજકાલ બંગાળીઓમાં આવું ફિટ બોડી જોવાય ન મળે. ચા પીશો?"

પહાડ ચડીઊતરીને ખૂબ પરિશ્રમ પડ્યો હતો તેથી કહ્યું, "ચાલશે." સજ્જને બેરાને બોલાવી બે કપ ચાનો ઑર્ડર આપ્યો. ચા આવે એ પહેલાં તો ફેલુદા પાછો આવી ગયો. આવતાં જ દસ સેકન્ડમાં જ નિશિકાન્તબાબુએ એમના "મૃત્યુ"ની વાત ફેલુદાને કરી નાખી.

ફેલુદાએ ફરી કાગળ જોઈ પૂછ્યું, "તમને આટલું ઇમ્પોર્ટન્સ શા માટે દે છે એ તમે કળી શકો છો?" નિશિકાન્તબાબુ માથું ધુણાવી બોલ્યા, "હું તો સર, વિચાર કરીને થાક્યો પણ કંઈ સમજી જ નથી શકતો."

ફેલુદા બોલ્યો, "તો હવે વિચાર ન કરતા. કેમ કે કારણ વગર કોઈ કોઈના મૃત્યુની કામના નથી કરતું. મને લાગે છે એ જેણે પણ ફેંક્યો છે એણે તોફાની રાતે અંધારામાં ભૂલમાં ખોટી રૂમમાં નાખ્યો છે. તિબેટી જ તિબેટીને તિબેટી ભાષામાં ધમકી આપે. તમને ડરાવવા હોય તો તમે જે ભાષા જાણો એમાં ડરાવવા એ જ તો સ્વાભાવિક કહેવાય, નહિ તો ડરામણી બેકાર જ જાય ને — નહિ?"

"એ તો સાચી વાત."

"બસ, નિરાંત રાખો."

"અને કંઈ થશે તો તમે તો છો જ."

"હું હોઉં છું ત્યારે જ ધમાલ જરાક વધારેપડતી થાય છે."

"એમ કે?"

ફરી એમનું મોં ફિક્કું પડી ગયું.

પછી જરા પણ સાંત્વના દેવાનો પ્રયત્ન કર્યા વિના ફેલુદા પહેલા માળના પોતાના ઓરડામાં ચાલ્યો ગયો. હું જાણું છું, રોતલ ડરપોક માણસને ફેલુદા સહી નથી શકતો. નિશિકાન્તબાબુને જો એની સીમ્પથી (સહાનુભૂતિ) જોઈતી હોય તો એમણે રોવું બંધ કરવું પડશે.

હું ચા પૂરી કરી રૂમમાં ગયો ત્યારે ફેલુદા એની બ્લૂ ડાયરી પર ઝૂકેલો હતો. હું દાખલ થતાં જ એ બોલ્યો, "ટેલિગ્રાફ ઑફિસોમાં મોટા ભાગના લોકો અશિક્ષિત હોય છે એ તો મને પહેલેથી ખબર હતી, પણ અહીં તો જરાક વધુ પડતા જ છે."

"અચાનક ટેલિગ્રાફ ઑફિસે કેમ?"

"શશધરબાબુને એક કેબલ કરી આવ્યો. એ પહોંચે તે પહેલાં જ જોકે પહોંચી જશે– હવે મોડું કર્યે શો ફાયદો?"

"શું લખ્યું?"

"હૅવ રીઝન ટુ સસ્પેક્ટ શેલભાંકાર્સ ડેથ નૉટ ઍક્સિડેન્ટલ–એમ ઇન્વેસ્ટિગેટિંગ."

"અહીં વધુપડતું કેમ લાગ્યું?"

"એ એક બીજી વાત છે."

ફેલુદાએ ટેલિગ્રાફ ઑફિસના કારકુનને લાંચ આપી, ગયા કેટલાક દિવસમાં શેલભાંકારને નામે કોઈ તાર આવ્યો હતો કે નહિ એ જાણી લીધું હતું. "એક હતો શશધરબાબુનો તાર — એમ એરાઇવિંગ ફોર્ટીન્થ."

"અને બીજો?"

"વાંચી જો"—કહી ફેલુદાએ પોતાની બ્લૂ ડાયરી મારી તરફ લંબાવી. જોયું; એમાં લખ્યું હતું — 'your son may be is a sick monster–pritex.' વાંચીને હું તો સડક જ થઈ ગયો. સિક મોન્સ્ટર? બીમાર રાક્ષસ? "એ શું વળી?"

ફેલુદા બોલ્યો. "એ તો સમજાય છે કે કંઈક ગોટાળો કર્યો છે. પણ પ્રશ્ન એ છે કે શું ગોટાળો હતો? અસલ ટેલિગ્રામ શું હશે?"

મેં પૂછ્યું, "પ્રાઇટેક્સ વળી શું?"

ફેલુદા બોલ્યો, "એ છાપવાની ભૂલ નથી. લાગે છે કોઈ ડિટેક્ટિવ એજન્સીનું ટેલિગ્રાફિક એડ્રેસ હશે. PRI એટલે પ્રાઇવેટ અને TEX એટલે TECનું બહુવચન. TEC એટલે ડિટેક્ટિવ, એ તો નક્કી તને ખબર જ છે!"

"આ ટેલિગ્રામ મળતાં જ શેલભાંકાર ગભરાઈ ગયા હશે?"

"એમ હોય તો નવાઈ નહિ."

"અને એનો અર્થ એ કે કોઈ પ્રાઇવેટ એજન્સી શેલભાંકારના દીકરાની તપાસ કરતી હતી?"

"એમ જ તો અર્થ થાય છે, પણ Sick Monster! હરિ હરિ!"

મેં કહ્યું, "કેટલાં રહસ્યોનું એક સાથે સમાધાન કરશો, કહો જોઈએ?"

ફેલુદા બોલ્યો, "હું પણ એ જ વિચાર કરું છું. સવાલ પર સવાલ. અત્યારે તો નોંધપોથીમાં ટપકાવી લેવું જ ઉચિત. બોલ જોઈએ એક પછી એક–"

"એક—Sick monster."

"પછી?"

"પથ્થર કોણે ફેંક્યો?"

"ગુડ."

"ત્રણ–મૂર્તિ ક્યાં ગઈ?"

"ઠીક હૈ."

"ચાર–નિશિકાન્તબાબુની રૂમમાં કાગળ કોણે ફેંક્યો?"

"અને શા માટે ફેંક્યો, બહોત અચ્છે."

"પાંચ–ખૂનની જગ્યાએ કોનું બટન હતું?"

"એ તો શેલભાંકારના પોતાના શર્ટનું બટન પણ હોઈ શકે–જે હોય તે–આગળ બોલ."

"છ–તિબેટી ઇન્સ્ટિટ્યૂટમાં જઈ કોણે મૂર્તિની વાત પૂછી હતી."

"સ્પ્લેન્ડિડ. અરે, દસેક વર્ષ પછી તું પોતે પણ ડિટેક્ટિવગીરી શરૂ કરી શકીશ."

ફેલુદા મશ્કરી કરતો હતો છતાં સમજી ગયો હું પરીક્ષામાં પાસ થયો છું.

"કેવળ એક જણને હવે મળવાનું જરૂરી છે. લાગે છે, તેઓ શેલભાંકાર સંબંધી જરૂરી ઇન્ફર્મેશન આપી શકશે."

"એ કોણ?"

"ડૉક્ટર વૈધ. જેઓ ભવિષ્ય કહે છે; અને પ્રેતાત્મા સાથે જેઓ સંબંધ જોડી શકે છે. અને બીજા પણ કેટલાક જાદુ દેખાડે છે. સાંભળીને લાગે છે કે માણસ ઇન્ટરેસ્ટિંગ હશે."

(6)

રૂમટેક જવું હોય તો જે રસ્તો શિલિગુડીથી ગૅંગટોક આવે છે, એ રસ્તા પર થોડાક દૂર પાછા જઈ એ પછી જમણી તરફના વળાંક પર વળી નવા રસ્તા પર થઈ સી.....ધા ચાલ્યા જવાનું. રૂમટેકની હાઇટ ગૅંગટોક કરતાં લગભગ હજારેક ફૂટ વધુ છે પણ જવાના રસ્તામાં પહેલાં ઉતરાણ ઊતરી એકદમ નદી સુધી જઈ બ્રિજ પાર કરી સામી દિશાના પહાડ પર ચડાણ ચડવાનું હોય છે. નાનાં-નાનાં ગામડાંનાં ઘર અને મકાઈના ખેતરની પાસે થઈને રસ્તો વાંકોચૂકો ચાલ્યો જાય છે–ચારેકોરનું દૃશ્ય દાર્જિલિંગ કરતાં એકે રીતે ઊતરતું કે ઓછું મનોરમ નથી.

સવારે તડકો હતો અત્યારે હવે નથી. હોટેલમાં હતા ત્યારે જ આકાશમાં વાદળ ઘેરાવા માંડ્યાં હતાં. જોકે એક રીતે સારું જ, કારણ, ગરમીની શક્યતા નહિ. માનું છું થોડા દિવસ પહેલાંના અકસ્માતને લીધે અમારો ડ્રાઇવર ખૂબ સાવધાનીથી જીપ ચલાવતો હતો. આગળ ડ્રાઇવર પાસે અમે બંને, હું ને ફેલુદા. પાછળની બે સીટ પર સામસામા બેઠા હતા હેલમુટ ઉંગાર અને નિશિકાન્ત સરકાર. હેલમુટનો પગ સારો થઈ ગયો છે. એની પાસે કોઈ જર્મન મલમ હતો, તેથી સારું થઈ ગયું. નિશિકાન્તબાબુનો ડર ઓછો થઈ ગયો લાગે છે, કેમ કે તેઓ અત્યારે હિન્દી ફિલ્મના ગીતની ટ્યૂન ગણગણતા હતા. ગૅંગટોક શહેર અત્યારે અમારી સામેના પહાડ પર પથરાયેલું છે. શહેર હવે વધુ વાર સુધી નહિ દેખાય, કેમ કે નીચેની ખીણમાંથી ધુમ્મસ ઉપર આવવાનું શરૂ થઈ ગયું છે.

ફેલુદા હજુ સુધી એકે અક્ષર બોલ્યો નથી. એમાં આશ્ચર્ય નથી. હું જાણું છું એના મગજમાં પેલા છ પ્રશ્નોનો જવાબ શોધવાની પ્રચંડ કોશિશ ચાલી રહી છે. કાલે વચન આપી દીધું હતું એટલે જ, નહિ તો એ અત્યારે હોટેલની રૂમમાં બેઠો બ્લૂ ડાયરીમાં આડુંઅવળું લખતો હોત અને ગણતરી કરતો હોત.

બહારની ઠંડીને લીધે લાગે છે કે અમે અત્યારે ઘણી બધી હાઇટ પર પહોંચી ગયા હતા. સામે એક વળાંક હતો. ડ્રાઇવર હૉર્ન મારતો મારતો જેવો વળ્યો કે આગળ રસ્તા પર બંને બાજુનાં મકાનો દેખાવા માંડ્યાં અને દેખાવા માંડી વાંસના બે થાંભલા વચ્ચે દોરીથી બાંધેલી રંગબેરંગી ચાર ખૂણાવાળી ધજાની હારની હાર. આ ધજા બાંધી તિબેટીઓ અનિષ્ટકારી પ્રેતાત્માને દૂર રાખે છે. પાસેથી જોઈએ તો દરેક ધજા પર નકશી કરેલી દેખાય.

એક ક્ષીણ અવાજ જે ક્યારથી કાને પડતો હતો એ હવે ધીમે- ધીમે મોટો થવા માંડ્યો. ભોં ભોં ભોં ભોં ગુરુ-ગંભીર શિંગાનો અવાજ, અને તેની સાથે ઝમ-ઝમ કરતો કાંસી કે પિત્તળની ખંજરીનો અવાજ, અને તીણા સ્વરે બેસૂરી શરણાઈ જેવો અવાજ. લાગે છે આ જ હતાં તિબેટી નાચનાં વાજિંત્રો.

રસ્તો એક જગ્યાએ પહોંચી ખલાસ થતો હતો. એ પછી એક મોટા ગૅરેજ જેવું ઘર હતું. જેમાં કેટલી બધી જીપ હતી અને ડાબી તરફ હતી કેટલીક દુકાનો. રસ્તાની બંને બાજુ કેટલીક જીપ અને સ્ટેશન-વૅગનો ઊભી હતી, અને ચારેકોર ફરતાં હતાં જાતજાતના રંગનાં કપડાં પહેરેલાં સ્ત્રી-પુરુષ, બાળકો અને વૃદ્ધોનાં ટોળાં.

અમારી જીપ રસ્તાની જમણી તરફ એક જબરદસ્ત મોટા ગેટની સામે જઈ ઊભી રહી. લાગ્યું આ જ હતો રૂમટેક મઠનો દરવાજો. નિશિકાન્તબાબુ લાગે છે હેલમુટને ખાતર જ અંગ્રેજીમાં બોલ્યા હતા, "ધ લામાઝ આર ડા-ડા-એટલે ડાન્સિંગ." અમે ચારે જણ ગાડીમાંથી ઊતર્યા.

ગેટમાં દાખલ થતાં જ જોયું સામે એક વિરાટ ખુલ્લું આંગણું. એને એક સફેદ જબરદસ્ત મોટા ચંદરવાથી ઢાંકી દીધું હતું; તેમાં પાછી બ્લૂ રંગથી ભરતભરી નકશી કરી હતી. આટલો સુંદર ચંદરવો મેં ક્યારેય જોયો નથી. ચંદરવાની નીચે આંગણાની ભોંય પર લોકો ભીડ કરી પલાંઠી વાળી ઠાંસોઠાંસ બેઠા હતા. અને પાછળની બાજુ એક જબરદસ્ત મોટા ભરત ભરેલા પરદાની આગળ આઠ-દસ ચમકીલા ઝાકઝમાળ પોશાક, અને બીભત્સ મહોરાં પહેરી ઘૂમતા હતા અને ડોલીડોલીને નૃત્ય કરતા હતા. વાદકોનું વૃંદ લાલ પોશાક પહેરી નૃત્યવૃંદની જમણી તરફ બેઠું હતું. શિંગાનો અવાજ સૌથી વધુ ગંભીર હતો. એ બધાં લગભગ પાંચ-છ હાથ લાંબાં હતાં, અને એ વગાડતા હતા આઠ-દસ વર્ષની ઉંમરનાં છોકરાંઓ. બધું મળીને એક અદ્ભુત ડરામણું અને છતાં ઝાકઝમાળ વાતાવરણ સર્જાયું હતું. આવું મેં ક્યારેય ક્યાંય જોયું કે સાંભળ્યું નહોતું.

હેલમુટે આંગણામાં પહોંચતાં જ ફટાફટ ફોટા પાડવા માંડ્યા. આજે એને ખભે ત્રણ કૅમેરા હતા. બૅગ પણ સાથે હતી. એમાં વખતે વધુ એક કૅમેરા હોઈ શકે!

નિશિકાન્તબાબુ કહે, "બેસવું છે?"

"તમે શું કરો છો?" ફેલુદાએ પૂછ્યું.

"મેં તો આ જોયું છે. કાલિમપોંગમાં જોયું. હું જરાક પાછળની બાજુ જઈ મંદિર જોઈ આવું. સાંભળ્યું છે અંદર ખૂબ અદ્ભુત સુંદર કોતરણી છે."

હું અને ફેલુદા ભીડમાં જગ્યા કરી લઈ ભોંય પર બેસી ગયા. ફેલુદા બોલ્યો, "આ બધું જોઈએ-સાંભળીએ ત્યારે આપણે વીસમી સદીમાં વસીએ છીએ એ વાત ભૂલી જવાય. ગયા એક હજાર વર્ષથી આ વસ્તુમાં લગારે પરિવર્તન આવ્યું હોય એવું નથી લાગતું."

મેં પૂછ્યું, "આને ગુફા કેમ કહે છે, ફેલુદા?"

ફેલુદા બોલ્યો, "આ કંઈ ગુફા નથી. ગુફા એટલે ગુહા, આને તો મઠ કે મંદિર કહેવું જોઈએ. આ આંગણામાં બે તરફ બેઠા ઘાટનાં ઘરની હાર જુએ છે–એમાં બધા લામાઓ રહે છે. અને જો કેટલા બધા છોકરાઓ છે! બધાંનાં મૂંડેલાં મસ્તક અને તિબેટી ઝભ્ભા પહેર્યા છે. એમને અત્યારે ટ્રેનિંગ આપે છે. મોટા થયે એ બધા લામા બનશે."

"મઠ અને મોનાસ્ટ્રી શું એક જ વસ્તુ?"

"હા, મઠ—"

આટલું બોલીને ફેલુદા અચાનક ચૂપ થઈ ગયો. મેં એના મોં ભણી જોયું તો એની આંખો ઝીણી થઈ ગઈ હતી અને મોં પહોળું થઈ ગયું હતું. અચાનક ફેલુદાને શું યાદ આવ્યું હશે!

એકાદ મિનિટ ચૂપ રહી માથું હલાવી પોતાના પર જ ધિક્કારનો ભાવ દેખાડી ફેલુદા બોલ્યો, "પહાડ પર આવવાથી શું બુદ્ધિ સ્લો થઈ જતી હશે? આટલી સરળ વાત કેમ નહોતી સમજાઈ આટલી વાર?"

"કઈ વાત?" મેં પૂછ્યું? "શું નહોતું સમજાતું?"

"Sick Monster! Sick એટલે સિક્કિમ. અને Monster એટલે મોનાસ્ટ્રી. થેંક્યુ તોપસે."

સાચે જ તો સમજવું જોઈતું હતું. તો પછી પૂરા ટેલિગ્રામનો અર્થ શો હતો?

ફેલુદાએ ખીસામાંથી પોતાની ડાયરી કાઢી એ પાનું ખોલી વાંચ્યું.

``Your son may be is a sick Monster."

શરૂઆતમાં તો કંઈ ગોટાળો નથી, 'is'નું 'in' કરી લઈએ, તો પછી–યોર સન મે બી ઇન એ સિક્કિમ મોનાસ્ટ્રી–તમારો દીકરો વખતે સિક્કિમના કોઈ મઠમાં છે. બસ–સાફ વાત છે."

"એટલે કે શેલભાંકારનો દીકરો જે ચૌદપંદર વર્ષ પહેલાં ઘર છોડી ચાલ્યો ગયો હતો, એ અહીં છે?"

"પ્રાઇટેક્સ તો એમ કહે છે. પણ આ પ્રાઇટેક્સની કરામતીની દોડ ક્યાં સુધી છે એની ક્યાં ખબર છે? તોય શેલભાંકાર આ ટેલિગ્રામની ભૂલ હોવા છતાં પણ જો એનો અર્થ સમજી શક્યા હોય, અને તેથી એમના મનમાં આશાનો સંચાર જાગ્યો હોય તો અસ્વાભાવિક ન કહેવાય. કારણ, તેઓ દીકરાને ખૂબ વહાલ કરતા હતા, અને ઘણા સમયથી એની શોધ કરતા હતા."

"તે દિવસે તેઓ એક ગુફામાં જવાના હતા, તો તેઓ વખતે ટેલિગ્રામ મળ્યા પછી દીકરાની ખોજમાં જ જતા હશે!"

"ક્વાઈટ પોસિબલ અને દીકરો તો ખરેખર આ વિસ્તારમાં હોય તો ચોક્કસ—"

ફેલુદા ફરી ચૂપ થઈ ગયો. યાદ આવ્યું, શશધરબાબુએ કહ્યું હતું કે શેલભાંકારનો દીકરો બાપ સાથે ઝઘડો કરીને ઘરમાંથી બહાર નીકળી ગયો હતો. એનો અર્થ એ કે એ જ તો હતો બાપનો દુશ્મન.

"વિલ..... વિલ.....વિલ" ફેલુદા પોતાના મનમાં બબડતો હતો. "શેલભાંકાર જો વિલમાં પૈસા બધા એના દીકરાને નામે કરી ગયા હોય, તો પછી એને ઘણી મોટી મિલકત મળે."

ફેલુદા ભીડમાંથી ઊભો થઈ ગયો. અને એની સાથે હું પણ. હવે લાગતું હતું કે એ ટેલિગ્રામનો અર્થ કરી શક્યો તેથી ખૂબ ચંચળ બની ગયો હતો. એ આમતેમ જોતો હતો. અને ભીડમાં આ તિબેટી ભારતીય ચહેરો શોધતો હતો.

અમે બંને જણા લોકો ભણી નજર નાખતા આગળ વધ્યા. ડાબી તરફ બેઠા ઘાટના ઘરની પાસે થઈને અમે મઠ ભણી આગળ વધ્યા. જે તરફ નિશિકાન્તબાબુ થોડી વાર પહેલાં જ ગયા હતા. આ બાજુ ભીડ ઓછી જ હતી. એકાદ-બે અતિ વૃદ્ધ લામાઓને જોયા, જે પોતાના ઘરના ઉંબરામાં બેઠા એકચિત્તે પ્રેયર વીલ ફેરવી પ્રાર્થના કરતા હતા. એમના ચહેરાની ચામડી એટલી બધી સંકોચાયેલી હતી તેથી લાગ્યું કે એમની ઉંમર લગભગ સો વર્ષ તો હશે જ. એમનાં દાઢી-મૂછ મૂંડેલાં હતાં. પણ તોય કોઈ-કોઈની નાકની નીચે મૂછ નહોતી, છતાંય હોઠની બે તરફ પાતળી લટકતી મૂછ હતી – જેવી કોઈ-કોઈ ચીનાઓને હોય છે.

પરદાની પાછળ જઈ અમે મોનાસ્ટરીની અટ્ટાલિકાના વરંડામાં પહોંચ્યા. દીવાલ પર બુદ્ધના જીવનની જાતજાતની ઘટનાનાં ચિત્રો આંકેલાં હતાં. વરંડાની પાછળ અંધારો હૉલ હતો. તેમાં હારબંધ દીવાઓ બળતા હતા. એક જબરદસ્ત મોટા લાલ લાકડાના બારણામાંથી આ ઓરડામાં દાખલ થવાતું હતું.

આજુબાજુમાં કોઈ ચોકીદાર ન જોતાં અમે બંને ઉંબરો વટાવી ખંડમાં દાખલ થયા. ભેજવાળો ઠંડોગાર ઓરડો. એક જાતના અદ્ભુત ધૂપની ગંધથી ભરેલો હતો. ઓરડો અંધારો હોવા છતાં ચારેકોર રંગીન સાજસજ્જાની ઝાકઝમકથી શોભતો હતો. ત્રણ માળ ઊંચી સીલિંગ (છત) પર લાંબી-લાંબી આશ્ચર્યકારક ભરતકામ કરેલી રેશમી ધજા. ખંડની બે બાજુ રંગીન કપડાથી ઢાંકેલા લાંબા-લાંબા બાંકડા ગોઠવ્યા હતા, જબરદસ્ત મોટી ગોળ નગારા જેવી કેટલીક વસ્તુ ખીંટીને ટેકે ઊભી કરી હતી. અને પાછલી બાજુ સૌથી અંધારા ભાગમાં લાંબી વેદી પર બેસાડેલી હતી મોટી-મોટી મૂર્તિઓ, એમાં કઈ બુદ્ધની હતી ને કઈ નહોતી તે મારે માટે કળવું કઠણ હતું.

પાસે જઈ જોયું તો આ બધી મોટી-મોટી મૂર્તિના પગ પાસે બીજી ઘણીબધી નાની-નાની મૂર્તિઓ રાખી હતી, જાતજાતની ફૂલદાનીમાં ફૂલો હતાં, અને નાની-નાની પિત્તળની દીવીઓમાં દીવા બળતા હતા.

હું આ બધું ખૂબ ધ્યાન દઈને જોતો હતો, એવામાં અચાનક ફેલુદાએ મારી પીઠ પર હાથ મૂક્યો. મેં ફરીને જોયું તો એ બારણા તરફ જોતો હતો. એ બારણું આગળનો મેન-ગેટ નહોતો, પણ પાસેનું એક નાનકડું બારણું હતું.

"બહાર આવ."

દાંત પીસી ફેલુદા બોલ્યો અને બારણા ભણી આગળ વધ્યો.

બારણામાંથી બહાર નીકળ્યા તો જમણી તરફ ઉપર જવાનો દાદર હતો.

"કઈ તરફ ગયો એ માણસ ખબર નહિ, પણ ચાન્સ લીધા સિવાય છૂટકો નથી."

"કયો માણસ?" દાદર ચડતાં મેં ગુસપુસ કરતાં પૂછ્યું.

"લાલ પોશાકવાળો, બારણાની બહારથી ડોકિયું કરતો હતો. મારી નજર પડતાં જ છટકી ગયો."

"મોં ન જોયું?"

"અજવાળું નહોતું."

પહેલે માળે જઈ જોયું તો સામે એક ઓરડો હતો. એનાં બારણાં બંધ હતાં. આમાં જ શું પેલા હાઇ પોઝિશનના લામા રહેતા હશે! ડાબી તરફ ખુલ્લી અગાશી, અહીં-તહીં ધજાઓ લટકતી હતી. નીચેથી નાચનાં વાજિંત્રોનો અવાજ સંભળાતો હતો – ભોં-ભોં-ઝેંગ-ઝેંગ-ઝેંગ. આ નાચ એક વાર શરૂ થયા પછી સાત-આઠ કલાક પહેલાં અટકતો નથી.

અમે અગાશી પર ચાલતાં સામેની પાળ તરફ આગળ વધ્યા. પાછળ પહાડનું દૃશ્ય આછા ધુમ્મસમાં ધીમે-ધીમે ઢંકાઈ જવા માંડ્યું હતું. જમણી તરફના મઠની પાછળ સીધો પહાડ ઊભો હતો. તેની ઉપરની બાજુ જોયું તો એક જગ્યાએ ઘણાબધા વાંસના ખંભા પર એક સાથે ઘણીબધી ભૂત ભગાડતી ધજા ધીમે-ધીમે ધુમ્મસની પાછળ છુપાઈ રહી હતી.

"શેલભાંકારનો દીકરો જો અહીં—"

ફેલુદાનું વાક્ય પૂરું ન થયું. એક વિકટ ચીસ સાંભળી અમે બંને ચમકીને થંભી જ ગયા.

"અરે બાપ રે – ઓ.....હેલ્પ હેલ્પ!"

આ તો નિશિકાન્તબાબુનો અવાજ!

અને કશું વિચાર કરવા ન રોકાતાં ફેલુદાએ દોડવા માંડ્યું.

દાદર ઊતરી બહાર નીકળી મઠની પાછળની બાજુનો દરવાજો ખોળી કાઢતાં એને એક મિનિટથી પણ ઓછો સમય લાગ્યો હતો. બારણા બહાર નીકળી જોયું કે દસ હાથની અંદર જ પહાડનું સીધું ચઢાણ હતું. હંટિંગ બૂટ આજે પણ પહેર્યા હતા, તેથી ચઢતાં અગવડ ન પડી. કઈ દિશામાં જવું પડશે એ અંદાજ તો આવી ગયો હતો, કેમ કે 'હેલ્પ' 'હેલ્પ'ની બૂમો હજુયે અમને હેલ્પ કરતી હતી.

થોડે દૂર ચડ્યા એટલે એક ફ્લૅટ જગ્યા પરથી આગળ વધી જ્યાં પહોંચ્યા એ પહાડની કોર હતી. એ પછી ખીણ. એ ખીણ બહુ દૂર સુધી નીચે નહોતી ઊતરી—લગભગ એક સો ફૂટ; અને તેય આસ્તે-આસ્તે પગથિયાની જેમ. તેનું એક-એક પગથિયું લાગે છે બે હાથથી વધારે પહોળું નહિ હોય–એક ઝાડને સજ્જડ પકડીને, અને ફાટી આંખોથી ઉપર જોઈને લટકતા હતા નિશિકાન્ત સરકાર. અમને જોઈને બમણા જોરથી તેઓ બૂમો પાડવા માંડ્યા —"મરી ગયો, બચાવો!"

નિશિકાન્તબાબુને બચાવવા એ ફેલુદા માટે એવું કંઈ મુશ્કેલ નહોતું. પણ મુશ્કેલી એ થઈ કે એમને જોરથી પકડી લઈ ખેંચવા ગયો ત્યાં તેઓ આંખો ઊલટાવી બેભાન થઈ ગયા. એ પછી જીપમાં લાવી જ્યારે એમનાં મોં અને આંખો પર પાણી છાંટ્યું ત્યારે તેઓ તરત જ ભાનમાં આવ્યા હતા.

"શું થયું, કહો જોઈએ!" ફેલુદાએ પૂછ્યું. નિશિકાન્તબાબુ કણસતા અવાજે બોલ્યા, "અરે મોશાય, શું કહું! આ આટલો રસ્તો.....જરાક હળવા થવા માટે જરૂર પડી — તે ધર્મસ્થાન અ.....મોન્સ.....એટલે કે મોનાસ્ટરી–તેથી થયું કે પાછળની બાજુ જરાક જઈને જોઉં. ઝાડીનો તો તોટો નહોતો — તે જગ્યા પણ સુટેબલ શોધી કાઢી — પણ મને કોઈ ફોલો કરતું હશે એવો મને ખ્યાલ શી રીતે આવે? કહો!"

"પાછળથી આવી કોઈએ ધક્કો માર્યો?"

"સેન્ટ પરસેન્ટ, કેવો મા-મા.....એટલે કે મારાત્મક બનાવ કહો જોઈએ !"

એ તો સારા નસીબે હાથમાં એક ઝાડ આવી ગયું–નહિ તો તિબેટી ધમકી તો, એટલે

અક્ષરોઅક્ષર.....''

''માણસને જોયો'તો?''

''પાછળથી આવી ધક્કો મારે તો વળી દેખાય શી રીતે, હેં?''

આ દુર્ઘટના પછી રૂમટેકમાં રહેવાનો કોઈ અર્થ નહોતો. રહેવું નિરાપદ પણ નહોતું. તેથી અમે ઘર તરફ રવાના થયા. હેલમુટને જરાક અફસોસ રહી ગયો, કારણ કે એના કહેવા પ્રમાણે ફોટા પાડવાનો આટલો સારો સબ્જેક્ટ (વિષય) અહીં આવ્યાને આટલા દિવસમાં આ પહેલી વાર જ મળ્યો હતો. જોકે નાચ આવતી કાલે પણ થવાનો હતો, તેથી એની મરજી થશે તો એનાથી ફરી આવી શકાશે.

ફેલુદા ઘણી વાર સુધી ચૂપ હતો—લાગે છે વિચાર કરતો હતો — કારણ, ઘટના એટલી ઝડપથી બનતી જતી હતી, કે એના જેવું સાફ મગજ પણ ચકરાઈ જતું હતું. એણે નિશિકાન્તબાબુને ઉદ્દેશીને કહ્યું : ''મોશાય, તમારી એક ભૂલ છે, જે તે તમે સારી રીતે સમજો છો.''

''ભૂલ!'' એમના ગળામાંથી સરખો અવાજે બહાર નીકળ્યો નહિ.

''તમે કોની પાછળ લાગ્યા છો એ જો તમે વાત ન કરો તો તમારી પાછળ કોણ લાગ્યું છે એ કળી નહિ શકાય.''

નિશિકાન્તબાબુ થૂંક ગળી બે હાથ ઊંચા કરી કાન પકડી બોલ્યા, ''કોને સાક્ષી રાખી બોલું — કહો? હું કહું છું — જાણીજોઈને મેં કોઈનું બૂરું કર્યું નથી — કે કોઈની વાંસે લાગ્યો નથી — એ તો ઠીક, નથી કોઈને મેં બદનામ કર્યા કે નથી કોઈનું વાંકું બોલ્યો.''

''તમારો કોઈ જોડિયો ભાઈ છે?''

''જી ના સર, આઈ એમ ઓનલી ઑફસ્પ્રિંગ.''

''હં... જુઠ્ઠું બોલશો તો તમે જ ઠગાશો એથી માની લઉં છું કે તમે સાચું જ બોલો છો. પણ.....''

ફેલુદા ચૂપ થઈ ગયો. અને પછી જે ચૂપ રહ્યો એ છેક ડાકબંગલા સુધી.

ડાકબંગલે આવી હેલમુટે ગાડીમાંથી ઊતરી પોતાના ભાગના જીપ-ભાડાના પૈસા દેવા માંડ્યા, પણ ફેલુદાએ વાર્યો, ''તમને તો અમે ઇન્વાઈટ કર્યા હતા. અને તમે આ દેશના મહેમાન છો તેથી તમારા પૈસા અમે નહિ લઈએ.''

''ઑલરાઇટ—'' હેલમુટે હસીને કહ્યું : ''તો પછી જરાક ચા પીને જાઓ.''

નિશિકાન્તબાબુને પણ વાંધો નહોતો તેથી અમે ત્રણે જણા જીપનું ભાડું ચૂકવી જીપ છોડી દઈ ડાકબંગલાના હેલમુટના રૂમ પર જઈ પહોંચ્યા.

ત્રણ જણા ખુરશી પર બેઠા, હેલમુટ ખભા પરથી કૅમેરા ઉતારી, ટેબલ પર મૂકી, ચાનો ઑર્ડર દેવા જતો હતો એવામાં અવાજ સંભળાતાં અમે બારણા ભણી જોયું તો એક અદ્ભુત દેખાતા સજ્જન બહાર ઊભા હેલમુટ ભણી જોઈ હસીને બોલ્યા : ''હલો!''

સજ્જનના ચહેરા પર કાળીધોળી ભરચક દાઢી, માથા પર કાળાધોળા વાળ લગભગ ખભા સુધી લાંબા, બદન પર એક બંધ ગળાનું ઢીલું ઑરેંજ રંગનું સિક્કિમી જેકેટ પહેર્યું હતું અને નીચે ઢીલું ફ્લેનલનું પૅન્ટ. એમના હાથમાં મોટી જાડી પીળી લાકડી પણ હતી — જેને યષ્ટિ કહે છે.

હેલમુટ અમારા તરફ ફરીને બોલ્યો, ''ઓળખાણ કરાવું. આ છે ડૉક્ટર વૈદ્ય.''

(7)

''તમે લોકો બંગાળી લાગો છો?''

ડૉક્ટર વૈદ્ય બરાબર મારી બાજુની ખુરશી પર બેઠા.

ફેલુદા બોલ્યો, "સાચે જ, તમારી વાત અમે હેલમુટ પાસેથી સાંભળી છે."

"હેલમુટ ઇઝ એ નાઇસ બૉય."

સજ્જન અંગ્રેજી, બંગાળી, હિંદી ત્રણે ભાષાનું મિશ્રણ કરી બોલ્યા.

"હું હેલમુટને કહું છું કે આ દેશના એક સંસ્કારની વાત એ ન ભૂલે. અહીંના લોકો માને છે કે જે જેટલા વધુ ફોટા પાડે તેટલું એનું આયુષ્ય ઓછું થઈ જાય. કારણ, આ જે 'હું' છે એ 'હું' જરા પણ બીજી કોઈ વસ્તુમાં રહી જાય–એનો અર્થ એ કે જો મારા વાઇટલ ફોર્સમાંથી થોડો ફોર્સ બીજી કોઈ વસ્તુમાં જાય તો એટલા પ્રમાણમાં મારો પોતાનો વાઇટલ ફોર્સ ચોક્કસ ઓછો થઈ જશે."

"તમે શું એમાં માનો છો?" ફેલુદાએ પૂછ્યું.

"માનું તોય શું?" ડૉક્ટર વૈદ્ય હસીને બોલ્યા. "હેલમુટે શું મને ફોટા પાડવામાં બાદ રાખ્યો છે? પણ કોઈ વસ્તુની પરીક્ષા કરી જોયા વિના માનવા ન માનવાનો સવાલ જ પેદા નથી થતો. હજુ તો મારે ઘણુંબધું શીખવાનું, ઘણુંબધું જાણવાનું બાકી છે. ઘણી પરીક્ષાઓ કરવાની છે."

ફેલુદા બોલ્યો, "પણ તમે તો એ બધું કર્યા વિના જ ઘણાબધા આગળ વધી ગયા હોય એવું લાગે છે. સાંભળ્યું છે કે તમે ભવિષ્ય પણ કહી શકો છો, મૃત વ્યક્તિના આત્મા સાથે વાત કરી શકો છો."

"એવું હંમેશાં નથી બનતું." વૈદ્ય જરાક મલકાયા. "આસપાસના વાતાવરણ પર પણ ઘણો આધાર રાખે છે. કેટલીક વસ્તુ ખૂબ સહેજે બોલી શકાય. જેમ કે—" વૈદ્યે નિશિકાન્તબાબુ તરફ આંગળી ચીંધી કહ્યું "આ સજ્જન કોઈ કારણસર અત્યંત ફિકરમંદ હાલતમાં છે."

નિશિકાન્તબાબુએ જીભ હોઠ પર ફેરવી.

ફેલુદા બોલ્યો, "તમે બરાબર કહ્યું એમને એક વ્યક્તિ મૃત્યુનો ડર બતાવી રહી છે. એ કોણ છે તે કહી શકો છો?"

ડૉક્ટર વૈદ્યે થોડી વાર માટે આંખો બંધ કરી. એ પછી આંખો ખોલી બારી બહાર પહાડ ભણી જોઈ બોલ્યા, "એજન્ટ."

"એજન્ટ?" ફેલુદાએ પૂછ્યું.

"હા, એજન્ટ. માણસ અન્યાય કરે તો એનો દંડ તો ભોગવવો જ પડે. ઘણી વાર ભગવાન પોતે જ દંડ દે, તો ઘણી વાર એમના એજન્ટો કામ કરે."

નિશિકાન્તબાબુ અચાનક કંપતા અવાજે બોલી ઊઠ્યા, "ધૅટ ઈઝ ઑલ. હું વધારે સાંભળવા નથી માગતો."

વૈદ્ય હસીને બોલ્યા, "હું પરાણે કોઈને કંઈ સંભળાવતો નથી. આમણે પૂછ્યું એટલે કહ્યું. સ્વેચ્છાએ લબ્ધ જ્ઞાન સિવાય બીજા કોઈ જ્ઞાનનું કોઈ મૂલ્ય નથી. પણ એક વાત કહી રાખું—જીવતા રહેવું હોય તો સાવધાન રહેજો."

"કાઇન્ડલી એક્સપ્લેઇન!" નિશિકાન્તબાબુ બોલ્યા.

"આનાથી વધુ કહેવું મારે માટે શક્ય નથી." ચા આવી ગઈ હતી. હેલમુટે પોતે જ ચા રેડી સહુને પૂછીને દૂધ-ખાંડ વગેરે મેળવીને દરેકના હાથમાં કપ આપ્યા.

ચાનો ઘૂંટડો લઈ ફેલુદા બોલ્યો, "તમારે તો મિસ્ટર શેલભાંકાર જોડે ઓળખાણ હતી — નહિ?"

વૈદ્ય માથું હલાવી બોલ્યા, "ખૂબ દુઃખદ ઘટના. મેં એમને ચેતવ્યા હતા કે સમય સારો

નથી. જોકે અકસ્માત મૃત્યુ બાબતમાં તો કોઈનોય એમાં હાથ નથી. દોરેમ પોરો બિંચિતેતમાં કહ્યું છે—

"હ્નેમ દોરેમોંગ દોરજી સિંચિયામ્
ઓમ પિરિયાન હોતોરિ બિરિચિયાંગ!"

થોડી વાર બધા ચૂપચાપ બેઠા-બેઠા ચા પીતા રહ્યા. હેલમુટે એટલી વારમાં એનું ટેબલ ગોઠવી લીધું. નિશિકાન્તબાબુ પોતાનો ચાનો કપ હાથમાં લઈ બેઠા જ રહ્યા — લાગ્યું એમની ચા તો ઠંડી થઈ ગઈ હશે–પણ પીવાનો વિચારે એમના મનમાં થતો નહોતો. બધામાં નિશ્ચિંત કોઈ હોય તો કેવળ ફેલુદા, અથવા તો એના મનમાં પણ ઉદ્વેગ હશે, પણ એ મુદ્દલે જણાવા નહોતો દેતો, અને એક પછી એક બિસ્કિટ ખાતો જતો હતો.

બહાર તડકો નમી ગયો હતો. હેલમુટે સ્વિચ દબાવી, પણ બત્તી ન થઈ. શું થયું? નિશિકાન્તબાબુ બોલ્યા, "પાવર ગયો હશે, અહીં લગભગ આવું બનતું જ હોય છે."

"બેરાને મીણબત્તી લાવવાનું કહી આવું" કહીને હેલમુટ ઓરડામાંથી બહાર ગયો, એવામાં ફેલુદાએ ફરી ડૉક્ટર વૈધને સવાલ પૂછ્યો, "મિસ્ટર શેલભાંકારનું મોત ખરેખર અકસ્માતથી થયું હતું, એમ તમે માનો છો?"

ડૉક્ટર વૈધે પોતાનો ચાનો કપ સામેના નેતરના ટેબલ પર મૂકી બંને હાથ પેટ પર ભેગા કરી કહ્યું, "એ વાતનો જવાબ તો કેવળ એક વ્યક્તિ આપી શકે."

"કોણ?" ફેલુદાએ પૂછ્યું.

"જે મૃત–એ જ તો છે સર્વજ્ઞ. તેની પાસે અજ્ઞાત કંઈ નહિ. આપણે જીવતા હોઈએ ત્યારે ઘણીબધી નકામી બેકાર વસ્તુઓ આપણા જ્ઞાન અને અનુભૂતિનો રસ્તો રોકતી હોય છે. આ જે ખુલ્લી બારી છે—એ બારીમાંથી દૂરનો પહાડ, આકાશ, પહાડ પરનાં ઝાડપાન ઘર-બાર બધું જોઈ શકીએ છીએ. આકાશમાં વાદળ જોઈ શકીએ છીએ. આ બધી નકામી વસ્તુઓ છે — વિશુદ્ધ જ્ઞાન માટે આ બધી દૃશ્ય વસ્તુઓ બાધાસ્વરૂપ છે. અને છતાં બારી જો બંધ કરી દઈએ તો શું દેખાય? ઘરમાં જો બત્તી ન હોય, અને જો બહારનો પ્રકાશ બંધ કરી દઈએ તો શું રહે? અંધકાર! જીવન છે પ્રકાશ. અને જીવન જ છે આ બારીમાંથી જોયેલું દૃશ્ય, જે આપણા જ્ઞાનના પંથને દૂર સેરવી રાખે છે. અને 'મૃત્યુ' છે બંધ બારીને લીધે થયેલો 'અંધકાર'—એ જ અંધકાર. આ અંધકારના પરિણામે આપણી અંતર્દૃષ્ટિ ખૂલી જાય. મૃત્યુ છે આ અંધકારની ચરમ અવસ્થા."

આવડું લાંબુંલચ એકધારું વક્તૃત્વ સાંભળીને સમજવાનીયે મુસીબત પડતી હતી. પણ મને લાગ્યું કે ફેલુદા એ બધું જ સમજતો હતો. એ કહે, "તો પછી તમારા મત પ્રમાણે મિસ્ટર શેલભાંકાર જ જાણે છે કે એમનું મૃત્યુ શી રીતે થયું હતું?"

"મૃત્યુની પળે વખતે નહિ જાણતા હોય, પણ અત્યારે ચોક્કસ જાણતા હશે."

શા માટે ખબર નહિ, પણ મારા શરીરમાંથી એક ભયની ધ્રુજારી વછૂટી ગઈ. વખતે અંધકાર વધવા માંડ્યો હતો એટલે જ હશે, કે પછી મૃત્યુ વિશે આટલી બધી વાતો, અને ડૉક્ટર વૈધનાં ચશ્માંના કાચમાં જાંબલી વાદળઘેર્યા આકાશની છાયાને લીધે, અથવા એમના અસ્વાભાવિક રીતે ધ્રૂજતા અવાજને લઈને, એ તો ઠીક, હોઠને ખૂણે વળગી રહેલું એમનું હાસ્ય પણ કોણ જાણે કેમ ડરામણું લાગતું હતું.

બેરા આવ્યો અને ચાનો સામાન ઉપાડી લઈ, એની જગ્યાએ ટેબલ પર એક સળગતી મીણબત્તી મૂકી ચાલ્યો ગયો. ફેલુદાએ સહુને ચારમિનાર ઑફર કરી, અને બધાએ રિફ્યુઝ કરી. તેથી એણે એકલાએ જ સળગાવી અને ઉપરા-ઉપરી બે રિંગ છોડી બોલ્યો, "મિસ્ટર શેલભાંકારનો મત જાણવા મળે તો ખોટું નહિ."

ફેલુદાએ પ્લેન્ચેન્ટ વગેરે વિશે પુસ્તકો વાંચ્યાં છે. એ કહેતો કે એ બધું પોતે માનતો નથી. પણ તેથી એ વિશે પુસ્તક પણ ન વાંચવું એ વાત પણ એ નથી માનતો. કારણ, જેણે પુસ્તક લખ્યું છે તેનો મત જાણવો એટલે માણસની વિચારધારાની એક ખાસ દિશા વિશે જાણવું. ક્રાઇમ જોડે જેને સંબંધ હોય, એણે માણસ સંબંધે જાણવું જ જોઈએ અને માણસ કહો એટલે બધી જ જાતના માણસો, કોઈને બાકાત ન રખાય.

ડૉક્ટર વૈદ્ય થોડી વાર આંખો બંધ કરી બેઠા. પછી અચાનક આંખો ખોલી બંને હાથ ઊંચા કરી બોલ્યા, ''બારણાં અને બારી બંધ કરો.''

હુકમ કરતા હોય એ રીતે જ બોલ્યા હતા. અને એ હુકમનું પાલન નિશિકાન્તબાબુએ કર્યું. એવું લાગ્યું જાણે હિપ્નોટાઇઝ્ડ બની યંત્રચાલિત માણસ પેઠે એમણે કામ કર્યું.

બારી બંધ થતાં મીણબત્તીના આછા પીળા પ્રકાશ સિવાય બીજો કોઈ પ્રકાશ ઘરમાં ન રહ્યો.

અમે બધા નેતરના ટેબલ ફરતા બેઠા હતા. મારી જમણી તરફ વૈદ્ય, ડાબી તરફ ફેલુદા. ફેલુદાની બીજી તરફ નિશિકાન્તબાબુ. અને તેની પાસે એક મૂડા પર હેલમુટ. ડૉક્ટર વૈદ્ય બોલ્યા, ''તમારા હાથ ઊંધા કરી ટેબલ પર મૂકો. દરેકના હાથ પોતાની પાસે બેઠેલા માણસના હાથને અડાડીને રાખવાના છે.''

ડૉક્ટર વૈદ્ય આટલી વાર સુધી સન્માનભર્યું સંબોધન કરતા હતા અને હવે હુકમ કરવા માંડ્યા હતા.

અમે એક પછી એક બધાએ એકબીજાના હાથને અડકાડીને હાથ ટેબલ પર રાખ્યા. સહુથી છેલ્લે ડૉક્ટર વૈદ્યે પોતાના હાથ મારા અને હેલમુટના હાથની વચ્ચે ઘુસાડ્યા. પાંચ દાન પચાસ. પચાસ ઊંધી કરેલી આંગળીઅ ો અત્યારે ફૂલની પાંદડીઓની જેમ મીણબત્તીને ફરતી નેતરના ટેબલ પર ગોઠવાયેલી હતી.

''તમે બધા એકીટશે મીણબત્તીની શિખા ભણી જોઈ રહી શેલભાંકારના મૃત્યુની વાતનો વિચાર કરો.''

ઘરમાં હવાને પ્રવેશવાનો કોઈ રસ્તો નહોતો રહ્યો, તેથી મીણબત્તીની શિખા બિલકુલ સ્થિર બની સળગતી હતી. થોડું-થોડું મીણ ઓગળી જઈ મીણબત્તી પરથી સરીને નેતરના ટેબલ પર ભેગું થતું હતું. એક તીતી-ઘોડા જેવું જીવડું ઘરની અંદર હશે, એણે બત્તીની શિખાની ચારેકોર ગોળ-ગોળ ફરવા માંડ્યું.

કેટલી વાર આ રીતે બત્તી તરફ તાકી રહ્યા હતા એ તો ખબર નથી. સાચું પૂછો તો એકાદ-બે વાર મેં ડૉક્ટર વૈદ્ય ભણી આડી નજરે જોઈ પણ લીધું હતું–પણ એ એમને ખબર નહોતી પડી, કેમ કે એમની આંખો બંધ હતી.

અચાનક–જાણે દૂરથી, ઘણે દૂરથી કોઈના ગળાનો અવાજ સંભળાતો હોય એમ–ચીં ચીં કરતો ડૉક્ટર વૈદ્યના મોંમાંથી અવાજ નીકળ્યો—''વૉટ ડૂ યુ વૉન્ટ ટુ નો?''

ફેલુદા બોલ્યો, ''શેલભાંકાર શું ઍક્સિડેન્ટથી મર્યા હતા?''

ફરી એ ચીં ચીં અવાજે જવાબ આપ્યો — ''નો.''

''તો પછી તેઓ શી રીતે મરી ગયા?''

થોડી વાર બધું જ ચૂપચાપ. હવે અમે બધા જ મીણબત્તી છોડીને ડૉક્ટર વૈદ્યના મોં ભણી જોતા હતા. તેમની આંખો બંધ હતી, માથું પાછલી તરફ ઢળેલું હતું. હેલમુટ પોતાની ભૂરી આંખો વડે અનિમેષ નેત્રે ડૉક્ટર વૈદ્ય તરફ જોતો હતો. નિશિકાન્તબાબુની કાળી આંખ પણ એમના તરફ જ મંડાયેલી હતી.

ઘરમાં અચાનક ભૂરા પ્રકાશનો ચમકારો. બહાર વીજળી ચમકી ઊઠી હતી.

આ વખતે સાફ અવાજે જવાબ આવ્યો—

"મર્ડર!"

"મર્ડર?" આ નિશિકાન્તનો અવાજ–ગળું સુકાઈ જવાથી કેવોય વિચિત્ર અવાજ નીકળ્યો હતો! એકસાથે એક શબ્દ બોલી નહોતા શક્યા — બોલ્યા હતા— "મ–હા–હા–ર–ડ–ર!"

"કોણે ખૂન કર્યું હતું એ કહેવું શક્ય છે?" ફરી ફેલુદાએ સવાલ પૂછ્યો.

મારી છાતી અંદરથી અસંભવ રીતે ધડકવા માંડી હતી. નિશિકાન્તબાબુની જેમ મારું ગળું પણ સુકાઈ ગયું હતું. એ તો મારે બોલવું નહોતું પડ્યું નહિ તો મારીયે ખબર પડી જાત.

ફરી થોડી વાર માટે બધું જ ચૂપચાપ. ફેલુદા ભણી જોયું તો એ એકીટશે ડૉક્ટર વૈધના હાથ ભણી જોઈ રહ્યો હતો. સજ્જને કેટલી વાર ખૂબ જોરજોરથી, ખૂબ કષ્ટ પડતું હોય એમ શ્વાસ લીધો. એ પછી જવાબ આપ્યો, "વીરેન્દ્ર."

વીરેન્દ્ર? એ વળી કોણ?

ફેલુદા પણ એ વાત જાણવા માગતો હતો, પણ અચાનક ડૉક્ટર વૈધે પોતાના હાથ ટેબલ પરથી ઉપાડી લઈ આંખો ખોલી કહ્યું, "એ ગ્લાસ ઑફ વૉટર, પ્લીઝ!"

હેલમુટ મૂડા પરથી ઊભો થયો અને એના ટેબલ પર મૂકેલા ફ્લાસ્કમાંથી ગ્લાસમાં પાણી રેડી વૈધને આપ્યું. સજ્જને પાણી પી લીધું, એટલે ફેલુદાએ પૂછ્યું "વીરેન્દ્ર કોણ એ જાણવાની કોઈ સંભાવના નથી?"

ઉત્તર આવ્યો હેલમુટ પાસેથી.

"વીરેન્દ્ર મિસ્ટર શેલભાંકારના દીકરાનું નામ છે. એમણે મને વીરેન્દ્રની વાત કરી હતી. એક વાર નહિ, ઘણી વાર."

બારી ખોલતાં જ બહાર ઇલેક્ટ્રિક પ્રકાશ દેખાયો. હેલમુટે પણ એ જોયો હશે, કેમ કે એણે સ્વિચ દબાવી અને ઘરમાં બત્તી જલી ઊઠી. ઘડિયાળમાં જોયું તો પોણા સાત. અમે બધા ઊભા થયા.

ડૉક્ટર વૈધ નિશિકાન્તબાબુના ખભા પર હાથ મૂકી બોલ્યા, "તમે ખૂબ નર્વસ પ્રકૃતિના લાગો છો."

નિશિકાન્તબાબુએ જરાક હેં હેં.....કર્યું.

"જવા દો," ડૉક્ટર વૈધ બોલ્યા, "લાગે છે તમારી ઘાત હવે ચાલી ગઈ છે."

"ઓહ!" આહ્લાદથી હાશ કરી નિશિકાન્તબાબુએ એમના બધા જ દાંત દેખાડી દીધા.

ફેલુદાએ પૂછ્યું, "તમે કેટલા દિવસ રોકાવાના છો?"

ડૉક્ટર વૈધ બોલ્યા, "કાલે જો દિવસ સારો હશે તો પેમિયાંગચિ જવાનો વિચાર છે. ત્યાંની મોનાસ્ટરીમાં ઘણા સરસ-સરસ પોથીપત્રો છે; એમ સાંભળ્યું છે."

"તમે શું તિબેટ વિશે અભ્યાસ કરો છો?"

"પ્રાચીન સભ્યતા કહો તો હવે આ એક જ તો બાકી છે. મિસર, ઇરાક, મેસોપોટેમિયા —આ બધાં તો બહુ કાળ પહેલાં જ નિશ્ચિહ્ન થઈ ગયાં છે. ભારતવર્ષમાં છે શું, કહો જોઈએ. બધું જ ભેળસેળ. જે હતું તે તિબેટમાં જ હતું — એકદમ શુદ્ધ સ્થિતિમાં — એ પણ થોડા સમય પહેલાં, હવે તો તિબેટ જવાનોય કોઈ અર્થ નથી. સારા નસીબે આ સિક્કિમના મઠોમાં એ પુરાણી સભ્યતાનો કંઈક આભાસ મળે છે."

અમે બહાર નીકળ્યા. રાતના જોરથી વરસાદ આવશે. ઘનઘોર કાળું આકાશ અને વચ્ચે-વચ્ચે વીજળીના ચમકારા.

ડૉક્ટર વૈધ બોલ્યા, "તમે પણ આવજો ને પેમિયાંગચિ."

ફેલુદા બોલ્યો, "પણ કાલે જ આવી શકીએ એવું નથી લાગતું. તમે તો થોડા દિવસ છો ને ત્યાં?"

"લગભગ ચારેક દિવસ તો રહેવાની ઇચ્છા છે."

"તો પછી વખતે મળશું, કેમ કે પેમિયાંગચિની વાત તો ઘણાંએ કરી છે."

"આવો તો સાથે મીઠું લેતા આવવાનું ભૂલતા નહિ." ડૉક્ટર વૈદ્ય હસીને બોલ્યા,

"મીઠું?"

"જળો છોડાવવી હોય તો મીઠા સિવાય બીજો ઉપાય નથી."

(8)

અમારી હોટેલની બીજી બધી વસ્તુઓ બહુ સારી નથી, પણ રસોઈ ખૂબ સરસ થાય છે — ખાસ કરીને રસાદાર બકરીનું માંસ. હું અને ફેલુદા, અમે બંને રાતના રોટલી ખાઈએ છીએ, અને નિશિકાન્તબાબુ બંને વેળા ભાત. આજ અમે ત્રણે જણા સાથે જમવા બેઠા હતા. નિશિકાન્તબાબુ એક હાડકાની નળી ચોં કરીને ચૂસી મેરો બહાર કાઢી ખાતાં-ખાતાં બોલ્યા, "ડિસેન્ટ માણસ, હોં કે મોશાય!"

"ડૉક્ટર વૈધની વાત કરો છો?" ફેલુદાએ પૂછ્યું.

"અજબ ક્ષમતા છે. કેવું બધું કહી દીધું!"

ફેલુદા હસીને મશ્કરી કરતો હોય એમ બોલ્યો, "હા, તે તમને તો સારા જ લાગે ને! કહે કે ઘાત ગઈ — હવે શું જોઈએ?"

"તમને એમની વાત પર ભરોસો બેઠો હોય એવું નથી લાગતું!"

"વાત સાચી પડશે તો ચોક્કસ ભરોસો બેસશે. હજુ તો એ સ્ટેજે પહોંચ્યા નથી. આમ પણ આવા લોકો પર ઝટ લઈને શ્રદ્ધા બેસવી કઠણ. આ લાઇનમાં બનાવટખોરોની ખોટ નથી હોતી."

"પણ સાચા ગુણી લોકો પણ હોઈ શકે, એમની વાત કરવાની રીત જ અલગ. સાંભળતાં જ ઇમ્પ્રેસ્ડ થઈ જવાય. અને માની લો કે મર્ડર થયું હોય....."

ફેલુદા વચ્ચે-વચ્ચે અનમનો થઈ જતો હતો. કારણ સમજાતું નહોતું. વખતે મનમાં કંઈક ખટકો લાગ્યો હશે! આટલું સારું રસાવાળું માંસ ખાતી વખતે પણ એના સંકોચાયેલાં ભવાં સીધાં નહોતાં થયાં.

"મર્ડરની વાત કરી એ તમે માનો છો?" નિશિકાન્તબાબુએ પૂછ્યું.

"હા." ફેલુદાએ કહ્યું.

"માનો છો?"

"હા."

"કેમ, કહો જોઈએ?"

"કારણ છે."

એથી વધુ ફેલુદા કંઈ જ ન બોલ્યો.

જમ્યા પછી કાલની જેમ અમે બંને પાન ખાવા ગયા. વરસાદ હજુ પડવા માંડ્યો નહોતો, પણ હવા બિલકુલ બંધ હતી. આજે અમારી હોટલ આગળ બે-એક નવા ચહેરા જોયા. તેઓ બધાં જ પરદેશી, લાગે છે, અમેરિકન હશે. એ બધા પરદેશી ટૂરિસ્ટો સાધારણ રીતે આવીને નરખીલ નામની હોટેલમાં ઊતરે છે; એ જ અહીંની સૌથી મોટી હોટેલ છે.

ફેલુદા પાન ખાઈને રસ્તા પર આંટા મારતો હતો. અચાનક અટકી તે બોલ્યો, "સમય બરબાદ કરવાથી ફાયદો નથી. થોડાંક કેલક્યુલેશન કરવાનાં છે, પતાવી લઉં. તું એક કામ કર.

આટલામાં એક ચક્કર મારી આવ. હું અર્ધો કલાક અનડિસ્ટર્બ્ડ કામ કરવા માંગું છું.''

ફેલુદા હોટેલમાં પાછો ગયો. એના કામમાં ખલેલ પહોંચાડવાની ઇચ્છા કે સાહસ બેમાંથી એકે મારામાં નથી. ખાસ કરીને આ તપાસની ગૂંચવાયેલી પરિસ્થિતિમાં તો નહીં જ.

દુકાનો બધી બંધ થઈ ગઈ હતી. રસ્તા પર લોકોની અવરજવર પણ ઓછી હતી. હોટેલની પાસે એક બંધ દુકાનની આગળ કેટલાક નેપાળીઓ કૂંડાળું વળી બેઠા જુગાર રમતા હતા. વચ્ચે-વચ્ચે પાસા ફેંકવાનો અવાજ અને એમની કિકિયારી સંભળાતી હતી.

હું શહેર ભણી જતા રસ્તા પર ચાલવા માંડ્યો. હજુ વીજળી ચમકતી હતી, અને એની સાથે ઘણા દૂરથી વાદળનો ગડગડાટ. પણ તોય લાગતું નહોતું કે વરસાદ ખૂબ જલદી આવશે. ધીમે-ધીમે તૈયારી થઈ રહી હતી. વરસાદ વખતે મધરાત પછી આવશે.

રસ્તાની બત્તીઓ ખૂબ ઝાંખી હતી, અને પાછી ઊંચી હતી તેથી ઓળખીતા માણસનો ચહેરો ઓળખતાં પણ વાર લાગે.

સામેથી કોઈ માણસ આવતો હતો. હજુ એ લગભગ વીસથી ત્રીસ ગજ દૂર હતો. આ વખતે એક બત્તી નીચે આવ્યો તેથી માથાના બ્રાઉન વાળ ચમકવા માંડ્યાં.

બીજી બત્તી નીચે બરાબર ઓળખાયો. હેલમુટ. એ અન્યમનસ્ક ભાવે નીચું જોઈને ચાલતો હતો.

હવે દસ હાથ દૂર હતો. તેનાં ભવાં સંકોચાયેલાં હતાં. બંને હાથ પૅન્ટના ખીસામાં ખોસેલા હતા.

હેલમુટ મારી પડખેથી ઉતાવળે પગલે ચાલ્યો ગયો છતાં એણે મને જોયો નહિ.

પાછા વળી વ્યાકુળભાવે થોડી વાર સુધી હું એના ધીમે-ધીમે નાના બની જતા કદને તાકી રહ્યો. એ પછી હું ધીમે-ધીમે હોટેલ ભણી જવા રવાના થયો.

રૂમ પર પહોંચી જોયું તો ફેલુદા છાતી પર ડાયરી રાખી ખાટલા પર ચત્તોપાટ પડ્યો હતો. મેં કહ્યું, ''અર્ધો કલાક થઈ ગયો, ફેલુદા.'' ફેલુદા બોલ્યો, ''સસ્પેક્ટની યાદી અપ-ટુ-ડેટ કરી લીધી.''

મેં કહ્યું, ''વીરેન્દ્ર શેલભાંકાર પણ સસ્પેક્ટ છે એ તો પહેલેથી ખબર હતી પણ કેવળ નામ જ નહોતી ખબર ડૉક્ટર વૈદ્ય પણ શું સસ્પેક્ટ?''

ફેલુદા જરાક હસીને બોલ્યો, ''એ માણસ ચમત્કાર ખૂબ સરસ દેખાડી ગયો હો. જોકે ચમત્કાર સંભવ નથી એમ નથી કહેતો અને આજના બનાવમાં એક વાત યાદ રાખવી જરૂરી છે કે વૈદ્યને શેલભાંકાર જોડે ઓળખાણ થઈ હતી. શેલભાંકારે એને શું-શું વાત કરી હતી એ જાણ્યા સિવાય વૈદ્ય બનાવટી છે કે એ સાચો વૈદ્ય છે એ ખબર નહિ પડે.''

''પણ નિશિકાન્તબાબુની વાત કેવી કહી દીધી!''

''એ તો સાવ સહેલું ને સટ. નિશિકાન્ત જે રીતે નખ કરડતો હતો, તેથી તેની નર્વસનેસ સમજવા માટે અલૌકિક ક્ષમતાની જરૂર ન પડે.''

''અને મર્ડર?''

''મર્ડર ન કહેત અને સ્વાભાવિક મૃત્યુ કહેત તો નાટક જામત નહિ. એ માણસ એસેન્શિયલી નાટકિયો છે. ઘણાબધા ગુણી લોકો નાટકિયા હોય છે, અભિનય પસંદ કરતા હોય છે. લોકોને ચકિત કરવાનું એમને ગમતું હોય છે. નાટકિયાપણું માણસોની અનેક સ્વાભાવિક પ્રવૃત્તિમાંની એક પ્રવૃત્તિ છે.''

''તો પછી કોને-કોને સસ્પેક્ટ કરો છો?''

''બધાંને જ.''

''ડૉક્ટર વૈદ્યને પણ?''

"વાઈ નૉટ? મૂર્તિની વાત ભૂલીશ નહિ."

"અને હેલમુટ?" મેં હેલમુટની વાત કરી.

ફેલુદાને જોકે ખૂબ નવાઈ ન લાગી. એ કહે, "હેલમુટ પણ એક રહસ્યમય ચરિત્ર તો છે જ. એ તો હું પહેલેથી જાણતો હતો. એ કહે છે કે પોતે પ્રોફેશનલ ફોટોગ્રાફર છે, સિક્કિમ વિશે એક ફોટોગ્રાફરનું પુસ્તક તૈયાર કરવા માગે છે અને રૂમટેકમાં આવડો મોટો ઉત્સવ થવાનો હતો. એની એને ખબરે નહોતી. એટલે જ તો વહેમ પડ્યો છે."

"એટલે શું?"

"એટલે એ કે એનું અહીં રહી જવાનું કારણ કંઈક બીજું છે, જે એણે આપણને જણાવ્યું નથી."

ફેલુદાએ એ પછી થોડી વાર સુધી કંઈક આડુંઅવળું લખ્યું. મેં તો ખૂબ વિચાર કર્યો પણ હું ગૂંચવાડાનો કોઈ ઉકેલ આણી શક્યો નહિ. અમે આ પહેલાં પણ અદ્ભુત રહસ્યજાળમાં ફસાયા હતા, પણ એકેનું સમાધાન આટલું અઘરું નથી લાગ્યું. એક વાર તો મને થયું કે ફેલુદાએ પોલીસને ખબર દેવા ઉચિત છે. એ એકલો આવડી મોટી જવાબદારી શા માટે માથે લેતો હતો? શેલભાંકારનું ગમે તેણે ખૂન કર્યું હોય, પણ એ કોઈ પાવરધો ક્રિમિનલ છે એમાં શક નથી. જો એ માણસને ફેલુદા તપાસ કરે છે એની જાણ થશે તો એને ઘાયલ કરવાની જરૂર કોશિશ કરશે. પણ ફરી મને એમ થયું કે પોલીસ જો ફેલુદા પહેલાં ખૂનીને પકડી પાડે તો? તો પછી એ મને મુદ્દલે નહિ ગમે. એના કરતાં ફેલુદા જે કરે છે તે ભલે કરતો! જો એ આ કઠિન રહસ્યનું સમાધાન કરી શકશે તો એનું ગૌરવ પચાસગણુ વધી જશે.

પોણા અગિયાર વાગે નિશિકાન્તબાબુ બારણે ટકોરા મારી 'ગુડ નાઈટ' કરી ગયા. મેં થોડી વાર વાર્તાની ચોપડી વાંચવાનો પ્રયત્ન કર્યો. જુલે વર્નની 'કાર્પેથિયન કેસલ' મને ખબર છે કે ખૂબ જ ઇન્ટરેસ્ટિંગ છે, પણ તોય ચિત્ત ન ચોંટ્યું. એટલે થોડી વાર પછી પુસ્તક અને આંખો બંધ કરી ઊંઘ આવતાં પહેલાં વચ્ચે-વચ્ચે આંખો ખોલી, મેં જોયું તો ફેલુદા એની નોટબુકમાં કંઈક લખતો હતો.

મનમાં ભલેને કેટલીયે ફિકર હોય — છતાં રાતના એકે વાર મારી ઊંઘ ઊડી નહોતી. સવારે જ્યારે ઊઠ્યો ત્યારે બારીમાંથી પહાડ પર તડકો ઝગમગતો હતો. ફેલુદા ઘરમાં નહોતો — શું નહાવા ગયો હશે!

જ્યાં ગયો હોય ત્યાં — જતાં પહેલાં તેના પલંગ પર એક સફેદ કાગળ ઍશ-ટ્રે નીચે દબાવીને મૂકી ગયો હતો — વખતે એ મારે માટે જ હશે.

કાગળ હાથમાં લઈ જોયું તો એમાં લખ્યો હતો મારો જાણીતો તિબેટી શબ્દ — જેનો અર્થ હતો 'મૃત્યુ.'

(9)

અસલમાં ફેલુદા બાથરૂમમાં નહોતો ગયો. એ ખૂબ વહેલી સવારે ઊઠી નીચે એક ટેલિફોન કરવા ગયો હતો. બૉમ્બે ટ્રંકકૉલ કરવા. હું નહાઈને નીચે ગયો ત્યારે ફેલુદા ફોનમાં વાત કરતો હતો. વાત પૂરી થઈ એટલે મેં પૂછ્યું, "શું વાત છે?" એ કહે, "શશધરબાબુ મુંબઈમાં નથી. આજ સવારે જ અહીં આવવા નીકળી ગયા છે. આપણા પહેલાંના ટેલિગ્રામથી જ કામ પતી ગયું હતું."

ચા પીતાં-પીતાં ફેલુદા બોલ્યો, "આજે મારે એક ઍક્સપેરિમેન્ટ કરવો છે. એક બાબતમાં હું જરાક છોકરમત કરી બેઠો છું. એ સાચું છે કે ખોટું એની પરીક્ષા કરી જોવી છે."

શાનો ઍક્સપેરિમેન્ટ, એ પૂછવાની મારી હિંમત ન ચાલી. ક્યાં કરીશ એમ પૂછ્યું તો

કહે, "નિર્જન જગ્યામાં. મેં પૂછ્યું, "એકાંત રૂમમાં થશે ?" એટલે ખિજાઈને ફેલુદા બોલ્યો, "તારું માથું! રૂમ તો હોટેલમાં પણ છે. એવો એક રસ્તો જોઈએ જ્યાં લોકોની ભીડ ન હોય. કારણ, લોકો જોશે તો મને પાગલ જ માનશે. એક વાર નાથુલા રોડ તરફ જઈને જોવું પડશે."

સાચું કહું તો આ બે દિવસથી ગૅંગટોક આવ્યા છીએ પણ આ એક રસ્તા સિવાય કશું જ જોયું નથી. તેથી જરાક ચાલવાનું બહાનું મળતાં ગમ્યું જ હતું.

હોટેલથી નીકળ્યા કે ડૉક્ટર વૈદ્ય મળી ગયા. તડકો ખૂબ હતો. તેથી એમણે સન-ગ્લાસીસ પહેર્યા હતા. એમણે પૂછ્યું "ક્યાં જાઓ છો?" ફેલુદા કહે, "શહેર જોયું નથી. તેથી જરાક ઉપર ભણી જવાનો ઇરાદો છે— પૅલેસની પેલી તરફ."

"હું જાઉં છું ગાડીની તપાસમાં. આજ દિવસ સારો છે. એ ગુડ ડે ટુ મેઇક પૅટ ટ્રીપ ટુ પેમિયાંગચિ. તમે નહિ આવો તો એક સરસ જગ્યા મિસ કરશો."

"જવાની ઇચ્છા તો છે."

"હું છું ત્યાં આવી જાઓ. ગૅંગટોક જગ્યા ખૂબ સુવિધાજનક નથી. અને ખાસ કરીને તમારે માટે તો મુદ્દલે નિરાપદ નથી." તેઓ હસતા હસતા હાથ હલાવી ચાલ્યા ગયા.

મેં પૂછ્યું, "અચાનક એમણે એમ શા માટે કહ્યું?"

ફેલુદાએ ચાલતાં-ચાલતાં કહ્યું, "એ ખૂબ ચાલાક માણસ છે. હું જેમ એમના પર શક કરું છું, તેઓ પણ મને એમ જ શક કરે છે. વખતે એમને ખબર પડી ગઈ છે કે હું એક ગોલમાલ જોડે સંકળાયેલો છું."

"પણ તમને તો સાચે જ કોઈએ લેખિત ધમકી આપી છે. ફેલુદા! પલંગ પર મેં કાગળ જોયો."

"એમાં વળી નવી વાત શું છે?"

"ના, એમ નહિ."

"તને શું એમ લાગે છે કે એ તિબેટી શબ્દને લીધે હું તપાસ બંધ કરી દઈશ? તો પછી તું ફેલુ મિત્તિરને હજુ ઓળખતો નથી."

હું મોંએ ન બોલ્યો, પણ મનોમન બોલ્યો કે જો કોઈ ફેલુ મિત્તિરને ઓળખતું હોય તો એ હું જ છું. બાદશાહી વીંટીની બાબતમાં ધમકી દેવા છતાં પણ ભયંકર મુસીબતમાં સામી છાતીએ ફેલુદાએ ઝંપલાવ્યું હતું એ મને ક્યાં ખબર નથી!

ચઢાણ પૂરું થઈ રસ્તો ફ્લૅટ થઈ જઈ અંતે એક જગ્યાએ અતિશય પહોળી—લગભગ દાર્જિલિંગના મૉલ જેમ—ખુલ્લી જગ્યાએ આવી પહોંચ્યો હતો. એની વચ્ચે એક નીચી રેલિંગથી ઘેરેલી ફૂલની ક્યારીઓ કરેલી ગોળ જગ્યા હતી. વળી એની વચ્ચે એક પીળા લાકડાના પોસ્ટ પર આ તરફ પેલી તરફ પૉઇન્ટ કરી બધા રસ્તા અને જગ્યાનાં નામ લખેલાં પાટિયાં હતાં. જમણી તરફ જે પાટિયું પૉઇન્ટ કરતું હતું તેમાં લખ્યું હતું — 'પૅલેસ.' જમણી તરફ જોયું તો બંને તરફ ઝાડની હારવાળા એક સીધા રસ્તાને છેડે એક સુંદર ગેટ દેખાતો હતો. લાગ્યું એ પૅલેસનો ગેટ હશે.

ડાબી તરફ દેખાડતા પાટિયા પર લખ્યું હતું– 'નાથુલા રોડ.' આજુબાજુ કોઈ માણસ નહોતું. દૂર પૅલેસના રસ્તા પર કાલે જોયેલા પરદેશી ટૂરિસ્ટો કૅમેરા હાથમાં લઈ આંટા મારતા હતા. ફેલુદા બોલ્યો, "લક્ષણ સારાં છે. ચાલ, ડાબી તરફ ચાલ."

જે નાથુલા રોડ પર થઈને છેક બોર્ડર પર પહોંચી શકાય, એના પર થઈ હું અને ફેલુદા આગળ વધ્યા, ઍક્સપેરિમેન્ટ કરવાના ઉદ્દેશ્યે. રસ્તો ધીમે-ધીમે નિર્જન થવા માંડ્યો હતો. ફેલુદા ડાબી તરફના ઊભા પહાડ તરફ નજર રાખી આગળ વધ્યો. આ શહેરની પૂર્વ બાજુ છે. કાંચનજંઘા પશ્ચિમ તરફ છે. આ તરફ બરફ નથી દેખાતો. પણ નીચે બહુ દૂર બે પહાડની

વચ્ચેથી વહી જતી એક નદી દેખાય છે. બીજી એક વસ્તુ દેખાય છે એ છે રોપ-વે. શૂન્યમાં ટાંગેલા તારના રસ્તા પર ઝૂલતી ગાડી માલ લઈને એક પહાડની ટોચ પરના એક સ્ટેશનેથી બીજી ટોચના બીજા સ્ટેશન પર ચાલી જતી હતી.

રોપ-વે જોવાનું એટલું બધું ગમી ગયું કે પહેલી વાર ફેલુદાએ બૂમ પાડી એ કાનેય નહોતી પડી. એ પછી સાંભળ્યું, ''એઈ તોપસે–આમ આવ.''

પહાડ પર થોડે ઉપર ચડી જઈ ફેલુદા ત્યાં ઊભો મને હાથેથી ઇશારો કરી બોલાવતો હતો.

હું પણ ઉપર ચડી ગયો. ફેલુદા પાસે એક પથ્થર પડ્યો હતો, એની સાઇઝ પાંચ નંબરના ફૂટબૉલ જેવડી હતી.

''આ પથ્થર પાસે ઊભો રહે.''

હું ઊભો રહ્યો. આવો આસિસ્ટંટ કોઈ ડિટેક્ટિવને ક્યારેય મળ્યો હશે એમ હું નથી માનતો.

''હું નીચે જાઉં છું. આ બાજુથી પેલી બાજુ ચાલતો જઈશ. હું જ્યારે કહું ત્યારે તું પથ્થરને ધક્કો મારી નીચે ગબડાવી દેજે. જે રીતે પથ્થર પડ્યો છે, તે પરથી દેખાય જ છે કે જરાક ધક્કો લાગતાં એ નીચે ગબડી જશે. કરી શકીશ?''

''આ તો સહેલું ને સટ છે.''

ફેલુદા નીચે ઊતરી જે દિશામાંથી અમે આવ્યા હતા એ તરફ ચાલ્યો ગયો.

એ પછી મેં એની બૂમ સાંભળી. ''રૅડી?''

મેં પણ બૂમ મારી કહ્યું, ''રૅડી'' — અને પછી ફેલુદાનાં પગલાં સંભળાયાં.

મારી સીધી લાઇનમાં આવવાને હજુ દસ–પંદર ડગલાં બાકી હતાં ને ફેલુદાએ બૂમ પાડી– ''ગો.'' મેં પથ્થર ધકેલી દીધો. ફેલુદા અટક્યો નહિ, ચાલતો જ રહ્યો. જોયું તો પથ્થર રસ્તા પર પહોંચે તે પહેલાં જ ફેલુદા લગભગ દસ ડગલાં આગળ નીકળી ગયો હતો.

''ઊભો રહે.''

ફેલુદા પાછો પથ્થર સાથે ઉપર આવ્યો.

''આ વખતે તું નીચે જા. તારે ચાલવાનું છે. અટકીશ નહિ. હું પથ્થર ફેંકીશ. જો લાગે કે પથ્થર તારા તરફ આવે છે—વખતે શરીરે લાગેય ખરો—તો તું બાજુમાં હટી શકીશ ને?''

''એ તો સાવ સહેલું છે.''

આ વખતે મેં ચાલવા માંડ્યું–આડી નજરે પહાડ ભણી જોતાં-જોતાં. ફેલુદાએ ખૂબ હિસાબ કરી, જીભ કચરી એક ખાસ સમયે પથ્થરને ઠેલો માર્યો. હું અટક્યો નહિ. કૂદીને બાજુમાંયે ખસવાની જરૂર ન પડી. હું ત્યાં પહોંચું તે પહેલાં જ પથ્થર રસ્તા પર બે ઠોકર ખાઈ, જમણી તરફના પહાડના ઢાળ પર થઈ નીચે ગબડી ગયો.

ફેલુદા જ્યાં હતો ત્યાં જ બેસી પડ્યો. હવે શું કરવું? હુંય એની પાસે જઈ હાજર થયો.

''કેવો મૂર્ખ! હું કેવો મૂર્ખ છું! આટલી સીધી–''

ફેલુદાનું વાક્ય પૂરું ન થયું. એક અવાજ મારા કાને આવતાં એક નજર ઉપર કરી જોયું અને એક આંચકે-ખેંચીને ફેલુદાને એ જ્યાં હતો એ જગ્યાએથી લગભગ ત્રણ હાથ દૂર ખેંચી ગયો. અને બરાબર એ જ વખતે એક જબરદસ્ત મોટો પથ્થર એક સેકન્ડ પહેલાં જ્યાં ફેલુદા હતો ત્યાંથી ગબડીને જંગલી લાલ ફૂલના એક જબ્બર મોટા છોડવાના ઝુંડને કચડી નાખી રસ્તા પર માત્ર એક વાર ઠોકર ખાઈને પાછળના ઢાળ પરથી નીચે અદૃશ્ય થઈ ગયો.

ફેલુદા, ''જગ્યા સાચે જ નિરાપદ નથી'' કહીને મારો હાથ પકડી, મને ખેંચી રસ્તા પર ઊતરી પડ્યો. અને પછી બંને ચૂં કે ચાં કર્યા વિના ઉતાવળે પગલે સીધા ત્રિભેટાના નાકા પર

પહોંચી ગયા. એક મિલિટરી લૉરી અમારી પાસે થઈ નાથુલા ભણી ચાલી ગઈ. ફેલુદા કેવળ એક વાર મૃદુ સ્વરે બોલ્યો, "થેંક્સ, તોપસે." એના તરફ જોયું તો એ ગંભીર થઈ ગયો હતો. મારા મનની સ્થિતિની વાત કરવાનો કોઈ ફાયદો નથી.

પાસે એક છાપરીવાળી બેસવાની જગ્યા હતી. લગભગ ઇડન ગાર્ડનના બૅન્ડસ્ટૅન્ડ જેવી દેખાતી હતી. અમે એની અંદર જઈ બેંચ પર બેઠા, અને નિરાંતનો શ્વાસ લીધો. ફેલુદાએ કપાળ પરનો પરસેવો લૂછતાં કહ્યું—

"કોઈ દેખાયું?"

મેં કહ્યું, "ના, ખૂબ ઊંચેથી પથ્થર આવતો હતો. મેં જોયું ત્યારે એની વેલોસિટી ખૂબ વધારે હતી."

ફેલુદાએ એક સિગરેટ સળગાવી, જોરથી કશ મારી બોલ્યો, "હવે ઢીલ કર્યે નહિ ચાલે. જલદીથી ઇસ પાર કે ઉસ પાર કરવાની જરૂર છે."

મેં કહ્યું, "પણ અનેક પ્રશ્નોના તો હજુ જવાબ પણ નથી મળ્યા, ફેલુદા."

"એવું તને કોણે કહ્યું?" ફેલુદા છેડાઈ ગયો. "કાલે રાત્રે ક્યારે સૂતો છું ખબર છે? અઢી વાગે. ફેલુ મિત્તિર ઘોડાનું ઘાસ નથી કાપતો. એક્સપેરિમેન્ટ સક્સેસફુલ. જે શક હતો એ સાચો પડ્યો. પથ્થર આવીને ગાડી પર નહોતો પડ્યો. 'વન ઇન એ મિલિયન ચાન્સ'ની પર ભરોસો રાખી કોઈ ખૂન ન કરે. પ્લાન તો બીજો જ હતો, પણ એને ઍક્સિડેન્ટમાં ખપાવવા માટે પથ્થર ફેંક્યો હતો. મિસ્ટર શેલભાંકારને પહેલેથી જ બેહોશ બનાવ્યા હશે. એ પછી જીપ સાથે ખીણમાં નાખી દીધા, અને બધું પૂરું થયા પછી પથ્થર ફેંક્યો હતો."

"પણ તો પછી.....ડ્રાઇવર.....જે....."

"ડ્રાઇવરને ફોડેલો હશે. આ વિષયમાં મને મુદ્દલે શક નથી, કારણ, એ સિવાય બીજો રસ્તો જ નથી."

"અથવા ડ્રાઇવરે પોતે જ ખૂન કર્યું હોય?"

"ના, કારણ, મોટિવ શું? તેને માટે મૂર્તિની વાત જાણવી મુદ્દલે શક્ય નથી."

ફેલુદા ઊભો થયો.

"આપણું ટાર્ગેટ છે SKM 463."

પણ દુઃખનો વિષય એ છે SKM 463ની તપાસ કરી તોય ન મળી. એ ગાડી કાલે રાત્રે જ શિલિગુડી ચાલી ગઈ હતી.

"અસલમાં વાત શું છે, ખબર છે? જીપ નવી છે એટલે બધાની નજર એના પર જ છે. તેથી એને બેસી રહેવું નથી પડતું."

"તો પછી હવે આપણે શું કરીશું?"

"ઊભો રહે, જરાક વિચાર કરવા દે. બધું ગોટાળે ચડી જાય છે."

જીપ-સ્ટૅન્ડથી અમે હોટેલ પર પાછા આવ્યા. ડાઇનિંગરૂમમાં બેસી બેરાને બોલાવી, કોલ્ડ્રિંકનો ઑર્ડર આપ્યો. ફેલુદાની આંખો લાલ, વાળ વીખરાયેલા, ડાબા હાથની હથેળીમાં જમણા હાથની મુઠ્ઠી વારે-વારે અમસ્તો જ પછાડતો હતો.

"આપણે અહીં ક્યારે આવ્યા?" એણે અચાનક પૂછ્યું.

"ચૌદમી એપ્રિલ."

"ચૌદ કે પંદર?"

"ચૌદ, ભૂલી ગયા તમે, ફેલુદા? તે દિવસે પ્રથમ વૈશાખ....."

"યસ-યસ. અને ખૂન ક્યારે થયું?"

"અગિયારમીએ."

"તે દિવસે ગૅંગટોકમાં હતા શેલભાંકાર, નિશિકાન્ત, હેલમુટ અને ડૉક્ટર વૈધ."

"અને વીરેન્દ્ર."

"માની લઈએ કે વીરેન્દ્ર પણ હતો. માની લઈએ કે પ્રાઇટેક્સે ભૂલ નહોતી કરી. અચ્છા.....નિશિકાન્તબાબુની બારીમાંથી કાગળ ક્યારે ફેંકાયો હતો?"

"જે દિવસે આપણે આવ્યા હતા તે જ રાત્રે."

"ચૌદમીની રાતે. ગુડ. એ વખતે શહેરમાં કોણ-કોણ હતું?"

"હેલમુટ, શશધર, માની લઈએ વીરેન્દ્ર, અને..... અને....."

"નિશિકાન્ત."

"નિશિકાન્ત તો હોય જ!"

"હોય જ. ધારો કે એણે પોતે જ કંઈક ગોલમાલ કરી હોય, તો પછી પોતાના પરથી શક હટાવવા માટે પોતે જ પોતાના ઘરમાં કાગળ ફેંકે, પોતે જ પોતાની મેળે ખીણમાં કૂદી પડી 'હેલ્પ' 'હેલ્પ' કરી બૂમો પાડી શકે."

"નિશિકાન્તબાબુ ગોલમાલ કરી શકે?"

"એ તો ખબર નથી, પણ એમનામાં ખૂન કરવાની હિંમત હોય એવું હું નથી માનતો. એ સાવ ડરપોક છે. અને એ ડર અભિનય નથી."

"તો પછી કોઈ બાકી રહ્યું?"

"ડૉક્ટર વૈધ! ડૉક્ટર વૈધને બાકાત નહિ રાખતો! તેઓ કાલિમપોંગ ગયા હતા કે ઍટ અૉલ ગયા જ નહોતા–એ પણ આપણને ક્યાં ખબર છે! ડાકબંગલામાંથી નીકળી એ બીજી જગ્યાએ છુપાઈને બેસી નથી રહ્યા એની શી ગેરંટી?"

ફેલુદાએ એક ઘૂંટડે એક ગ્લાસ સિક્કિમ ઓરેંજ પૂરું કરી કહ્યું, "એકમાત્ર શશધરબાબુ માટે સંદેહ કરવાનું કારણ નથી — કારણ, તેઓ આપણી સાથે એક જ પ્લેનમાં અને એક જ જીપમાં ગૅંગટોક આવ્યા હતા. અને બીજે દિવસે બૉમ્બે પાછા ગયા. પાછા ગયા છે એ વાત એમના ઘરના માણસે ફોન પર કન્ફર્મ કરી છે. જોકે અત્યારે તેઓ બૉમ્બેમાં નથી. એક ચાન્સ છે. હી ઇઝ ઑન હિઝ વે હિયર. મને થાય છે પેમિયાંગચિ—"

ફેલુદા બોલતો અટકી ગયો. બહારથી એક હિપ્પી આવી હોટેલમાં દાખલ થઈ મૅનેજરના ટેબલ તરફ આગળ વધ્યો. એ હતો અમારો જર્મન હિપ્પી હેલમુટ ઉંગાર. મૅનેજરને કંઈક પૂછતાં એમણે અમારા તરફ આંગળી ચીંધી.

"ઓહ, તમે અહીં છો? મેં તમને જોયા નહિ."

અમે ખુરશી પરથી ઊભા થાય. હેલમુટ જરાક અચકાતો હોય એમ લાગ્યું. પછી બોલ્યો, "એક જરૂરી વાત કરવી છે. તમારી રૂમમાં જઈ શકીએ?"

(10)

રૂમમાં પ્રવેશ્યા પછી હેલમુટ બોલ્યો, "મે આઈ ક્લોઝ ધ ડોર?" એ પછી પોતે જ જઈને રૂમનાં બારણાં બંધ કરી આવ્યો.

મારી છાતી ધડકવા માંડી. એક પડછંદ માણસ–ફેલુદા કરતાં એક ઇંચ ઊંચો. એમાં પાછો જર્મન. તેમાં વળી સાંભળ્યું હતું કે હિપ્પીઓ જાતજાતના નશા કરતા હોય છે. અને વિદેશી પાસે બંદૂક — પિસ્તોલ જેવી વસ્તુ હોય તો કંઈ નવાઈ નહિ. જો એ કોઈ બદ-મતલબથી આવ્યો હશે તો?

ફેલુદાએ હેલમુટની પાસે એક ખુરશી મૂકી પૂછ્યું–"કોલ્ડ-ડ્રિંક કે ચા-કૉફી ચાલશે?"

"નો થેંક્સ."

હેલમુટે ખભા પરથી કૅમેરા ઉતારી ખાટલા પર મૂકી બગલમાં રાખેલા આગફા કંપનીના એક મોટા લાલ કવરમાં હાથ નાખી કહ્યું, “તમને કેટલાક ફોટા દેખાડવા આવ્યો છું. આ બધા કલર નૅગેટિવ પરથી ઉતાર્યા છે. અહીં પ્રિન્ટ નથી થતી, તેથી દાર્જિલિંગ મોકલ્યા હતા. આજે સવારે એનલાર્જમેન્ટ થઈ આવ્યા છે.”

હેલમુટે એક ફોટો બહાર કાઢ્યો.

“આ નૉર્થ સિક્કિમ હાઈ-વે પરથી પાડ્યો છે. ઍક્સિડેન્ટ જ્યાં થયો હતો, ત્યાંથી રસ્તો પહાડ પર ફરીને એકદમ ઊલટી દિશાના પહાડ પર ચાલ્યો ગયો છે. પાતળી રિબન જેવો રસ્તો ઍક્સિડેન્ટની જગ્યા પરથી દેખાય છે. મેં આ ફોટો એ ઊલટી બાજુના રસ્તા પરથી પાડ્યો છે. ગામ, નદી અને દસ કિલોમીટર દૂરનો સિક્કિમનો થોડો ભાગ, બધું મળીને એક અદ્ભુત સુંદર વ્યૂ અહીંથી જોવા મળે છે. અમે નક્કી કર્યું હતું કે શેલભાંકાર ગુફા તરફ જતાં, રસ્તામાંથી મને સાથે લઈ લેશે, પણ એની ગાડી મારા સુધી પહોંચી જ નહિ. ફોટા પાડતાં-પાડતાં એક અવાજ સંભળાતાં મેં એ તરફ નજર કરી, જે દૃશ્ય જોવા મળ્યું, એનો મેં ટેલિફોટો-લેન્સ વડે ફોટો પાડી લીધો.”

આશ્ચર્યકારક ફોટો. આટલા દૂરથી પાડ્યો હતો છતાં લગભગ બધું જ બરાબર દેખાતું હતું. એક જીપ પહાડ પરથી ગબડી પડતી હતી. તેનાથી થોડે ઊંચે રસ્તા પર એક માણસ ઊભો પડતી જીપને જોતો હતો. લાગે છે એ ડ્રાઇવર હશે. ચહેરો ઓળખાતો નહોતો. પણ એણે બ્લૂ રંગનું શર્ટ પહેર્યું હતું, એવું લાગ્યું. એ સિવાય કોઈ માણસ એ ફોટામાં નહોતું.

એ પછી હેલમુટે બીજો એક ફોટો બહાર કાઢ્યો. એ પહેલો ફોટો પાડ્યા પછી થોડીક સેકન્ડ બાદ પાડ્યો હતો. એ તો વધારે જ અદ્ભુત ફોટો હતો. એમાં નીચેની તરફ જીપ ભાંગેલી હાલતમાં આડી પડેલી દેખાતી હતી. અને જમણી બાજુ જરાક ઉપર ઝાડોની પાછળ એક કાળો સૂટ પહેરેલી વ્યક્તિ જમીન પર સૂતેલી હાલતમાં દેખાતી હતી. ફોટામાં ઉપરની બાજુ રસ્તા પર પેલો ડ્રાઇવર. આ વખતે કમર પર હાથ મૂકી ઊભો રહી અમારી તરફ પીઠ કરી માથું ઊંચું કરી ઉપર જોતો હતો. ફોટાની એકદમ ઉપરના ભાગમાં પહાડ પર આ વખતે એક નવી જ વ્યક્તિ નજરે પડી. એનોય ચહેરો ઓળખી શકાય એમ નહોતું, પણ એના શર્ટનો લાલાશ પડતો રંગ હતો. એ એક મોટા પથ્થરની પાછળ ઊભડક બેઠો હતો.

ત્રીજા ફોટામાં લાલ પોશાક પહેરેલો માણસ દેખાતો નહોતો; બ્લૂ શર્ટ પહેરેલો માણસ દોડતો હોય એમ ફોટામાંથી લગભગ બહાર ચાલ્યો ગયો હતો; ગાડી અને કાળો સૂટ પહેરેલો માણસ જેમ હતાં તેમ પડ્યાં હતાં. અને પહાડ પર જે પથ્થર હતો એ રસ્તા પર એક ઝાડ પાસે પડ્યો હતો.

“રિમાર્કેબલ”, ફેલુદા બોલી ઊઠ્યો. “અદ્ભુત ફોટાઓ, આવા ફોટા મેં બહુ ઓછા જોયા છે.”

“આવી તક પણ ઓછી મળે ને?” હેલમુટ બોલ્યો.

“તમે ફોટા પાડ્યા પછી શું કર્યું?”

“ગૅંગટોક પાછો આવ્યો. ચાલતો ગયો હતો એટલે ચાલતો જ પાછો આવ્યો. ઍક્સિડેન્ટની જગ્યાએ પહોંચતાં પહેલાં શેલભાંકારને ઊંચકીને લઈ ગયા હતા. મેં કેવળ પથ્થર અને ભાંગેલી જીપ જોયાં. ગૅંગટોકમાં દાખલ થતાં જ ઍક્સિડેન્ટના ખબર મળ્યા. અને મળતાં જ સીધો હૉસ્પિટલ ચાલ્યો ગયો. મારા ગયા પછી પણ શેલભાંકાર બે કલાક જીવ્યા હતા.”

“તમારા ફોટાની વાત તમે કોઈને કરી નહિ?”

“કહેવાથી શો લાભ? જ્યાં સુધી ફોટાઓ પ્રિન્ટ થઈને ન આવે, ત્યાં સુધી એને પુરાવા હિસાબે વાપરી કેમ શકાય? મોંની વાત કોણ માને? અને છતાં હું તો એ જ પળથી જાણતો

હતો કે ઘટના કઈ રીતે બની હતી. મને ખબર છે કે એ ઍક્સિડેન્ટ નહિ, ખૂન જ હતું. અને વધુ પાસેથી ફોટા પાડત તો ખૂનીનો ચહેરો પણ ઓળખાત. પણ એ તો સીધી વાત છે કે એ શક્ય નહોતું.''

ફેલુદાએ મેગ્નિફાઇંગ ગ્લાસ વડે ફોટાઓ જોતાં-જોતાં કહ્યું ''એ લાલ પોશાક પહેરેલો માણસ તો પછી શું વીરેન્દ્ર છે?''

''ઇમ્પોસિબલ.'' હેલમુટ ખૂબ દૃઢતાથી બોલ્યો.

અમે બંને જણા રીતસર નવાઈ પામી એના ભણી જોઈ રહ્યા.

''એટલે?'' ફેલુદા બોલ્યો, ''તમે એટલી ખાતરીથી શી રીતે કહી શકો છો?''

''કારણ, હું પોતે જ છું વીરેન્દ્ર શેલભાંકાર.''

ફેલુદાની આંખોને મોટી-મોટી રસગુલ્લાં જેવડી થતાં આ પહેલી વાર જોઈ.

''તમે વીરેન્દ્ર એટલે? તમારા વાળ બ્રાઉન, તમારી આંખો ભૂરી, તમારા અંગ્રેજી બોલવામાં જર્મન લહેકો.....''

''વેરી સિમ્પલ.'' હેલમુટ ખુરશી પરથી ઊભો થયો. ''મારા બાપુએ બે વાર લગ્ન કર્યાં હતાં. હું પ્રથમ પત્નીનું સંતાન છું. મારી મા જર્મન હતી. બાપુ જ્યારે હાઈડેલબર્ગમાં વિદ્યાર્થી હતા, ત્યારે મારી મા સાથે ઓળખાણ થઈ હતી. અને ત્યાં હતા ત્યારે જ એમણે લગ્ન કર્યાં હતાં. માનું નામ હતું હેલ્ગા. લગ્ન પહેલાં અટક હતી ઉંગાર. હું જ્યારે હિંદ છોડી જર્મન જઈ સેટલ થયો ત્યારે મેં વીરેન્દ્ર નામ છોડી દઈ હેલમુટ નામ રાખ્યું અને મારી માની અટક રાખી.''

મારું મગજ ચકરાવા માંડ્યું. સાચે જ તો–જર્મન પત્ની હોય તો દીકરાનો ચહેરો સાહેબ જેવો દેખાય એમાં નવાઈ શું?

''તમે ઘર છોડી કેમ ચાલ્યા ગયા?'' ફેલુદાએ પૂછ્યું.

''મા મરી ગયાને પાંચ વર્ષ પછી બાપુએ જ્યારે ફરી લગ્ન કર્યાં ત્યારે મારું દિલ તૂટી ગયું. માને હું અતિશય વહાલ કરતો. બાપુ પણ મને ગમતા. પણ એ બનાવ પછી મારું મન ખાટું થઈ ગયું. બાપુ પર એક ઘૃણાનો ભાવ જાગ્યો. તેથી બધું છોડી કરીને ચાલ્યો ગયો. બહુ કષ્ટે ઘણી વાર જિંદગીને હોડમાં મૂકી હું અંતે યુરોપ પહોંચ્યો. શરૂઆતમાં કેટલાંક વર્ષ કુલીગીરીથી માંડીને એવાં એકે કામ નથી જે મેં નહિ કર્યાં હોય. લગભગ સાત-આઠ વર્ષ આમ મુસીબત વેઠી, પછી ફોટોગ્રાફી શીખ્યો. સારા ફોટોગ્રાફર તરીકે પંકાયો પણ ખરો. અનેક સામયિકોમાં મારા પાડેલા યુરોપના અનેક દેશોના ફોટાઓ છપાયા છે. ચારેક વર્ષ પહેલાં ફ્લૉરેન્સમાં ફોટો પાડતો હતો ત્યારે બાપુના મિત્રે મને જોયો. એમણે મને ઓળખી કાઢ્યો, અને એમણે જ બાપુને મારા ખબર પત્ર લખી જણાવ્યા. એ પછી બાપુએ મને શોધી કાઢવા માટે ડિટેક્ટિવ રોક્યો. પછી મેં દાઢી વધારવા માંડી. અને મારી આંખની કીકીનો રંગ પણ બદલી નાખ્યો.''

''કૉન્ટેક્ટ લેન્સથી?'' ફેલુદાએ પૂછ્યું.

હેલમુટે જરાક હસીને એની બંને આંખોમાં આંગળી ખોસી બંને પાતળા લેન્સ કાઢી અમારી સામે જોયું. અમે નવાઈ પામી જોયું કે એની આંખો અમારા જેવી જ કાળી હતી. બીજી પળે એણે ફરી લેન્સ પહેરી લીધા. અને પછી એ બોલ્યો : ''એકાદ વર્ષ પહેલાં એક હિપ્પીની ટોળી સાથે હું હિંદુસ્તાન આવ્યો. મારી દેશ પરની લાગણી ક્યારેય ઓછી નહોતી થઈ. મારી પાછળ ત્યારેય માણસો પડ્યા હતા. બાપુએ મને શોધવા પુષ્કળ પૈસો ખર્ચ્યો હશે. કાઠમંડુમાં એક મોનેસ્ટરીમાં હતો. જ્યારે જોયું કે ત્યાં પણ ડિટેક્ટિવ પાછળ લાગેલો છે, એટલે સિક્કિમ આવી ગયો.''

ફેલુદા બોલ્યો, ''તમને મળીને તમારા પિતાજી ખુશ ન થયા?''

“મને ઓળખી જ ન શક્યા. હું પહેલાં કરતાં ખૂબ દૂબળો થઈ ગયો છું. તેમાં પાછા મારા વધારેલા લાંબા વાળ અને દાઢી-મૂછ, મારી ભૂરી આંખો. આ બધાં કારણોને લીધે જ લાગે છે તેઓ મને ઓળખી નહિ શક્યા હોય. મારી પાસે બેસી તેઓ વીરેન્દ્ર વિશે અફસોસ કરતા. હિંદ પાછો આવ્યો એ પહેલાં જ બાપુ પરથી મારી ઘૃણા ઘણી બધી ઓછી થઈ ગઈ હતી; ઉંમર વધતાં માણસો ઘણીબધી વસ્તુઓ સ્વીકારી લેતાં શીખતા હોય છે. પણ જ્યારે જોયું કે એમણે મને ઓળખ્યો નથી, એટલે મેંય મારી ઓળખાણ ન આપી. વખતે આપત ખરો, પણ તેની તક જ ક્યાં મળી!”

“ખૂની કોણ છે? એ સંબંધે તમારી શી ધારણા છે?”

“ફ્રૅંકલી કહું?”

“ચોક્કસ.”

“મારા મત પ્રમાણે ડૉક્ટર વૈદ્યને ગમે તે રીતે નાસી જતા રોકવા જોઈએ.”

ફેલુદા સંમતિસૂચક રીતે માથું હલાવી લગભગ ખૂબ જ આસ્તેથી બોલ્યો, “હું પણ તમારી સાથે એકમત છું.”

હેલમુટ (શું હવે વીરેન્દ્ર કહેવું ઉચિત છે?) બોલ્યો, “એને તો ખબર નથી કે હું જ વીરેન્દ્ર છું. તેથી ધડ લઈને મારી સામે જ કાલે એ નામ એણે કહી દીધું. અને એ જ ઘડીએ મારી એના વિશેની ધારણા સંપૂર્ણપણે પલટાઈ ગઈ. મારા માનવા પ્રમાણે એ માણસ એક નંબરનો પાખંડી, બનાવટી અને શયતાન છે. એણે જ ખૂન કર્યું છે. અને મૂર્તિ પણ એણે જ લીધી છે.”

ફેલુદાએ પૂછ્યું, “તે દિવસે શેલભાંકાર જ્યારે ગુફા જોવા ગયા ત્યારે તેઓ એકલા જ ગયા હતા?”

“એ હું કહી નથી શકતો. હું તો ખૂબ વહેલો નીકળી ગયો હતો. જોકે ડૉક્ટર વૈદ્ય એમને અધવચ્ચે રોકીને ગાડીમાં ચઢી બેઠા હોય એવું પણ બને. કોઈ પર અવિશ્વાસ કરવો એ બાપુના સ્વભાવમાં જ નહોતું. આમ પણ તેઓ અત્યંત સરળ પ્રકૃતિના માણસ હતા.”

ફેલુદાએ ખાટલા પરથી ઊભા થઈ ગંભીર બની થોડી વાર આંટા માર્યા. પછી બોલ્યો, “અમારી સાથે પેમિયાંગચિ આવશે?”

હેલમુટ દૃઢ સ્વરે બોલ્યો, “બાપુના ખૂનીને હાથકડી પહેરાવવા માટે હું ક્યાંય પણ જવા તૈયાર છું.”

“અહીંથી એ જગ્યા કેટલી દૂર છે ખબર છે?”

“સાંભળ્યું છે લગભગ સોએક માઇલ. વખતે થોડી વધુ પણ હોય.”

“એટલે કે છ–સાત કલાકનો મામલો.”

“રસ્તો ખરાબ ન હોય તો એથીયે જલદી પહોંચી શકાય. મારી દૃષ્ટિએ તો આજે જ, જેટલું બની શકે એટલું જલદી નીકળી જવું ઉચિત છે.”

ફેલુદા બોલ્યો, “મારું પણ એમ જ માનવું છે. હું એક જીપની વ્યવસ્થા કરું છું. સામાન વધુ નહિ લઈએ સાથે તો સારું.”

“તમે જીપ કરો. હું ડાકબંગલાના બુકિંગનું પતાવી આવું. બાય ધ વે—”

હેલમુટ બહાર નીકળવા જતાં અટકી જઇ ફેલુદા ભણી ફરીને બોલ્યો, “એ માણસ એટલો બધો ડેન્જરસ લાગે છે, તેથી એની પાસે બંદૂક કે ગન વગેરે હોય તો નવાઈ નહિ. આ તરફ મારી પાસે તો ફ્લૅશ-ગન સિવાય બીજું કંઇ નથી. તમારી પાસે—”

હેલમુટનું વાક્ય પૂરું થાય તે પહેલાં ફેલુદાએ પોતાની સૂટકેસની અંદર હાથ નાખી રિવૉલ્વર બહાર કાઢી હેલમુટને દેખાડી દીધી.

"અને આ મારું કાર્ડ."

ફેલુદાએ પોતાનું 'પ્રાઇવેટ ઇન્વેસ્ટિગેટર' છાપેલું એક વિઝિટિંગ કાર્ડ હેલમુટને આપ્યું.

પણ દુઃખની વાત એ હતી કે તે દિવસે એક પણ જીપ ભાડાથી ન મળી. જે કેટલીક હતી તે બધી જ અમેરિકન ટૂરિસ્ટોને લઈને આખા દિવસ માટે રૂમટેક ચાલી ગઈ હતી. આવતી કાલ માટે જીપની વ્યવસ્થા કરી, આખો દિવસ અમે પગે ચાલી ગૅંગટોક શહેર જોવામાં પસાર કર્યો.

બપોરે બજાર ભણી ગયા ત્યારે નિશિકાન્તબાબુ મળ્યા. તેમને પેમિયાંગચિની વાત કરી એટલે તેઓ ખુશીથી ઊછળી ઊઠ્યા.

સાંજના એમણે એક અદ્ભુત વસ્તુ લાવી દેખાડી. એક હાથ લાંબી લાકડી, એના છેડા પર બાંધેલી હતી નાનકડી કપડાંની થેલી.

"આ શું છે કહો જોઈએ?" નિશિકાન્તબાબુએ હસીને પૂછ્યું. "નથી ખબર ને? આ થેલીમાં મીઠું અને તંબાકુનાં પાન છે. પગમાં જો જળો વળગે, તો આ થેલી જરાક ઘસવાની તેથી જળો બાપડી છૂટી પડશે."

ફેલુદાએ પૂછ્યું, "નાયલૉનનાં મોજાંમાંથી જળો અંદર જઈ શકે?"

"કંઈ ભરોસો નહીં, ભઈ, ગંજી, શર્ટ અરે ડબલ પુલોવરની અંદર જઈ જળોને છાતીનું લોહી પીતી જોઈ છે. અને મજા શું ખબર છે? માનો કે એક લાઇનમાં લોકો ચાલી રહ્યા છે, જળોની જગ્યા પાસેથી. હવે જળોને તો આંખ નથી–જળો તો જોઈ નથી શકતી. માટીના વાઇબ્રેશનથી એને સમજાય કે કોઈ પ્રાણી આવે છે. લાઇનમાં જે માણસ મોખરે હોય, તેના પર જળો હુમલો નહિ કરે, પણ એના વાઇબ્રેશનથી તેઓ બધી સજાગ બનશે. બીજા માણસ વખતે તેઓ માથું ઊંચકશે. અને જે થર્ડ હશે, એનો પછી છુટકારો નહિ–એને પકડે જ." અમે નક્કી કર્યું કે અમે દરેક જણ જળો છોડાવનારી એક-એક લાકડી સાથે લઈ લેશું.

સૂવા જતાં પહેલાં ફેલુદા બોલ્યો, "બે દિવસ પછી પૂર્ણિમા છે, અહીં ઉત્સવ થશે."

"એ ઉત્સવ આપણને જોવા મળશે?" મેં અચકાઈને પૂછ્યું.

"શી ખબર, પણ એથીયે ઘણું વધારે પુણ્યનું કામ થશે જો આપણે શેલભાંકારના હત્યારાને ઝબ્બે કરી શકીશું તો."

આખી રાત આકાશ સ્વચ્છ અને સાફ હતું, અને અમારી બારીમાંથી ચંદ્રના પ્રકાશમાં કાંચનજંઘા દેખાતું હતું.

બીજે દિવસે પરોઢિયે પાંચ વાગે હું, ફેલુદા, હેલમુટ અને નિશિકાન્ત સરકાર થોડો સામાન, ચાર કાગળના બૉક્સમાં તૈયાર કરેલું બપોરનું લંચ અને ચાર જળો છોડાવવાની લાકડી લઈ 'દુર્ગા' બોલી પેમિયાંગચિ જવા રવાના થયા.

(11)

ગૅંગટોકથી પેમિયાંગચિ જવા માટે બે રસ્તા છે — એક કિયુશિંગ થઈ, બીજો નામચીથી નયાબજાર થઈને. કિયુશિંગના રસ્તાથી જઈએ તો પાસે પડે, પણ ગયા કેટલાક દિવસના વરસાદને લીધે એ રસ્તો ખરાબ થઈ ગયો છે, તેથી અમારે નયાબજાર થઈને જ જવાનું હતું. એકસો સત્તાવીસ માઈલ દૂર હતું. આમ પણ બપોરે જમવા માટે નામચી રોકાવું પડત. પણ અમે હોટેલથી પૂરી, બટાટાનું શાક અને માંસ કટલેટ લઈ લીધાં હતાં. તે સિવાય બે ફ્લાસ્કમાં પાણી અને બેમાં ગરમ કૉફી, તેથી રસ્તામાં પછી ખાવા માટે નહિ રોકાઈએ. સાવધપણે જઈશું તોપણ આઠેક કલાકથી વધુ સમય લાગવો ન જોઈએ. તેથી લાગે છે બપોર પહેલાં જ અમે પેમિયાંગચિ પહોંચી જઈશું. હેલમુટે એક જ કૅમેરા સાથે લીધો હતો, અને

નિશિકાન્તબાબુએ ક્યાંકથી એક જોડી ચામડાના ગોલોશબૂટ સાથે લીધા હતા. કહે, ''વિચાર કરીને જોયું કે જળો જો પગની પાછળથી વળગે, તો પછી તો દેખીયે શકાય નહિ! મીઠાની થેલી શું કામ દે, મોશાય? તેના કરતાં ગમબૂટ સારા–સેન્ટ પરસેન્ટ સેફસાઇડ.''

''જો ઝાડ પરથી જળો માથે પડે તો?'' ફેલુદાએ પૂછ્યું.

નિશિકાન્તબાબુએ માથું ધુણાવ્યું, ''મેક–એટલે મેક્સિમમ જળોનો આ સમય નથી. એને હજુ વાર છે — જુલાઈ–ઑગસ્ટ. ત્યારે બેટમજીઓ બધે જ હોય.''

નિશિકાન્તબાબુને કહ્યું નહોતું કે અમે ખૂનીની તપાસમાં જઈએ છીએ. એમને એમ કે અમે મજા કરવા જઈએ છીએ. તેથી ખૂબ નિશ્ચિંત હતા. ત્યાં જો ગોળી-બોળી છૂટી તો એમની શી દશા થશે શી ખબર!

સવા છ વાગે અમે સિંગથામ પહોંચી ગયા. અમે ગૅંગટોક આવ્યા ત્યારેય આ જગ્યા રસ્તામાં આવી હતી. બજારમાં થઈને રસ્તો જતો હતો. ખાસ્સું ગીચ વસતીવાળું નાનું શહેર, તિસ્તાની પાસે જ. અમે ડાબી તરફ વળી તિસ્તા નદીની ઉપરથી એક બ્રિજ વટાવી સામી દિશામાં પહાડ પર ચડ્યા. અહીંથી શરૂ થતો બાકીનો રસ્તો અમારે માટે નવો જ હતો.

અમારી જીપ નવી નહોતી, તોપણ ખૂબ જૂનીય નહોતી. સ્પીડોમિટર-માઈલોમિટર બંને કામ દેતાં હતાં. સીટનાં કવર પણ હજુ ખાસ ફાટ્યાં નહોતાં. ડ્રાઇવરનો દેખાવ જોવા જેવો હતો. એ નેપાળી નહોતો લાગતો; કારણ, નેપાળીઓ સાધારણ રીતે બટકા હોય છે — આ રીતસર ઊંચો. કાળું પૅન્ટ, કાળું ચામડાનું જર્કીન અને કાળું શર્ટ પહેર્યાં હતાં. શર્ટનાં બટન ગળા સુધી બંધ હતાં. માથા પર એક કૅપ પહેરી હતી એનોય રંગ લગભગ કાળો જ. અમેરિકન ગૅંગસ્ટર મૂવીમાં ક્યારેક-ક્યારેક આવા દેખાવના લોકો નજરે પડે છે. ફેલુદાએ એનું નામ પૂછ્યું. એણે કહ્યું, ''થોન્ડુપ.'' નિશિકાન્તબાબુ વિજ્ઞની જેમ બોલ્યા, ''તિબેટી નામ.''

બ્રિજ વટાવી પહાડ પર ચડવા માંડ્યા ત્યારે લાગ્યું કે અહીંનો દેખાવ એકદમ અલગ જાતનો હતો. ઝાડી એકદમ ઓછી, અને જમીન લાલાશ પડતી અને સૂકી. અચાનક જોઈએ તો લાગે કે બિહારની કોઈ પહાડી જગ્યામાં છીએ. વચ્ચે-વચ્ચે રસ્તો ખૂબ જ ખરાબ–એનો અર્થ એ કે રસ્તો રિપૅર થઈ રહ્યો છે. નેપાળી સ્ત્રી-પુરુષનાં ટોળાં ક્યાં તો પથ્થર હટાવતાં હતાં, યા તો પથ્થર ફોડતાં હતાં, કે પછી માટી નાખતાં હતાં. આ બે દિવસમાં નેપાળી સ્ત્રીઓને શી રીતે ઓળખવી એ મેં ફેલુદા પાસેથી શીખી લીધું છે. એમના કાનમાં કડી, નાકમાં નથ અને ગળામાં જાડી હાંસડી. સિક્કિમની સ્ત્રીઓ પ્રાયઃ ઘરેણાં નથી પહેરતી એમ કહીએ તો ચાલે. અને જોકે પોશાકમાં પણ ફરક હોય છે.

ગૅંગટોકથી નામચી ચોસઠ માઈલ છે. હું માઈલના પથ્થર ભણી નજર રાખતો હતો. બાવીસ માઈલ વટાવ્યા પછી તરત જ કાને અવાજ આવ્યો. પાછળથી એક જીપ વારેવારે હૉર્ન મારતી હતી. થોન્ડુપે એને સાઈડ દેવાની મરજી ન દેખાડી, કેવળ પોતે ગાડીની સ્પીડ જરાક વધારી દીધી. ફેલુદા બોલ્યો, ''એ ગાડીને આટલી ઉતાવળ શી છે?''

થોન્ડુપ બોલ્યો, ''ભલે હૉર્ન મારતા. એને આગળ જવા દેશું તો આપણે ધૂળ ખાવી પડશે.''

તે દિવસની જેમ જ ફેલુદા અને હું આગળ બેઠા હતા, અને પાછળ હેલમુટ અને નિશિકાન્ત. અમે સ્પીડ વધારી છતાંય પાછળની જીપ વારે- વારે આગળ વધી હૉર્ન મારતી હતી, એવામાં નિશિકાન્તબાબુ બરાડી ઊઠ્યા, ''અરે, આ તો પેલા જ સજ્જન!''

''કોણ સજ્જન?'' પૂછતાં ફેલુદાએ પાછળ ફરી જોયું, અને સાથે સાથે મેં પણ.

અરે, આ તો શશધરબાબુ! અમે પાછળ વળી જોયું એટલે ફરી ગોં ગોં કરી હૉર્ન અને શશધરબાબુ મરણિયા બની હાથ હલાવતા હતા.

ફેલુદા બોલ્યો, “જરા રોક દીજિયે, થોન્ડુપજી, પાછળ અમારા ઓળખીતા છે.”

અમારી ગાડી ઊભી રહી કે પાછળની પણ તરત જ ઊભી રહી, અને શશધરબાબુએ ઊતરીને અમારા તરફ દોટ મૂકી.

“તમે તો ખરા છો, મોશાય–સિંગથામમાં કેટલી બૂમો પાડી, અને તમે તો સાંભળી જ નહિ!”

ફેલુદા છોભીલો પડી ગયો. બોલ્યો, “અરે તમે આવો છો એવી ખબર હોત તો કંઈ તમને મૂકીને આવત?”

“તે તમે જેવી રીતે તાર કર્યો હતો! પછી કંઈ ત્યાં બેસી રહેવાય? હું ક્યારનોય તમને ફોલો કરું છું.”

પાછળ હોઈએ તો કેવી ધૂળ ખાવી પડે એ શશધરબાબુના દેખાવ પરથી ખબર પડી ગઈ. હજુ થોડી વાર આ રીતે ચાલત તો એ સજ્જન એકદમ ભસ્મ ચોળેલા સાધુબાવાજી બની જાત.

“પણ વાત શી છે? આમ તો કહ્યું કે સંદેહજનક બાબત, અને એ બધું છોડીને હવે આમ કઈ તરફ ચાલ્યા?”

ફેલુદાએ કશો જવાબ ન દેતાં પૂછ્યું, “તમારી પાસે બહુ સામાન છે?”

“મુદ્દલે નહિ, કેવળ એક સૂટકેસ.”

તો પછી એક કામ કરો. તમારી ગાડી ભલે સાથે-સાથે પાછળ આવે. એમાં અમારો સામાન મૂકી દઈએ. તમે અમારી સાથે એમની પાછળ બેસી આવી શકશો ને?”

“ચોક્કસ.”

જીપ ઊપડી. ફેલુદાએ ગયા બે દિવસની બધી વાત શશધરબાબુને કરી. એ તો ઠીક, હેલમુટનો અસલ પરિચય પણ આપ્યો. બધું સાંભળી શશધરબાબુ ભવાં સંકોચી બોલ્યા, “બટ હુ ઇઝ ધીસ ડૉક્ટર વૈદ્ય? સાંભળતાં તો ખૂબ જ શઠ લાગે છે. આજકાલ આવા બધા બનાવટખોરોને બહુ ભાવ દેવાય જ નહિ. તમારે એના હાવભાવ જોઈને સીધી ધમકી જ આપવાની જરૂર હતી. એ નહિ ને તમે એને પેમિયાંગચિ નાસી જવા દીધો? સાચે જ તમારી પાસે—”

ફેલુદાએ રોકીને કહ્યું, “હેલમુટનો અસલ પરિચય મળતાં જ એના પર શક પડ્યો. અને તમેય થોડી ભૂલ તો કરી છે, શશધરબાબુ. તમે તો એકે વાર કહ્યું નહોતું કે શેલભાંકારની પ્રથમ પત્ની જર્મન હતી!”

શશધરબાબુ બોલ્યા, “અરે, એ કંઈ આજકાલની વાત હતી, મોશાય? અને તે જર્મન હતી એમ ક્યાં મને ખબર હતી? પરદેશી છે એટલી જ ખબર હતી. શેલભાંકારે પ્રથમ લગ્ન કર્યાં હતાં આજથી પાંત્રીસ વર્ષ પહેલાં..... આઈ હોપ વૈદ્ય બેટો ત્યાંથી પલાયન ન થઈ ગયો હોય. નહિ તો આ આટલો દૂરનો ફેરો ફોગટ માથે પડશે.”

નામચી પહોંચ્યા ત્યારે નવ વાગી ગયા હતા. આકાશમાં વાદળ ઘેરાવા માંડ્યાં હતાં; તોપણ નામચીમાં વરસાદ નથી પડતો એમ કહીએ તો ચાલે. આ સિક્કિમની સૌથી સૂકી અને સૌથી વધુ સ્વાસ્થ્યકર જગ્યા છે. તે સિવાય સુંદર પણ ખરી, અને અદ્ભુત કહી શકાય એટલી સ્વચ્છ. તે છતાં અમે ત્યાં દસેક મિનિટથી વધુ ન રોકાયા. જેટલી વાર થોભ્યા, એ પણ કેવળ ગાડીમાં ઠંડું પાણી અને અમારા પેટમાં જરાક ગરમ કૉફી રેડવા જ. હેલમુટે એટલી વારમાં થોડાક ફોટા પાડી લીધા. મેં જોયું કે એ વધુ વાત કરતો નહોતો. ફોટા પણ ટેવને લીધે જ પાડતો હતો. શશધરબાબુ પણ ચિંતિત અને ગંભીર હતા. નિશિકાન્તબાબુ ફેલુદાનાં મોંએથી બધી વાત સાંભળી જરાક ગભરાઈ ગયેલા લાગ્યા, તોપણ અંદરખાનેથી ઍડવેન્ચરનો આભાસ

લાગતાં જરાક રોમાંચિત થઈ ગયા હતા. નામચીના બજારમાંથી એક સંતરું લઈ એની છાલ છોલતાં બોલ્યા, ''ભલે ગમે તેટલી મુસીબત આવે, મોશાય, એક તરફ પ્રદોષબાબુ અને એક તરફ જર્મન વીરેનબાબુ છે તેથી ડરવાનું કોઈ કારણ દેખાતું નથી.''

નામચીથી રસ્તો નીચે ઊતરી છેક નદીના લેવલે પહોંચી ગયો. આ નદીને કાંઠે જ નયા બજાર. ત્યાંથી ફરી એક પુલ વટાવી ઘણો બધો રસ્તો નદીને કાંઠે થઈને ઉપર ચડીએ તો નવ હજાર ફૂટની ઊંચાઈએ આવે પેમિયાંગચિ. આ નદી તિસ્તા નથી. આનું પાણી તિસ્તા જેવું ડહોળું નથી. આનું પાણી સ્વચ્છ અને લીલું છે. વચ્ચે-વચ્ચે પથ્થર વચ્ચે આવતાં પાણીનો સ્રોત અટકીને ફેનીલ બની જતો હતો. આ નદીનું નામ છે રંગિત. આટલી સુંદર પહાડી નદી મેં આ પહેલાં ક્યારેય જોઈ નથી.

રંગિતની પાસેથી ગોળ-ગોળ ફરતાં જે પહાડ પરથી અમે ઉપર ચડતા હતા તેના પર ઘણી ઝાડી હતી. અહીંની માટી લાલ નહોતી, અને સૂકી પણ નહોતી. આ બિહારનો પહાડ નહોતો લાગતો. આ હતો હિમાલય. એમાં કોઈ ભૂલ નહોતી. શશધરબાબુએ કહ્યું હતું યંગ માઉન્ટેઇન્સ, તેથી જ ભેખડ ધસી પડે. આ ધસી પડવાનાં કેટલાં બધાં ચિહ્નો આસપાસના પહાડ પર પથરાયેલાં હતાં એની ગણતરી થાય એમ નહોતી. લીલા પહાડ પર અહીં તહીં રાખોડી રંગનાં બધાં ક્ષતચિહ્નો જોઈને એમ લાગે જાણે પહાડને કોઢ નીકળ્યો છે. ઘણાંબધાં ઝાડી-ઝાંખરાં, અને છોડવા સાથે પહાડના અનેક અંશો ધસીને એકદમ નદીને કાંઠે જઈ પડ્યા હતા. આ બધા ઉજ્જડ વેરાન અંશો પર નવેસરથી ફરી નવાં ઝાડપાન ઊગી જતાં પાસેની હરિયાળી સાથે ભળી જઈ એકાકાર થઈ જશે ત્યારે ખબરે નહિ પડે.

એક ગુફા પાસે થઈને જતાં જોયું તો ત્યાં પણ પેલી ભૂત ભગાડતી ધજાનું તોરણ. બધી જ ધજા નવીનકોર હોય એવું લાગ્યું. શશધરબાબુ કહે, ''બુદ્ધપૂર્ણિમા આવે છે ને એટલે આ બધી તૈયારીઓ.''

ફેલુદાએ પહેલાં તો લાગે છે વાત સાંભળી જ નહિ. લગભગ એક મિનિટ પછી બોલ્યો, ''બુદ્ધપૂર્ણિમા કઈ તારીખે આવે છે?''

શશધરબાબુ કહે, ''કાલે જ તો પૂર્ણિમા છે બનતા સુધી. કાલ થશે સત્તરમી એપ્રિલ.''

''સત્તરમી એપ્રિલ.....એટલે ચોથો વૈશાખ.....ચોથો વૈશાખ.....ચોથો વૈશાખ.''

ફેલુદાની બડબડ જીપના અવાજમાં બીજા કોઈએ સાંભળી નહિ હોય. તારીખ વિશે આટલો શો વિચાર કરતો હતો ફેલુદા? અને આટલો ગંભીર શા માટે હતો? અને હાથના આંગળાના ટાચકા શા માટે ફોડતો હતો?

પેમિયાંગચિની પહેલાં જે શહેર આવે એનું નામ ગેઝીંગ. અહીં પણ ઠેકઠેકાણે ધજા લટકાવેલી હતી. અહીંથી પેમિયાંગચિ ત્રણ માઈલ છે. જીપ ધીમે-ધીમે ઉપર ચડતી હતી. રસ્તો તો જાણે રીતસર ઊભી ચડાઈ. અહીં ઝાડ ઓછાં હતાં, પણ ઉપરની બાજુ જોઈએ તો ઘેરા લીલા રંગનું ગાઢ જંગલ. થોડોક રસ્તો તો રીતસરનો ખરાબ જ હતો. જીપને ખૂબ સાવધાનીથી ચલાવવી પડતી હતી. લાગ્યું, અહીં વરસાદ ગૅંગટોક કરતાં વધુ જ પડ્યો હશે. જીપે ફોર વીલ પર ખૂબ જ સાવધાનીથી થોડો ઊંચો-નીચો ખાડાખડિયાવાળો ખરાબ રસ્તો વટાવ્યો. આંચકો લાગવાથી નિશિકાન્તબાબુનું માથું જીપની ઉપરના લોખંડના રોડ સાથે ધડામ લઈને અથડાતા તેઓ ''ઑરેશ્શો'' બોલી ઊઠ્યા.

થોડી વારમાં અજવાળું ઓછું થઈ ગયું. આ કેવળ વાદળને લીધે જ નહિ, અમારી જીપની એક તરફ હવે ઘેરાં લીલાં પાંદડાં અને સફેદ ડાળ ને થડવાળાં ઝાડનું વન હતું. હેલમુટ બોલ્યો, ''એ બધાં બર્ચ ઝાડ, વિલાયતમાં ખૂબ હોય.''

હવે અમારી જીપ આ વનની અંદર થઈને પસાર થતી હતી. એમાં પાછી અમે ચડાઈ

ચડતા હતા, સાપ જેવા વાંકાચૂકા રસ્તા પર થઈને.

આ પછી બધું જ ગાઢ વન. અને મોટાં-મોટાં ઝાડ, ઠંડી ભીની હવા. જીપના અવાજને અતિક્રમ કરી સંભળાઈ એક અજાણ્યા પંખીની તીક્ષ્ણ સિસોટી. નિશિકાન્તબાબુ કહે, ''ખૂબ શ્રી શ્રી માને શ્રીલિંગ લાગે છે.''

ફરી રસ્તો ખુલ્લો થઈ ગયો.

સામે એક હરિયાળો ડુંગર. ઉપર ખુલ્લું વાદળઘેર્યું આકાશ.

ક્રમે-ક્રમે એક બંગલાનું નળિયાવાળું છાપરું દેખાયું. એ પછી પૂરો બંગલો. આ પેલા બ્રિટિશ જમાનાનો પ્રખ્યાત ડાકબંગલો. પાછલી બાજુ આકાશની નીચે લીલામાંથી આછા ભૂરા રંગમાં પલટાતા સ્તરે-સ્તરે ગોઠવેલા પહાડ.

જીપ ઊભી રહી. અમે ઊતર્યા. ચોકીદાર બહાર આવ્યો. અમારા માટે રૂમ તૈયાર કર્યા હતા.

''ઔર કોઈ હૈ યહાં?'' શશધરબાબુએ પૂછ્યું.

''નહીં સાબ, બંગલા ખાલી હૈ.''

''બીજું કોઈ નથી?'' આ વખતે ફેલુદાએ પૂછ્યું. ''કોઈ આવ્યું નથી બીજું?''

''આવ્યા હતા, તેઓ કાલ રાત્રે ચાલ્યા ગયા છે. દાઢીવાળા ચશ્માં પહેરેલા બાબુ.''

(12)

ચોકીદારની વાત સાંભળી સૌથી વધુ કોઈ હતાશ થયેલું લાગતું હોય તો એ હેલમુટ. એણે ખભા પરથી કૅમેરા ઉતાર્યો અને ઘાસ પર બેસી પડ્યો.

શશધરબાબુ બોલ્યા, ''હવે લાગે છે, ઇમિજિયેટલી તો કશું જ કરવાનું નથી. એક વાગવા આવ્યો છે. ચાલો જમવાનું તો પતાવી લઈએ.''

અમે સામાન સાથે બંગલામાં દાખલ થયા. જોઈને જ લાગે જૂના જમાનાનો બંગલો. લાકડાની છત, લાકડાની ભોંય, આગળના ભાગમાં લાકડાની રેલિંગવાળો વરંડો, તેમાં જૂની સ્ટાઇલનાં નેતરનાં ટેબલ-ખુરશી ગોઠવ્યાં હતાં. વરંડામાંથી દેખાતું સામેનું દૃશ્ય અદ્ભુત સુંદર હતું. અત્યારે વાદળ છવાયેલાં હતાં. એ ન હોત તો બાવીસ માઈલમાં કાંચનજંઘા દેખાય છે. એક પંખીના કલરવ સિવાય ચારેકોર કોઈ અવાજ નહોતો સંભળાતો. બધું જ શાંત અને નિઃસ્તબ્ધ હતું.

વરંડામાંથી દાખલ થઈએ તો આગલો રૂમ હતો ડાઇનિંગરૂમ. ટેબલની ચારેકોર ખુરશીઓ ગોઠવી હતી. એક તરફ બે આરામખુરશી. શશધરબાબુ એમાંની એક પર બેઠા અને ફેલુદાને ઉદ્દેશીને બોલ્યા, ''તમે ડિટેક્ટિવ છો છતાંય તમારું અનુમાન સાચું છે કે નહિ એ વિશે શક હતો. પણ વૈદ્ય જે રીતે નાસી છૂટ્યો, એ પરથી હવે હું કન્વિન્સ્ડ થઈ ગયો છું. એસ. એસે. પોતાની આવી એક કીમતી ચીજ જેને-તેને દેખાડી ખૂબ ભૂલ કરી હતી.''

હેલમુટ વરંડામાં જ રહી ગયો હતો. નિશિકાન્તબાબુ લાગે છે બાથરૂમની તપાસ માટે અંદરની રૂમમાં ગયા હતા. ફેલુદા બંગલાના બીજા બધા ઓરડાઓ ફરીફરીને જોવા માંડ્યો. હું બીજું શું કરું? જમવાના ટેબલ પાસેની એક ખુરશી પર બેસી પડ્યો. આટલે દૂર આવવાનું બેકાર જશે, શેલભાંકારનો ખૂની જરાક માટે આમ હાથમાંથી છટકી જશે, અમે બુદ્ધુની જેમ પેમિયાંગચિ જોઈ ગૅંગટોક પાછા ફરી જશું! — આ બધો વિચાર આવતાં કેવુંયે ખરાબ લાગતું હતું.

ડાઇનિંગરૂમની પાછળની બાજુનાં બે બારણાંમાંથી બે બેડરૂમમાં જવાતું હતું. જમણી તરફના બારણામાંથી ફેલુદા બહાર આવ્યો. એના હાથમાં એક લાકડી.

''આ લાકડી તો ડૉક્ટર વૈધના હાથમાં જોઈ હતી ને! સજ્જન આવ્યા'તા એ તો ચોક્કસ.'' ફેલુદાનો અવાજ રુક્ષ અને ભારે. ''કારણ, તેઓ ચિહ્ન સ્વરૂપ તેમની લાકડી મૂકતા ગયા છે. વેરી સ્ટ્રેંજ.''

નિશિકાન્તબાબુ રૂમાલ વડે મોં લૂછતા-લૂછતા ખંડમાં દાખલ થયા. એ પછી ''અદ્ભુત જગ્યા'' બોલી મારી પાસેની ખુરશી પર બેસી વિચિત્ર અવાજ કરી બગાસું ખાધું.

ફેલુદા બેઠો નહિ. ફાયર-પ્લેસની સામે ઊભા રહી ડૉક્ટર વૈધની લાકડીને જમણા હાથમાં લઈ ડાબા હાથની હથેળીમાં ઠક-ઠક કરી અન્યમનસ્ક ભાવે ઠોકવા માંડ્યો.

શશધરબાબુ બોલ્યા, ''ક્યાં ગયા? મિસ્ટર સરકાર, તમારા પેલા ખાવાના ડબ્બાઓ ખોલો! અમસ્તા જ વધારે ભૂખ વધારવાથી શો ફાયદો?''

''જમવાનું પછી થશે.''

આ વાક્ય બોલ્યો ફેલુદા. અને એ જે રીતે બોલ્યો એ સાંભળી મારા હાથપગ તો ઠંડા જ થઈ ગયા. નિશિકાન્તબાબુ ઊભા થવા જતા હતા તે ગભરાઈ જઈ ધડ લઈને ખુરશી પર બેસી પડ્યા. શશધરબાબુ પણ અવાક્ બની ફેલુદા ભણી જોવા માંડ્યા. પણ ફેલુદા તો જેવો હતો એમ જ રહ્યો — ભાવહીન.

એ ખુરશી પર બેઠો, લાકડી ટેબલ પર આડી પાડી ખીસામાંથી એક ચારમિનાર કાઢી સળગાવી બે કશ મારી બોલ્યો, ''ઘાટશિલામાં મારા એક જૂના મિત્ર રહે છે. તમે અહીં આવ્યા તે પહેલાં તે ઘાટશિલા તો ગયા હતા નહિ શશધરબાબુ?''

શશધરબાબુએ જવાબ દેવામાં વિલંબ ન કર્યો, ''હા — એક ભાણેજનાં લગ્ન હતાં.''

''તમે હિંદુ છો?''

શા માટે આવો સવાલ ફેલુદા પૂછતો હતો?

''એટલે?'' શશધરબાબુએ ભવાં સંકોચી ફેલુદા ભણી જોયું.

''કે બૌધ — કે ક્રિશ્ચિયન — કે બ્રાહ્મ — કે મુસલમાન?''

''વૉટ ડુ યૂ મીન?''

''કહો ને?''

''હિન્દુ, નેચરલી.''

''હં,'' ફેલુદાએ ગંભીરભાવે સિગારેટનો કશ મારી બે રિંગ છોડી. તેમાંની એક રિંગ મોટી થતી-થતી શશધરબાબુના મોં પાસે પહોંચીને વિલીન થઈ ગઈ.

''પણ —'' ફેલુદાનાં ભવાં સંકોચાયેલાં, નજર સી — ધી શશધરબાબુ ભણી — ''તમે અને અમે તો એક જ દિવસે એકસાથે પ્લેનમાં આવ્યા હતા. તમે ત્યારે હજુ ઘાટશિલાથી લગ્ન પતાવી પાછા આવતા હતા, નહિ?''

''એમાં તમને ગોટાળો ક્યાં દેખાયો, મિસ્ટર મિત્તિર? તમારી વાતમાં કંઈ ઢંગધડો નથી લાગતો. ઘાટશિલાના લગ્ન જોડે આજની વાતને શો સંબંધ છે?''

''સંબંધ એ છે કે ચૈત્ર મહિનામાં હિંદુઓમાં લગ્ન નથી થતાં. શશધરબાબુ, એ તો નિષિદ્ધ માસ છે. એ મહિનામાં એકે લગ્ન ન હોય. શાસ્ત્રમાં મનાઈ છે. તમે શું એ મહિનામાં તમારા ભાણેજને પરણાવ્યો?''

શશધરબાબુ સિગરેટ સળગાવવા જતા હતા પણ અટકી ગયા કે પછી ન સળગાવી શક્યા. તેમના બંને હાથ ધ્રૂજતા હતા.

''તમે શું ઇમ્પ્લાઇ કરો છો? તમે શું કહેવા માગો છો?''

ફેલુદા નિરુદ્વેગ. એ તાકી રહ્યો હતો સી...ધો શશધરબાબુ ભણી, એની આંખ પલકારો પણ મારતી નહોતી.

લગભગ પૂરી એક મિનિટ આમ તાકી રહ્યા પછી એ બોલ્યો, "ઘણું બધું ઇમ્પ્લાઈ કરું છું. નંબર એક — તમે જુઠ્ઠા છો, તમે ઘાટશિલા નહોતા ગયા. નંબર બે તમે વિશ્વાસઘાતી છો...."

"એટલે શું?" શશધરબાબુ બરાડી ઊઠ્યા.

"આપણે બધા જાણીએ છીએ કે શેલભાંકાર કોઈ એક કારણસર ખૂબ જ હતાશ થઈ ગયા હતા. એ વાત એમણે વીરેન્દ્રને કરી હતી — જોકે કારણ નહોતું બતાડ્યું. ઘણી વાર ખૂબ નજીકની કોઈ વ્યક્તિથી છેતરાઈએ તો આવું થાય છે. મને ખાતરી છે એ વ્યક્તિ તમે છો. તમે એમના પાર્ટનર હતા. તેઓ સરળ અને ભોળા માણસ હતા. એમને મુદ્દલે અવિશ્વાસ કે શંકા કરવાની આદત નહોતી. તેથી તેમને છેતરવાની તકો ઘણી હતી. તમે એ તક ઝડપી લીધી હતી. પણ તેમણે એ વાત જાણી લીધી હતી — અને તેથી એમનું દિલ ભાંગી ગયું હતું. એમને ખબર પડી ગઈ છે એ તમેય જાણી લીધું હતું — અને જાણી લીધા પછી તમે એમને હટાવવાની પેરવીમાં હતા. એ જ રસ્તો શોધતા હતા. બૉમ્બેમાં એની સગવડ થઈ નહિ. તેઓ સિક્કિમ આવ્યા. તમારા આવવાની તો વાત જ નહોતી. તોય તમે આવ્યા. વખતે તેઓ આવ્યા એના બીજે જ દિવસે. તમે એટલે નોટ શશધર બોસ, બટ ડૉક્ટર વૈદ્ય — અર્થાત્ છદ્મવેશી શશધર બોસ. વૈદ્યે શેલભાંકાર સાથે ઓળખાણ કરી, જ્યોતિષનો વેશ ધરી એમના વિશે જે જાણતા હતા એ જ બધી વાત કરી, તેમને ઇમ્પ્રેસ કર્યા. બંને જણ એકસાથે ગુફામાં જવા નીકળ્યા– વીરેન્દ્રની તપાસ કરવા. નક્કી તમે જ ગાડીની વ્યવસ્થા કરી હતી. રસ્તામાં પાછળથી એમના માથા પર લાકડીનો ફટકો મારી તેમને બેહોશ કરી નાખ્યા. ડ્રાઇવરને પહેલેથી જ વશમાં કરી લીધો હતો. પૈસાથી શું નથી થતું! તે પછી ગાડી ફેંકી દીધી. અને પછી પથ્થર ફેંક્યો — તમારી આ લાકડીની મદદથી. ત્યારેય શેલભાંકાર મર્યા નહોતા. વખતે તેમણે છેલ્લી ઘડીએ તમને ઓળખી લીધા હતા, અને એ કારણે જ તેમણે મરતાં પહેલાં તમારું નામ લીધું હતું."

"નૉનસેન્સ." શશધરબાબુ બરાડી ઊઠ્યા. "શું જેમ તેમ બબડો છો તમે? તમારી પાસે શું પુરાવો છે કે હું જ ડૉક્ટર વૈદ્ય છું?"

ફેલુદા આ વખતે એક અદ્ભુત સવાલ પૂછી બેઠો.

"તમારી વીંટી ક્યાં ગઈ, શશધરબાબુ?"

શશધરબાબુ કેવાય હતવાક્ બની ગયા.

"મારી—"

"હા તમારી. તમારી 'મા' લખેલી સોનાની વીંટી. આંગળી પર નિશાન છે, અને છતાં વીંટી કેમ નથી?"

"ઓહ–એ તો....." શશધરબાબુએ થૂંક ગળી– "ઓહ, એ તો આંગળીમાં ટાઇટ થતી હતી તેથી—" સજ્જને કોટના ખીસામાંથી વીંટી બહાર કાઢી દેખાડી.

"મેક અપ ચેંજ કર્યા પછી પહેરવાની ભૂલી ગયા–નહિ? એ એક જ આંગળીનું નિશાન હું જોતો હતો પેલી મીણબત્તીના પ્રકાશમાં, — શશધરબાબુ, ત્યારે જ ખટકો લાગ્યો હતો, પણ શા માટે લાગતો હતો એ સમજાતું ન હતું."

શશધરબાબુ ખુરશી છોડી ઊભા થવા જતા હતા.–ફેલુદા ગર્જી ઊઠ્યો, "બેસી જાઓ, હજુ પણ વાત બાકી છે."

શશધરબાબુ બેઠા, પરસેવો લૂછવા માંડ્યા. ફેલુદા બોલવા માંડ્યો—

"શેલભાંકારનું ખૂન થયું, ડૉક્ટર વૈદ્ય તેને બીજે દિવસે કહે કે કાલિમપોંગ જઉં છું લામાને મળવા. અસલમાં એમ નહોતું. અસલમાં ડૉક્ટર વૈદ્ય ઉર્ફે શશધર બોસ કલકત્તા ચાલ્યા આવ્યા. આ તરફ શશધર બોસે પહેલેથી ટેલિગ્રામ કર્યો હતો – 'એરાઇવિંગ ફોર્ટીન્થ.'

એ મળતાં શેલભાંકાર વિસ્મિત અને વિચલિત થયા હતા. કારણ, તમારી સિક્કિમ આવવાની વાત જ નહોતી અને શેલભાંકાર તમને એવોઇડ કરવા માગતા હતા. જે હોય તે–તમે ફોર્ટીન્થે આવ્યા–કારણ, આ આવવું હતું તમારી એલીબી ખાતર. ચૌદમીએ આવી શેલભાંકારના મૃત્યુના અફસોસનો ડોળ કરી, તમે પંદરમીએ કહ્યું કે પાછા બૉમ્બે જાઓ છો. અસલમાં તમે બૉમ્બે ગયા જ નહિ, ગૅંગટોકમાં જ આજુબાજુમાં છુપાઈ રહ્યા હતા. તે દિવસે સાંજે ડૉક્ટર વૈદ્ય બની તમે અમને ચમત્કાર કરી દેખાડ્યો. તમને ખબર હતી કે હું ડિટેક્ટિવ છું તેથી તમે પેમિયાંગચિ રવાના થતાં પહેલાં પથ્થર ગબડાવી મને પૂરો કરવાની કોશિશ કરી અને તમે જ રૂમટેકમાં અમને ફોલો કરી—''

રૂમમાં એક જણ એક વિકટ હુ-હુ-હુ અવાજ કરી ઊઠ્યા, જે અવાજ રુદન અને ડરની વચ્ચેનો હતો. એ હતા નિશિકાન્ત સરકાર.

''બેસો, નિશિકાન્તબાબુ.'' ફેલુદા બોલ્યો. ''હવે છુપાવાથી લાભ નથી. તમે ખૂનની જગ્યાએ શા માટે ગયા હતા? અને ત્યાં કોને જોયા હતા?''

નિશિકાન્તબાબુ બંને હાથ હૅન્ડ્સ અપની જેમ માથા પર ઊંચકી ફરી એ જ કણસતા રડમસ અવાજે બોલ્યા, ''મોશાય, મને ખબર નહોતી કે એ મૂર્તિ એટલી બધી વે–વે–એટલે કે વેલ્યુએબલ છે. એ પછી ખબર પડી.....''

''ટિબેટિયન ઇન્સ્ટિટ્યૂટમાં તમે જ ગયા હતા?''

''હા, સર, હું જ. મેં માંગ્યા અને એમણે ઑન ધ સ્પૉટ હજાર રૂપિયા દઈ દીધા, તેથી વહેમ પડ્યો. તેથી ગયો તો એમણે કહ્યું કે–યુ– એટલે યુનિક પીસ. તેથી–એટલે કે—''

''તમને એમ કે મરેલા માણસનું ખીસું કાતરવામાં શો વાંધો? ખાસ કરીને જ્યારે એ વસ્તુ એક વાર તો તમારી પોતાની જ હતી?''

''એમ–એટલે–એમ જ. બીજુ શું?''

''પણ તમે ત્યાં તે દિવસે ખૂનની જગ્યાએ કોઈને જોયા નહિ?''

''ના, સર.''

''તમે એમને નહોતા જોયા. પણ એણે તમને જોયા હતા એ નક્કી. અને એમણે એમ માની લીધું હતું કે તમે પણ એમને જોયા જ છે. નહિ તો એ તમને ધમકી શા માટે આપે?''

''તે હોઈ શકે.''

''તો મૂર્તિ ક્યાં છે?''

''મૂર્તિ?'' નિશિકાન્તબાબુ તો આશ્ચર્યે અવાક્!

ફેલુદા પણ અવાક્.

''એ શું? તો પછી તમે—''

અચાનક એક ખડભડ અવાજ અને એની સાથે એક અણધાર્યો બનાવ. શશધરબાબુ તેમની ખુરશી પરથી ઊઠ્યા અને એક જબર મોટી છલાંગ મારી જઈને બારણા પાસે ઊભેલા હેલમુટને એક ધક્કો મારી ભોંય ભેગો કરી, બંગલામાંથી બહાર નીકળી ગયા. બારણું એક જ હતું. અને એની આગળ હેલમુટનું ઢળી પડેલું શરીર — તેથી ફેલુદાને બહાર નીકળતાં દસ સેકન્ડની વાર લાગી ગઈ.

બધા જ્યારે બહાર પહોંચ્યા ત્યારે જીપનું એંજિન ગર્જી ઊઠ્યું હતું. એનો ડ્રાઇવર પણ નક્કી હાથ કરેલો જ હતો, અને એ આ જાતની મુસીબત માટે તૈયાર જ હતો. શશધરબાબુને લઈને જીપ પ્રચંડ વેગે ઢાળ ઊતરી વન ભણી આગળ વધી.

આ તરફ અમારી જીપ પણ ગર્જી ઊઠી. કારણ, થોન્ડુપ પણ સમજી ગયો હતો કે અમે ચોક્કસ એનો પીછો કરીશું, પણ તેની પછી જરૂર ન પડી. ગાડી અદૃશ્ય થાય તે પહેલાં જ

ફેલુદાએ રિવૉલ્વરનું નિશાન તાકી બે અચૂક ગોળી મારી એ જીપનાં પાછલાં બે ટાયર પંક્ચર કરી નાખ્યાં.

જીપ રસ્તાની એક તરફ સ્કીડ (લપસી) થઈ એક ઝાડના થડ જોડે અથડાઈને ઊભી રહી ગઈ. જોયું તો શશધરબાબુ કૂદી પડી, અધ્ધર શ્વાસે વન તરફ દોડ્યા. ડ્રાઇવર બીજી તરફથી જીપમાંથી ઊતર્યો અને જીપનું સ્ટાર્ટિંગ હૅન્ડલ ઊંચકી સામે ધસી આવ્યો. ફેલુદાએ એને ન ગણકારતાં વન ભણી દોડવા માંડ્યું. અમે ત્રણ જણ એની પાછળ દોડ્યા. ડ્રાઇવર જોડે માથાકૂટ કરવાની જરૂર નહોતી, કેમ કે અમારો થોન્ડુપ પણ પોતાની જીપનું હૅન્ડલ હાથમાં લઈ તેના હરીફ ભણી આગળ વધી રહ્યો હતો.

અમે ચાર જણ અંધારા વનની અંદર જઈ ચારે દિશામાં છૂટા પડી જઈ લગભગ દસ મિનિટ શોધ્યા પછી હેલમુટની એક બૂમ સાંભળી તેની તરફ ગયા તો જોયું કે શશધરબાબુ એક ખૂબ જ જૂના ઝાડની પાસે ઊભા અદ્ભુત રીતે કૂદતા, અને છટપટતા હતા.

પાસે જઈ જોયું તો લાગ્યું કે એમને જળો વળગી હતી – એક નહિ પણ લગભગ બસો-ત્રણસો પાતળી સુંવાળી જળો એમના બંને પગથી ઘૂંટણ સુધી, ખભે, ડોકે, અને કોણી પાસે ખદબદતી હતી. હેલમુટ બોલ્યો, ''લાગે છે કે આ બહાર નીકળી આવેલા મૂળિયાની પગે ઠોકર લાગતાં જમીન પર ગગડી પડ્યા હશે તેથી જ આ હાલ.''

ફેલુદાએ શશધરબાબુના કોટના કૉલરને પકડીને એમને ખેંચી તાણીને વનની બહાર કાઢ્યા. એ પછી મને કહે, ''જા દોડ અને જળો છોડાવનારી લાકડીઓ લઈ આવ.''

*

અમારું ખાવાનું પતી ગયું હતું. અમે ડાકબંગલાના વરંડામાં બેઠા હતા. હેલમુટ બહાર ઊભો ઓર્કિડના ફોટા પાડતો હતો. થોન્ડુપ ગેઝીંગ જઈને પોલીસ લઈ આવ્યો હતો. મૂર્તિ શશધરબાબુ પાસેથી જ મળી હતી. ખૂન કર્યું તે વખતે મૂર્તિ લેવાની વાત યાદ નહોતી રહી. બીજે દિવસે એની યાદ આવતાં લોભ ન વારી શક્યા. તેથી ખૂનની જગ્યાએ પાછા જઈ ત્યાંથી એક છોડ પાસેથી શોધી કાઢી. તેઓ મૂર્તિ લઈને ઉપર આવતા હતા ત્યારે નિશિકાન્તબાબુ એ જ ઉદ્દેશ્યે ઊતરતા હતા. નિશિકાન્તે શશધરને જોયા નહોતા. પણ શશધરે નિશિકાન્તને જોયા હતા. અને ત્યારથી જ એને ધમકી દેવાનું શરૂ કર્યું હતું.

બીજી એક વાત — મુંબઈમાં શશધરબાબુનો એક શાગિર્દ હતો — તેની સાથે ગૅંગટોકથી જ શશધરબાબુ ટેલિફોનથી સંપર્ક સાધતા હતા. એ સાથીદારે જ ફેલુદાનો ફોન લીધો હતો. અને ફેલુદાના તારના ખબર પણ એણે જ ગૅંગટોકમાં શશધરબાબુને દીધા હતા.

ફેલુદા સાથે પાન લાવ્યો હતો. પાન ચાવતાં-ચાવતાં એણે નિશિકાન્તબાબુને કહ્યું, ''તમે પણ એક નાનકડા સરખા ક્રિમિનલ છો એમાં શક નથી. એ તો તમારાં નસીબ સારાં તેથી જ તમને યમન્તક પાછા ન મળ્યા. મળ્યા હોત તો તમારે માટે પણ સજાની વ્યવસ્થા કરવી પડત.''

નિશિકાન્તબાબુ રાંકડા બની બોલ્યા, ''પનિશમેન્ટ તો થઈ ગઈ છે, સર. ત્રણ-ત્રણ જળો નીકળી છે મારા જમણા પગનાં મોજાંની અંદરથી. મારી બેટી ખૂબ લોહી પી ગઈ છે. એને લીધે ખૂબ વીક લાગે છે.''

''જે હોય તે, દાદાજીની સંગ્રહ કરેલી કોઈ તિબેટી વસ્તુ ભવિષ્યમાં વેચશો નહિ. આ લ્યો તમારું બટન.''

આ પહેલી વાર મારું ધ્યાન ગયું કે એમના શર્ટના ગળાનું સૌથી નીચેનું બટન નહોતું.

નિશિકાન્તબાબુ બટન પાછું લઈ તેની ચારખૂણાવાળી મૂછની નીચે પેલું એ જ પુરાણું હાસ્ય હસી બોલ્યા, ''થેં — થેં — એટલે કે થેંક્સ.''

સમાદ્દારની ચાવી

ફેલુદા બોલ્યો : 'આ જે ઝાડપાન જોઈને આંખો તૃપ્ત થાય છે એનું વૈજ્ઞાનિક કારણ શું છે ખબર છે ? એનું કારણ, હજારો વર્ષોથી ઝાડપાલા વચ્ચે વસીને હરિયાળી સાથે માનવીની આંખને એક સ્વાભાવિક, સ્વાસ્થ્યકર સંબંધ બંધાઈ ગયો છે. આજકાલ ઝાડ જેવી ચીજ ધીમે-ધીમે શહેરમાંથી અદૃશ્ય થઈ જવા માંડી હોવાથી શહેરની બહાર નીકળો કે આંખને આરામ મળે અને પરિણામે મન હલકુંફૂલ થઈ જાય. જેટલી આંખોની બીમારી જોઈએ એ બધી જ શહેરમાં; ગામડા ગામમાં જોકે પહાડ પર જા, જોજે, ચશ્માં જોવા જ નહિ મળે.'

હું જાણું છું કે ફેલુદાની આંખો ખૂબ સારી છે. તેને ચશ્માં નથી. એ ઘડિયાળમાં જોઈને ત્રણ મિનિટ પંદર સેકંડ સુધી આંખનું મટકુંયે માર્યા વિના રહી શકે છે. જોકે એ ગામ-ગામડે કદીય રહ્યો નથી. હું એને એમ કહી શકત, પણ વળી મિજાજ બગડી જાય એ બીકે બોલ્યો નહિ. અમારી સાથે મણિબાબુ હતા — મણિમોહન સમાદ્દાર. તેમની આંખે જાડાં માઇનસ પાવરનાં ચશ્માં છે. તેઓય શહેરી માણસ છે. ઉંમર હશે પચાસેક. ખાસ્સો ગોરો વાન. નાક અણિયાળું કહેવાય એવું. કાન પાસેના વાળ પાકવા માંડ્યા હતા. મણિમોહનબાબુની ફિયાટ ગાડીમાં જ અમે જશોર રોડ થઈને બામુનગાછિ જતા હતા. શા માટે જતા હતા તે હમણાં જ કહી દેવું જરૂરી છે.

ગઈ કાલે રવિવાર હતો. પૂજાની રજા હજુ શરૂ જ થઈ છે. અમે બંને જણા બેઠકખંડમાં બેઠા હતા. હું છાપું ખોલી સિનેમાના પાના પર જાહેરખબર જોતો હતો અને ફેલુદા એક આંકડાશાસ્ત્ર વિશેનું પુસ્તક ખૂબ જ મગ્ન થઈ વાંચતો હતો. મેં જોયું કે ક્યારેક એકલો-એકલો મરકતો હતો, તો ક્યારેક ભવાં ચડાવી પ્રશંસાનો ને આશ્ચર્ય પામવાનો ભાવ દેખાડતો હતો. પુસ્તક ડૉક્ટર મેટ્રિક્સનું હતું. ફેલુદાએ મને કહ્યું હતું કે આ ડૉક્ટર મેટ્રિક્સના મત પ્રમાણે માણસના જીવનમાં સંખ્યા કે નંબર વસ્તુ એક આશ્ચર્યભર્યો પ્રભાવ ભોગવે છે. અનેક સાધારણ અને અસાધારણ ઘટના પાછળ જો ઊંડા ઊતરી જુઓ તો જાતજાતના નંબરની રમત શોધી શકાય. મને એણે ઉદાહરણ આપી સમજાવ્યું ન હોત તો વખતે હું સમજી પણ ન શક્યો હોત. એ કહે : 'ડૉક્ટર મેટ્રિક્સની એક આશ્ચર્યકારક શોધની વાત સાંભળ. અમેરિકાના બે પ્રખ્યાત પ્રેસિડન્ટનાં ખૂન થયાં હતાં એ તો તને ખબર છે ?'

'લિંકન અને કેનેડી ?'

'હા. અચ્છા, તો એ બેનાં નામના અક્ષર કેટલા ?'

'LINCOLN — સાત; KENNEDY — સાત'

'બરાબર. હવે સાંભળ : લિંકન પ્રેસિડેન્ટ થયા 1860ની સાલમાં, અને કેનેડી થયા 1960માં — બરાબર સો વર્ષ પછી ! બંનેનાં ખૂન થયાં શુક્રવારે. ખૂન થયાં ત્યારે બંનેની પત્નીઓ તેમની સાથે જ હતી. લિંકનનું ખૂન થયું થિયેટરમાં. એ થિયેટરનું નામ હતું ફોર્ડ. કેનેડીનું ખૂન થયું મોટરમાં. એ ગાડી ફોર્ડ કંપનીમાં બનેલી. ગાડીનું નામ હતું લિંકન. લિંકન પછી જે પ્રેસિડેન્ટ થયા તેનું નામ હતું જૉન્સન-ઍન્ડ્રુ જૉન્સન. કેનેડી પછી પ્રેસિડેન્ટ થયા લિંડન જૉન્સન. પહેલાનો જન્મ 1808, બીજાનો જન્મ 1908 — બરાબર એક સો વરસ પછી. લિંકનના ખૂનીનું નામ ખબર છે ?'

'ખબર હતી, પણ યાદ નથી.'

'જોન વિલ્કિસ બૂથ. તેનો જન્મ 1839ની સાલમાં. અને કેનેડીનો ખૂની લી હાર્વે ઓસ્વાલ્ડ. તેનો જન્મ બરાબર એક સો વર્ષ પછી ! હવે બંનેનાં નામ જો. John Wilkes Booth – Lee Harvey Oswald.' કેટલા અક્ષર છે બંનેનાં નામમાં ?'

હું તો અક્ષર ગણીને આશ્ચર્યચકિત ! થૂંક ગળીને બોલ્યો : 'બંનેમાં પંદર-પંદર.'

*

ફેલુદા કદાચ ડૉક્ટર મેટ્રિક્સની તાજ્જુબીભરી શોધખોળ માટે હજુ પણ વધુ કહેત, પણ એવામાં વિના એપૉઇન્ટમેન્ટ આવીને હાજર થયા મણિમોહન સમાદ્દાર. શ્રીમાને પોતાનો પરિચય આપી સોફા પર બેસતાં કહ્યું : 'હું તમારા જ લત્તામાં રહું છું — લેક પ્લેસમાં.'

ફેલુદા 'ઓહ' કહીને ચૂપ થઈ ગયો. હું એ સજ્જન ભણી ત્રાંસી આંખે જોતો હતો. એમણે ખુલ્લા રંગનું બુશ-શર્ટ ને બ્રાઉન પૅન્ટ પહેર્યાં હતાં. અને પગમાં બાટાનાં સૅન્ડલ. જરાક આડીઅવળી વાત કરી ગળું ખંખેરી સજ્જન બોલ્યા : 'વખતે તમે મારા કાકાનું નામ તો સાંભળ્યું હશે — રાધારમણ સમાદ્દાર.'

'આ પેલે દિવસે ગુજરી ગયા એ જ ને ?' ફેલુદાએ પૂછ્યું : 'જેને ગાયન-વાદનનો ખૂબ શોખ હતો !'

'જી હા.'

'ઉંમરે ખાસ્સી હતી, નહિ?'

'બ્યાસી.'

'હા — હા; છાપામાં વાંચ્યું હતું. જોકે મરણના સમાચાર વાંચ્યા તે પહેલાં એમને જાણતો હતો એમ કહેવું સત્યથી વેગળું કહેવાય.'

'એમાં કંઈ આશ્ચર્ય નથી. એમણે ગાવા-બજાવવાનું છોડ્યું ત્યારે કદાચ તમે સાવ બાળક હશો. લગભગ વીસેક વર્ષ તો રિટાયર્ડ થયાને થયાં. ત્યારથી બામુનગાછિમાં ઘર બાંધી શાંત જીવન ગાળતા હતા. અઢારમી સપ્ટેમ્બરે સવારે હાર્ટઍટેક આવ્યો, ને તે દિવસે રાત્રે જ ગુજરી ગયા.'

'આઈ સી.'

શ્રીમાન થોડી સેકંડ ચૂપ રહ્યા. ફેલુદા એનો ડાબો પગ જમણા પગ પર રાખી બેઠો હતો. આ ચુપકીદી દરમિયાન એણે જમણો પગ ડાબા પગ પર મૂક્યો. મિસ્ટર સમાદ્દાર જરાક ખમચાઈને બોલ્યા : 'તમને થશે કે આ માણસ શું કહેવા આવ્યો છે. પણ જુઓ તમને જરા બૅક-ગ્રાઉન્ડ ન સમજાવું તો.....'

'ચોક્કસ, ચોક્કસ.' ફેલુદા બોલી ઊઠ્યો : 'તમે ઉતાવળ ના કરશો. ટેક યૉર ટાઇમ.'

મણિમોહનબાબુએ બોલવા માંડ્યું : 'મારા એ કાકા સાધારણ માણસ નહોતા. એમનો વ્યવસાય હતો વકીલાત, અને તેમાં ખૂબ કમાયા પણ હતા. પચાસ વર્ષની ઉંમરે એ છોડી દઈ એકદમ ગાવા-બજાવવામાં જ લાગી ગયા હતા. કેવળ ગાન જ નહિ. ખાસ્સાં સાત-આઠ જાતનાં દેશી-વિલાયતી વાદ્યો વગાડી શકતા. સિતાર, વાયોલિન, પિયાનો, વાંસળી, તબલાં, હારમોનિયમ અને એ ઉપરાંત પણ બીજાં કેટલાંક. તેમાં પાછો સંગ્રહ કરવાનો પણ ઘેલો નાદ હતો. એમના ઘરમાં વાદ્યયંત્રોનું સારું એવું મ્યુઝિયમ ખડું કર્યું છે.'

'કયા ઘરમાં ?' ફેલુદાએ પૂછ્યું.

'આમહર્સ્ટ સ્ટ્રીટમાં રહેતા હતા ત્યારથી જ શરૂઆત. એ પછી એ બધાં બામુનગાછિના મકાનમાં લઈ ગયા હતા. વાજિંત્રોની શોધમાં દેશ આખામાં કેટલી બધી જગ્યાએ ફર્યા હશે ! મુંબઈમાં એક વાર ઇટાલિયન જહાજી પાસેથી એક વાયોલિન ખરીદ્યું હતું. એમણે કલકત્તામાં આવી થોડા જ દિવસમાં એ ત્રીસ હજારે વેચ્યું હતું !'

ફેલુદાએ મને કહ્યું હતું કે ઇટાલીમાં લગભગ ત્રણસો વર્ષ પૂર્વે બે-ત્રણ જણ એવા કારીગર હતા ને એમનાં બનાવેલાં વાયોલિન એટલાં સરસ કે એના અત્યારે લગભગ લાખેક

રૂપિયા આવે !

સમાદ્દાર મહાશય કહી રહ્યા હતા : 'આ બધા ગુણમાં એક અવગુણ હતો. એ હતી કાકાની કંજૂસાઈ. તેથી આ પાછલી ઉંમરમાં સગાંવહાલાંથી દૂર જ રહેતા. એના મૂળમાં હતી એ જ એમની કંજૂસાઈ.'

'સગાંવહાલાંમાં તમારા સિવાય બીજું કોણ-કોણ છે ?'

'અત્યારે તો ખાસ કોઈ નથી. દૂરનાં સગાં છે અહીં-તહીં. મારા કાકા ને એ લોકો ચાર ભાઈ, બે બહેન. બંને બહેનો ગુજરી ગયાં છે. ભાઈઓમાં કાકા સમેત ત્રણ ગુજરી ગયા છે, અને એક જણ જીવતા છે કે નહિ એ ખબર નથી. લગભગ ત્રીસ વર્ષ પહેલાં ઘરબાર સંસાર છોડી ચાલ્યા ગયા હતા. રાધારમણ પોતે વિધુર હતા. એક દીકરો હતો, મુરલીધર, તેય લગભગ પચીસ વર્ષ પૂર્વે ગુજરી ગયો. તેનો દીકરો ધરણીધર, એ કાકાનો એકનો એક પૌત્ર. નાનપણમાં કાકાને એ ખૂબ જ વહાલો હતો. પણ પછી ભણવાગણવાને તિલાંજલિ દઈને નામ બદલી નાટક કંપનીમાં જોડાયો, ત્યારથી કાકા એનું મોંયે નહોતા જોતા. એ જ એમનો આત્મીય, સગો, વહાલો, જે કહો તે.'

'ધરણીધર જીવતા છે ?'

'હા, એ આજકાલ થિયેટર છોડીને જાત્રા (બંગાળનું ભવાઈ જેવું ગીત-નાટકનું એક રૂપ)ની મંડળીમાં જોડાયો છે. કાકાના મૃત્યુ પછી મેં એની તપાસ કરી હતી, પણ એ કલકત્તામાં નથી. મંડળી સાથે ક્યાંક ગામડા ગામની ટૂરમાં ગયો છે. એમાં નામ પણ સારું કમાયો છે. ગાવા-બજાવવામાંય ઉસ્તાદ, તેથી કાકાનો એના પર ખૂબ પ્રેમ.'

મણિમોહનબાબુ અચાનક જાણે વાતનો દોર ખોઈ બેઠા હોય એમ ચૂપ થઈ ગયા. પછી ફરી શરૂ કર્યું : 'મારે પણ એમની સાથે કંઈ ખૂબ આવ-જાનો સંબંધ કે એવું કંઈ નહોતું. બેચાર મહિને એકાદ વાર મળતો. છેલ્લે-છેલ્લે તો એય ઓછું થઈ ગયું હતું, અને ખરું પૂછો તો મારે એક છાપખાનું છે — ભવાનીપુરમાં : યુરેકા પ્રેસ. તેમાં આ ગયા કેટલાક મહિનામાં લોડ શેડિંગને લીધે ખૂબ સહેવું પડ્યું છે. કાકાને હાર્ટ-ઍટેક આવ્યો એની એમના પાડોશી અવનીબાબુએ મને ખબર આપી. હું તરત જ ડૉ. ચિંતામણિ બોઝને લઈને ઊપડ્યો. જ્યારે પહોંચ્યા ત્યારે ભાનમાં નહોતા. મરતાં પહેલાં થોડી વાર ભાનમાં આવ્યા હતા. મને જોઈને લાગ્યું કે મને ઓળખી શક્યા છે. એકાદ-બે ભાંગ્યાં-તૂટ્યાં વાક્યો બોલ્યા. બસ— એ પછી ખલાસ.'

'શું બોલ્યા ?' ફેલુદાએ પૂછ્યું. એણે હવે પગ પર પગ ચડાવ્યા નહોતા. ટટ્ટાર થઈ ખુરશી પર આગળ ઝૂકીને બેઠો હતો.

'પહેલાં કહે : 'મારે...નામે...' એ પછી થોડી વાર હોઠ ફફડાવ્યા. બોલ્યા નહિ. અંતે ખૂબ કષ્ટે બે શબ્દ નીકળ્યા. 'ચાવી...ચાવી...' બસ.'

ફેલુદા ભવાં સંકોચી મણિમોહનબાબુ સામે તાકી રહ્યો. બોલ્યો : 'શું કહેવા માગતા હતા તે કંઈ સમજાયું ?'

'પહેલાં તો સાંભળીને લાગ્યું કે બધા એમને કંજૂસ કહેતા હતા એ વિશે કંઈ કહેવા માગતા હતા. મને લાગે છે એમના મનમાં કંઈ પસ્તાવો થયો હશે. પણ મુખ્ય વાત તો છે આ ચાવી. શાની ચાવીની વાત કરતા હતા એ કંઈ ન સમજાયું. ઘરમાં એક કબાટ અને તિજોરી છે, એની ચાવી તો પલંગ પાસેના ટેબલમાં જ રહેતી. મકાનને કેવળ ત્રણ જ ઓરડા, અને એક બાથરૂમ. તેય સૂવાના ઓરડાની લગોલગ. અને સરસામાનમાંય ખાસ કંઈ નથી. અને ખાસ કરીને ચાવીની જરૂર પડે એવી કોઈ વસ્તુ નથી એમ કહીએ તોય ચાલે. બારણે જે તાળું મારતા એ જર્મન તાળું. એને ચાવીની જરૂર નહિ. નંબરના કૉમ્બિનેશનથી ખૂલે છે.'

'કબાટ અને તિજોરીમાં શું હતું ?'

'કબાટમાં એમનાં કપડાંલત્તાં, અને ખાનામાં કાગળિયાં. ખાસ જરૂરી એવું કંઈ નહિ. અને તિજોરી હતી બિલકુલ ખાલીખમ !'

'રૂપિયા-પૈસા ?'

'નથિંગ ! નૉટ અ પાઈસ. ટેબલના ખાનામાં થોડું પરચૂરણ હતું. અને ઓશીકા નીચે એક બટવામાં થોડી બે રૂપિયા — પાંચ રૂપિયાની નોટો, બસ. બટવામાંથી ઘર ચલાવવાના પૈસા કાઢીકાઢીને દેતા. એમના નોકર અનુકૂલે એમ કહ્યું હતું.'

'પણ એ તો સામાન્ય મામૂલી ખર્ચ પૂરતા : એ ખલાસ થાય ત્યારે તો ક્યાંકથી કાઢતા હશે જ ને ?'

'હશે જ તો.'

'તમે શું એમ કહેવા માગો છો કે બૅંકમાં મુદ્દલે કંઈ રાખતા નહિ ?'

મણિમોહનબાબુ હસીને બોલ્યા : 'જો બૅંકમાં રાખત તો-તો પછી એમનામાં અને સાધારણ બીજા માણસમાં ફેર ક્યાં રહ્યો ? એક જમાનામાં રાખતા. પણ પચીસેક વર્ષ પહેલાં એક બૅંક ફેઈલ ગઈ ત્યારે એમને ભારે ફટકો લાગ્યો હતો. એ પછી એમનો બૅંક સાથેનો સંબંધ ખતમ ! અને છતાં —' મણિબાબુએ અવાજ ધીમો કરી કહ્યું : 'મને ખબર છે, એમની પાસે પુષ્કળ પૈસો હતો. અને એ પણ આ મકાન બાંધ્યા પછી પણ હતો, એ તમે એમનાં મોંઘામૂલાં દુષ્પ્રાપ્ય વાજિંત્રનું કલેકશન જોશો એટલે ખબર પડશે. તે સિવાય પોતાની પાછળ પણ પોતે સારો એવો ખર્ચ કરતા. સારું ખાતા-પીતા, મજાનો બાગ બનાવ્યો છે. અને એક સેકંડહૅન્ડ ઑસ્ટીન ખરીદી હતી. ક્યારેક-ક્યારેક બહાર નીકળતા. શહેરમાં આવતા. તેથી —'

ફેલુદાએ ખિસ્સામાંથી 'ચારમિનાર' બહાર કાઢી. મણિમોહનબાબુને ઑફર કરી સળગાવી. શ્રીમાને એક જોરદાર કસ લગાવી ધુમાડો બહાર કાઢી કહ્યું : 'આટલી વારે તો તમને અંદાજ આવી જ ગયો હશે કે હું શા માટે તમારી પાસે આવ્યો છું. આટલા બધા રૂપિયા — બધા ગયા ક્યાં ? કાકા કઈ ચાવીની વાત કરતા હતા ? એ ચાવી વડે કઈ ચીજ ખોલવાથી શું મળશે ? એ શું રૂપિયા હતા કે બીજું કંઈ ? વખતે વીલ કર્યું હોય, તો એ પણ મેળવવું જરૂરી છે. વીલ નહિ હોય તો-તો બધા જ પૈસા એમના પૌત્રને જ મળશે. પણ એ પહેલાં રૂપિયા શોધવા જરૂરી છે. તમારી બુદ્ધિની ખૂબ જ પ્રશંસા સાંભળી છે. જો તમે આ વાતમાં કંઈક હેલ્પ કરી શકો.....'

મણિમોહનબાબુની જોડે વાતચીત થયા પછી નક્કી થયું કે એને બીજે દિવસે જ સવારે અમે બામુનગાછિ જઈશું. એમની ગાડી છે. તેઓ પોતે જ સવારે સાત વાગ્યે આવી અમને લઈ જશે. મને લાગ્યું જ કે આ ફેલુદા માટે નવી તરેહનું રહસ્ય હતું. રહસ્ય ન કહો ને કોયડો કહો તોય ચાલે.

જોકે શરૂઆતમાં તો એવું જ લાગતું હતું. પણ અંતે ખબર પડી કે કોયડા કરતાંય વધુ ગોટાળાભર્યું અને કંઈક વધુ પેચદાર.

*

બારાસત વટાવી એક રસ્તો જશોર રોડ થઈ જમણી બાજુ વહી બામુનગાછિ ભણી જાય છે. એ રસ્તાના નાકો પર એક ફરસાણ-ચાની દુકાનમાંથી મણિમોહનબાબુએ અમને ચા અને જલેબી ખવડાવ્યાં. તેમાં પંદર મિનિટ ગઈ. નહિ તો અમે આઠ વાગ્યા પહેલાં જ બામુનગાછિ પહોંચી જાત. ગુલાબી રંગની વંડીવાળી અને યુકૅલિપ્ટસનાં વૃક્ષોથી ઘેરાયેલી સાત વીઘાં જમીન પર રાધારમણનું બેઠા ઘાટનું મકાન હતું. જે માણસે આવીને ઝાંપો ખોલ્યો તે

માળી હશે એમ લાગ્યું, કારણ એના હાથમાં એક ટોપલી હતી. ગાડી અંદર દાખલ થઈ, બાગ પાસે થઈ, કાંકરિયાળા રસ્તા પર થઈ બરાબર બંગલાના મુખ્ય બારણા પાસે આવીને ઊભી રહી. જમણી બાજુ થોડે દૂર ગૅરેજમાં એક જૂની ગાડી પડી હતી. લાગ્યું કે એ જ રાધારમણ સમાદ્દારની ઑસ્ટીન હતી.

ગાડીમાંથી ઊતરતાં જ એક ‘ઠાંઈ’ અવાજ સંભળાતાં જ બાગ તરફ ફરી જોયું કે એક બ્લૂ હાફ-પૅન્ટ પહેરેલો આઠ-દસ વર્ષનો છોકરો. હાથમાં એક ઍર ગન ! ઊભો-ઊભો અમારી સામે જોઈ રહ્યો હતો. મણિમોહનબાબુએ એને કહ્યું : ‘તારા પપ્પા ઘરમાં છે ? તેને જઈને કહે કે મણિબાબુ કલકત્તાથી આવ્યા છે. જરાક બોલાવે છે, આવી જાઓ ને !’

છોકરો બંદૂકમાં છરા ભરતો-ભરતો ચાલ્યો ગયો : ‘પાડોશીનો છોકરો લાગે છે.’

‘જી હા, એના બાપા અવની સેનની ફૂલની દુકાન છે ન્યૂ માર્કેટમાં. અહીં જોડાજોડ જ છે એમનું ઘર. અને સાથે જ એમની નર્સરી. વચ્ચે- વચ્ચે પત્ની અને પુત્રને લઈને અહીં આવી રહે છે.’

એટલામાં એક બુઢ્ઢો નોકર અમારી તરફ આવતો દેખાયો. મણિબાબુએ એને જોઈને કહ્યું : ‘આ ઘરની કંઈક વ્યવસ્થા થાય નહિ ત્યાં સુધી અનુકૂલ અહીં જ રહેશે. લગભગ ત્રીસ વર્ષનો જૂનો નોકર છે. અરે અનુકૂલ ! અ ામને માટે જરાક શરબત બનાવી લાવ તો.’

નોકર માથું નમાવી હા કહી ચાલ્યો ગયો. અમે ત્રણ જણ ઘરની અંદર દાખલ થયા. બારણામાં પેસતાં જ થોડીક મોકળી જગ્યા. એને ઓરડો ન કહી શકાય, કારણ વચ્ચે એક ગોળ ટેબલ અને ભીંત પર એક કૅલેન્ડર સિવાય બીજું કશું જ નહોતું. બત્તી પણ નહિ ! કેમ કે આ તરફ ઇલેક્ટ્રિસિટી આવી જ નથી. અમારી સામે જ એક બારણું હતું. તે તરફ આગળ વધી મણિબાબુ બોલ્યા : ‘જુઓ, આ પેલું જર્મન તાળું. બીજા વિશ્વયુદ્ધ પહેલાં કલકત્તા શહેરમાં જ આ મળતાં. આનું નામ એઇટ-ટુ-નાઈન-વન.’

ગોળ તાળું. એમાં ચાવી માટે કાણું-બાણું નહિ. તેને બદલે ચાર ઊંડાણવાળા ખાંચા. દરેક ખાંચાની પાસે એકથી નવ સુધીના નંબર લખ્યા હતા. અને પ્રત્યેક ખાંચામાં થઈને એક નાનકડા હૂક જેવું બહાર આવતું હતું. હૂકને દરેક ખાંચાની અંદર એક છેડેથી બીજા છેડા સુધી સરકાવી શકાય, અને જરૂરી કોઈ પણ એક નંબર પાસે અટકાવી શકાય. કયા નંબરમાં બેસાડવાનું એની જો ખબર ન હોય તો તાળું ખોલવું અસંભવિત.

મણિબાબુએ ડાબી બાજુના ખાંચામાંથી શરૂ કરી હૂકને એક પછી એક આઠ, બે, નવ અને એક નંબર પર ખસેડી મૂક્યા કે તરત જ ‘ખટ’ અવાજ કરી તાળું જાદુની જેમ ખૂલી ગયું ! મણિબાબુ બોલ્યા : ‘બંધ કરવાનું તો એનાથીયે સહેલું, તાળું મારી ગમે તે એક હૂક સરકાવી દો કે બસ — બંધ !’

અમે ત્રણે રાધારમણ સમાદ્દારના ઓરડામાં દાખલ થયા. ઓરડો ખાસ્સો મોટો હતો. એમાં મણિબાબુના કહેવા મુજબ બધું જ હતું, પણ વાજિંત્રો આટલી બધી જાતનાં હોઈ શકે એ તો કલ્પી જ ન શકાય. તેમાંનાં કેટલાંક દક્ષિણ તરફની ભીંત પર એક લાંબી શેલ્ફનાં ત્રણ ખાનાં પર, કેટલાંક પૂર્વ તરફની દીવાલને અડીને પડેલા લાંબા બાંકડા પર, થોડાંક દીવાલ પરની ખીંટીઓ પર લટકતાં હતાં. બાકીનાં કેટલાંક નાનાં-નાનાં ટેબલ પર પડ્યાં હતાં. એ સિવાય ઘરમાં જે હતું તેમાં એક પલંગ, પાસે નાનું ટેબલ, ઉત્તર તરફની ભીંતને અડીને કબાટ, અને એક ખૂણામાં એક નાનકડી તિજોરી. પલંગ નીચે એક નાની ટ્રંક પણ દેખાઈ.

ફેલુદાએ પહેલાં તો રૂમની વચ્ચોવચ ઊભા રહી ચારે કોર નજર ફેરવી લીધી. પછી કબાટ અને તિજોર ખોલી સારી પેઠે કાળજીથી એમાં ખૂણે-ખૂણે હાથ ફેરવી ફંફોસી ચોકસી કરી લીધી. પછી બધાં ખાનાં સાથે ટેબલની પરીક્ષા કરી લીધી. પલંગનાં ગાદી-તકિયા નીચે

જોયું, ટ્રંકની અંદર જોયું (તેમાં એક જોડી જૂના જોડા અને એક ફાટેલા ચીંથરા સિવાય કશું જ નહોતું.). એ પછી દરેક વાજિંત્રને અલગ-અલગ હાથમાં ઊંચકી વજનની પરીક્ષા કરી અને તેને આમતેમ હલાવી-ફેરવી, એમાં જ્યાં પણ પોકળ અંશ કે જગ્યા દેખાઈ એમાં પણ ચાવી માટે ક્યાંય કાણું હતું કે નહિ તે જોઈ લીધું. અને પછી જેમ હતાં તેમ ગોઠવીને મૂકી દીધાં. પછી ઘરની જમીન પર અને પ્રત્યેક દીવાલને આંગળીના સાંધાના ઢેકાથી ઠોકીઠોકીને ચોક્કસ કરી લીધું. આ બધું કરતાં તેને પંદરેક મિનિટ લાગી. એ પછી બીજી સાત મિનિટ લાગી બીજા બે ઓરડા અને બાથરૂમ જોતાં. અંતે ફરી રાધારમણબાબુના ઓરડામાં આવી ફેલુદા બોલ્યો : 'મણિમોહનબાબુ, તમારા માળીને બોલાવો તો એક વાર.'

માળી આવતાં જ ફેલુદાએ ઓરડાની બારીમાં રાખેલાં બે ફૂલનાં કૂંડાંમાંથી માટી બહાર કઢાવી, તેમાં કંઈ નથી એમ ચોકસાઈ કરી ફરી માટી ભરાવી છોડ સહિત કૂંડાં બારીમાં રખાવ્યાં.

એટલી વારમાં અનુકૂલ બેસવાના ઓરડામાંથી ચાર ખુરશી લાવી અને તેની વચ્ચે ગોળ ટેબલ મૂકી, તેના પર લીંબુ-શરબત મૂકી ગયો. શરબતનો ઘૂંટડો લેતાં મણિબાબુએ પૂછ્યું : 'કંઈ સમજાયું ?'

ફેલુદાએ માથું હલાવી જવાબ આપ્યો : 'આટલાં બધાં વાજિંત્રો એકીસાથે આ ઘરમાં ન હોત તો અહીં કોઈ પૈસાદાર માણસ વસતો હતો એ માનવું પણ મુશ્કેલ.'

'એ જ તો કહું છું.' મણિબાબુ બોલ્યા : 'અમસ્તા તમને બોલાવ્યા હશે ? હું તો એકદમ બુદ્ધ જ બની ગયો છું, મોશાય.'

હું વાજિંત્રો તરફ જોતો હતો. તેમાંનાં સિતાર, સરોદ, તાનપૂરો, દિલરુબા, તબલાં, વાંસળી–એ બધાંને તો હું ઓળખું, પણ બીજાં ક્યારે પણ મેં દીઠાં નહોતાં. ફેલુદાએ પણ જોયાં હશે કે નહિ એ સંદેહ હતો. એણે મણિબાબુને પૂછ્યું : 'તમને આ બધાંનાં નામ ખબર છે ? આ જે સામે દીવાલ પર તારવાદ્ય લટકે છે એનું નામ શું ?'

મણિબાબુ હસીને બોલ્યા : 'હું તો ભાઈ સાવ જ બેસૂરો છું. મને પૂછશો તો હું મૂંઝાઈ જઈશ.'

પગ સંભળાતાં પાછા વળી જોયું તો પેલા બંદૂકવાળા છોકરા સાથે ચાળીસેક વર્ષના એક ગોરા સજ્જન અમારા રૂમમાં દાખલ થતા હતા. મણિબાબુએ અમારી ઓળખાણ કરાવીને કહ્યું કે આ જ છે ફૂલની દુકાનના માલિક અવની સેન. છોકરાનું નામ હતું સાધન. અવનીબાબુએ પ્રદોષ મિત્તિરનું નામ સાંભળ્યું હતું જાણી ફેલુદાએ જરાક એક તરફ હોઠ મરડી મોં મલકાવ્યું અને ગળું ખંખેર્યું. અવનીબાબુ ખાલી ખુરશી પર બેઠા અને મણિબાબુ તરફ જોઈ બોલ્યા : 'અચ્છા, તમારા કાકાએ શું કોઈને તેમનું વાજિંત્ર વેચવાની વાત કરી હતી ?'

'ના ભઈ !' — મણિબાબુ તો અવાક્ !

'કાલ એક સજ્જન આવ્યા હતા. અહીં કોઈ નહોતું. એટલે મારે ઘેર આવ્યા હતા. મેં એમને આજ આવવાનું કહ્યું છે. મને એમ અંદાજ હતો કે વખતે તમે આજે આવશો. એ સજ્જનનું નામ સુરજિત દાસગુપ્ત. તમારા કાકાની જેમ એમનેયે વાજિંત્રો ભેગાં કરવાનો ગાંડો શોખ છે. રાધારમણબાબુનો લખેલો પત્ર પણ બતાવ્યો હતો. મૃત્યુ થયું એની થોડા દિવસ પહેલાં જ લખ્યો હતો. એ પત્ર મળ્યા પછી એક વાર એ સજ્જન પહેલાં એમને મળી પણ ગયા હતા. તમારા નોકરે પણ કહ્યું કે એમને જોયા હતા.'

'મેંય જોયા હતા.' — એ વાક્ય બોલ્યો સાધન. એ એક ટેબલ પર મૂકેલા નાનકડા હારમોનિયમ જેવા વાજા સામે ઊભો રહી તેના પર્દા પર આસ્તે-આસ્તે આંગળી મૂકી ટૂ..... ટાં...સૂર વગાડતો હતો.

અવનીબાબુ દીકરાની વાત સાંભળી હસીને બોલ્યા : 'સાધન લગભગ આખો દિવસ આ બંગલાની આસપાસ ફરતો હોય છે. દાદા સાથે એને ખૂબ બનતું.'

'દાદા તને ગમતા ?' ફેલુદાએ પૂછ્યું.

'ક્યારેક-ક્યારેક ન ગમતા.' સાધન અમારી તરફ પીઠ વાળી ઊભો હતો. એણે એમ જ ઊભાં-ઊભાં જવાબ દીધો.

'કેમ ન ગમતા ?' ફેલુદાએ પૂછ્યું.

'અમસ્તા-અમસ્તા સારેગમ ગાવાનું કહેતા.'

'તું ગાતો નહિ ?'

'ના.....પણ હું ગાઈ શકું છું ખરો.'

'બધાં જ હિંદી ફિલ્મનાં ગીતો !' હસીને અવનીબાબુ બોલ્યા.

'દાદાને ખબર હતી કે તું ગાઈ શકે છે ?'

'હા.'

'એનો અર્થ કે એણે તને ગાતાં સાંભળ્યો હતો ?'

'ના.'

'તો પછી શી રીતે ખબર પડી ?'

'દાદા કહેતા હતા કે જેના નામમાં સૂર હોય તેના ગળામાં પણ સૂર હોય જ.' વાત તો કંઈ સાફ સમજાઈ નહિ. અમે એના મોં ભણી તાકી રહ્યા. ફેલુદા બોલ્યો : 'એટલે ?'

'ખબર નહિ.'

'તમારા દાદાને ગાતાં સાંભળ્યા હતા ?'

'ના. વગાડતાં સાંભળ્યા હતા.'

આ સાંભળી મણિમોહનબાબુ તો ખાસ્સા ચમકી જ ઊઠ્યા ! 'એ શું સાધનબાબુ ? તમે શું સાચું બોલો છો ? મેં તો સાંભળ્યું હતું કે એમણે વાદ્યો વગાડવાનું સાવ છોડી દીધું હતું. તમારી સામે ક્યારેય વગાડ્યું હતું ખરું ?'

'સામે નહિ, હું બહાર હતો — બાગમાં. બંદૂક વડે નારિયેળ પર નિશાન તાકતો હતો. ત્યારે તેઓ વગાડતા હતા.'

'બીજું કોઈ તો નહોતું વગાડતું ને?' મણિબાબુએ પૂછ્યું.

'બીજું કોઈ ત્યારે હતું જ નહિ.'

ફેલુદા બોલ્યો : 'બહુ વાર સુધી વગાડ્યું હતું ?'

'ના, ઝાઝી વાર નહોતું વગાડ્યું.' ફેલુદાએ પછી મણિમોહનબાબુને સંબોધી કહ્યું : 'જરા તમારા અનુકૂલને બોલાવો તો ?'

અનુકૂલ આવી હાથ જોડી બારણા પાસે ઊભો રહ્યો. ફેલુદાએ પૂછ્યું : 'તમારા શેઠને હમણાં-હમણાં ક્યારેય વાજું વગાડતાં સાંભળ્યા હતા ?'

અનુકૂલ ખૂબ જ ગભરાઈને કહેવા લાગ્યો : 'જી. શેઠ તો આખો વખત પોતાના ઓરડામાં જ રહેતા. તે ક્યારે શું કરતા ને શું નહિ...'

'તમારી સામે તો ક્યારેય કંઈ નહોતા વગાડતા ને ?'

'જી ના.'

'તો પછી કોઈ વાજિંત્રનો અવાજ સાંભળ્યો હતો ?'

'હા; એવું લાગે છે, ક્યારેક સંભળાતું હતું, પણ હું કાને બરાબર સાંભળતો નથી ને.....'

'મરતાં પહેલાં એક અજાણી વ્યક્તિ એમને મળવા આવી હતી ? જે કાલે સવારે પણ આવી હતી ?'

'હા, એ તો આવ્યા હતા. આ ઓરડામાં જ બેસીને વાતો કરી હતી.'

'પહેલી વાર ક્યારે આવ્યા હતા એ યાદ છે ?'

'જી હા, જે દિવસે શેઠ ચાલ્યા ગયા તે જ દિવસે સવારે.'

'જે દિવસે કાકા ગુજરી ગયા ?' મણિબાબુએ આંખો ફાડી પૂછ્યું.

'જી હા.' એટલું બોલતાં અનુકૂલની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. એણે અંગૂછા વડે આંખો લૂછતાં ભરાયેલા સ્વરે ઉમેર્યું : 'એ સાહેબ ગયા પછી થોડી જ વાર બાદ હું તેમને માટે નાહવાનું ગરમ પાણી કરી બોલાવવા ગયો ત્યારે જોયું કે તેઓ ભાનમાં નહોતા. કેટલીક વાર 'શેઠ, શેઠ' કરી બોલાવ્યા પણ જવાબ ન દીધો એટલે આમને ઘેર ગયો ખબર દેવા.' અનુકૂલે અવનીબાબુ તરફ આંગળી ચીંધી. અવનીબાબુ બોલ્યા : 'મેં તો એમની એ હાલત જોતાં જ મણિબાબુને ફોન કરી ડૉક્ટરને લઈ આવવા કહ્યું. જોકે બીજું તો ખાસ કંઈ કરવાનું હતું જ નહિ.'

એવામાં ગાડીનો અવાજ સંભળાયો. અનુકૂલ બહાર ચાલ્યો ગયો. એકાદ મિનિટમાં જ ઘરમાં પ્રવેશ્યા લાંબા વાંકડિયા વાળ, લાંબી દાઢી અને જાડી ફ્રેમનાં ચશ્માં પહેરેલા એક સજ્જન. સમજાયું કે આ જ હતા સુરજિત દાસગુપ્ત. અવનીબાબુ મણિમોહનબાબુને દેખાડી બોલ્યા : 'તમે આમની સાથે વાત કરી લો. આ રાધારમણબાબુના ભત્રીજા છે.'

'ઓ ! આઈ સી ! તમારા કાકા જોડે મારે પત્ર દ્વારા જ ઓળખાણ થઈ હતી. એમણે મને મળવા બોલાવ્યો હતો.....'

સજ્જને કોટના અંદરના ખિસ્સામાંથી પોસ્ટકાર્ડ કાઢી મણિબાબુના હાથમાં મૂક્યું. મણિબાબુએ વાંચીને ફેલુદાને આપ્યું. મેં વાંકા વળી જોયું કે રાધારમણબાબુએ એમને રવિવારે 18મી સપ્ટેમ્બરે સવારે નવથી દસની વચ્ચે મળવા બોલાવ્યા હતા. કારણ પણ જણાવ્યું હતું : 'જેટલાં વાજિંત્રો છે તે બધાં મારી પાસે જ છે. તમે આવશો એટલે જોવા મળશે.' પાછલી તરફ એ સજ્જનનું સરનામું પણ ફેલુદાએ જોઈ લીધું : 'મિનર્વા હોટેલ, સેન્ટ્રલ ઍવેન્યુ, કલકત્તા 13.'

ફેલુદાએ પત્ર વાંચી પલંગ પાસે પડેલા ટેબલ પર રાખેલી સુલેખા બ્લૂબ્લૅક શાહીના ખડિયા તરફ એક નજર નોંધી લીધી. લાગ્યું કે પત્ર આ જ શાહીથી લખાયો હતો.

સુરજિતબાબુ આટલી વાર ઊભા હતા. એ જરાક અસહિષ્ણુતાથી જઈને પલંગના એક છેડે બેઠા. બીજો પ્રશ્ન પણ મણિમોહનબાબુએ જ પૂછ્યો : 'અઢારમીએ તમારી સાથે શી વાત થઈ હતી ?' સુરજિતબાબુ બોલ્યા : 'થોડા દિવસ પહેલાં એક જૂના 'ગીતભારતી' સામયિકમાં વાજિંત્રો વિશે રાધારમણબાબુનો એક લેખ વાંચી એમની મને જાણ થઈ. અહીં આવી મેં એમનું કલેકશન જોયું ને એમાંથી બે વાજિંત્ર ખરીદવાની ઇચ્છા બતાવી. પૈસા માટે વાતચીત થઈ. મેં બંનેના બે હજાર રૂપિયા ઑફર કર્યા. તેઓ ખુશ થયા. તરત જ મેં ચેક લખીને આપવા માંડ્યો. એમણે કહ્યું કે બે દિવસ પછી કૅશ લઈને જ આવજો. તેથી બુધવારની ફરી ઍપૉઈન્ટમેન્ટ નક્કી થઈ. મંગળવારે છાપામાં જોયું કે તેમનું મરણ થયું છે. તેથી હું દેહરાદૂન ચાલ્યો ગયો. પરમ દિવસે પાછો આવ્યો.'

મણિબાબુ બોલ્યા : 'તમે મળવા આવ્યા ત્યારે એમની તબિયત કેવી હતી ?'

'સારી વળી. પણ એમના મનમાં એક માન્યતા બંધાયેલી હતી કે હવે તેઓ વધુ દિવસ નહિ જીવે. એવું એમની વાત પરથી લાગ્યું.'

'તમારી સાથે કશી રકઝક તો નહોતી થઈ ને ?' પ્રશ્ન સાંભળી સુરજિતબાબુનું મોં થોડી

પળ માટે ખાસ્સું ઝંખવાઈ ગયું. એ પછી ધીમેથી પૂછ્યું : 'શું એમના હાર્ટઍટેક માટે મને દોષિત લેખો છો ?' મણિબાબુ પણ શક્ય એટલી શાંતિથી બોલ્યા : 'તમે કંઈ જાણીજોઈને કર્યું એવું નથી કહેતો. પણ તમારા ગયા પછી જ તેઓ બીમાર થઈ ગયા તેથી...'

'એ હશે; પણ હું હતો ત્યાં સુધી તો તેઓ સંપૂર્ણ સ્વસ્થ અને સાજા હતા. ઍની વે, હવે તમે મારી બાબતમાં ચોક્કસ એક નિર્ણય લઈ શકો છો. હું કૅશ રૂપિયા લઈ આવ્યો છું — બે હજાર.' કહી શ્રીમાને મની પર્સ બહાર કાઢી : 'વાજિંત્રો આજ મળે તો સારું. હું કાલે દેહરાદૂન પાછો જાઉં. હું ત્યાં જ રહું છું. ત્યાં હું મ્યુઝિક સંબંધે રિસર્ચ કરું છું.'

'કયાં બે વાજિંત્રોની તમે વાત કરો છો ?'

સુરજિતબાબુએ પલંગ પરથી ઊઠી દીવાલ પાસે ખીંટી પર ટિંગાડેલું એક વાજિંત્ર દેખાડી કહ્યું : 'એક તો આ. આનું નામ ખામાંચે. ઈરાનનું છે. એનું નામ મેં સાંભળ્યું હતું. ક્યારેય જોયું નહોતું. ખૂબ જૂનું વાજિંત્ર છે. અને બીજું આ —' કહેતાં સુરજિતબાબુ ઓરડાની સામી તરફ એક નીચા ટેબલ પર રાખેલા, નાનકડા હારમોનિયમ જેવા વાજિંત્ર પાસે જઈ ઊભા રહ્યા. એ જ થોડી વાર પહેલાં સાધન વગાડતો હતો. સજ્જને એના તરફ આંગળી ચીંધી કહ્યું : 'આનું નામ મેલોકોર્ડ. આ વિલાયતી વાજિંત્ર છે. પહેલાં ક્યારેય જોયું નહોતું. મને લાગે છે આ અલ્પ સમય માટે જ મૅન્યુફૅક્ચર થયું હશે. પછી બંધ થઈ ગયું બનવાનું. ખૂબ સિમ્પલ વાજું છે, પણ હવે મળતું નથી એટલે એક હજારની ઑફર કરી હતી. ત્યારે તેઓએ હા પણ પાડી હતી —'

'એ બંને હમણાં નહિ આપી શકાય, મિસ્ટર દાસગુપ્ત.' સુરજિતબાબુ સ્થંભી ગયા. વાક્ય બોલ્યો હતો ફેલુદા, અને ખાસ્સો ઘાંટો પાડીને. 'તીક્ષ્ણ દૃષ્ટિબાણ મારવા'ની વાત કોઈ પુસ્તકમાં વાંચી હતી. સુરજિતબાબુ મણિબાબુ તરફથી ફટ લઈને ફરી જઈ ફેલુદા તરફ એવું જ એક તીક્ષ્ણ દૃષ્ટિબાણ મારી, સુક્કા ભારે અવાજે બોલ્યા : 'તમે કોણ છો ?'

ઉત્તર દીધો મણિબાબુએ : 'એ મારા મિત્ર છે. એ જે કહે છે તે બરાબર છે. હમણાં એ તમને નહિ આપી શકાય. તેનું મુખ્ય કારણ તમારે સમજવું જરૂરી છે. કાકા તમને વેચવા રાજી હતા એની સાબિતી શી ?'

દાસગુપ્ત થોડીક પળ પથ્થર જેમ ખોડાઈ જ ગયા. એ પછી કંઈ ન બોલતાં સટાસટ ઉતાવળે પગલે ઓરડામાંથી બહાર નીકળી ગયા.

ફેલુદા પણ ખુરશી પરથી ઊભો થઈ ગયો. સુરજિતબાબુની ઘટના જાણે બની જ નથી એવા ભાવ સાથે એ દીવાલ પાસે ગયો અને પહેલાં ખામાંચે વાજિંત્ર ધ્યાનપૂર્વક નિહાળી રહ્યો. રસ્તા પર જે રમકડાના વાયોલિન જેવો રાવણહથ્થો કે એકતારો મળે છે એના જેવું જ લગભગ — જોકે એના કરતાં ઘણું મોટું. અને એના ગોળ તુંબડા જેવા ભાગ પર ખૂબ સુંદર કોતરણી કરી હતી.

પછી ખામાંચે પાસેથી ફેલુદા ગયો મેલોકોર્ડ વાદ્ય પાસે. સફેદ-કાળા પર્દા. પટ્ટી દબાવો કે અવાજ નીકળે. એ અવાજ પિયાનો ને સિતારના અવાજના મિશ્રણથી ઉદ્ભવતો 'ટૂં, ટાંગ' અવાજ. 'તેં આ જ વાજાનો અવાજ સાંભળ્યો હતો ?' ફેલુદાએ સાધનને સવાલ પૂછ્યો.

'હોઈ શકે.' સાધન જેવડો નાની વયનો છોકરો આટલો ગંભીર મેં ખાસ જોયો નથી. પછી ફેલુદાએ કબાટના ખાનામાંથી એક થોકડી જૂના કાગળો બહાર કાઢી મણિબાબુને કહ્યું : 'આ હું ઘેર લઈ જાઉં ?'

મણિબાબુ બોલ્યા : 'ચોક્કસ. બીજું પણ કંઈ—'

'ના, બીજા કશાની જરૂર નથી.'

અમે જ્યારે ઓરડામાંથી બહાર નીકળ્યા ત્યારે સાધન બારીમાંથી આકાશ ભણી તાકીને

એક અદ્ભુત સૂર ગણગણતો હતો. પણ એ કોઈ ફિલ્મી ગીતનો સૂર નહોતો.

*

ફેલુદાએ મણિમોહનબાબુ પાસેથી બે દિવસનો સમય માગી લીધો હતો. માગવો જ પડે ને ? કેમ કે રાધારમણબાબુના ઘરનો ખૂણેખૂણો ખોળી માર્યા છતાં પણ કોઈ ચાવી કે ચાવીથી ખોલી શકાય એવી કોઈ બૉક્સ કે એ જાતનું કંઈ પણ મળ્યું નહોતું. તેથી ફેલુદા કહે : 'નંબર એક — આપણે ચુપચાપ શાંતિથી બેસી વિચાર કરવો પડશે; નંબર બે — રાધારમણબાબુનાં કાગળિયાં વીંખીપીંખીને એ માણસ વિશે કંઈક જાણી શકાય તો એ કરવું પડશે; અને નંબર ત્રણ — પાવા બજાવવા વિશે જરાક વધુ માહિતી મેળવી સંગીત વિશે વાકેફગાર થવું પડશે.'

બામુનગાછિથી પાછા ફરતાં મણિબાબુ કહે : 'મિસ્ટર મિત્તિર, તમને શું લાગે છે ?'

ફેલુદા એની ગંભીરતા અને અન્યમનસ્કતા ખંખેરી બોલ્યો : 'તમારે કેટલીક સન — તારીખ વિશે મને હેલ્પ કરવી પડશે.'

'કહો.'

'તમારા કાકાના દીકરા ભાઈ — પિતરાઈ — એટલે કે રાધારમણબાબુના દીકરા મુરલીધર ક્યારે ગુજરી ગયા ?'

'ફૉર્ટી ફાઇવમાં. અઠ્ઠાવીસ વર્ષ પહેલાં.'

'ત્યારે એમના દીકરાની ઉંમર કેટલી હતી ?'

'ધરણીની ? ધરણી ત્યારે સાત-આઠ વર્ષનો હશે.'

'તેઓ કલકત્તામાં જ રહેતા હતા ?'

'ના, મોટા ભાઈ ભાગલપુરમાં દાક્તરી કરતા. એમના મૃત્યુ પછી ભાભી દીકરાને લઈ કલકત્તા આવી સસરા સાથે રહેવા લાગ્યાં. ત્યારે તેઓ આમહર્સ્ટ સ્ટ્રીટમાં રહેતાં. આમહર્સ્ટ સ્ટ્રીટમાં ભાભી ગુજરી ગયાં ત્યારે ધરણી સિટી કૉલેજમાં ભણતો હતો. માના મરણ પછી એ ખૂબ બદલાઈ ગયો. ભણવા-ગણવાનું છોડી નાટકકંપનીમાં જોડાયો. અને એ પછી વરસદિવસમાં કાકા પણ ચાલ્યા ગયા બામુનગાછિ. તે જ વખતે આ એમનો બંગલો તૈયાર થઈ ગયો હતો—'

'ફિફ્ટી નાઇનમાં. ગેટ પર ડેટ લખેલી છે.' ફેલુદા બોલ્યો.

*

રાધારમણબાબુના કાગળપત્રોમાં કેટલાક જૂના પત્રો હતા, કેટલાક કૅશમેમો, બે દવાનાં પ્રિસ્ક્રિપ્શન, સ્પીગ્લર નામની એક જર્મન કંપનીનું જૂનું કૅટલૉગ, તેમાં જાતજાતનાં વાદ્યોનાં ચિત્રો અને કિંમત, નોટબુકનાં પાનાં પર લખેલી કેટલીક બંગાળી ગીતોની સ્વરલિપિ, છાપાંમાંથી કાપેલી જુદા-જુદા સમયની પાંચ નાટકોની સમાલોચના...એ બધીમાં સંજય લાહિરી નામના એક અભિનેતાની પ્રશંસા નીચે બ્લૂ પેન્સિલથી અંડરલાઇન કરેલી હતી.

એમાંની ત્રણ વસ્તુ વિશે ફેલુદાએ મંતવ્ય વ્યક્ત કર્યું. સ્વરલિપિઓ જોઈ બોલ્યો : 'સુરજિતબાબુએ જે પોસ્ટકાર્ડ બતાવ્યું હતું તેના અને આ અક્ષરો એકસરખા છે.' કૅટલૉગ જોઈ કહે : 'મેલોકોર્ડ નામનું કોઈ પણ વાદ્ય આમાં નથી.' ને થિયેટરની સમાલોચના જોઈ કહે : 'મને લાગે છે, બનતાં સુધી આ સંજય લાહિરી અને ધરણીધર સમાદ્દાર એક જ વ્યક્તિ છે. ને જો એમ જ હોય તો એનો અર્થ એટલો જ કે ભલે પોતાના પૌત્રનું મોં ન જોતા હોય પણ એની ભાળ રાખતા ખરા રાધારમણબાબુ.'

કાગળિયાંઓને સાચવીને એક પ્લાસ્ટિકની બૅગમાં મૂકી ફેલુદાએ થિયેટરના સામયિક 'મંચલોક'ની ઑફિસમાં ફોન કરી સંજય લાહિરી કયા જાત્રાદળમાં છે તે પૂછ્યું. જવાબ મળ્યો :

એની કંપનીનું નામ 'મૉડર્ન ઓપેરા.' એમાં સંજય લાહિરી હીરોનું પાત્ર ભજવતો. એ પછી મૉડર્ન ઓપેરાની ઑફિસમાં ફોન કરતાં ખબર પડી કે એમનું ગ્રૂપ ત્રણ અઠવાડિયાંથી જલપાઈગુડીની ટૂર પર ગયું છે. પાછા ફરતાં હજુ સાતેક દિવસ લાગશે. આ ખબર તો જોકે મણિબાબુએ પહેલાં જ દીધા હતા.

બપોરે જમી-પરવારીને અમે બહાર નીકળ્યા. એક દિવસમાં એક- સાથે આટલી જાતજાતની જગ્યાએ હું ઘણા વખતથી ગયો નહોતો. પહેલાં મ્યૂઝિયમ. શા માટે જતા હતા તે પહેલેથી મને ખબર નહોતી. કારણ હવે ફેલુદાનું મૌન વ્રત. એમાં પાછા વારેવારે આંગળાંના ટાચકા ફોડતો હતો. તેથી હું સમજી ગયો કે તે ખૂબ વિચારમાં ડૂબી ગયો હતો. તેથી ડિસ્ટર્બ કર્યે ન ચાલે. મ્યૂઝિયમમાં આટલી જાતનાં વાદ્યોનો સંગ્રહ છે એ તો મને ખબર જ નહોતી.

એ પછી વિલાયતી વાદ્યોની દુકાને. ફ્રી સ્કૂલ સ્ટ્રીટમાં સાલધાના કંપનીવાળો કહે કે મેલોકોર્ડ જેવું નામ પણ ક્યારે સાંભળ્યું નથી. ત્યાંથી ગયા લાલબજાર. લાલબજારની મંડલ કંપનીનો એક કૅશમેમો રાધારમણબાબુનાં કાગળિયાંમાં હતો, તેથી જ લાગે છે કે ફેલુદા ત્યાં ગયો. દુકાનના માલિક એકદમ જહર રાય જેવા જ દેખાતા હતા. કહે : 'સમાદ્દાર મોશાય તો ઘણા જૂના ઘરાક. છેક મારા ફાધરના ટાઇમથી.'

'મેલોકોર્ડ જેવા કોઈ વાદ્યનું નામ સાંભળ્યું છે ?' ફેલુદાએ પૂછ્યું.

'મેલોકોર્ડ ? ના, ભઈ. કલેરિયોનેટ ટાઇપનું છે ? ફૂંકથી વાગે એવું વાદ્ય ? વિન્ડ ઇન્સ્ટ્રુમેન્ટ ?'

ફેલુદા બોલ્યો : 'ના, કહી શકો હારમોનિયમ ટાઇપનું, પણ સાઇઝમાં ઘણું નાનું. અવાજ પિયાનો અને સિતારની વચ્ચેનો.'

'નાનકડી સાઇઝનું વાજું ? તેમાં કેટલા ઑક્ટેવ છે ?' હું એટલું તો સમજતો હતો કે સા-રે-ગ-મ-પ-ધ-ની-સા આઠ સૂર મળીને એક ઑક્ટેવ થાય. મંડલની દુકાનમાં એક હારમોનિયમ જોયું. એમાં ત્રણ ઑક્ટેવથી પણ વધુ પર્દા હતા. મેલોકોર્ડમાં કેવળ એક જ ઑક્ટેવ હતો. સાંભળીને મંડલે માથું ધુણાવ્યું : 'ના મોશાય. આ સાંભળીને તો લાગે છે કંઈક રમકડા-બમકડા જેવું હશે. તેથી તમે ન્યૂ માર્કેટમાં જ જઈને જુઓ.'

પછી ફેલુદાએ કૉલેજ સ્ટ્રીટમાંથી દાસગુપ્તની દુકાનમાં ઓગણીસ રૂપિયા ખર્ચી સંગીતનાં ત્રણ પુસ્તકો ખરીદ્યાં. ત્યાંથી નીકળી વિધાનસરણીમાં મંચલોકની ઑફિસમાં જઈ ખૂબ શોધીને સંજય લાહિરીનો એક ચોળાઈ ગયેલો ફોટો માગી લીધો. એના કેટલા પૈસા એમ પૂછતાં સંપાદક પ્રતુલ હાજરાએ જીભ કચડી કહ્યું : 'પૈસાની વાત શું કરો છો ?' તમે ફેલુ મિત્તર પોતે જ ને ?'

રસ્તાના નાકા પર એક દુકાનમાં ઠંડી લસ્સી પી ટૅક્સી કરી ઘેર આવ્યા ત્યારે સાડા સાત વાગ્યા હતા. આવીને જોયું તો અમારા રસ્તામાં ઘોર અંધારું ! 'લોડ શેડિંગ' ચાલતું હતું. ફેલુદાએ તેથી મીણબત્તી પેટાવી અને સંગીતનાં પુસ્તકો ઉથલાવવા માંડ્યાં. નવ વાગ્યે ઇલેક્ટ્રિસિટી આવતાં બોલ્યો : 'તોપસે — તું શ્રીનાથને લઈને જલદી એક વાર પલટુને ઘેર જા અને જઈને કહે કે ફેલુદાને એક દિવસ હારમોનિયમ જોઈએ છે.'

હું ઊંઘી ગયો ત્યાં સુધી ફેલુદા હારમોનિયમ પર પેં-પેં કરતો હતો એનો અવાજ સંભળાતો હતો.

રાતના સ્વપ્નામાં જોયું કે એક વિશાળ ઓરડામાં જબરદસ્ત લોખંડનું બારણું, ને તેમાં એક જબરદસ્ત મોટું કાણું. એટલું મોટું કાણું કે એમાંથી વિના પ્રયાસે સહેલાઈથી અંદર પેસી શકાય. પણ એમ ન કરતાં ફેલુદા, હું અને મણિમોહનબાબુ ત્રણ જણ એક સાથે જબરદસ્ત મોટી ચાવીને વળગીને એ કાણામાં નાખવાનો પ્રયાસ કરતા હતા અને સુરજિત દાસગુપ્ત એક

ઝભ્ભો પહેરી તડાક-તડાક કૂદકા મારતો હતો અને ગાતો હોય એમ બોલતો હતો : 'એઈટ – ટુ – નાઇન-વન.....એઈટ – ટુ – નાઇન – ટુ – નાઇન – વન...'

*

બીજે દિવસે મંગળવારે મણિમોહનબાબુએ કહ્યું હતું કે બુધવારે તેઓ ફરી તપાસ કરશે, પણ સવારના પહોરમાં જ એમનો ટેલિફોન આવ્યો. ફોન મેં જ લીધો હતો. ફેલુદાને બોલાવું છું, એમ મેં કહ્યું એના જવાબમાં કહે : 'જરૂર નથી, તમે એમને કહેજો, હું હમણાં જ આવું છું. જરૂરી કામ છે.' પંદર મિનિટમાં જ શ્રીમાન આવી પહોંચ્યા. કહે : 'અવનીબાબુનો હમણાં થોડી વાર પહેલાં જ ફોન હતો બામુનગાછિથી. કાકાના સૂવાના ઓરડામાં મધરાતે કોઈક માણસ દાખલ થયો હતો.'

'એ જર્મન તાળાનો સંકેત બીજું કોણ જાણે છે ?' ફેલુદાએ પૂછ્યું.

'મારો ભત્રીજો જાણતો. અવનીબાબુ જાણે છે કે નહિ એની તો ખબર નથી. લાગે છે કે નથી જાણતા. પણ પેલો માણસ કંઈ સામેના બારણેથી નહોતો અંદર ઘૂસ્યો.'

'તો પછી ?'

'બાથરૂમના જમાદારના દાખલ થવાના બારણેથી.'

'પણ કાલે હું બાથરૂમમાં ગયો ત્યારે તો એ બારણું બંધ હતું. મેં મારી સગી આંખે જોયું હતું.'

'વખતે પછીથી કોઈએ ખોલ્યું હશે. જે હોય તે. કંઈ લઈ નથી શક્યો. દાખલ થતાંની સાથે જ અનુકૂલને જાણ થઈ ગઈ હતી..... તમે હમણાં ફ્રી છો ? એક વાર આવી શકશો ?'

'ચોક્કસ. પણ એ પહેલાં એક સવાલ પૂછી લઉં. રાધારમણના પૌત્રને એટલે કે તમારા ભત્રીજા ધરણીધરને તમે હમણાં જુઓ તો ઓળખો ખરા ?'

મણિબાબુએ ભવાં સંકોચી કહ્યું : 'લાંબા સમયથી જોયો નથી એ વાત સાચી, પણ ગમે તેમ તોય ભત્રીજો ને ?'

ફેલુદાએ પોતાના ઓરડામાંથી એક ફોટો લાવી મણિમોહનબાબુને આપ્યો. 'મંચલોક'ની ઑફિસમાંથી આણેલો સંજય લાહિરીનો ફોટો. તેના પર ફેલુદાએ શાહીથી મૂછ અને જાડી ફ્રેમનાં ચશમાં ચીતર્યાં હતાં. મણિબાબુ તો ઊછળી ઊઠ્યા : 'અરે આ તો જાણે —'

'સુરજિત દાસગુપ્ત જેવો લાગે છે, નહિ ?'

'હા હા; પણ કેવળ નાક પાસે જરાક—'

'જે હોય તે, પણ મળે છે ખરો ને ચહેરો ? એ અસલમાં તમારા ભત્રીજાનો જ ફોટો છે. મેં કેવળ જરાક ડ્રૉઇંગ કર્યું છે એના પર.'

'આશ્ચર્ય ! મને પણ વિચાર નહોતો આવ્યો એમ નહિ. ઇન ફૅક્ટ. કાલે રાતના એક વાર મને થયું કે તમને ફોન કરું ને કહું. પણ પ્રેસમાં ઓવરટાઇમ કામ ચાલતું હતું. પાછા વળતાં ખૂબ મોડું થઈ ગયું તેથી ફોન ન કર્યો. જોકે એકદમ પાકું કંઈ ન કહી શકત. ધરણીને લગભગ પંદર વર્ષથી જોયો જ નથી એમ કહું તો ચાલે. નાટકમાં પણ નહિ, કેમ કે મને નાટકનો બિલકુલ શોખ નથી. અને જાત્રા જોવાનું તો બિલકુલ છોડી જ દીધું છે. અને તમારું અનુમાન જો સાચું હોય તો પછી.....'

'તો પછી બે વાત સાબિત કરવી પડશે : એક, સુરજિત દાસગુપ્ત નામે અસલમાં કોઈ છે જ નહિ. સંજય લાહિરી જાત્રા-મંડળીમાંથી રજા લઈ ચાલ્યો આવ્યો છે. અને તમારા કાકાના મૃત્યુ પહેલાં જ..... તોપસે, મિનર્વા હોટેલનો નંબર જોડ તો.'

હોટેલમાં ફોન કરી પૂછ્યું તો જાણવા મળ્યું કે સુરજિત દાસગુપ્ત નામના એક જણ

આવ્યા હતા ખરા એમની હોટેલમાં પણ ગઈ કાલે સાંજના તેઓ હોટેલ છોડી ચાલ્યા ગયા હતા. મૉડર્ન ઓપેરામાં ફોન કરવાનો તો કોઈ અર્થ જ નહોતો, કેમ કે કાલે જ એમની સાથે વાત થઈ ગઈ હતી. અને તેઓએ કહ્યું હતું કે સંજય લાહિરી ટૂરમાં ગયો છે.

*

બામુનગાછિ પહોંચ્યા કે પહેલાં ફેલુદાએ ઘરની ભીંતો ફરતો આંટો માર્યો અને તપાસી લીધું. જે પણ આવે એને યા તો ગાડી કે ટૅક્સી કરી આવવું પડે. અને એ ગાડીને મકાનથી દૂર ઊભી રાખી બાકીનો રસ્તો ચાલીને આવી, વંડીની ભીંત ઠેકીને અંદર આવવું પડે. જોકે વંડી ઠેકવી કંઈ કઠણ કામ નહોતું, કારણ ત્રણ જગ્યાએ વંડીની બહાર ઝાડ હતાં, અને એ ઝાડની નીચેની ઝૂકેલી ડાળીઓ વંડી પરથી કંપાઉંડની અંદર પડતી હતી. મુશ્કેલી એ હતી કે, ચોમાસું હોત તો જમીન પર પગલાંની છાપ પડત, પણ આ જમીન તો સાવ કોરી ધાકોર–એકદમ સૂકી હતી.

અનુકૂલની તબિયત સારી નહોતી. એ એની ઓરડીમાં પથારીમાં સૂતાં-સૂતાં ઊંહ-ઊંહ કરતો જે બોલ્યો એના પરથી એટલું સમજાયું કે માથાના દુખાવા અને મચ્છરના ત્રાસને લીધે રાતના બરાબર ઊંઘી શક્યો નહોતો. એ જ્યાં સૂએ છે ત્યાંથી તેના ખાટલા પાસેની બારીમાંથી સીધી રાધારમણબાબુના ઓરડાની બારી દેખાય છે. અંધકારમાં એ ઓરડામાં અચાનક પ્રકાશ જોઈ એ ધડફડ કરતો ઊઠ્યો અને 'કોણ ? કોણ ?' કરતો બૂમો પાડતો દોડી ગયો. પણ એ પહોંચે તે પહેલાં એણે જોયું કે એક જણ રાધારમણબાબુના બાથરૂમના બારણામાંથી દોડતો બહાર નીકળ્યો અને અંધારામાં અદૃશ્ય થઈ ગયો. બાકીની રાત જોકે અનુકૂલે પછી તો રાધારમણબાબુના ઓરડામાં ભોંય પર જ સૂઈને વિતાવી હતી.

'અંધારામાં એ માણસ ઓળખી શકાયો કે નહિ ?' મણિબાબુએ પૂછ્યું.

'ના બાબુ હું ઘરડો માણસ, આંખે પૂરું ભાળું નહિ, અને કાલ હતી પાછી અમાસ.'

રાધારમણબાબુના ઘરમાં જઈ જોયું તો બધી ચીજવસ્તુ જેમની તેમ જ હતી. અને તે છતાં પણ ફેલુદાનો ગંભીર અવાજ સાંભળી હું તો ખૂબ જ ગભરાઈ ગયો : 'મણિબાબુ, વારાસત થાણા પર ખબર આપી આ ઘર ફરતો આજ રાતથી પહેરાનો બંદોબસ્ત કરવો પડશે. એ માણસ ફરીને આવી શકે. અને સુરજિત દાસગુપ્ત જો સંજય લાહિરી ન હોય તોપણ એના પર શક તો છે જ, કેમ કે આ બે વાદ્યો પર એને ખૂબ જ આકર્ષણ છે. પૈસા વડે ન ખરીદી શકાય તો પછી બીજા ઉપાયે એને હસ્તગત કરવાનો એ પ્રયાસ કરે એ અસ્વાભાવિક નથી. આ બધા કલેક્ટરોની જીદ એકદમ ખતરનાક હોય છે.

મણિબાબુ બોલ્યા : 'હું અવનીબાબુના ઘેરથી હમણાં જ થાણે ફોન કરી દઉં છું. ઓ.સી.ની સાથે મારે ઓળખાણ છે.'

એ સજ્જન આકળા થઈને ઘરમાંથી બહાર નીકળ્યા. ફેલુદા મેલોકોર્ડ લઈને પલંગ પર બેસી આમતેમ ફેરવી જોવા લાગ્યો. ખૂબ જ મજબૂત બનાવટ. બંને તરફ લાકડા પર સુંદર કોતરણી કરી હતી. એ વાજાને ચત્તું કરી પ્રકાશમાં જોતાં એક જગ્યાએ રંગ ઊડી ગયેલું લેબલ નજરે પડ્યું. ફેલુદા આંખો ઝીણી કરી લખેલું વાંચી બોલ્યો : 'સ્પીગ્લર કંપનીનું બનાવેલું છે. મેઇડ ઇન જર્મની.'

ફેલુદાને હારમોનિયમ વગાડતાં નથી આવડતું એ તો સાચી વાત. પણ શિખાઉ હાથે એક-એક કરીને આંગળીથી પટ્ટીઓ દબાવી જ્યારે એણે 'જનગણમન'ની એકાદ લાઇન મેલોકોર્ડ પર વગાડી ત્યારે વાદ્યની મીઠાશને લીધે એ સાંભળવાનું ગમ્યુંયે ખરું. પછી એને પાછું ટેબલ પર મૂકી એ બોલ્યો : 'એક વાર ઇચ્છા થાય છે કે આ વાજાને ભાંગીને અંદર શું છે તે

જોઉં; પણ પછી જો ખબર પડે કે અંદર કશું જ નથી તો પછી વાજાને ભાંગી નાખવાનો અફસોસ થશે. સુરજિત દાસગુપ્તે આના એક હજાર રૂપિયા ઑફર કર્યા છે.'

અનુકૂલ આવા માંદલા શરીરે પણ શરબત બનાવી લાવ્યો હતો. હજુ એને મોંએ લગાડતા હતા ત્યાં મણિમોહનબાબુ પાછા અાવ્યા અને બોલ્યા : 'થાણા પર કંપલેઈન લખાવી છે. બે પોલીસ સાંજથી રહેશે. અવનીબાબુ ઘેર નહોતા. સાધનને લઈને કલકત્તા ગયા છે. સાંજના પાછા આવશે.'

ફેલુદા બોલ્યો : 'રાધારમણબાબુની રૂપિયા સંતાડી રાખવાની વાત તમારા સિવાય બીજું કોણ જાણે છે ?'

મણિબાબુ ગંભીર સ્વરે બોલ્યા : 'મેં પોતેય કાકાના મૃત્યુ પછી જ જાણ્યું. રૂપિયાની તપાસ ચાલી રહી છે એ વાત અવનીબાબુ જાણે છે એ ચોક્કસ. પણ ઍમાઉન્ટ કેટલો છે એનો એમને અંદાજ હોવો શક્ય નથી. અને સુરજિત દાસગુપ્ત અસલમાં ધરણીધર હોય તો એ જે દિવસ આવી કાકાને મળ્યો હતો ત્યારે વાતચીત પરથી એને જાણ થઈ હોય. મને તો ખાતરી છે કે કાકા પાસેથી રૂપિયા લેવા જ આવ્યો હશે. અને પછી કાકા સાથે ઝઘડો થયો હોય, અને પરિણામે —' મણિબાબુ વાક્ય પૂરું ન કરી શક્યા.

ફેલુદા એમની સામે એકીટશે તાકી બોલ્યો : 'પરિણામે તમારા કાકાને હાર્ટઍટેક આવ્યો હોય, અને એ જ સ્થિતિમાં ધરણીધરે ઓરડામાં રૂપિયાની શોધખોળ કરી હોય. તમે શું એમ જ માનો છો ને ?'

'હા, પણ હું એમ માનું છું કે રૂપિયા એના હાથમાં આવ્યા નથી.'

'જો હાથ લાગ્યા હોત તો એ વાધ ખરીદવાના બહાને ફરી પાછો ન આવત, એમ જ ને ?'

'બરાબર. તેની માન્યતા છે કે આ બેમાંથી એકમાં રૂપિયા છે.'

'મેલોકોર્ડમાં.' એ સાંભળી મણિબાબુ ફેલુદા તરફ તીક્ષ્ણ નજરે જોઈ રહ્યા : 'તમે પણ એમ જ કહો છો ને ?'

'મારું મન એમ જ કહે છે.' ફેલુદા બોલ્યો : 'પણ હું અંદાજ કરીને નિશાન મારવાનું પસંદ કરતો નથી. અને તમારા કાકાનાં આખરી વાક્યો હું ભૂલી શકતો નથી. તમારી સાંભળવામાં તો કોઈ ભૂલ થઈ નથી ને ? એમણે 'ચાવી' એ જ શબ્દ કહ્યો હતો ને ?'

મણિબાબુ અચાનક કેમ જાણે ઝંખવાઈ ગયા ન હોય ! બંને હથેળી એકમેકથી ઘસતા બોલ્યા : 'શી ખબર, મોશાય, ચાવી જેવું જ તો લાગ્યું હતું. વખતે કાકા બેહોશીમાં બકવાટ કરતા હોય એમ પણ બને. વખતે ચાવી શબ્દનો કોઈ અર્થ જ ન નીકળતો હોય...'

વાત સાંભળીને મારું તો મન એકદમ પાછું પડી ગયું, પણ ફેલુદા પાછો પડ્યો હોય એવું એકે લક્ષણ એનામાં દેખાયું નહિ. એ બોલ્યો : 'એ બકવાદ હોય કે જે હોય તે, આ ઘરમાં રૂપિયા છે, ને રૂપિયાની મને વાસ આવે છે. ચાવી કંઈ મુદ્દાની વાત નથી. મુદ્દાની વાત છે રૂપિયા.'

'તો પછી હવે શું કરશો એ વાત નક્કી કરો.'

'નક્કી જ છે. અત્યારે તો ઘેર જવું. દિવસ છતાં તો કોઈ બીક નથી. અનુકૂલને કહી દેજો કે ધ્યાન રાખે અને બહારના કોઈ માણસને અંદર દાખલ થવા ન દે. રાતના તો પોલીસ પહેરો રહેશે જ. હું ઘેર જઈ શાંતિથી વિચાર કરીશ. એક બારીક ઝાંખો પ્રકાશ હું જોઈ શકું છું. એ વધુ ઉજ્જ્વળ થવો જરૂરી છે... ને બીજી એક વાત. એવું લાગશે તો આજની રાત હું અહીં રહેવા ધારું છું. તમને કંઈ વાંધો નથી ને ?'

'મુદ્દલે નહિ. આઠની આસપાસ હું તમને ઘેર લેવા આવી શકીશ.'

'સારું. તમે સંખ્યાતત્ત્વ — આંકડાશાસ્ત્રમાં માનો છો ?'

'સંખ્યાતત્ત્વ ?' મણિમોહનબાબુ તો સાવ આભા જ બની ગયા.

ફેલુદા એક હોઠ વાંકો કરી પોતાનું ખાસ સ્મિત ફરકાવી બોલ્યો : 'તમારાં બધાનાં નામ જુઓ. દરેકના પાંચ અક્ષર — રાધારમણ, મુરલીધર, ધરણીધર, મણિમોહન — તેથી જ મને વિચાર આવ્યો.'

*

'પહેલાં લખ — મૃત વ્યક્તિનું નામ શું હતું : ' ફેલુદા પોતાના પલંગ પર બેઠો હતો અને હું એની પાસે ખુરશી પર. મારા હાથમાં એણે નોટબુક અને પેન્સિલ પકડાવી દીધાં. મેં લખ્યું : 'રાધારમણ સમાદ્દાર.'

'તેના પૌત્રનું નામ ?'

'ધરણીધર સમાદ્દાર'

'પૌત્રનું નાટકીય નામ ?'

'સંજય લાહિરી.'

'દેહરાદૂનના વાદ્ય-સંગ્રાહકનું ?'

'સુરજિત દાસગુપ્ત.'

'રાધારમણના પડોશીનું નામ ?'

'અવની સેન.'

'તેના દીકરાનું નામ ?'

'સાધન સેન.'

'રાધારમણના આખરી શબ્દો શું હતા ?'

'મારા નામે...ચાવી...ચાવી...'

'સંગીતમાં પહેલાં 'સા'થી પછીના 'સા' સુધી કેટલા સ્વર હોય છે ?' આટલા દિવસમાં ફેલુદાએ એની ખરીદેલી સંગીત પ્રવેશિકાનું પહેલું પ્રકરણ મારી પાસે વંચાવી લીધું હતું. સંગીત વિશે તે આટલો ઊંડો શા માટે ઊતરતો હતો, ખબર નહિ. જે હોય તે. મેં લખ્યું : 'બાર.'

'કયા કયા ?'

'સાત શુદ્ધ, ચાર કોમલ, એક તીવ્ર.'

'શુદ્ધ સ્વર કયા કયા ? શી રીતે લખાય ?'

'સ ર ગ મ પ ધ ન.'

'કયા કયા કોમલ હોય ?'

'ર ગ ધ ન.'

'શી રીતે લખાય ?'

'ઋ જ્ઞ દ ણ.'

'અને તીવ્ર ?'

'મ.'

'શી રીતે લખાય ?'

'હ્મ.'

'હવે મને કાગળ આપ જોઉં.'

મેં આપ્યો.

'હવે બહાર બેઠકખંડમાં જઈને બેસ. બારણાં વાસી દે. હું કામ કરવા માંડું.' હું ગયો

બેઠકખંડમાં. સોફા પર જઈ બેઠો. 'ચંદ્રનો પહાડ' પુસ્તક ત્રણ વાર વાંચ્યું છે : ફરી વાંચવા માંડ્યું.

લગભગ એકાદ કલાક પછી ફેલુદાના રૂમના એકસ્ટેનશન ફોનનો ડાયલ કરવાનો અવાજ સંભળાયો. કુતૂહલ ન રોકી શકવાથી બારણા પાસે કાન માંડી ઊભો રહ્યો. ફેલુદાનો અવાજ સંભળાયો : 'ડૉક્ટર બોઝ છે ? — ચિંતામણિ બોઝ.' ફેલુદા પેલા હાર્ટ સ્પેશ્યાલિસ્ટને ફોન કરતો હતો, જેને મણિબાબુ લઈ ગયા હતા પોતાના કાકાને તપાસવા માટે.

ફોન કોને કરતો હતો એટલું જ હું જાણવા માગતો હતો. બાકીની વાત સાંભળવાની જરૂર નહોતી. ફરી પાછો આવી સોફા પર બેઠો.

દસ મિનિટ પછી 'કટર કટર' અવાજ — ડાયેલિંગનો જ.

ઊઠીને બારણા પાસે ગયો. કાન માંડ્યો. 'યુરેકા પ્રેસ ? કોણ બોલે છે ?' આ મણિમોહનબાબુનું પ્રેસ. બસ. મારે આટલું જ જાણવું પૂરતું હતું. ફરી 'ચંદ્રનો પહાડ' લઈ બેઠો.

ચાર વાગ્યે જ્યારે શ્રીનાથ ચા લાવ્યો ત્યારેય ફેલુદા બહાર નહોતો આવ્યો. અંતે થાકીને ઘડિયાળમાં જોયું તો ચાર પાંત્રીસ. હું વિચારતો હતો કે મારું એ એવડું લખેલું લખાણ, એના ઉપર ફેલુદા આટલો બધો શો વિચાર કરતો હશે ? બરાબર એ જ વખતે બારણાં ઉઘાડી, હાથમાં એક અર્ધી બળેલી ચારમિનાર લઈને તે બહાર આવ્યો અને ધીમેથી બોલ્યો : 'માથું તો મારું ચસકા મારે છે હોં તોપસે ! એક બ્યાસી વર્ષનો બુઢ્ઢો, મરતાં પહેલાં સામાન્ય ત્રણ શબ્દ બોલ્યો તેનો અર્થ શોધવા આટલી લમણાઝીક કરવી પડી એ વિચારીને મારું માથું ચસકા મારે છે.'

હું ફેલુદાની સામે સ્તબ્ધ બની તાકી રહ્યો. જોયું કે એના ચહેરાનો ભાવ બદલાઈ ગયો હતો, અને જેને એ ઝાંખો પ્રકાશ કહેતો હતો એ એને માટે હવે ઝાંખો નહોતો રહ્યો. મને કહે : 'સા ધ નિ સા નિ...શુદ્ધ સ્વર સાંભળીને કંઈ યાદ આવે છે ? કોઈ અર્થ સમજાય છે ?' મારું માથું ચકરાઈ ગયું. ફેલુદા બોલ્યો : 'તને સમજાશેય નહિ. સમજાત તો પછી તારામાં ને ફેલુ મિત્તિરમાં ફરક ન રહેત.' સદ્ભાગ્યે તફાવત છે. હું ફેલુદાના સેટેલાઈટ સિવાય વધુ કશું જ થવા માગતો નથી.

ફેલુદાએ સિગારેટ ઍશ-ટ્રેમાં દાબી બેઠકખંડના ટેલિફોનમાં એક નંબર જોડ્યો. દસ સેકંડ પછી જ વાત : 'કોણ — મિસ્ટર સમાદ્દાર ? જલદી ચાલ્યા આવો. અબઘડી જ — બામુનગાછિ જવાનું છે. હા, થઈ ગયું — બધું જ સાફ, મેલોકોર્ડ...હા, મેલોકોર્ડ જ આપણા રહસ્યની મુખ્ય ચાવી છે.' એ પછી ટેલિફોન મૂકી ગંભીર સ્વરે બોલ્યો : 'એક રિસ્ક છે, હોં તોપસે; પણ એ લીધા વિના ચાલે એમ નથી.'

*

મણિબાબુનો ડ્રાઇવર ગુરુચરણ દેખાવમાં ભલે ઘરડો હોય, પણ વી.આઈ.પી. રોડ પર પંચ્યાસી કિલોમીટર પર અવરની ઝડપે ભાગતો હતો. ફેલુદાનો ભાવ જોતાં લાગતું હતું કે હંડ્રેડ-બડ્રેંડ હોત તો એ વધુ ખુશ થાત. ઍરપૉર્ટ પછીના થોડાક રસ્તા પર માણસોની ભીડ હોવાથી સ્પીડ ઘણી ઓછી થઈ; પણ એ પછી ફરી સાઠે પહોંચી. જોકે રસ્તો એટલો પહોળો નહોતો, અને સાંજ પણ પડવા આવી હતી.

રાધારમણબાબુના ગેટ પાસે પહોંચતાં ફેલુદા બોલ્યો : 'પહેરાવાળા લોકોને આવવાનો હજુ વખત થયો લાગતો નથી.'

ગેટમાં દાખલ થતાં જ જોયું કે બચીચામાં હાથમાં બંદૂક લઈને સાધન ઊભો હતો. ગાડીમાંથી ઊતરીને જ ફેલુદા બોલ્યો : 'કેમ સાધનબાબુ, આ સાંજના અજવાળામાં શાનો

શિકાર કરો છો ?'

સાધન બોલ્યો : 'ચામાચીડિયાનો.' રાધારમણબાબુના કંપાઉંડની બહાર એક પીપળાની ડાળીઓ પરથી કેટલાંક ચામાચીડિયાં લટકતાં હતાં એ તો ગાડીમાંથી ઊતરતાંની સાથે જ મારી નજરે પડ્યાં હતાં.

અનુકૂલને ગાડીનો અવાજ સંભળાતાં જ એ પોતાની ઓરડીમાંથી બહાર આવ્યો હતો. મણિબાબુ એને ફાનસ પેટાવવાનું કહી ઘરમાં પેઠા, અને અમે પણ એમની પાછળ દાખલ થયા. એઈટ – ટુ – નાઇન – વનના નંબરવાળું તાળું ખોલતાં-ખોલતાં મણિબાબુ બોલ્યા : 'રહસ્યનો શી રીતે ઉકેલ આવ્યો એ જાણવાને મન તલપી રહ્યું છે.' કેમ કે ફેલુદા આખે રસ્તે એક અક્ષરે બોલ્યો નહોતો. એટલે જેવી મણિબાબુની સ્થિતિ હતી તેવી જ મારી પણ હતી.

અંધકારમાં ઓરડામાં દાખલ થતાં જ ફેલુદાએ પોતાની ખૂબ જ પાવરફુલ ટૉર્ચનો પ્રકાશ ઓરડાની પશ્ચિમ દીવાલની નીચેની તરફ ફેંક્યો. મારી છાતી તો ધડકી રહી હતી. પ્રકાશ સીધો જઈને ટેબલ પર મૂકેલા મેલોકોર્ડ પર જઈને પડ્યો. ચમકતી સફેદ પટ્ટીઓ જોઈ મનમાં થયું જાણે વાઘ દાંત કાઢી હસતું હતું. ફેલુદા ટૉર્ચને એમ જ પકડી રાખી બોલ્યો : 'ચાવી; — અંગ્રેજીમાં Key, બંગાળીમાં ચાવી. આ જે સફેદ ને કાળી પટ્ટી દેખાય છે એનું બીજું નામ થયું Key — ચાવી. અને એ જ ચાવીની વાત —'

આંખના પલકારામાં એક એવો બનાવ બની ગયો કે એ વિચારતાં અત્યારે પણ મારાં રૂંવાડાં ઊભાં થઈ જાય છે. મણિબાબુએ અચાનક વાઘની જેમ તરાપ મારીને મેલોકોર્ડ ઊંચકી લઈ એના વડે જ ફેલુદાના માથા પર જોરથી ફટકો માર્યો અને મને એક ધક્ કે જમીન પર પાડી નાખી અધ્ધર શ્વાસે દરવાજા બહાર નીકળી ગયા !

ફેલુદાએ ફટકો માથે લાગે તે પહેલાં પોતાને બચાવવા ટૉર્ચ સાથે જ બંને હાથ માથા પર મૂકી દીધા હતા. તેથી જ લાગે છે એને માથે ખાસ ફટકો બેઠો ન હતો. પણ તે છતાંય હાથ પર માર લાગવાથી એની પીડાથી, મેં જોયું કે તે પલંગ પર બેસી પડ્યો હતો. હું પોતે પણ ભોંય પરથી ઊઠું-ઊઠું ત્યાં જ કળાયું કે મણિબાબુએ બહારથી એઈટ ટુ નાઇન વનનું નંબરી તાળું બંધ કરી અમને પૂરી દીધા હતા.

મેં તો એ છતાંયે દોડીને ખભાથી એક ધક્કો બારણાને માર્યો, ત્યાં તો ફેલુદાનો અવાજ સંભળાયો : 'બાથરૂમ !' ત્યાં બહારથી ગાડી સ્ટાર્ટ થવાનો અવાજ, અને તરત જ 'ઠાંઈ' કરીને એક બીજો અવાજ !

અમે બંને વંટોળિયાની જેમ બાથરૂમમાં જઈ જમાદારનું બારણું ખોલી બહાર ધસ્યા. બગીચામાં જ ધમાલ ! અનુકૂલનો અવાજ. અવનીબાબુનો અવાજ. મણિબાબુની ગાડી 'વાંઈ' કરીને દરવાજા બહાર નીકળી ગઈ. અમે સામેના બારણા પાસે પહોંચી ગયા.

એ કોણ બેઠું હતું કાંકરિયાળા રસ્તા પર ?! અવનીબાબુ ઘાંટા પાડતા હતા : 'આ શું કર્યું તેં સાધન ? આ શું કર્યું ? છી ! છી ! છી ! છી !'

સાધને એના તીણા છતાં ગંભીર સ્વરે ખૂબ જ ખીજવાઈને કહ્યું : 'એ તો દાદાનું વાજું લઈને ભાગી જતો હતો તે !'

ફેલુદા એવામાં બોલ્યો : 'એણે બરાબર કર્યું છે અવનીબાબુ ! અપરાધીને ઍર-ગન વડે ઘાયલ કરી અમને મદદ જ કરી છે — જોકે ભવિષ્યમાં એણે જરાક સંભાળીને બંદૂક ચલાવવી જોઈશે.....તમે હમણાં જ પોલીસ થાણે ફોન કરો તો. ગાડીનો પણ પીછો ફરી પકડે–એનો નંબર છે ડબ્લ્યુ. એમ.એ. સિક્સ વન સિક્સ ફોર.'

અનુકૂલ અને ફેલુદાએ મળીને મણિબાબુને પકડી લીધા. તેમના કપાળની ડાબી બાજુએ બંદૂકનો છરો — ગોળી વાગી હોવાથી લોહી ટપકતું હતું. સજ્જન એકદમ મિયાંની

મીંદડી થઈ ગયા હતા.

મેલોકોર્ડ મણિબાબુની પાસે જ કાંકરી પર પડ્યો હતો. મેં એને ખૂબ જ સાવધાનીથી ઊંચકી લીધો.

*

અમે ચારે જણ રાધારમણબાબુના પલંગ પાસે ગોળ થઈને ખુરશી પર બેઠા ચા પીતા હતા : ચાર જણ એટલે હું, ફેલુદા, અવનીબાબુ અને બરાસત થાણાના દિનેશ ગૂંઈ. લાગે છે એ ઇન્સ્પેક્ટર-બિન્સ્પેટકર હશે. ઓરડાના એક ખૂણામાં તિજોરી પાસે બે જણ હતા. એક ઊભો હતો એ હતો કૉન્સ્ટેબલ. અને બીજા ખુરશી પર બેધ્યાનપણે બેઠા હતા અપરાધી મણિમોહનબાબુ સમાદ્દાર, જેના કપાળ પર અત્યારે બૅન્ડેજ બાંધેલો હતો. એ ઉપરાંત સાધન પણ હતો. એ બારી પાસે ઊભો રહી બહારના અંધકાર ભણી જોઈ રહ્યો હતો. અમારા પાંચ જણની વચ્ચે ટેબલ પર મેલોકોર્ડ મૂકવામાં આવ્યું હતું. હવે ફેલુદા એનું રહસ્ય ખુલ્લું કરશે એવું લાગ્યું. ફેલુદાની કાંડા ઘડિયાળનો કાચ ભાંગી ગયો હતો, અને ડાબા હાથના કાંડાની ચામડી જરાક છોલાઈ ગઈ હતી. રાધારમણબાબુના બાથરૂમમાંથી ડેટ્ટોલ લઈને લગાડી ત્યાં એણે પોતાનો રૂમાલ બાંધી દીધો હતો.

હાથમાંનો કપ જમીન પર મૂકી ફેલુદાએ બોલવાની શરૂઆત કરી : ‘મણિમોહનબાબુ પર મને શક પડ્યો આજે બપોરથી. પણ તેઓ જો કોઈ ખોટી ચાલ ન ચાલે તો એમને પકડવા મુશ્કેલ, કેમ કે એમની વિરુદ્ધ પ્રમાણનો અભાવ. તેથી જ જરાક રિસ્ક લઈને એમને મેં છૂટો દોર આપ્યો હતો. મારા પર અચાનક હુમલો કરી વાજું લઈ નાઠા એ એમની ખોટી ચાલ ઠરી. આખરે તો પકડાત જ, ભાગી ન શકત એ ખરું, પણ તેઓ આટલા જલદી કાબૂમાં આવ્યા એના માટેનું બધું શ્રેય સાધનની ઍર-ગનને ફાળે જાય છે.

‘મણિબાબુની એક વાતે મને જરાક પહેલાં ખટકો લાગ્યો. જ્યારે એમણે એ વાત કરી ત્યારે તો મને ખયાલ પણ નહોતો ગયો. એમણે કહ્યું કે પરમ દિવસે એમના પ્રેસમાં ઓવરટાઇમ કામ હતું તેથી એમને ઘેર પાછા આવતાં ખૂબ મોડું થયું હતું. પરમ દિવસે હતો સોમવાર. મને ખબર હતી કે જે લત્તામાં મણિબાબુનું પ્રેસ છે એ લત્તામાં સાંજે નિયમિત રૂપે લોડ-શેડિંગ હોય છે. મારો એક પ્રોફેસર મિત્ર એ જ લોકાલિટીમાં રહે છે. આજ યુરેકા પ્રેસમાં ફોન કર્યો ત્યારે ખબર પડી કે એક તો સોમવારે મણિમોહનબાબુ બપોર પછી તે દિવસે પ્રેસ પર ગયા જ નહોતા ! આ જુઠ્ઠાણાથી મને મનમાં ખટકો લાગ્યો...અને પછી શક પડ્યો કે એમણે જે રાધારમણબાબુની આખરી વાત કહી હતી તે સાચી હતી ખરી ? રાધારમણબાબુના મૃત્યુ સમયે મણિબાબુ સિવાય પણ એક વ્યક્તિ ત્યાં હાજર હતી. તે હતા ડૉક્ટર ચિંતામણિ બોઝ. તેમને ફોન કરતાં ખબર પડી કે મણિબાબુ પૂરેપૂરું સત્ય નહોતા બોલ્યા. રાધારમણની એક વાત છુપાવી હતી. રાધારમણ અસલમાં બોલ્યા હતા : ‘ધરણી...મારા નામે...ચાવી...ચાવી...’ ધરણી તો રાધારમણનો પૌત્ર થયો. મરતાં પહેલાંની થોડી ઘડીમાં તેઓ પોતાના પૌત્રને મનથી કંઈ કહેવા માગતા હતા — ભત્રીજાને નહિ. ભત્રીજાને તો વખતે એ સ્થિતિમાં ઓળખીયે નહિ શક્યા હોય. ભલે બહારથી પોતાના પૌત્ર સાથે સંબંધ નહોતો રહ્યો. પણ મનમાંથી પૌત્ર પરનો સ્નેહ વિલાયો નહોતો. તેના અભિનયની પ્રશંસા છાપામાં આવતાં જ તેઓ એને કાપીને રાખતા. અને જે વાત તેઓ પોતાના પૌત્રને કહેવા માગતા હતા એ સાંભળી ગયો એમનો ભત્રીજો ! ‘ચાવી’ શબ્દ સાંભળતાં જ મણિમોહનબાબુ સમજી ગયા કે આ ધનદોલતની વાત છે, પણ અંતે ચાવીથી તો કંઈ નીકળ્યુંયે નહિ ને વળ્યુંયે નહિ. તેથી મણિબાબુને ડિટેક્ટિવ ફેલુ મિત્તિર પાસે આવવું પડ્યું. મતલબ તો એ જ કે હું એમને પૈસા શોધી આપું ને તેઓ તક મળતાં જ તે હડપ કરી જાય ! વિલ છે કે કેમ તેની ખબર નથી ને ન હોય તોયે રૂપિયા તો પૌત્રને જ મળત.

અને હોત તો પણ મણિબાબુને મળવાની સંભાવના તો સાવ જ ઓછી, કેમ કે મારું માનવું છે કે રાધારમણબાબુને એમનો ભત્રીજો ગમતો નહોતો.

'હવે વાત એમ છે કે મારાથી કંઈક છુપાવવા માટે જ એમને જૂઠું બોલવું પડ્યું હતું એ તો ચોક્કસ. એમના મગજમાં તે દિવસે શોયે ભયંકર તાગડો રચવાનો વિચાર ઘૂમતો હતો કે જેથી એ બપોરે પ્રેસ પર જઈ શક્યા નહિ ? તો શું તે દિવસે મધરાતે જે માણસ રાધારમણબાબુના ઘરમાં ઘૂસ્યો હતો તે મણિમોહન સમાદ્દાર જ હતા ? મને તો નક્કી એવું જ લાગે છે; કારણ તે દિવસે સવારે જ જ્યારે હું તપાસ માટે આવ્યો હતો ત્યારે મેં પાકી ખાતરીથી તપાસીને જોયું હતું કે બાથરૂમનો આગળો અંદરથી બંધ હતો. એ દરવાજો ખોલ્યો કોણે ? અને શા માટે ? બાથરૂમ તો હાલમાં કોઈ વાપરતું નથી. અસલમાં જે માણસ ઘૂસ્યો હતો એ આગળના દરવાજાથી નંબરી તાળું ખોલીને જ ઘૂસ્યો હતો. એ તાળાના સંકેતની એને ખબર હતી. ઘરમાં દાખલ થઈ એ માણસે જમાદારનું બારણું ખોલી બહાર આવી નંબરી તાળું બંધ કર્યું ને ફરી બાથરૂમમાંથી ઘૂસ્યો. આ માણસ મણિમોહન જ, એમાં કોઈ શક નથી. તેમણે, લાગે છે, બાકીની વાતનો અર્થ સમજી લીધો, એટલે મેલોકોર્ડ નામનું ચાવીવાળું વાદ્ય લેવા આવ્યા હતા. એમ જ ને ?'

અમારા બધાની નજર મણિબાબુ તરફ ગઈ. માથું નીચું હતું એમ જ રાખી તેઓએ આછા અંધકારમાં બે વાર માથું હલાવી હા પાડી.

ફેલુદા બોલ્યો : 'ચાવી એટલે વાજાની ચાવી એમ સમજવા છતાં પણ મને નથી લાગતું કે રાધારમણબાબુનો બાકીનો સંકેત તેઓ સમજ્યા હતા; કેમ કે એટલી એમનામાં બુદ્ધિ નથી. એ બાકીનો સંકેત હું સમજ્યો આજે બપોરે. અને એના માટે જવાબદાર છે શ્રીમાન સાધન.'

અમે આ વખતે બધા જ નવાઈ પામી સાધન ભણી જોઈ રહ્યા. એ પણ મોટી-મોટી આંખોને વિસ્ફારિત કરી ફેલુદા ભણી તાકી રહ્યો. ફેલુદા બોલ્યો : 'તારા દાદા સૂર માટે શું કહેતા હતા એ એક વાત કહે જોઉં, સાધન.' સાધન લગભગ ફિસ-ફિસ કરી ગણગણ્યો : 'જેના નામમાં સૂર હોય તેના ગળામાં પણ સૂર હોય.'

ફેલુદા બોલ્યો : 'વેરી ગુડ. આમાંથી તમને રાધારમણબાબુની આશ્ચર્યજનક તીવ્ર બુદ્ધિની ઝલક જોવા મળશે : 'જેના નામમાં સૂર હોય' — બરાબર. સાધનનું નામ જ જુઓ : સાધન સેન. હવે આકાર એકારને કાઢી નાખો તો બાકી શું રહે ? સ, ધ, ન, સ, ન. અર્થાત્ સંગીતના સ્વરની ભાષામાં સા ધ નિ સા નિ. આ વાત જેવી સમજાઈ તેની સાથે-સાથે એક નવી જ દિશા ખૂલી ગઈ. 'મારા નામે... ચાવી.' રાધારમણબાબુ શું અહીં પોતાના નામની જ વાત કહેવા માગતા હતા ? રાધારમણ સમાદ્દાર એટલે રે ધ રે મ ની સા મ ધ ધ રે ! કેટલું સહેલું, અને છતાં કેટલું ક્લેવર — ચતુરાઈભર્યું ! ધરણીધર પણ ગાઈ શકતો અને એના નામમાં જુઓ તો સ્વરો છે ધ રે નિ ધ રે સા મ ધ ધ રે !

'આ સમજ્યો કે સાથે જ મને સમજાઈ ગયું અને મને નિરાંત વળી કે એ મેલોકોર્ડ જ રાધારમણની બૅંક છે. યાંત્રિક કલાકૌશલ્યનો એમને જે શોખ હતો એ તો જર્મન નંબરી તાળા ઉપરથી દેખાઈ આવે છે. આ મેલોકોર્ડ પણ જર્મનીમાં જ બન્યું છે. સ્પિગ્લર નામની એક પ્રખ્યાત વાજા બનાવનારી કંપનીએ રાધારમણબાબુના ખાસ સ્પેશિયલ ઑર્ડરથી આ મેલોકોર્ડ બનાવ્યું હતું. કેવું સદ્ભાગ્ય કે એ સુરજિત દાસગુપ્તના હાથમાં ચાલ્યું ન ગયું ! જોકે આ વાદ્ય વેચતાં પહેલાં રાધારમણ એમની અંદરની વસ્તુઓ ચોક્કસ કાઢી જ લેત. લાગે છે બૅંકની એમને હવે જરૂર રહી નહોતી, કેમ કે વખતે એમને સમજાઈ ગયું હતું કે તેઓ હવે ઝાઝા દિવસ જીવશે નહિ. સુરજિતનો બિચારા ભલા માણસનો આપણે નાહક સંદેહ કરતા હતા કે તેઓ જ છદ્મવેશી ધરણીધર. અસલમાં સુરજિતબાબુ સાચે જ એક વાદ્યપાગલ સંગીતજ્ઞ માણસ છે.

તેમનો ઉલ્લેખ મેં સંગીતની ચોપડીમાં જોયો હતો. અને ધરણીધર સાચે જ એના જાત્રામંડળ સાથે ટૂર પર ગયો છે. હવે જાણવું જરૂરી છે કે એના નસીબમાં સાચે જ અર્થપ્રાપ્તિ છે કે નહિ. એને ઘણા સમયથી ખૂબ મન છે કે પોતાની જ જાત્રામંડળી ખોલે. મંચલોકના એક ઇન્ટરવ્યૂમાં એવું એણે કહ્યું પણ હતું. તોપસે, ફાનસ પાસે લાવી ધરી રાખ જોઈએ.' મેં ફાનસને પલંગ પાસેના ટેબલ પરથી ઊંચકી મેલોકોર્ડની પાસે લાવી ધરી રાખ્યું.

ફેલુદા બોલ્યો : 'આના બિચારા પર ઘણું વીત્યું. પણ અસલ જર્મન બનાવટ છે ! એટલે જ ટકી રહ્યુ છે — જોઈએ હવે રાધારમણની બુદ્ધિ અને સ્પિગ્લર કંપનીની કામગીરીએ મળીને શી વસ્તુ બનાવી છે !'

રાધારમણ સમાદ્દારના નામના અક્ષર પ્રમાણે ફેલુદાએ ચાવીઓ દબાવવાનું શરૂ કર્યું. ટૂં — ટાં — ટૂં — કરતો અદ્ભુત સ્વર નીકળતો હતો એ મેલોકોર્ડમાંથી. આખરી સૂર દબાવતાંની સાથે જ એક ચાબુક વીંઝાય એવા અવાજ સાથે સહુના આશ્ચર્ય વચ્ચે મેલોકોર્ડની જમણી બાજુનું લાકડાનું પાટિયું દરવાજાની જેમ ખૂલી ગયું. અમે બધાએ એના પર નમી પડી, ઝૂકીને જોયું કે એ દરવાજાની પાછળ હતી લાલ મખમલની લાઇનિંગવાળી પેટી જેવી જગ્યા, અને તેની અંદર ઠાંસીઠાંસીને ભર્યાં હતાં સો-સો રૂપિયાની નોટોનાં બંડલનાં બંડલ !

નોટો બધી બહાર ખેંચી કાઢી ફેલુદા બોલ્યો, 'કમસે કમ પચાસ હજાર ! આવો અવનીબાબુ, ગણી લઈએ.'

ફેલુદાની આંખો ફાનસના પ્રકાશમાં ચમકતી હતી. હું જાણતો હતો કે કંઈ પૈસાના લોભમાં નહિ; પણ એ, પોતાની ધારાળી બુદ્ધિનો થોડોક અંશ વાપરી મનને મૂંઝવી નાખે એવા એક જટિલ રહસ્યનો, કોયડાનો ઉકેલ કાઢી શક્યો હતો તેના આનંદથી ચમકતી હતી.

* * *

કૈલાસ ચૌધરીનો પથ્થર

'જો તો, આ કાર્ડ કેવું બન્યું છે?'

ફેલુદાએ પોતાના પાકીટમાંથી એક નવું છપાવેલું વિઝિટિંગ કાર્ડ બહાર મને જોવા આપ્યું. જોયું. એમાં છાપ્યું હતું : 'પ્રદોષ સી. મિત્તર, પ્રાઇવેટ ઇન્વેસ્ટિગેટર.' સમજી ગયો. ફેલુદા હવે પોતાની ડિટેક્ટિવગીરીનું કામકાજ ખૂબ ઠાઠમાઠથી જાહેર કરવા માગે છે અને કેમ ન કરે? બાદશાહી વીંટીના શેતાનનો એમણે જે રીતે પરાભવ કર્યો હતો એ વાત પણ જો તેઓ ઇચ્છત તો છાતી ફુલાવીને બધાને કહેતા ફરી શકત. એને બદલે આ તો કેવળ એક કાર્ડ છપાવ્યું હતું; એટલું જ ને?

ફેલુદાનું નામ આપમેળે જ ખૂબ જાણીતું થઈ ગયું હતું. બે-ત્રણ રહસ્યભરી ઘટના માટે ડિટેક્ટિવ તરીકે કામ લેવાની ઑફર પણ આવી છે; પરંતુ એ એકેયમાં એને રસ પડે તેમ ન હોઈ એણે એ સ્વીકારી નથી.

કાર્ડ વૉલેટમાં મૂકી બંને પગ ટેબલ પર લંબાવીને ફેલુદા બોલ્યા : 'નાતાલની રજામાં મગજને થોડું કસવાની જરૂર પડશે એવું લાગે છે.'

મેં પૂછ્યું : 'કેમ, કોઈ નવું રહસ્ય છે કે શું?'

જોકે ફેલુદાની વાત સાંભળવા હું ખૂબ જ એક્સાઇટ થઈ ગયો હતો, પણ બહારથી મેં એ બિલકુલ જણાવા દીધું નહિ. ફેલુદાએ પોતાના પાટલૂનના ખિસ્સામાંથી એક નાનકડી ડબ્બી બહાર કાઢી અને એમાંથી થોડી મદ્રાસી સોપારી લઈને મોંમા મૂકતાં બોલ્યા : 'તું ખૂબ ઉત્તેજિત થઈ ગયો છે, ખરું ને?' આ શું? ફેલુદાને શી રીતે ખબર પડી?

ફેલુદાએ પોતાની મેળે જ મારા પ્રશ્નનો જવાબ આપ્યો : 'શી રીતે ખબર પડી એમ વિચાર કરે છે ને તું? માણસ ભલે પોતાના મનનો ભાવ છુપાવવા ગમે તેટલો પ્રયત્ન કરે, પણ એના બાહ્ય હાવભાવ પરથી તેની ખબર પડી જ જાય. મેં જ્યારે વાત શરૂ કરી ત્યારે તને બગાસું આવી રહ્યું હતું, પણ વાત સાંભળતાં જ એ માટે ઊઘડતું તારું મોં તુરત બંધ થઈ ગયું. મારી વાત સાંભળવા તું ઉત્તેજિત થયો ન હોત તો તેં રીતસર પૂરું બગાસું ખાધું હોત — વચ્ચેથી જ અટક્યો ન હોત.'

ફેલુદાની આવી બધી વાતો મને ખૂબ નવાઈ પમાડતી. એ કહેતા : 'નિરીક્ષણ — અવલોકનશક્તિ ન હોય તો ડિટેક્ટિવ થવાનું નિરર્થક છે. આ બાબતમાં જે કંઈ ઉપયોગી વાતો છે એ બધી શૅરલૉક હોમ્સ કહી ગયા છે. આપણું કામ કેવળ ફૉલો કરવાનું — અનુસરવાનું, બસ.'

મેં કહ્યું : 'કયા કામ માટે મગજ કસવાનું છે એ તો તમે કહ્યું નહિ.'

'કૈલાસ ચૌધરીનું નામ સાંભળ્યું છે? શ્યામપુકુરના કૈલાસ ચૌધરી.' ફેલુદાએ પૂછ્યું. 'ના, નથી સાંભળ્યું. કલકત્તા શહેરમાં કંઈ કેટલાય વિખ્યાત લોકો છે તેમાંથી વળી મેં કેટલાકનાં નામ સાંભળ્યાં હોય? અને મારી ઉંમર તો હજુ ફક્ત પંદર વર્ષની જ છે તો!'

ફેલુદા એક સિગારેટ સળગાવતા બોલ્યા : 'એ લોકો રાજશાહીમાં મોટા જમીનદાર હતા. કલકત્તામાં બંગલો હતો. પાકિસ્તાન થયા પછી અહીં ચાલ્યા આવ્યા. કૈલાસબાબુ વકીલ છે, તે ઉપરાંત શિકારી તરીકે પણ તેઓ પ્રખ્યાત છે. શિકાર વિશે બે પુસ્તકો લખ્યાં છે. આ થોડા સમય પહેલાં જલદાપાડા રિઝર્વ ફૉરેસ્ટમાં એક ગાંડા હાથીએ ઉત્પાત મચાવ્યો હતો ત્યારે એમણે જઈને એને મારી નાખ્યો હતો. છાપામાં નામ સાથે એ આવ્યું હતું.'

'પણ તમારે મગજ કસવાનું શું કારણ? આ કૈલાસબાબુના જીવનમાં કંઈક રહસ્ય છે કે શું?'

કાગળની ગડી ખોલી મેં વાંચવા માંડ્યો. તેમાં લખ્યું હતું :

શ્રી પ્રદોષચંદ્ર મિત્તર,

સવિનય નિવેદન. 'અમૃત બજાર પત્રિકા'માં આપની જાહેર ખબર વાંચી આપને આ પત્ર લખવાનું નક્કી કર્યું. આપ મારા ઉપરના સરનામે આવીને મને મળી જશો. કારણ રૂબરૂ કહીશ. હું એક્સપ્રેસ ડિલિવરીથી પત્ર પાઠવું છું તેથી આવતી કાલે આ આપના હાથમાં આવશે. હું પરમ દિવસે એટલે કે શનિવારે, સવારે ૧૦ વાગ્યે આપના આગમનની પ્રતીક્ષા કરીશ. ઇતિ. – ભવદીય શ્રી કૈલાસચંદ્ર ચૌધરી.

પત્ર વાંચી હું બોલ્યો : 'શનિવારે સવારે દસ વાગ્યે એટલે તો આજે જ — અત્યારે એક કલાકમાં જ.' ફેલુદા કહે : 'લાગે છે તું બહુ ઇમ્પ્રુવ થઈ ગયો છે, તારીખ-બારીખ બરાબર યાદ રાખે છે.'

મારા મનમાં એટલે એક સંદેહ જાગ્યો. મેં પૂછ્યું : 'તમને બોલાવ્યા છે. એટલે જોડે કોઈ બીજું.....'

ફેલુદા મારા હાથમાંથી પત્ર લઈ કાળજીપૂર્વક ગડી કરીને ખિસ્સામાં મૂકતાં બોલ્યા : 'તારી ઉંમર નાની છે એટલે જ તને સાથે લઈ જઉં તો ચાલે; કારણ તને તો એ સજ્જન નાનો છોકરો જ ગણે, તેથી તારી હાજરીમાં વાત કરવાનો કદાચ એમને વાંધો નહિ આવે અને જો એમને એ રીતે નહિ ફાવે તો તું આજુબાજુમાં ક્યાંક બેસીશ, એટલી વારમાં અમે વાત પતાવી લઈશું.'

મારી છાતી ધડકવા લાગી હતી. રજામાં મારે શું કરવું એ એક પ્રશ્ન હતો, પણ હવે લાગે છે કે નાતાલ બહુ ઇન્ટરેસ્ટિંગ રીતે પસાર થઈ જશે.

દસમાં પાંચ મિનિટ ઓછી હતી અને અમે કોર્નવૉલિસ સ્ટ્રીટ તથા શ્યામપુકુર સ્ટ્રીટના નાકા પર પહોંચી ગયા. રસ્તામાં એક વાર ટ્રામમાંથી ઊતરીને ફેલુદાએ દાસગુપ્ત ઍન્ડ કંપનીમાંથી કૈલાસ ચૌધરીનું લખેલું શિકારનું એક પુસ્તક ખરીદી લીધું. એનું નામ હતું 'શિકારનો નશો.' બાકીના રસ્તે પુસ્તકને ઉથલાવીને તેમાં નજર ફેરવી લીધી અને ટ્રામમાંથી ઊતરતી વખતે ખભે લટકાવેલી થેલીમાં મૂકતાં ફેલુદા બોલ્યા : 'આવા સાહસી માણસને ડિટેક્ટિવની જરૂર કેમ પડી હશે, શી ખબર!'

એકાવન નંબર શ્યામપુકુર સ્ટ્રીટ જૂના જમાનાનો એક મસ્ત વિશાળ બંગલો હતો. આગળના ભાગમાં બાગ, ફુવારો, પથ્થરનાં પૂતળાંઓ વગેરે વટાવી અમે ઘરના દરવાજે કોલબેલ દબાવતાં જ અર્ધી મિનિટમાં અંદરના ભાગમાંથી પગલાંનો અવાજ સંભળાયો. બારણાં ઊઘડતાં જ જે સજ્જન દેખાયા, તેને જોતાં, કોણ જાણે કેમ, પણ એવું લાગ્યું કે એ તો કૈલાસબાબુ ન જ હોઈ શકે, કારણ વાઘનો શિકાર કરનાર માણસનો આવો ભલોભોળો ચહેરો ન જ હોય. મધ્યમ કદના બેવડા બાંધાના ભરાવદાર ગોરા એ સજ્જનની ઉંમર પણ ત્રીસથી વધુ હોય એવું લાગતું નહોતું. આંખોમાં જાણે એક સરળ બાલિશ ભાવ દેખાતો હતો. એમના હાથમાં એક મૅગ્નિફાઇંગ ગ્લાસ હતો.

'કોનું કામ છે?' અવાજ પણ એમને યોગ્ય દબાયેલો અને નરમ. ફેલુદાએ એક કાર્ડ કાઢીને એમના હાથમાં આપતાં કહ્યું : 'કૈલાસબાબુ સાથે મારે એક ઍપૉઇન્ટમેન્ટ છે. એમણે પત્ર પાઠવ્યો.'

સજ્જને કાર્ડ પર નજર ફેરવી કહ્યું : 'અંદર આવો.' અને ઘરમાં દાખલ કરી એક દાદર વટાવી એ સજ્જને અમને એક ઑફિસ ખંડમાં લઈ જઈ કહ્યું : 'આપ જરા બેસો. હું મામાબાબુને ખબર આપી આવું.'

જૂના જમાનાના એક કાળા ટેબલ સામે હાથાવાળી બે ખુરશી પર એણે અમને

બેસાડ્યા. ઓરડાની ત્રણ બાજુનાં કબાટો જૂનાં પુસ્તકોથી ભરેલાં હતાં. સામેના ટેબલ પર એક મજેદાર ચીજ જોઈ. ત્યાં પોસ્ટલ સ્ટૅમ્પનું એક દળદાર આલબમ ખુલ્લું પડ્યું હતું ને બીજાં ત્રણેક આલબમો એક બાજુ પર પડ્યાં હતાં. ખુલ્લા આલબમમાં બહુ કાળજીપૂર્વક ટપાલ-ટિકિટો પારદર્શક કવરમાં હતી ને કેટલીક છૂટી પડી હતી. તે ઉપરાંત જેને હું બહુ સારી રીતે ઓળખતો હતો એવી હિંજીઝ, ચીપિયો, સ્ટૅમ્પ કૅટલોગ વગેરે જેવી વસ્તુઓ પણ હતી. હવે સમજાયું કે સજ્જનના હાથમાં મૅગ્નિફાઇંગ લેન્સ કેમ હતો. તેઓ આ ટપાલટિકિટોના સંગ્રાહક હતા.

ફેલુદાની નજર પણ આ બધી વસ્તુઓ પર જ હતી. પણ એ વિશે અમે કંઈ વાત કરીએ તે પહેલાં સજ્જન પાછા આવી બોલ્યા : 'આપ બેઠકખંડમાં આવીને બેસો, મામા હમણાં જ આવે છે.'

છતમાં બત્તીના એક મોટા ઝુમ્મર(શૅન્ડેલીઅર)વાળા બેઠકખંડમાં જઈ અમે બંને સફેદ ખોળથી ઢાંકેલા એક જબરદસ્ત મોટા સોફા પર બેઠા. ઓરડામાં ચારે તરફ જુનવાણી મોટાઈના ભપકાની છાપ હતી. એકવાર બાપુ જોડે બેલઘાટના મલ્લિકને ઘેર બરાબર આવો જ અસબાબ અને ચારેકોર પેઇન્ટિંગ્સ, મૂર્તિઓ અને ફૂલદાનીઓની શોભા જોઈ હતી, જમીન પર એક રૉયલ બૅંગાલ ટાઇગરની ખાલ બિછાવી હતી, દીવાલ ઉપર ચાર હરણ, બે ચિત્તા અને એક બાઇસનનાં માથાં લગાડ્યાં હતાં.

લગભગ દસેક મિનિટ પછી મધ્યમ વયના પણ ખાસ્સા જુવાન લાગતા એક સજ્જન ખંડમાં પ્રવેશ્યા. તેમનો રંગ ગોરો, નાક નીચે પાતળી મૂછ અને પહેર્યાં હતાં રેશમી કુર્તું, પાયજામો અને ડ્રેસિંગ ગાઉન.

અમે બંનેએ ઊભા થઈ નમસ્કાર કર્યાં. મારી સામે જોતાં જ એમનાં ભવાં ચડી ગયાં. ફેલુદાએ કહ્યું : 'આ મારો પિતરાઈ ભાઈ તપેશ છે.'

સજ્જન અમારી પાસેના સોફા પર બેસતાં બોલ્યા : 'તો શું તમે બંને સાથે ડિટેક્ટિવગીરી કરો છો?'

ફેલુદા હસીને બોલ્યા : 'ના જી, પણ જોગાનુજોગ મારા દરેક કેસમાં એ સાથે જ સંકળાયેલો છે. પણ એનાથી ક્યારેય કંઈ અગવડ પડી નથી.'

'ઠીક, અવનીશ, તું જરા આમને માટે નાસ્તા-પાણીની વ્યવસ્થા કર.'

સ્ટૅમ્પ કલેક્ટર સજ્જન – અવનીબાબુ બારણા પાસે આવી ઊભા હતા તે મામાનો આદેશ સાંભળી ચાલ્યા ગયા. કૈલાસ ચૌધરીએ ફેલુદા સામે જોઈ કહ્યું : 'માઠું ન લગાડતા, પણ મારો પત્ર સાથે લાવ્યા છો?'

ફેલુદાએ જરાક હસીને કહ્યું : 'હું જ પ્રદોષ મિત્તિર છું એનો પુરાવો જોઈએ છે ને? લો, આ તમારો પત્ર.' કહી ફેલુદાએ ખિસ્સામાંથી કૈલાસબાબુનો પત્ર બહાર કાઢી એમના હાથમાં મૂક્યો. એમણે એના પર એક નજર ફેરવી 'થેંક્યુ' કહી ફેલુદાને પાછો આપ્યો. 'આ બધાં પ્રીકૉશન્સ તો લેવાં પડે, એ તો તમે જાણો જ છો. શિકારી તરીકે મારી ખ્યાતિ છે એ પણ તમે જાણતા જ હશો.'

'જી, હા.'

ઓરડાની દીવાલ પરનાં બધાં માથાં બતાવતાં સજ્જન બોલ્યા : 'આ બધાંનો મેં શિકાર કર્યો છે. સત્તર વર્ષની ઉંમરે હું બંદૂક ચલાવતાં શીખ્યો છું. તે પહેલાં જોકે ઍર-ગનથી હું પંખીબંખી મારતો. સામે મોંએ કોઈ જાનવર મને હરાવી શક્યું નથી. પણ જે શત્રુ અદૃશ્ય અને અજ્ઞાત છે એણે મને ખૂબ વિચારમાં પાડી દીધો છે.'

સજ્જન જરા અટક્યા. મારી છાતી ધડકવા માંડી. જાણ્યું કે હવે સજ્જન રહસ્યની

વાત કાઢશે પણ તેઓ એટલી ધીરે-ધીરે માંડીને વાત કરતા હતા કે અસલ વાતનો સસ્પેન્સ ખૂબ જ વધી ગયો હતો.

કૈલાસબાબુએ ફરી શરૂ કર્યું : 'તમે આટલા નાના હશો એવી ખબર નહિ. તમારી ઉંમર કેટલી છે?' ફેલુદા બોલ્યા : 'ટ્ વેન્ટી એઈટ.'

'તેથી જ જે કામ તમને સોંપવા માગું છું તે કરી શકશો કે નહિ તે ખબર નથી. પોલીસને આમાં સંડોવવા માગતો નથી. કેમ કે આ પહેલાં એકવાર પોલીસની મદદ લઈને પરેશાન થયો હતો. તેઓ કામ કરવા કરતાં હેરાન વધુ કરે છે. જોકે જુવાનિયાને હું અશ્રદ્ધાની નજરથી નથી જોતો. યુવાન વય સાથે પુખ્ત બુદ્ધિનો સાથ હોય તો સોનામાં સુગંધ ભળે ને કામ ઉત્તમ થાય એમ હું માનું છું.'

કૈલાસબાબુ જરા અટક્યા એટલે તક ઝડપી ફેલુદાએ ગળું ખંખેરી કહ્યું : 'વાત શી છે એ જો તમે કહો તો....' કૈલાસબાબુએ એનો જવાબ ન દેતાં પોતાની પાસેથી ગડી કરેલો એક કાગળ કાઢી ફેલુદાને આપતાં કહ્યું : 'જુઓ તો, આ વાંચીને તમને શું લાગે છે?'

ફેલુદાએ જેવો કાગળ ઉઘાડ્યો કે મેં બાજુમાંથી ડોક લંબાવી તેમાં નજર નાખી. તેમાં અંગ્રેજીમાં જે લખ્યું હતું એનો અર્થ થતો હતો કે 'પાપનો બોજો વધારશો નહિ. જે વસ્તુ પર તમારો અધિકાર નથી તે વસ્તુ તમે આવતા સોમવારે સાંજના ચાર વાગ્યે વિક્ટોરિયા મેમૉરિયલના દક્ષિણ ગેટથી વીસ હાથ દૂર અંદરની તરફ, રસ્તાની ડાબી બાજુએ લિલી ફૂલની પહેલી હારના પહેલા છોડ નીચે મૂકી આવજો. આદેશ અમાન્ય કરશો અથવા પોલીસ કે ડિટેક્ટિવની મદદ લેશો તો પરિણામ સારું નહિ આવે — તમારા અનેક શિકારની જેમ તમે પોતે શિકાર બની જશો.'

'તમને શું લાગે છે?' ગંભીર સ્વરે કૈલાસબાબુએ પૂછ્યું.

ફેલુદાએ થોડી વાર ધ્યાન દઈ ફરી ચિઠ્ઠી તપાસી કહ્યું : 'હસ્તાક્ષરો બનાવટી છે; કારણ એક જ અક્ષર બે-ત્રણ જગ્યાએ જુદી-જુદી રીતે લખાયો છે અને ચિઠ્ઠી નવા પૅડના પહેલા પાના પર લખાઈ છે.'

'એમ શાના પરથી લાગ્યું?'

'પૅડના કાગળ પર લખો તો નીચેના બીજા કાગળ પર એ લખાણની છાપ થોડીઘણી પડી જ જાય. આ કાગળ બિલકુલ લીસો છે.'

'વેરી ગુડ, બીજું કંઈ?'

'બીજું તો કંઈ પણ આના પરથી કહી ન શકું. આ પત્ર ટપાલમાં આવ્યો હતો?'

'હા. પોસ્ટમાર્કમાં પાર્ક સ્ટ્રીટ વંચાય છે, ત્રણ દિવસ પહેલાં આ પત્ર આવ્યો હતો. આજે શનિવાર ને વીસમી તારીખ છે.'

ફેલુદાએ પત્ર પાછો આપતાં કહ્યું : 'હવે હું આપને કેટલાક સવાલ પૂછવા માગું છું. કારણ આપની શિકારની વાતો સિવાય હું આપના સંબંધે કશું જ જાણતો નથી.'

'ભલે, પૂછો. મીઠાઈ ખાતાં-ખાતાં પૂછો.' નોકર ચાંદીની પ્લેટમાં રસગુલ્લાં અને અમૃતી મૂકી ગયો હતો. ફેલુદાને ખાવા માટે કહેવું નથી પડતું. એણે ટપ લઈને એક આખું રસગુલ્લું મોંમાં મૂક્યું : 'પત્રમાં જે વસ્તુ વિશે લખ્યું છે એ શું ચીજ છે તે જાણી શકું?'

કૈલાસબાબુ બોલ્યા : 'પત્રમાં લખ્યા પ્રમાણે જેના પર મારો અધિકાર નથી એવી કોઈ વસ્તુ મારી પાસે હોવાનું મારી જાણમાં નથી. આ ઘરમાં જે કંઈ છે તે બધું મેં પોતે ખરીધું છે, યા તો મારા પિતાની સંપત્તિ છે; અને એમાં કોઈ વસ્તુ એવી નથી કે જે મેળવવા માટે કોઈ મને આ રીતે પત્ર લખે. હા, એક વસ્તુ એવી છે કે જે કીમતી ને લોભામણી છે ખરી.'

'એ શું છે?'

‘એક પથ્થર!’

‘પથ્થર?!’

‘હા, પ્રેશ્યસ સ્ટોન.’

‘તમે ખરીધો છે?’

‘ના, ખરીદેલો નથી.’

‘તમારા પિતાની મિલકત?’

‘ના, એય નહિ. એ પથ્થર મને મધ્ય પ્રદેશમાં ચાંદા પાસેના એક જંગલમાંથી જડ્યો હતો. ત્યાં એક વાઘની પાછળ અમે ત્રણ-ચાર જણ પડ્યા હતા અને એ વાઘને માર્યો પણ હતો. પાસે જ એક બહુ પુરાણા, જીર્ણ, ખંડિત અને પરિત્યક્ત મંદિરની એક દેવમૂર્તિના કપાળમાં એ પથ્થર જડેલો હતો પણ કદાચ અમારા પહેલાં કોઈને એની જાણ નહોતી.’

‘સૌપ્રથમ શું આપની જ એના પર નજર પડેલી?’

‘મંદિર તો અમે બધાએ જોયું હતું, પણ આ પથ્થર પર તો મારી જ નજર પ્રથમ પડી હતી.’

‘તે વખતે આપની સાથે કોણ-કોણ હતું?’

‘રાઈટ નામનો એક અમેરિકન યુવાન, કિશોરીલાલ પંજાબી અને મારો ભાઈ કેદાર.’

‘આપના ભાઈ પણ શિકાર કરે છે?’

‘કરતો. હમણાં કરે છે કે નહિ તે ખબર નથી. ચારેક વર્ષથી એ પરદેશમાં છે.’

‘પરદેશ એટલે?’

‘સ્વિટ્ઝર્લૅન્ડ, ઘડિયાળનો ધંધો કરે છે.’

‘જ્યારે એ કીમતી પથ્થર મળ્યો ત્યારે એના માટે આપ સૌમાં કંઈ વિખવાદ કે ઝઘડો થયેલો ખરો?’

‘ના, એ પથ્થર કીમતી છે એ તો કલકત્તા આવ્યા પછી મેં એને ઝવેરીને બતાવ્યા બાદ જાણવા મળ્યું.’

‘એ પછી એનાં મૂલ્ય વિશે કોણ જાણે છે?’

‘ઝાઝા માણસોને મેં નથી કહ્યું. આમેય મારે સગાં-સંબંધીઓ બહુ નથી. એકાદ-બે વકીલ મિત્રોને જ કહેલું. કેદારને ખબર છે અને કદાચ મારા ભાણેજને પણ જાણ છે.’

‘પથ્થર અહીં ઘરમાં જ છે?’

‘હા, મારા ખંડમાં જ છે.’

‘એવી કીમતી ચીજ બૅંકમાં નથી રાખતા?’

‘એકવાર મૂક્યો હતો. જે દિવસે મૂક્યો એના બીજે દિવસે મને મોટર ઍક્સિડેન્ટ થયો, મરતો-મરતો બચ્યો. તેથી માન્યતા બંધાઈ ગઈ કે એને મારી પાસે ન રાખું તો કંઈ અશુભ થશે તેથી બૅંકમાંથી લઈ આવ્યો.’

ફેલુદાનું ખાવાનું પૂરું થઈ ગયું હતું. એનાં ભવાં જોઈ લાગ્યું કે એણે વિચારવાનું શરૂ કરી દીધું છે. પાણી પી રૂમાલથી મોં લૂછી પૂછ્યું : ‘આપના ઘરમાં કોણ-કોણ છે?’

‘હું, મારો ભાણેજ અવનીશ, ને ત્રણ જૂના નોકરો, ઉપરાંત મારા પિતાજી છે. પણ તેઓ તો તદ્દન વૃદ્ધ અને પાંગળ જેવા છે. એક નોકર આખો વખત એમની દેખભાળ રાખે છે.’

‘અવનીશબાબુ શું કરે છે?’

‘ખાસ કંઈ નહિ. એને ટિકિટ સંગ્રહનો શોખ છે, કહે છે ટિકિટની એક દુકાન કરવી છે.’ ફેલુદાએ મનોમન કંઈક હિસાબ ગણી પૂછ્યું : ‘આપ ઇચ્છો છો કે હું આ પત્ર લખનારને શોધી કાઢું?’

કૈલાસબાબુ જરાક જોરપૂર્વક હસતા બોલ્યા : 'આ ઉંમરે મને હવે આવી અશાંતિ કંઈ સારી લાગે? અને પત્ર લખ્યો એટલું જ નહિ, પણ કાલે રાતે ટેલિફોન પણ કર્યો હતો. અંગ્રેજીમાં એની એ જ વાત બોલ્યો હતો. અવાજ તો ઓળખાયો નહિ, પણ કહે જો હું નિર્દિષ્ટ જગ્યાએ અને સમયે વસ્તુ ત્યાં નહિ મૂકી આવું તો એ મારા ઘેર આવી મારું ખૂન કરશે. હું આ પથ્થર ગુમાવવા ઇચ્છતો નથી. વળી, એ સિવાય એ માણસનો પણ એના પર કોઈ હક નથી. છતાં ધમકી દે છે ત્યારે દેખીતું છે કે એ કોઈ બદમાશ છે, અને તેને સજા થવી જરૂરી છે. એ કઈ રીતે સંભવશે એ તમારે વિચારવાનું છે.'

'ઉપાય તો એક જ. બાવીસમી તારીખે સાંજના વિક્ટોરિયા મેમૉરિયલની આસપાસ છુપાઈને બેસવું અને એને આવવા દેવો.'

'એ પોતે ન પણ આવે.'

'તેમાં કંઈ વાંધો નહિ. જે પણ લિલીના છોડ પાસે ફરતો હશે, તે ભલે મૂળ માણસ ન હોય, પણ એને પકડવાથી અસલ આદમીની ભાળ મેળવવી મુશ્કેલ નહિ રહે.'

'પણ તમે સમજતા નથી. એ માણસ ડેન્જરસ પણ હોઈ શકે. એ જ્યારે જોશે કે લિલીના છોડ નીચે પથ્થર નથી, તો પછી એ શું કરશે એ કહી ન શકાય. એ કરતાં બાવીસ તારીખ પહેલાં – એટલે કે આજકાલમાં એને ઓળખી શકાય તો બહુ સારું થાય. આ પત્ર અને એક ટેલિફોન કૉલ – એ બે પરથી કંઈ શોધી ન શકાય?'

ફેલુદા સોફા ઉપરથી ઊભા થયા અને આંટા મારવા માંડ્યા. પછી બોલ્યા : 'જુઓ, કૈલાસબાબુ, પત્રમાં એણે લખ્યું છે કે ડિટેક્ટિવની મદદ લેવાનું પરિણામ સારું નહિ આવે, તેથી હું કંઈ કરું, કે ન કરું, આપે મને બોલાવ્યો છે, એ પરથી જ આપના પર મુસીબતની આશંકા તો છે જ. એટલે આપ વિચારી લો કે અમારી મદદ લેવી કે નહિ?'

કૈલાસબાબુએ એટલી ઠંડકમાં પણ રૂમાલ વડે પોતાનું કપાળ લૂછ્યું અને બોલ્યા : 'તમને, અને તમારા આ ભાઈને જોઈને તો કોઈને વિચાર પણ ન આવે કે તમે કોઈ ડિટેક્ટિવ હશો. એ એક ઍડ્વાન્ટેજ છે. તમારું નામ ભલે લોકો જાણે, પણ તમારો ચહેરો પરિચિત હોય એવું લાગતું તો નથી. તેથી એ બાજુથી તો મારે વિશેષ ડરવા જેવું નથી. તમે ઇચ્છો તો કામ સ્વીકારો. તમારી ફી હું આપીશ.'

'થૅંક્યુ, પણ એક વાર પેલો પથ્થર જોવા ઇચ્છું છું.'

'ચોક્કસ.'

પથ્થર કૈલાસબાબુના શયનખંડમાં હતો. અમે એમની પાછળ દાદર પર ચડી ઉપલે માળે પહોંચ્યા. દાદર એક લાંબા અંધારિયા બારામદામાં પૂરો થતો હતો. તેની બે તરફ હારબંધ લગભગ દસબાર ઓરડા હતા. તેમાંના ઘણાનાં બારણે તાળાં હતાં. ચારે તરફ સૂમસામ વાતાવરણ હતું. જરા અવાજ થાય તો એનો પડઘો પડતો હતો.

બારામદાને ડાબી બાજુએ છેડે કૈલાસબાબુનો શયનખંડ હતો. અમે જ્યારે બારામદાની વચ્ચોવચ પહોંચ્યા ત્યારે એક બાજુના ઓરડાનું અધખુલ્લું બારણું જોયું. અંદરથી એક ખૂબ જ વૃદ્ધ ડોક લંબાવી નિસ્તેજ આંખે અમારા ભણી જોઈ રહ્યા હતા. હું તો એમને જોઈને જ ગભરાઈ ગયો. કૈલાસબાબુ બોલ્યા : 'એ મારા પિતાજી છે. એમનું મગજ જરા અસ્થિર છે. આખો વખત આ રીતે અહીં-તહીં ડોકિયાં કર્યા કરે છે.'

જરા વધુ પાસે પહોંચ્યા ત્યારે એ વૃદ્ધની નજર જોઈ મારું તો લોહી થીજી ગયું. ભયાવહ છતાં ખુન્નસભરી નજરે તેઓ કૈલાસબાબુ ભણી તાકી રહ્યા હતા. પિતાજીનો રૂમ વટાવી થોડે દૂર ગયા કે કૈલાસબાબુ બોલ્યા : 'પિતાજીને બધા પર અણગમો અને ચીડ છે. તેઓ એમ માને છે કે સૌ અ ેમને નિગ્લેક્ટ કરે છે, હકીકતે એમની સંભાળ લેવામાં અમે

જરાય ત્રુટિ નથી રાખતા.'

કૈલાસબાબુના ઓરડામાં એક જબરદસ્ત ઊંચો પલંગ હતો અને તેના માથા ભણી ખૂણામાં મોટો કબાટ. એ ખોલીને એક ખાનામાંથી ભૂરું મખમલ ચડાવેલું એક ખોખું કાઢી તેઓ બોલ્યા : 'સપ્તરામદાસની દુકાનેથી આ બૉક્સ આ પથ્થર મૂકવા ખરીદ્યું હતું.' પછી બૉક્સ ખોલીને તેમાંથી લીચી જેવડો નીલા રંગનો, એક ચળકતો પથ્થર બહાર કાઢી કૈલાસબાબુએ ફેલુદાના હાથમાં મૂકી કહ્યું : 'આને 'બ્લૂ બેરિલ' કહે છે. બ્રાઝિલમાં મળે છે. ભારતમાં કદાચ કોઈની પાસે નથી, અને હશે તોયે આ કદનો તો નહિ જ હોય.' ફેલુદાએ એ પથ્થરને હાથમાં લઈ આમતેમ ફેરવી જોયો અને પાછો આપ્યો. પછી કૈલાસબાબુએ પોતાના કબાટમાંથી દસદસની પાંચ નોટો કાઢી ફેલુદાને આપતાં કહ્યું : 'આ ઍડ્વાન્સ. કામ પતી ગયા પછી બાકીના આપીશ. બરાબર?'

'થૅંક્યુ' કહી ફેલુદાએ રૂપિયાની નોટો ખિસ્સામાં મૂકી.

દાદર ઊતરતાં ફેલુદા બોલ્યા : 'આપનો એ પત્ર મને આપવો પડશે અને અવનીશબાબુ જોડે પણ મારે જરા વાત કરવી છે.'

નીચે પહોંચ્યા કે બરાબર એ વખતે બેઠકખંડમાં ટેલિફોનની ઘંટડી વાગવા માંડી. કૈલાસબાબુએ ઉતાવળે જઈને ફોન ઉપાડ્યો : 'હલ્લો' બસ એટલું જ. અમે બેઠકખંડમાં દાખલ થયા ત્યારે કૈલાસબાબુએ ઊતરેલ ચહેરે ધબ લઈને ફોન નીચે મૂક્યો અને બોલ્યા : 'ફરી એ જ વ્યક્તિ અને એ જ ધમકી.'

'શું કહ્યું?'

'આ વખતે સાફસાફ જ બોલ્યો.'

'શું બોલ્યો?'

'કહે કે મને શું જોઈએ છે તે તમે સમજી ગયા છો એવું લાગે છે. ચાંદાના જંગલના મંદિરમાંથી મળ્યો હતો તે પથ્થર.'

'બીજું કંઈ કહ્યું?'

'બીજું કંઈ નહિ.'

'અવાજ ઓળખાયો?'

'ના, પણ એટલું ચોક્કસ કે એ અવાજ સાંભળવો ગમે એવો નહોતો. તમે ફરી એક વાર વિચારી જુઓ.'

ફેલુદાએ સહેજ હસી કહ્યું : 'મેં તો વિચાર કરી લીધો છે.'

કૈલાસબાબુ પાસેથી અમે અવનીશબાબુના ઓરડામાં ગયા ત્યારે તેઓ ખૂબ ધ્યાન દઈને ઝીણવટથી મૅગ્નિફાઇંગ ગ્લાસ વડે ધ્યાનપૂર્વક કંઈ તપાસી રહ્યા હતા. અમે અંદર દાખલ થયા કે પેલી ચીજ પર હાથ મૂકી તેને ઢાંકી દઈ ઊભા થયા : 'આવો આવો.'

'તમને ટપાલ-ટિકિટોનો ખૂબ શોખ હોય એવું લાગે છે.' ફેલુદાએ કહ્યું.

અવનીશબાબુની આંખો ચમકી ઊઠી : 'જી, હા. એ જ માત્ર મારો એક શોખ, નશો, ધ્યાન, જ્ઞાન, ચિંતા, જે કહો તે છે.'

'તમે કોઈ એક ખાસ દેશ કે વિષયની ટિકિટો એકઠી કરો છો, કે દુનિયાની બધી જ જાતની?'

'પહેલાં તો દુનિયાભરની એકઠી કરતો હતો, પણ થોડા દિવસથી ઇન્ડિયા પર જ લક્ષ કેન્દ્રિત કર્યું છે. અમારા આ ઘરની ઑફિસમાં એટલી બધી જૂની-જૂની ટિકિટો છે કે જોઈને દંગ રહી જવાય. છેલ્લા બે મહિનામાં તો જૂના પત્રોનાં બંડલો ફેંદીને ઇન્ડિયાની સેંકડો ટિકિટો એકઠી કરી છે.'

'કોઈ સરસ મળી ખરી?'

'સરસ?' અવનીશબાબુ ખુરશીમાંથી ઊભા થઈ ગયા : 'તમને સમજાશે? તમને આમાં રસ છે?'

ફેલુદા હસીને બોલ્યા, 'અમુક ઉંમરે બધાને એમાં રસ હોય છે જ, ખરું ને? કેપ ઓફ ગુડ હોપની એક પેની, મોરિશ્યસની બે પેની અને બ્રિટિશ ગીઆનાની ૧૮૫૬ની પેલી પ્રખ્યાત સ્ટૅમ્પ્સ મેળવવાનું સ્વપ્ન મેંય જોયું હતું. દસેક વર્ષ પહેલાં એની કિંમત લાખેક રૂપિયા હતી. અત્યારે તો એથીયે વધારે હશે.'

અવનીશબાબુ હવે તો રીતસર ઉત્તેજિત થઈ કૂદી ઊઠ્યા : 'તો પછી તમે ચોક્કસ સમજશો. તમને બતાવું છું. આ જુઓ.'

પોતાની હથેળી નીચે દબાવી રાખેલી એક ટિકિટ એમણે ફેલુદાના હાથમાં આપી. બહુ જૂની હોઈ એનો રંગ પણ ઝાંખો પડી ગયો હતો.

'શું લાગે છે?' અવનીશબાબુએ પૂછ્યું.

ફેલુદા કહે : 'ઇન્ડિયાની સોએક વર્ષ જૂની ટિકિટ. રાણી વિક્ટોરિયાની છે. અગાઉ પણ એકવાર આ ટિકિટ મેં જોઈ છે.'

'જોઈ છે? હવે મૅગ્નિફાઇંગ ગ્લાસથી જુઓ!'

ફેલુદાએ મેગ્નિફાઇંગ ગ્લાસ આંખે લગાડ્યો.

'શું દેખાય છે?' અવનીશબાબુના અવાજમાં આતુરતા હતી.

'આમાં તો છાપભૂલ છે.'

'એક્ઝેક્ટલી!'

'પોસ્ટેજ શબ્દમાં 'જી'ની જગ્યાએ 'સી' છપાયો છે.' અવનીશબાબુ ટિકિટ પાછી લઈ બોલ્યા, 'એટલે હવે આની કિંમત કેટલી થઈ ખબર છે?'

'કેટલી?'

'વીસ હજાર રૂપિયા!'

'શી વાત કરો છો?'

'મેં વિલાયત પત્ર લખી તપાસ કરાવી છે. આ ભૂલનો ઉલ્લેખ સ્ટૅમ્પ કેટલોગમાં નથી. મેં જ આ પહેલી વાર શોધી કાઢ્યું છે.'

ફેલુદા બોલ્યા : 'કોંગ્રેચ્યુલેશન્સ! પણ મારે તમારી સાથે બીજી બાબત વિશે વાત કરવી છે.'

'બોલો.'

'તમારા મામા કૈલાસબાબુ પાસે એક કીમતી પથ્થર છે એની તમને ખબર છે?' અવનીશબાબુને થોડી વાર વિચાર કરવો પડ્યો. પછી બોલ્યા : 'ઓહ! હા, હા, સાંભળ્યું છે ખરું. કીમતી છે કે નહિ એ તો ખબર નથી, પણ 'લકી સ્ટોન' એવું એકવાર કહેતા હતા ખરા. પણ માફ કરજો. મારા મગજમાં હાલમાં તો ટપાલ-ટિકિટો સિવાય બીજું કશું જ ઘૂમતું નથી.'

'તમે આ ઘરમાં કેટલા સમયથી છો?'

'મારા બાપુજી ગુજરી ગયા ત્યારથી, એટલે કે લગભગ પાંચ વર્ષથી.'

'મામા જોડે તમને કેવું બને છે?'

'કયા મામા? એક તો પરદેશ છે.'

'હું કૈલાસબાબુની વાત કરું છું.'

'ઓહ, એ તો ખૂબ જ સારા છે, પણ.....'

'પણ શું?'

અવનીશબાબુનાં ભવાં સંકોચાયાં : ‘છેલ્લા કેટલાક દિવસથી કશાંક કારણોને લીધે એમનામાં કંઈક ફેર લાગે છે.’

‘ક્યારથી?’

‘બે-ત્રણ દિવસથી. કાલે મેં એમને આ સ્ટૅમ્પની વાત કરી, પણ જાણે એમણે એ સાંભળી જ નહિ. હંમેશાં તો રીતસર ખૂબ જ રસ લે છે અને રોજની એમની કેટલી બધી રીતો પણ બદલાઈ ગઈ છે.’

‘દાખલા તરીકે?’

‘આ જેમ કે, રોજ સવારે બાગમાં આંટા મારવા. પણ છેલ્લા બે-ત્રણ દિવસથી બાગમાં ગયા જ નથી. સવારે પણ મોડા ઊઠે છે. લાગે છે મોડી રાત સુધી જાગતા હશે.’

‘એનું કંઈ ઇંગિત મળ્યું છે?’

‘હા; હું તો નીચે જ સૂઉં છું. મારા ઉપરનો જ રૂમ મામાનો છે. મધરાતે તેઓ આંટા મારતા હોય છે. એકવાર તો મને થયું કે ઉપર કંઈ ઝઘડો ચાલે છે.’

‘કોની સાથે?’

‘દાદા સાથે હશે. એમના સિવાય બીજું વળી કોણ હોય? એક રાતે તો સંદેહ આવતાં હું દાદર નીચે જઈ ઊભો રહ્યો. જોયું તો મામા અગાશી પરથી પહેલે માળે ઊતરતા હતા અને એમના હાથમાં બંદૂક હતી.’

‘ત્યારે કેટલા વાગ્યા હશે?’

‘રાતના બે થયા હશે.’

‘અગાશી પર કંઈ છે?’

‘કંઈ નથી. કેવળ એક કાતરિયા જેવી ઓરડી છે. પણ તેમાં ખાસ કશું નથી. જૂના કાગળ-પત્રો જે હતા તે તો હું મહિના પહેલાં નીચે લઈ આવ્યો છું. પણ આ બધું શા માટે પૂછો છો?’

ફેલુદા જરા હસીને બોલ્યા : ‘તમારા મામા કોઈ કારણને લીધે અપસેટ છે. પણ તમારે ફિકર કરવા જેવું નથી. તમે તમારે સ્ટૅમ્પમાં જ રચ્યાપચ્યા રહો. આ મારી ઝંઝટ પતે એ પછી એકવાર તમારું કલેક્શન જોવા આવવાની ઇચ્છા છે.’

ત્યાંથી નીકળતાં પહેલાં કૈલાસબાબુ પાસે વિદાય લેવા ગયા ત્યારે ફેલુદાએ એમને કહ્યું : ‘આપને સોળ આના તો ખાતરી આપતો નથી, પણ એટલું કહું છું કે આ સમગ્ર બાબતમાં વિચાર કરવાનું મારા પર છોડી દઈ આપ રાતના ઊંઘવાનો પ્રયત્ન કરજો. જરૂર પડે તો ઊંઘની ગોળી પણ લેજો અને મહેરબાની કરી રાતે અગાશી પર જશો નહિ. આ મોહલ્લાનાં મકાનો બહુ નજીક-નજીક છે. આપના શત્રુએ જો આજુબાજુમાં ક્યાંય અડ્ડો જમાવ્યો હશે તો આપ મુશ્કેલીમાં મુકાઈ જશો.’

કૈલાસબાબુ બોલ્યા : ‘એકવાર રાતે કંઈક અવાજ સંભળાયો હતો એટલે ટેરેસ પર ગયો હતો, પણ સાથે બંદૂક પણ હતી. જોકે ત્યાં અજુગતું કશું જ નજરે પડ્યું નહોતું.’

‘તમે હંમેશાં બંદૂક સાથે રાખો છો?’

‘હા. રાખું તો છું. પણ માણસના મનનો ઉદ્વેગ હાથમાં પણ પહોંચતો હોય છે, એ તો તમને ખબર જ હશે! આ રીતે જો લાંબું ચાલશે તો મારા નિશાનનું શું થશે શી ખબર!’

*

બીજે દિવસે રવિવાર હતો. આખા દિવસનો મોટો ભાગ ફેલુદાએ પોતાના ઓરડામાં આંટા જ માર્યા. છેક સાંજે ચાર વાગ્યે મેં એને કપડાં બદલતા જોયા. એટલે પૂછ્યું : ‘તે ક્યાંય બહાર જાઓ છો?’

'હા. વિક્ટોરિયા મેમૉરિયલના લિલીના છોડ નજરે જોવાનો વિચાર છે. આવવું હોય તો ચાલ.'

ટ્રામમાં બેસી લોઅર સર્ક્યુલર રોડના નાકે ઊતરી ચાલતાં-ચાલતાં લગભગ પાંચ વાગ્યે વિક્ટોરિયા મેમૉરિયલના દક્ષિણ ગેટે પહોંચ્યા. આ તરફ લોકોની અવરજવર ઓછી હોય છે. જે લોકો સાંજના અહીં આવે એ બધા સામે એટલે કે ઉત્તર એસ્પ્લેનેડના મેદાન તરફથી જ આવતા હોય છે. ગેટમાં દાખલ થઈ વીસેક હાથ આગળ વધ્યા તો ડાબી તરફ ખરેખર લિલીના છોડની ક્યારી હતી. તેની પહેલી પંક્તિના પ્રથમ છોડ નીચે પેલો પથ્થર રાખવાનો હતો.

લિલીના આટલા સુંદર ફૂલછોડ જોવા છતાંયે શરીરમાં તો કોણ જાણે કેમ ધ્રુજારી વછૂટી ગઈ. ફેલુદાએ પૂછ્યું, 'કાકા પાસે એક બાઇનૉક્યુલર છે ને?'

મેં કહ્યું : 'છે.'

પંદરેક મિનિટ વિક્ટોરિયા મેમૉરિયલમાં ફરીને અમે ટૅક્સી કરી સીધા લાઇટ હાઉસ ચાલ્યા ગયા. ફેલુદાને સિનેમા જોવાનો શોખ થયો હશે કે શું? પણ ત્યાં પહોંચી સિનેમામાં ન જતાં એ તો ઊંધી જ દિશામા ચાલ્યા અને એક બુકસેલરની દુકાનમાં પેઠા. આ પુસ્તક, પેલું પુસ્તક કરતાં-કરતાં અંતે ફેલુદાએ એક જબરદસ્ત મોટું સ્ટૅમ્પ કૅટલોગ કાઢ્યું અને તેનાં પાનાં ઉથલાવવા માંડ્યાં. મેં એને કાનમાં ધીમેથી પૂછ્યું : 'તમને શું અવનીશબાબુ પર શક આવે છે?'

ફેલુદા બોલ્યા : 'સ્ટૅમ્પનો જેને આટલો બધો શોખ હોય એના હાથમાં થોડા રોકડા રૂપિયા આવે તો સગવડ જ રહે ને?'

મેં કહ્યું : 'પણ જ્યારે ઉપલે માળથી નીચે આવ્યા ત્યારે જે ફોન આવ્યો હતો એ તો અવનીશબાબુએ નહોતો કર્યો.'

'ના. એ તો મસૂલંદપુર આદિત્યનારાયણ સિંહે કર્યો હતો.'

સમજી ગયો. ફેલુદા મજાક કરવાના મિજાજમાં હતા, એટલે અત્યારે એની સાથે વાત કરવી બેકાર હતી.

જ્યારે અમે ઘેર પાછા ફર્યા ત્યારે આઠ વાગી ગયા હતા. ફેલુદાએ કોટ કાઢી ને પલંગ પર ફેંકતાં કહ્યું : 'હું હાથ-મોં ધોઈ આવું એટલી વારમાં તું ડિરેક્ટરીમાંથી કૈલાસબાબુના ફોન નંબર કાઢ.'

ડિરેક્ટરી હાથમાં લઈ ટેલિફોન પાસે બેઠો ત્યાં જ રિંગ કરીને ફોનની ઘંટી વાગતાં હું ખાસ્સો ચમકી ગયો. મેં રિસીવર ઉપાડ્યું : 'હલ્લો!'

'કોણ?' આ કેવો અદ્ભુત અવાજ! આ અવાજ તો હું ઓળખતો નહોતો! મેં પૂછ્યું : 'કોનું કામ છે?'

કર્કશ ગંભીર અવાજે જવાબ આપ્યો : 'આટલી નાની ઉંમરે ડિટેક્ટિવ જોડે શા માટે ફરે છે? જાનનો ડર નથી?'

હું ફેલુદાનું નામ લઈ બૂમ પાડવા જતો હતો, પણ ગળામાંથી અવાજ જ ન નીકળ્યો. કાંપતે હાથે ફોન મૂકી દેવા જતો હતો ત્યાં ફરી એ માણસ બોલ્યો : 'ચેતવી દઉં છું, તને અને તારા મોટાભાઈને પણ. પરિણામ સારું નહિ આવે.'

હું તો કાષ્ઠવત્ બેસી રહ્યો. બાથરૂમમાંથી બહાર આવી ફેલુદા બોલ્યા : 'આ શું? સૂનમૂન કેમ બેઠો છે? કોઈનો ફોન હતો?'

જેમતેમ બધી વાત ફેલુદાને કરી. જોયું કે એ પણ ગંભીર બની ગયા હતા. પછી મારી પીઠ પર ધબ્બો મારી બોલ્યા : 'ગભરાઈશ નહિ. આપણી જોડે માણસ હશે — પોલીસના

માણસ. કંઈ ડરવા જેવું નથી. કાલે એકવાર વિક્ટોરિયા મેમૉરિયલ તો જવું જ પડશે.'

રાતે સરખી ઊંઘ પણ ન આવી. કેવળ ટેલિફોનને લીધે જ નહિ, કૈલાસબાબુના ઘરમાંની ઘણીબધી વસ્તુઓ આંખો સામે તરવરતી હતી. એ લોખંડની રેલિંગવાળો અગાશી સુધી ઉપર જતો દાદર, પહેલા માળનો માર્બલ જડિત અંધારો લાંબો બારામદા, ને પેલા બારણામાંથી ડોકિયું કરતા કૈલાસબાબુના પિતાજીનો ચહેરો. કૈલાસબાબુ તરફ એવી રીતે કેમ જોતા હતા તેઓ? અને કૈલાસબાબુ બંદૂક હાથમાં લઈ અગાશી પર શા માટે ગયા હતા? શાનો અવાજ સાંભળ્યો હશે એમણે?

ઊંઘવા જતાં પહેલાં ફેલુદાએ એક વાત કહી હતી : 'ખબર છે તોપસે – જેઓ પત્ર લખી અને ફોન કરીને ધમકી આપે તેઓ અસલમાં મોટા ભાગે કાવર્ડ હોય છે.' એ વાત યાદ કર્યા કરી ત્યારે માંડ ઊંઘ આવી.

* * *

બીજે દિવસે સવારે ફેલુદાએ કૈલાસબાબુને ફોન કરીને કહ્યું કે તેઓએ ઘરમાં નિરાંતે બેસી રહેવું; જે કરવાનું છે તે ફેલુદા પોતે જ કરશે.

મેં પૂછ્યું : 'વિક્ટોરિયા મેમૉરિયલ ક્યારે જવાનું છે?'

'કાલે ગયા હતા એ જ સમયે. ઠીક, પણ તારી પાસે ડ્રૉઇંગ બુક અને પેન્સિલ છે ને?'

'કેમ એનું શું કામ છે?'

'છે કે નહિ એ કહે ને!'

'એ તો હોય જ ને!'

'સાથે લઈ લેજે. લિલીના છોડની ઊંધી દિશામાં થોડે દૂર ઊભાં રહી તું ચિત્ર દોરજે – ઝાડપાન, મેમૉરિયલ બિલ્ડિંગ જે તને આવડે તે. હું તારો માસ્તર બનીશ.'

ફેલુદાનો હાથ ડ્રૉઇંગમાં ઘણો સારો છે. કોઈ માણસને માત્ર એક વાર જુએ તો એનો પેન્સિલ સ્કેચ સરસરાટ દોરી કાઢવાની એનામાં અજબ શક્તિ છે. તેથી જ ડ્રૉઇંગ માસ્ટરનું કામ તેને બરાબર બંધ બેસશે.

શિયાળામાં દિવસ ટૂંકા. તેથી અમે ચાર વાગ્યા પહેલાં જ વિક્ટોરિયા મેમૉરિયલ પહોંચી ગયા. સોમવાર હોઈ ભીડ જ નહિ. બાબાગાડીમાં સાહેબ લોકોનાં બાળકો લઈને નેપાળી આયાઓ ફરતી હતી. એક મારવાડી પરિવાર અને એકાદ-બે વૃદ્ધો ત્યાં હતા. આ તરફ લોકોની અવરજવર પણ ઓછી હતી. કંપાઉંડની અંદર જ, પણ ગેટથી ખાસ્સા દૂર ચૌરંગી ભણી એક મોટા વૃક્ષ નીચે બે પાટલૂનધારી માણસો નજરે પડ્યા. એમને દેખાડી ફેલુદાએ મને હળવેકથી કોણી મારી. સમજ્યો. એ હતા પોલીસના માણસો. પોલીસના કેટલાક માણસોમાં ફેલુદાનું બહુ માન છે એ મને ખબર હતી.

લિલીના ક્યારા સામે થોડે દૂર ડ્રૉઇંગ બુક કાઢીને મેં ચિત્ર દોરવાનું શરૂ તો કર્યું પણ એવી સ્થિતિમાં કંઈ ચિત્ર દોરવામાં મન લાગે? આંખો અને મન બંને બીજા ધ્યાનમાં ચાલ્યાં જાય અને ફેલુદા વચ્ચે-વચ્ચે આવીને ધમકાવે અને પેન્સિલ વડે સરસર કરતાં કંઈક આડુંઅવળું દોરી આપે — જાણે કેટલું બધું કરેક્ટ કરતા ન હોય! મારી પાસેથી દૂર જાય કે ફેલુદા બાઇનૉક્યુલર આંખે માંડી આમતેમ જુએ.

સૂર્ય ડૂબવાની તૈયારીમાં હતો. પાસેના ચર્ચના ઘડિયાળમાં ટન-ટન કરતા પાંચના ટકોરા પડ્યા. બાગમાં જે કોઈ હતા તે લોકો હવે જવા લાગ્યા. કારણ થોડી વારમાં જ હવે ઠંડી પડવા લાગશે. પેલા મારવાડીઓ એક મોટી ગાડીમાં બેસી ચાલ્યા ગયા. આયાઓ પણ બાબાગાડીઓ ઠેલતી જવા માંડી. લોઅર સર્ક્યુલેર રોડ પરની ઑફિસેથી પાછી ફરતી ગાડીઓની ભીડ શરૂ થઈ ગઈ. વારે-વારે હૉર્નનો અવાજ કાને પડતો હતો. ફેલુદા મારી પાસે

ઘાસ પર બેસવા જતા હતા પણ અટકી ગયા. મેં જોયું તો તેની નજર વિક્ટોરિયા મેમૉરિયલના ગેટ પર હતી. મેં એ તરફ નજર નાખી. ગેટની બહાર થોડે દૂર રસ્તાની ધારે બ્રાઉન ચાદર લપેટીને એક આદમી ઊભો હતો. ફેલુદા આંખે બાઇનૉક્યુલર માંડી થોડી વાર એને જોઈ રહ્યા. પછી મને જોવા કહ્યું.

'પેલો ચાદરવાળો માણસ ને?'

'હા.'

બાઇનૉક્યુલર આંખે લગાડતાં જ હું ચમકી ગયો : 'આ શું! આ તો કૈલાસબાબુ છે.'

'હા, ચાલ. નક્કી એ આપણને શોધવા આવ્યા છે.'

પણ અમે એ તરફ રવાના થયા એ જ વખતે કૈલાસબાબુએ પણ ચાલવા માંડ્યું. ગેટ બહાર આવી અમે જોયું તો તેઓ નજરે ન પડ્યા.

ફેલુદા બોલ્યા : 'ચાલ શ્યામપુકુર. લાગે છે કે એમણે આપણને જોયા નથી અને આપણે ન દેખાયા તેથી જરૂર ગભરાઈ ગયા હશે.'

ટૅક્સી મળત તો-તો એ જ લેત, પણ ઑફિસો છૂટવાના સમયે ટૅક્સી મળવી મુશ્કેલ હતી. તેથી ટ્રામ પકડવા માટે ચૌરંગી ભણી રવાના થયા. રસ્તા પર એક પછી એક હારબંધ ગાડીઓ જતી હતી. કલકત્તા ક્લબ પાસે પહોંચ્યા ત્યારે એક એવો બનાવ બન્યો કે એ યાદ આવતાં અત્યારે પણ મને તો પસીનો છૂટી જાય છે. ચાલતાં-ચાલતાં ફેલુદાએ અચાનક જ જોરથી હડસેલો મારીને મને લગભગ રસ્તાને એક છેડે ધકેલી દીધો ને સાથે-સાથે પોતે પણ કૂદકો માર્યો. બીજી જ પળે, ભયંકર સ્પીડમાં અને જબરદસ્ત અવાજ સાથે એક ગાડી અમારી લગભગ અડોઅડ થઈને દોડી ગઈ.

'વ્હૉટ ધ ડેવિલ!' ફેલુદા બોલી ઊઠ્યા : 'ગાડીનો નંબર……' પણ એનો કોઈ ઉપાય નહોતો. સાંજના અંધારામાં બીજી ગાડીઓની ભીડમાં એ ક્યાંય ભળી ગઈ હતી. મારા હાથમાંની ડ્રૉઇંગબુક ક્યાં ઊડી ગઈ તેનીયે ખબર રહી નહિ પણ પછી એને શોધવામાં અમે સમય બગાડ્યો નહિ. એ તો હું બરાબર સમજી ગયો હતો કે ફેલુદાએ સમયસૂચકતા ન વાપરી હોત તો અમે બંને એ ગાડી નીચે અચૂક કચરાઈ મૂઆ હોત.

ટ્રામમાં આખે રસ્તે ફેલુદા ગંભીર મોં કરી બેસી રહ્યા. કૈલાસબાબુને ઘેર પહોંચી સીધા બેઠકખંડમાં ગયા. ત્યાં સોફા પર બેઠેલા કૈલાસબાબુને ફેલુદાએ પહેલાં જ પૂછ્યું : 'આપે અમને જોયા નહોતા?'

કૈલાસબાબુ તો એકદમ આભા જ બની ગયા. કહે : 'ક્યાં ન જોયા? શી વાત કરો છો તમે?'

'કેમ, આપ તો વિક્ટોરિયા મેમૉરિયલ પર આવ્યા હતા!'

'હું? શું કહો છો? હું તો અત્યાર સુધી મારા ઓરડામાં પથારીમાં પડ્યો ફિકરમાં ઊંચો-નીચો થતો હતો. હજી હમણાં જ નીચે આવ્યો.'

'તો શું આપને કોઈ જોડિયો ભાઈ છે?'

કૈલાસબાબુ તો બિલકુલ અવાક્ જ થઈ ગયા. પછી બોલ્યા : 'એ શું મેં તમને તે દિવસે નહોતું કહ્યું?'

'શું કહ્યું હતું?'

'કેદારની વાત? કેદાર મારો જોડિયો ભાઈ છે.'

ફેલુદા સોફા પર બેસી પડ્યા. કૈલાસબાબુનું મોં પણ ઊતરી ગયું. કાંપતે અવાજે બોલ્યા : 'તમે કેદારને જોયો? એ ત્યાં હતો?'

'એના સિવાય બીજું કોઈ ન હોઈ શકે.'

'સર્વનાશ!'

'કેમ? શું કેદારબાબુનો એ પથ્થર પર અધિકાર હતો?'

કૈલાસબાબુ અચાનક કેવાયે થઈ ગયા. સોફાના હાથા પર માથું ઢાળી દઈ એક દીર્ઘ નિસાસો મૂકી બોલ્યા : 'હતો.... તે હતો. કેદારે જ પ્રથમ એ પથ્થર જોયો હતો. મેં મંદિર જોયું હતું, પણ દેવમૂર્તિના કપાળ પરનો પથ્થર તો એણે જ પહેલો જોયો હતો.'

'પછી?'

'પછી શું? એક રીતે, કહો ને કે જીદ કરીને જ મેં એ પથ્થર લીધો હતો. જોકે હું તો મનમાં જાણતો હતો કે મારી પાસે એ હશે તો રહેશે અને કેદાર લેશે તો વેચી મારશે, ને પૈસા ઉડાવી દેશે અને એની કેટલી કિંમત છે એનો મને ખ્યાલ હતો, પણ કેદારને મેં કહ્યું નહોતું. સાચું કહું તો કેદાર વિદેશ ગયો ત્યારે મારા જીવને નિરાંત વળી હતી પણ લાગે છે પરદેશમાં એનું કંઈ વળ્યું નહિ હોય, અને તેથી જ પાછો આવ્યો હશે. હવે લાગે છે કે એ પથ્થર હાથ કરીને એને વેચીને રોકડા રૂપિયા ઉપજાવવાનો એનો ખ્યાલ હશે.' થોડી વાર ચૂપ રહી ફેલુદાએ પૂછ્યું : 'હવે એ શું કરશે એ આપ કહી શકો છો?'

'ખબર નહિ. પણ એક વાર એને મારી સામે મોઢામોઢ તો આવવું જ પડશે. હું ઘરમાંથી બહાર નીકળ્યો નથી, અને લિલી નીચે પથ્થર મૂક્યો નથી. તેથી એ ચોક્કસ અહીં આવશે.'

'આપ ઇચ્છો કે હું એ માટે કંઈ વ્યવસ્થા કરું?'

'ના. હવે તેની જરૂર નથી લાગતી. હવે એ મારી જોડે વાત કર્યા વિના કંઈ કરે એવું લાગતું નથી અને વાત કરવા આવશે તો હું વિચારું છું કે એ પથ્થર એને આપી જ દઈશ. તમારું કામ હવે પૂરું થયું. જીવનું જોખમ લઈ તમે જે રીતે વિક્ટોરિયા મેમૉરિયલ ગયા તે માટે હું સાચે જ તમારો ઋણી છું. તમે બિલ મોકલી દેજો. હું ચેક આપી દઈશ.'

ફેલુદા બોલ્યા : 'જીવનું જોખમ તો ખરું જ. એક ગાડીએ પાછળથી ધસી આવી અમને હડફેટમાં લઈને લગભગ કચરી જ નાખ્યા હતા.'

મારી કોણી જરાક છોલાઈ ગઈ હતી તે હું અત્યાર સુધી છુપાવવાની કોશિશ કરતો હતો પણ ખુરશી પરથી ઊઠતી વખતે ફેલુદા એ જોઈ ગયા : 'આ શું? તારા હાથે લોહી?' એ પછી કૈલાસબાબુને કહ્યું : 'આપની પાસે ડેટૉલ કે આયોડિન હોય તો આપશો? આ બધા ઘાને સેપ્ટિક થતાં બહુ વાર નથી લાગતી.'

કૈલાસબાબુ આકળા થઈ બોલ્યા : 'હા રે, શું કલકત્તાના રસ્તાઓ થઈ ગયા છે! જરા થોભો, અવનીશને પૂછી જોઉં.' અવનીશના રૂમ પાસે જઈ એને ડેટૉલ માટે પૂછતાં એણે આશ્ચર્યથી પૂછ્યું : 'તમે જ તો સાતેક દિવસ પહેલાં લાવ્યા હતા તે શું એટલામાં ખલાસ થઈ ગયું?'

કૈલાસબાબુ જરાક લજવાઈને બોલ્યા : 'અરે હા, બરાબર. આ ધ્યાનમાં જ ન રહ્યું, મારું મગજ જ ઠેકાણે નથી!'

ત્યાંથી નીકળ્યા પછી ફેલુદાએ કૉર્નવૉલિસ સ્ટ્રીટ તરફ ટ્રામ પકડવા ન જતાં બિલકુલ ઊંધી દિશામાં ચાલવા માંડ્યું. હું કંઈ પૂછું તે પહેલાં જ એમણે ખુલાસો કર્યો : 'ગણપતદા જોડે જરા ટેસ્ટમૅચની ટિકિટની વાત કરી લઉં. આટલે સુધી આવ્યા છીએ તો.....'

કૈલાસબાબુના ઘરની નજીકમાં જ ચેટર્જીનું ઘર છે. મેં એમનું નામ તો ફેલુદા પાસે સાંભળ્યું હતું. પણ ક્યારેય જોયા નહોતા. એમના દરવાજે ટકોરા મારતાં જ ગંજી ઉપર પુલઓવર પહેરેલા એક હૃષ્ટપુષ્ટ સજ્જને બારણાં ખોલ્યાં : 'અરે, ફેલુ માસ્ટર, તું! શા ખબર છે?'

'એક ખબર તો જાણી જ ગયા હશો.'

'એ તો સમજી ગયો, પણ સદેહે તાકીદ કરવા ન આવત તોય ચાલત. તારી રિક્વેસ્ટ કંઈ ભૂલી જાઉં? જ્યારે મેં કહ્યું કે ટિકિટ દઈશ એટલે દેવાનો જ.'

'આવવાનું કારણ જોકે બીજું છે. સાંભળ્યું છે કે તમારા ઘરની અગાશી પરથી ઉત્તર કલકત્તાનો વ્યૂ ખૂબ સરસ દેખાય છે. એક ફિલ્મ કંપની માટે એ જોવા આવ્યો છું.'

'જરૂર, ખુશીથી! સીધા દાદર ચડી જાઓ. એટલામાં હું ચાની તૈયારી કરું છું.'

ત્રીજા માળની અગાશી પરથી પૂર્વ તરફ નજર નાખી તો કૈલાસબાબુનું મકાન દેખાયું. નીચેના બગીચાથી માંડી અગાશી સુધી બધું જ દેખાતું હતું. પહેલા માળના એક ઓરડામાં લાઇટ જલતી હતી અને ત્યાં કોઈ આમતેમ આંટા મારતું હતું. એ તો નરી આંખે જ જોઈને લાગ્યું કે એ કૈલાસબાબુના પિતાજી હતા. અગાશી પરની પેલી કાતરિયા જેવી ઓરડીની બારી તરફની દીવાલ પણ દેખાતી હતી. બારણું કદાચ પેલી તરફ હશે. એવામાં પહેલે માળે એક બત્તી થઈ. કદાચ પેલા દાદરની બત્તી હશે. ફેલુદાએ બાઇનૉક્યુલર આંખે માંડ્યું અને બોલવા લાગ્યો : 'એક જણ દાદર ચડે છે. કોણ હશે? કૈલાસબાબુ જ લાગે છે. એમનો પેલો બ્રાઉન સિલ્કનો ડ્રેસિંગ ગાઉન ઓળખાઈ આવે છે.' પછી કદાચ કૈલાસબાબુ દેખાયા નહિ હોય. ફેલુદા ચૂપ હતા. થોડી વારે તેઓ અગાશી પર આવ્યા. મેં પણ એમને જોયા. તુરત અમે બંને જણ એકસાથે પાળ પાછળ વાંકા વળી ગયા અને પાળની કિનારી ઉપરથી આંખો માંડી રાખી.

કૈલાસબાબુ આમતેમ જોઈને પછી ઓરડીથી અવળી દિશામાં ચાલ્યા ગયા. એ પછી એ ઓરડીની બત્તી થઈ અને કૈલાસબાબુ બારી પાસે દેખાયા. એમની પીઠ અમારી તરફ હતી. મારી છાતી જોરથી ધબકવા માંડી. જરા વાર ઊભા રહી તેઓ ત્યાં જ બેસી ગયા એમ લાગ્યું.

થોડી વાર પછી એ ફરી બારીમાં દેખાયા. એમણે ઓરડીની બત્તી ઠારી નાખી અને દાદર ઊતરી નીચે ચાલ્યા ગયા. આ જોઈ ફેલુદા બોલી ઊઠ્યો : 'ગોટાળો! જરૂર ગોટાળો જ છે.'

મૂંઝવણની સ્થિતિમાં હોય ત્યારે ફેલુદાને કંઈ પણ પૂછવાની હિંમત હું નથી કરતો. બીજા કોઈ સમયે વિચારમાં હોય ત્યારે એ આંટા મારે છે. પણ આજ જોયું કે એ પથારીમાં લંબાવીને છત ભણી એકીટશે તાકી રહ્યા હતા. રાતે સાડા દસે જાગીને જોયું તો એ ડાયરીમાં કંઈક ટપકાવતા હતા. એ બધું લખાણ અંગ્રેજી ભાષામાં જ લખતા, પણ ગ્રીક લિપિમાં લખતા. હવે મને લાગ્યું કે કૈલાસબાબુની ના છતાં એ પેલા પથ્થરના કેસનું કામ આગે ધપાવ્યે જતા હતા.

ઊંઘતાં મોડું થઈ ગયેલું એટલે સવારે ફેલુદાએ હચમચાવ્યો ત્યારે જ હું જાગ્યો. 'એઈ, તોપસે, ઊઠ! ચાલ શ્યામપુકુર જવાનું છે.'

'કૈલાસબાબુને ત્યાં? શા માટે?'

'મેં ફોન કર્યો હતો, પણ કોઈ ઉપાડતું નથી. ત્યાં કંઈક ગરબડ લાગે છે.'

ઉતાવળે તૈયાર થઈ ટૅક્સી કરી અધ્ધર શ્વાસે શ્યામપુકુર ઊપડ્યા. ગાડીમાં ફેલુદા એક જ વાક્ય બોલ્યો : 'શો ભયંકર માણસ! બાપ રે! જરા વહેલું સમજાયું હોત તો કદાચ આટલી દોડધામ ન કરવી પડત.'

કૈલાસબાબુના ઘેર પહોંચ્યા ત્યારે બારણાં ખુલ્લાં જ હતાં. ફેલુદાએ સીધી અંદર દોટ મૂકી. દાદર વટાવી અવનીશબાબુના ઓરડા સામે પહોંચ્યા તો અમારી આંખો ફાટી જ રહી. ટેબલ સામે એક ખુરશી ઊંધી પડી હતી અને તેની બાજુમાં જ જમીન ઉપર અવનીશબાબુ પડ્યા હતા. એમના બંને હાથ દોરીથી પાછળ બાંધેલા હતા અને મોં ઉપર કચકચાવીને રૂમાલ બાંધેલો હતો. દોડીને ફેલુદાએ એની પાસે પહોંચી જઈને અર્ધી મિનિટમાં દોરી ને રૂમાલ છોડી

નાખ્યાં. બંધનમુક્ત થતાં જ અવનીશબાબુ બોલી ઊઠ્યા : 'થૅન્ક ગોડ!'

'તમારી આ દશા કોણે કરી?' ફેલુદાએ પૂછ્યું.

ઊઠીને બેઠા થતાં એમણે કહ્યું : 'મામાએ. કૈલાસમામાએ. મેં આપને નહોતું કહ્યું કે મામાનું મગજ ખરાબ થઈ ગયું છે? પરોઢિયે અહીં આવીને હું ઓરડાની બત્તી કરી કામ કરતો હતો. એકાએક મામાએ આવીને બત્તી ઓલવી નાખીને પછી મારા માથા પર લાઠી ઠોકી. એ પછી મને કંઈ ભાન રહ્યું નહિ. થોડી વાર પહેલાં ભાન આવ્યું, પણ ત્યારે હું ન તો હલીચલી શકતો હતો કે ન તો બૂમ પાડી શકતો હતો.'

'અને કૈલાસબાબુ?' ફેલુદા લગભગ ચીસ પાડી ઊઠ્યો.

'એમની મને ખબર નથી.'

ફેલુદા એક કૂદકે ઊઠીને ખંડની બહાર નીકળી ગયા. હું પણ એમની પાછળ દોડ્યો. બેઠકખંડમાં જઈને જોયું, પણ ત્યાં કોઈ ન દેખાયું. ફેલુદા એકીસાથે ત્રણ-ત્રણ પગથિયાં કુદાવતા ઉપર સીધા કૈલાસબાબુના રૂમમાં પહોંચ્યા. પલંગના દેખાવ પરથી લાગ્યું કે રાતે તેના પર કોઈ સૂતું તો હશે જ, પણ અત્યારે રૂમ ખાલી હતો. કબાટ પણ ખુલ્લો ફટાક હતો. ફેલુદાએ દોડીને ખાનું ખોલ્યું અને પેલી મખમલની ડબ્બી બહાર કાઢી. જોયું તો અંદર પેલો પથ્થર એમનો એમ જ હતો.

એટલામાં અવનીશબાબુ પણ આવી પહોંચ્યા. એમનો ચહેરો તદ્દન પડી ગયો હતો. એમને જોઈને ફેલુદાએ પૂછ્યું : 'અગાશીના કાતરિયાની ચાવી કોની પાસે છે?'

'એ તો મામા પાસે રહે છે.'

'તો પછી ચાલો ઉપર.' કહી ફેલુદા અમને બહાર તાણી ગયા.

અંધારિયો દાદર ચડી અમે ત્રણે ઉપર પહોંચ્યા. જોયું તો કાતરિયાની ઓરડીના બારણે તાળું મારેલું હતું. આ વખતે જોયું મેં ફેલુદાનું બળ. બારણાથી ત્રણેક હાથ દૂર ખસી ખભો આગળ કરી એમણે વાઘની જેમ કૂદી બારણાને હડસેલો માર્યો. આમ ચોથી વારના ધક્કે ખીલી સાથે આગળો નીકળીને પડી ગયો અને બારણાં ફટાક કરતાં ખૂલી ગયાં.

અમે ત્રણે જણ ઓરડીમાં ધસી ગયા. થોડી વાર તો કશું જ દેખાયું નહિ, પણ પછી આંખ ટેવાઈ જતાં જોયું તો એક ખૂણામાં અવનીશબાબુની જેમ જ બાંધેલી દશામાં કોઈ પડ્યું હતું. એ કોણ હતું? કૈલાસ ચૌધરી કે કેદાર ચૌધરી?

દોરી છોડી તેમને ઊંચકીને અમે એમને નીચે કૈલાસબાબુના ઓરડામાં લાવીને પલંગ ઉપર સુવાડ્યા. એ વખતે એ સજ્જન ફાટી આંખે ફેલુદા ભણી તાકી ક્ષીણ અવાજે બોલ્યા : 'તમે કોણ?'

'હું પ્રદોષ મિત્તિર. પેલો પત્ર આપે જ મને લખ્યો હતો ને? પણ આપનો પ્રત્યક્ષ પરિચય થવાનું સૌભાગ્ય પ્રાપ્ત નહોતું થયું.' એમને આટલો ઉત્તર આપીને પછી ફેલુદાએ અવનીશબાબુને કહ્યું, 'આમને માટે તમે જરા ગરમ દૂધની વ્યવસ્થા કરી શકશો?'

હું તો અવાક્ બની એ સજ્જન ભણી જોઈ જ રહ્યો. તો શું આ કૈલાસ ચૌધરી હતા? તેઓ તકિયાને ટેકે ટટ્ટાર થઈ બેઠા ને બોલ્યા : 'શરીરમાં કૌવત હતું એટલે જ ટકી રહ્યો. બીજો કોઈ હોત તો આ ચાર દિવસમાં.....' ફેલુદાએ એમને બોલતા અટકાવી કહ્યું : 'આપ શાંત થાઓ. હમણાં વધુ તકલીફ ન લેશો.'

'થોડું તો બોલવું જ પડશે. નહિ તો તમને નહિ સમજાય. તમારી સાથે મેળાપ થાય જ શી રીતે? જે દિવસે તમને પત્ર લખ્યો તે દિવસે જ એણે મારા આ હાલ કર્યા. ચામાં કોઈ દવા ભેળવીને એણે મને પ્રથમ બેહોશ કરી દીધો. બાકી એના જોરથી તો એ શક્ય જ નહોતું.'

'અને તે દિવસથી જ એ કૈલાસ ચૌધરી બની બેઠા હતા, ખરું ને?'

કૈલાસબાબુએ માથું હલાવી હા કહી ને વ્યથિત સ્વરે બોલ્યા : 'વાંક તો મારો જ હતો. મને વધારીવધારીને બડાશ મારવાની ટેવ છે. એ કદાચ અમારા લોહીમાં જ લાગે છે. પચાસ રૂપિયા દઈને મેં જબલપુરના બજારમાંથી એક પથ્થર ખરીધો હતો. શી દુર્મતિ સૂઝી કે મેં પાછા આવીને ચાંદાના જંગલના દેવમંદિરની વાતનું ગપ્પું મારી કેદારને ચકિત કરી દીધો પણ તે દિવસથી જ એ પથ્થર પર એની નજર હતી. મારા નસીબની ચારી પણ એનાથી સહેવાતી નહોતી. મારું કશું જ સારું એ જોઈ શકતો નહિ. એ માનતો હશે કે અમે બંને જોડિયા ભાઈ, જોવામાં બંને વચ્ચે કોઈ તફાવત દેખાતો નથી, અને છતાં મારા ગુણ, મારી આમદાની, મારું નસીબ, આ બધામાં અમારા બંને વચ્ચે ફરક કેમ? એ બેપરવા અને અતિ અવિચારી સાહસિક છે. એકવાર બનાવટી નોટો છાપવામાં ફસાયો હતો. મેં જ એને જેમતેમ કરી બચાવ્યો. વિલાયત ગયો તેય મારી પાસેથી ઉધાર પૈસા લઈને. મને એમ કે ઉપાધિ ટળી. આ સાતેક દિવસ પહેલાં ઘેર આવી મેં જોયું તો પથ્થર નહોતો. એનું આ પરાક્રમ હશે એવો તો મને ખ્યાલ જ નહિ. નોકર-ચાકરોને ધમકાવ્યા, પણ એ બિચારાને શી ખબર હોય? ગુરુવારે મેં તમને પત્ર લખ્યો. તે જ દિવસે રાતે એ આવ્યો. બજારમાં પેલા પથ્થરની કિંમત અંકાવવા ગયો હશે ત્યારે એને ખબર પડી કે પથ્થરની કંઈ કિંમત જ નથી, અને એણે તો લાખ રૂપિયાનું સપનું જોયું હતું! ખીજવાઈને લાલચોળ. પૈસાની જરૂર હતી. કમસે કમ વીસ હજાર એને જોઈતા હતા. એણે માગ્યા. મેં ના પાડી. એટલે એણે મને બેહોશ કરી બંદી બનાવ્યો. કહે હું રૂપિયા નહિ આપું ત્યાં સુધી એ મને છોડશે નહિ, અને એ એટલા દિવસ કૈલાસ બની બેસશે અને મારા બદલે કોર્ટમાં જવું ન પડે એ માટે પોતે માંદગીનું બહાનું કાઢીને રજા લેશે.'

અને પછીની વાત આગળ ચલાવતાં ફેલુદાએ કહ્યું : 'જ્યારે આપનો પત્ર લઈને હું મળવા આવ્યો એટલે એ મુસીબતમાં ફસાઈ ગયા. તેથી એમણે અમને દસેક મિનિટ બેસાડી રાખી એક ધમકી દેતી ચિઠ્ઠી અને એક કાલ્પનિક શત્રુ તૈયાર કર્યો. આટલું ન કરે તો અમને શક પડે. વળી, હું તપાસ હાથ ધરું તેમાંયે એને મુસીબત હતી. તેથી ટેલિફોન દ્વારા ધમકી આપ્યા પછીયે ગાડી નીચે કચરી નાખીને અમને દૂર કરવાની એણે કોશિશ કરી.'

કૈલાસબાબુએ ભવાં ચઢાવી પૂછ્યું : 'પણ મને એ સમજાતું નથી કે કેદાર મને આ રીતે છોડીને અચાનક ચાલ્યો કેમ ગયો? હું કાલ રાત સુધી એને પૈસા આપવા તૈયાર થયો નહોતો. તો શું એ ખાલી હાથે ચાલ્યો ગયો?'

એટલામાં અવનીશબાબુ દૂધ લઈને આવી ગયા. એમણે કૈલાસબાબુનું છેલ્લું વાક્ય સાંભળ્યું ને બરાડી ઊઠ્યા : 'ખાલી હાથે શાના જાય? મારી ટિકિટ – મારી મહામૂલ્ય વિક્ટોરિયાની ટિકિટ ઉઠાવી ગયા છે એ.'

'પેલી ટિકિટ ઉપાડી ગયા?' ફેલુદાએ આંખો વિસ્ફારિત કરી અવનીશબાબુને પૂછ્યું.

'લઈ જ ગયા તો! કેદારમામાએ મને પાયમાલ કરી નાખ્યો.'

'તમે એના કેટલા રૂપિયા અંદાજ્યા હતા?'

'વીસ હજાર રૂપિયા.'

'પણ,' ફેલુદાએ અવનીશબાબુ તરફ વાંકા વળી ધીમે સ્વરે કહ્યું : 'કૅટલોગમાં તો લખ્યું છે એવી ટિકિટની કિંમત ૫૦ રૂપિયાથી વધુ નથી.'

અવનીશબાબુનો ચહેરો ફિક્કો પડી ગયો!

ફેલુદા બોલ્યા : 'તમારામાંય તો ચૌધરી વંશનું લોહી ખરું ને? એટલે જ તો તમે પણ જરા રંગ ચડાવીને જ તડાકા મારવાનું પસંદ કરો છો!'

બિચારા એ એકદમ બાળકની જેમ રોતલ મોં કરી બોલ્યા : 'શું કરું? બોલો. ત્રણ વર્ષના ચાર હજાર ધૂળભર્યા કાગળપત્રો ફેંધા, પણ એક્કે સારી ટિકિટ ન મળી! તેથી જરાક

ગપ્પું મારીને લોકોને આશ્ચર્ય પમાડી આનંદ મેળવવાનો પ્રયત્ન કર્યો.'

ફેલુદા ખડખડાટ હસી પડ્યા અને અવનીશબાબુની પીઠ થાબડી બોલ્યા : 'કુછ પરવા નહિ. તમારા કેદારમામાને અજાણતાંય તમે જે રીતે ઉલ્લુ બનાવ્યા છે એ વાત યાદ આવશે ને તોય તમને ખૂબ મજા પડશે. અચ્છા જવા દો એ વાત. ચાલો, દમદમ ઍરપૉર્ટ પર ટેલિફોન કરી લઉં. કેદારબાબુ નાસી જશે એનો અંદાજ આવતાં જ મેં સવારે ઍર ઇન્ડિયામાં ફોન કરી જાણી લીધું હતું કે આજના બૉમ્બે જતા પ્લેનમાં એમનું બુકિંગ છે. પોલીસ તો ત્યાં હશે જ. તેથી તેઓ છટકી નહિ શકે. સારા નસીબે તપેશની કોણી ઉઝરડાઈ ગઈ! ડેટોલની વાતથી મને પહેલ-વહેલો શક પડ્યો હતો.'

*

કેદારબાબુને ગિરફતાર કરવામાં તકલીફ પડી ન હતી, ને અવનીશબાબુને પણ એમની પચાસ રૂપિયાની ટિકિટ પાછી મળી ગઈ હતી. ફેલુદાને જે રૂપિયા મળ્યા, એમાંથી અમે ત્રણ દિવસ રેસ્ટોરાંમાં મિજબાની ઉડાવી અને બે સિનેમા જોયાં છતાંય એમના ખિસ્સામાં તો હજી ઘણા બધા રૂપિયા બચ્યા હતા.

આજે સાંજે ઘેર ચા પીતાં-પીતાં મેં ફેલુદાને પૂછ્યું : 'એક વાતનો વિચાર કરી હું જે નતીજા પર આવ્યો છું એ બરાબર છે કે નહિ એ કહો.'

'શી વાત છે?'

'મને લાગે છે કે કૈલાસબાબુના પિતાજી સમજી ગયા હતા કે કેદારબાબુ કૈલાસબાબુ બની બેઠા છે, અને એટલે જ તેઓ તે દિવસે એવી રીતે આંખો કકડાવીને ખીજથી જોતા હતા. બાપ તો પોતાના જોડિયા દીકરાને જરૂર ઓળખી ગયા હશે, નહિ?'

'આ બાબતમાં એવું ન પણ બન્યું હોય. પણ તારો અંદાજ મારા વિચાર સાથે મળતો આવે છે એટલે હું તને શાબાશી આપું છું.' કહીને ફેલુદાએ મારી પ્લેટમાંથી એક જલેબી ઉઠાવીને પોતાનાં મોંમાં મૂકી દીધી.

* * *